૪૦૯૪

વિદ્યાકળાનિધિ-ચતુર્થકળા.

કળાવિલાસ

અથવા

સહસ્રકળા પ્રદર્શન.

KALA BILAS

OR

EXHIBITION OF ONE THOUSAND ARTS.

મહાકવિ ક્ષેમેન્દ્રકૃત. કાવ્યપરથી મોટા ફેરફાર સાથે

લખનાર

ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ.

મુંબઈ:

ગુજરાતી છાપાખાનું.

ઇ. સ. ૧૮૮૯. સંવત ૧૯૪૬.

કિંમત રૂપિયો એક.

આ ગ્રંથનો કોઇપણ ભાગ લખનારની પરવાનગી વગર
છાપવા છપાવવાના હક માટે ૧૮૬૭ ના ૨૫ મા
કાયદા પ્રમાણે નોંધાવ્યું છે.

અર્પણ પત્ર.

જેમ પાર્વતિપતિ શંકરના મસ્તકપર વિરાજતા ચંદ્રમાંથી સદાકાળ ઝરતું અમૃત, નિર્જીવ રુંડ-માળાઓને સજીવ કરી આનંદ આપે છે, તેમજ જે પ્રાણપ્રિય સખાનો અમૃત તુલ્ય સ્નેહ મારા નિર્જીવ થયેલા મનને સજીવ કરી સદા આનંદ આપે છે

તેવા સખા

છગનલાલ ઠાકોરદાસ મોદીને

સ્નિગ્ધ ને પ્રેમદ્રવિત હૃદયે આ કળા વિલાસ અર્પણ કરૂં છું.

વિજયી વિક્રમનું નવું વર્ષ
સંવત ૧૯૪૬.

પ્રસ્તાવના.

કળા એટલે હુન્નર, કસબ, ચતુરાઈ, દાવપેચ, છળ પ્રપંચ, લક્ષણ, ચંદ્રની કળા, ભાગ, અંશ, કુંચી, વ. વ., એવા અનેક અર્થ થાય છે. આપણા દેશમાં કળાકૌશલ્ય સંબંધી ઘણા ગ્રંથો થયા છે. ચૌદ વિદ્યા ને ચોસેટ કળા, બોહોતેર કળા, છોતેર કળા એમ સાધારણ રીતે મનાયલું છે. પણ તપાસીએ તો સ્પષ્ટ જણાશે કે અનેક પ્રકારના અનેક ધંધામાં જાત જાતની નિરનિરાળી અનેક કળા રહી છે, ને અનેક ગ્રંથો પણ તેના રચાયલા છે.

આ પ્રકારના ગ્રંથોમાં કળાવિલાસ એ એક ગ્રંથ છે એમ મને મારા મિત્ર શાસ્ત્રી શ્યામજી વિ. વાલજીએ કહ્યું; ને તે સાથે વિશેષ કહ્યું કે એ ગ્રંથ જ્ઞાન ને ગમ્મત આપનારો છે, તેનું ભાષાંતર કરાવો તો ઠીક. તેપરથી મારા એક શાસ્ત્રીને આ કામ મેં સોંપ્યું, અને તેણે ભાષાંતર તૈયાર કીધું. તેમાં મેં મારી ઈચ્છા પ્રમાણે યથેચ્છ ઉમેરો કીધો. મૂળ ગ્રંથમાં જ્યાં સમજણ નહિ પડી ત્યાં શાસ્ત્રી શ્યામજી વિ. વાલજીની મદદ લીધી; બીજા ઘણા ગ્રંથોમાંથી લઇને, તેમ કેટલુંક નવું કલ્પીને, કળાઓનાં દષ્ટાંતો આપીને નવીજ ઢબછબે આ ગ્રંથ મેં પછી તૈયાર કીધો; છતાં ક્ષેમેન્દ્રે વાર્ત્તાની જે ઘાટી રાખી છે તેજ મેં કાયમ રાખી છે. મેં જે ઉમેર્યું છે તે મૂળ કરતાં ત્રણગણું વધારે છે, ને તેથી આ ગ્રંથ તદ્દન નવીન પ્રકારે તૈયાર થયેલો સંસ્કૃતના જાણનારા જોશે. હવે જનમનરંજન કર્તા ને જ્ઞાન આપનાર એ થઈ પડે એટલે આપણી મેહેનત સાર્થક!

કળા એ વિષય એટલો ગહન છે કે તેનાપર મોટું વાર્તિક લખાઇ શકાય, પણ તે માટે કોઈ બીજે વખત જોઈયે. હાલ તો આ ગ્રંથમાં માત્ર કળાનાં નામ આપ્યાં છે. એમાં લગભગ ૧૪૦૦ કળાઓનાં નામ સમાવ્યાં છે. મૂળ સંખ્યા તો ૧૫૦૧ ની થઇ છે, પણ ઘણી કળાનાં નામો બેવડાયાં છે, તથા કેટલીક કળાઓ બીજાના પેટામાં સમાય તેવી હોવાથી સઘળી મળીને

૧૪૦૦ કળા સમાઈ છે. આ ગ્રંથમાં કળા તરીકે જે દાખલ કર્યું છે તે કેટલેક સ્થળે હુન્નર તરીકે, કેટલેક સ્થળે ચતુરાઈ તરીકે, કેટલેક સ્થળે ધર્મ-લક્ષણ તરીકે ને કેટલેક સ્થળે છળ પ્રપંચ તરીકે વપરાયલું છે. એમાંની કેટલીક કળાઓ સ્પષ્ટ સમજાય તેવી છે તેનાપર સમજુતી આપવી વ્યર્થ છે; પણ કેટલીક સમજાવવા જેવી કળાઓ સમજાવી છે, છતાં કેટલીક એવી પણ છે કે સમજાવવાની જરૂર હતી છતાં રહી ગઈ છે; કેમકે તેમ કરવા જતાં ગ્રંથ મોટો થઈ જાય એવા ભયથી તે વાત તુરતવેળા વેગળી મૂકી દીધી છે. પણ જો લોકઇચ્છા અનુકૂળ હશે તો બીજી આવૃત્તિ વેળાએ તે ઈચ્છા પૂર્ણ કરવાનો પ્રયત્ન કરીશ. આમાં બાજીગરની કળા દાખલ કરવા યોગ્ય હતી, પણ તે માટે જાદુકપટ પ્રકાશ વગેરે ગુજરાતી તથા હિંદી ગ્રંથો થયા છે એટલે તે કળા દાખલ કીધી નથી.

આ કળાના ગ્રંથમાં કેટલીક ન્યાતોપર આક્ષેપ થયેલો જણાશે, પણ તેપરથી તેઓએ દુઃખ ધરવાનું કારણ નથી; કેમકે જે કાળે ગ્રંથ લખાયલો તે વેળા તેવા ગુણ-લક્ષણવાળા હશે. દાખલા તરીકે કાયસ્થો સંબંધી જે કળાદર્શન છે તે તે કાળના કાયસ્થો માટે છે-જે રાજદ્વારી કામ કરતા હતા. સોની તો દેખીતાજ છે. વાણીયા માટે પૂછવુંજ નહીં.

ક્ષેમેન્દ્ર કવિ કોણ હતો ને તેણે શા શા ગ્રંથો કીધા છે તે સંબંધે વિદ્યાકળાનિધિ પ્રથમ કળામાં ખુલાસો કીધો છે. અત્રે દળાયલું દળવાની પછી શી આવશ્યક્તા ?

આ ગ્રંથનું હાલનું સ્વરૂપ બાંધવામાં ને ગ્રંથમાં વધારો કરવાની યોગ્ય સૂચના કરવામાં શાસ્ત્રી શ્યામજીએ સમયે સમયે જે ઉપયોગી મદદ કીધી છે તેથી તેમનો ઉપકાર થયો છે.

દેવઉઠી એકાદશી. }
૧૯૪૬. }

ઇચ્છારામ સૂ. દેસાઈ.

કળાવિલાસનું સાંકળિયું

સહસ્રકળા પ્રદર્શનનું સાંકળિયું.

૪૭૯૪

મહાકવિ ક્ષેમેન્દ્રકૃત

કળા વિલાસ.

(થોડાક ફેરફાર સાથે.)

સર્ગ ૧ લો.

નગર વર્ણન.

જ્યાં મણિમયભૂમિમાં પ્રતિબિમ્બરૂપે પડેલી મોતીઓની માળાઓ, નગરની લલનાઓને ધારણ કરવા માટે અનેક રૂપ કરીને આવેલા શેષનાગ જેવી શોભતી હતી; જ્યાં રાત્રિરૂપી લલનાના અંધકારરૂપ અંધાર પછેડાને હરણ કરવામાં લૂટારા જેવો મંદિરોમાં જડેલા સ્ફાટિકમણિની કાંતિનો સમૂહ, અભિસારિકાને* વિઘ્નકારક થઇ પડતો હતો; જ્યાં શંકરના ત્રીજા નેત્રના અગ્નિની જ્વાળામાં બળી ગએલો કામદેવ, તે નગરમાં રેહેનારી લલિત લલનાના મુખની કાંતિરૂપ અમૃતનું પાન કરી અમર થયો હતો; જ્યાં સુરતસંગ્રામમાં શિથિલ થએલી લલનાના સુંદર પરસેવાનાં જળબિંદુ વડે શીતળ જણાતો એવો પવન, સુરતસંગ્રામને લીધે છુટા પડી ગએલા સ્ત્રીના કેશમાં ગુંથેલાં પુષ્પોના પ્રસંગથી અતિ સુગંધદાર વાતો હતો; જ્યાં કમળના વનમાં નવા કમળનાં કુંપળિયાં ખાવાથી

---

* નવ નાયિકામાંની એક; જે સામી ચાલીને પતિની પાસે જાય છે તે.

જરા તીણો કલહંસનો મધુર કલરવ લક્ષ્મીના ચરણમાં ઝણઝણાટ કરતાં ઝાંઝરની માફક ચોમેર ફેલાઇ જતો હતો; જ્યાં, મુગ્ધમયૂરો નૃત્યકળા કરતા હતા એવી સ્નાન-ભૂમિઓ (નહાવાની જગ્યાઓ) ઇન્દ્રાયુધ અને વર્ષાદથી છાઇ રહેલી મૂર્તિમતી વર્ષાઋતુ જેવી જણાતી હતી; જ્યાં ચંદ્રમાનાં કિરણોવડે છવાઇ ગએલી સ્ફાટિકમણિયોની હવેલીમાં ઉભેલી પ્રમદાઓ જાણે ક્ષીરસમુદ્રના શ્વેત મોજાઓમાંથી બહાર નિકળતી અપ્સરાઓની માફક શોભતી હતી; ત્યાં લક્ષ્મીના સુંદર આલિંગનથી મંગળના મંદિરરૂપ, અને રત્નવડે અતિ ઉજ્વળ એવા શ્રીકૃષ્ણના વક્ષઃસ્થળની પેઠે, લક્ષ્મીની ઘણી સમૃદ્ધિને લીધે મંગળના એક મંદિર જેવું, રત્નાદિ અનેક પદાર્થો માટે દેશાંતરમાં અતિ પ્રસિદ્ધ એવું એક વિશાળ નગર હતું.

તે નગરમાં અનેક માયાવી ધૂતારાઓનો પરાજય કરનાર, સકળ કળામાં અતિ પ્રવીણ **મૂલદેવ** નામનો એક ધૂર્તશિરોમણી રહેતો હતો. જુદા જુદા દેશમાંથી ઘણા ધૂતારાઓ આ ધૂતારા પાસે ધૂર્તવિદ્યા શીખવા માટે આવતા હતા. **મૂલદેવે** પોતાના ગુણના પ્રતાપથી ચક્રવર્તિની માફક અખૂટ દોલત મેળવી હતી.

પ્રસ્તાવના.

એક વખતે તે **મૂલદેવ** ભોજન કર્યા પછી પોતાના મિત્રમંડળની સાથે સભામાં બિરાજ્યો હતો. એવામાં **હિરણ્યગુપ્ત** નામનો એક સંઘવી, પોતાના **ચંદ્રગુપ્ત** નામના પુત્રને સાથે લઈ, તેની સભામાં આવ્યો. આવતાંવેંતજ તે સંઘવીએ મહામૂલ્યવાળાં મણિયો તથા પુષ્કળ સુવર્ણ તેને ભેટ કરી પ્રણામ કર્યો. **મૂલદેવે** તેને આસન આપી તેનો રૂડી રીતે સત્કાર કર્યો. ત્યાર પછી બે ઘડી વિશ્રાંતિ લઈ **હિરણ્યગુપ્ત** વિનયથી મસ્તક નમાવી **મૂલદેવને** કહેવા લાગ્યોઃ—

સકળ કળામાં નિપૂણ ને સકળ વિદ્યાના શિરોમણી મહારાજ,–થોડા પરિચયને લીધે પ્રતિભા વગરની અમારી વાણી નગરનારીના ચાતુર્ય આગળ જેમ ગામડાની સ્ત્રીનું ચાતુર્ય ચાલે નહીં એમ તમારી પાસે ડહાપણવાળી ગણાશે નહીં. પણ જે કંઇ બોલું છું તેમાંથી સાર, આપ સારગ્રાહી છો તે પકડી લેશો. તમારી બુદ્ધિનો પ્રભાવ એટલો તો છે કે બૃહસ્પતિની બુદ્ધિ પણ તમારી બુદ્ધિ આગળ પાણી ભરે છે. બૃહસ્પતિ કરતાં પણ તમે વધારે બુદ્ધિમાન્ છો. સૂર્યનાં કિરણો જેમ દિશાને પ્રકાશિત કરે છે તેમ તમારી બુદ્ધિનો ફેલાવો અમારી આશાને ઉત્તેજન આપે છે. મેં મારા જન્મથી માંડી આજ દિન સુધી ઘણાં મણિયો, મોતી અને સુવર્ણના ભંડારો મેળવી, એકઠા કરી મૂકેલા છે. આખર વયમાં આ એકજ પુત્રરત્ન મારે સાંપડયું છે. તમે જાણો છો કે બાલ્યાવસ્થા મૂર્ખાઈનું એક મોટું સ્થાન છે અને તરુણાવસ્થા અતિશય ઉન્માદ કરાવનારી છે. વળી મોટા મોટા ધનના ઢગલાઓ, પવનવડે ચળાયમાન કમળના પત્ર ઉપર વળગી રહેલા જળની માફક, ચપળ છે–એવા ધનના ઢગનો નાશ થતાં વાર લાગતી નથી. જ્યાં ધન હોય છે ત્યાં મૃગનેણી પ્રમદાઓ તરુણના મનને મોહની ફાંસીમાં નાખે છે–અને ધૂતારાઓ, ભ્રમરો જેમ કમળને ચૂસી લે છે તેમ, ધનવાનને ચૂસીને નિર્ધન કરી મૂકે છે.–તેઓ અનેક ઉપાયોથી ધનવાનને લૂટે છે. આ ઉપર જણાવેલી અડચણો મારા પુત્રને અવશ્ય લાગુ પડશે; કારણ કે ધૂતારાઓ, લક્ષ્મીવાનના ઘરમાં ઉત્પન્ન થએલા મૂર્ખ છોકરાઓને, પોતાના હાથના એક દડા માફક ગણી, જુદા જુદા છંદોમાં ફસાવી તેને આડાંઅવળાં ગોથાં ખવરાવે છે. વળી વેશ્યાઓ પોતાના ચરણમાંના ઝાંઝરના મણિ જેવા

બનાવી તેઓને પોતાને આધીન કરી મૂકે છે. માટે ધનવાનના છોકરાઓનો એક પણ આરો નથી. જેમ દેશથી અને મોતથી અજાણ્યાં પક્ષીનાં બચ્ચાં પૂરું ચાલવા શીખ્યાં ન હોય, તોપણ મુખના સ્વાદને લીધે લંગડાતાં લંગડાતાં આગળ પડે છે, અને તેમને બીલાડાં જેમ ખાઇ જાય છે, તેમ દેશ અને વખતથી અજાણ્યાં છતાં પણ, ચપળ મુખવાળાં ધનવાનનાં સંતાનો શક્તિ વગર આગળ જવા હિમ્મત કરીને બહાર પડે તો તેને ધૂતારાઓ લૂટી ખાય છે. આવાં આવાં સંકટમાંથી આ છોકરાને પાર ઉતારવા માટે તમારે શરણે આણ્યો છે. માટે તમારે આ છોકરાને પોતાનો આશ્રિત માનવો અને તે આ સંસારમાં કોઈથી પણ ગાંજ્યો જાય નહીં એવો પોવરધો બનાવવો--એ આ દાસની માંગણી છે.

મૂલદેવે તે સંઘવીનું બોલવું યથોચિત્ છે, એમ પોતાના મન સાથે વિચાર કરી, પોતાના ઓષ્ઠની લાલાશથી લાલ કિરણો ફેલાવતાં પ્રેમથી કહ્યું–"સંઘવીજી, તમારો પુત્ર મારા ઘરમાં મારા પુત્રની માફક ભલે રહે. હું ધીરે ધીરે તે કુમારને સઘળી કળાનું રહસ્ય એવું સમજાવીશ કે ભલા ધૂર્તશિરોમણીથી પણ અંજાશે નહિ. એને સર્વ કળાનું એવું અંજન આંજીશ કે કદી કોઈથી પણ ગાંજ્યો જશે નહિ.

મૂલદેવે આમ જણાવ્યું એટલે પેલો બુદ્ધિશાળી **હિરણ્યગુપ્ત** પોતાના **ચંદ્રગુપ્ત** નામના પુત્રને ત્યાં મૂકી, **મૂલદેવને** ફરી પ્રણામ કરી, મનમાં મગ્ન થતો પોતાના ઘર ભણી ચાલતો થયો.

રાત્રિ વર્ણન.

પછી, ધૂર્ત લોકોએ પરાજિત કરેલો તેજહીન જુગારી, જેમ વસ્ત્ર માત્ર મૂકીને ભાગી જાય, તેમ કિરણો ઝાંખાં થવાથી

ધૂસરા રંગનો દેખાતો સૂર્ય આકાશમાંથી હળવે હળવે અદૃશ્ય થઇ ગયો. સૂર્ય અસ્ત થયા પછી અંધકાર રૂપ હાથી ઉપર બેસીને સિંદૂર પૂર* જેવી લાલ રંગની સંધ્યાદેવી સન્મુખ પ્રકાશવા લાગી—સૂર્ય દિનપ્રભાનો હમેશ ત્યાગ કરતો હતો, તોપણ દિનપ્રભાદેવી તેની પાછળને પાછળ જતી હતી; પરંતુ રકત† છતાં પણ સંધ્યાદેવી પોતાના પતિ સૂર્યની પાછળ ગઇ નહીં. સ્ત્રિયોનાં હૃદયને કોણ જાણી શકે? કોઈપણ નહીં. જ્યારે સંધ્યાદેવી આકાશમાં આવેલી કમળની વાડીમાં હળવે હળવે આસક્ત થઇ રહી—(સંધ્યાકાળ જ્યારે અસ્ત થવા આવ્યો અને તેની રતાસ માત્ર ઝાંખી પડયા પછી) ત્યારે ભ્રમરા જેવું કાળું નિરાધાર બનેલું અંધારૂં વિકળની માફક આમ તેમ ભટકવા લાગ્યું—ચોમેર અંધારૂં ફેલાઇ ગયું. સૂર્યનો વિરહ થવાથી પૃથ્વી દેવી મોહરૂપ અંધારામાં ડૂબી ગઇ. ગમે તેવો પ્રચંડ—ક્રૂર પતિ હોય તોપણ તે જ્યારે દૂર દેશ જાય છે ત્યારે સ્ત્રીને ઘણોજ વહાલો થઇ પડે છે, ત્યારે પૃથ્વીને સૂર્યના વિરહનું દુઃખ થાય તેમાં આશ્ચર્ય શું? એ પછી ઘણા સફેદ રંગના તારારૂપ મોતીઓની માળાઓથી શણગારેલી અને હમેશના પરિચયમાં આવેલાં અંધારારૂપ મોરપિચ્છનાં ઘરેણાં ઘાલવાથી ધોળાં મોતીની માળા અને મયૂરપિચ્છનાં ઘરેણાં પહેરનારી ભીલડીના જેવી દેખાતી રાત્રિદેવી ઝમઝમ ઠમઠમ પગલાં માંડતી પૂર બાહારમાં પ્રગટ થઈ. પછી વિરહિણી સ્ત્રીને અગ્નિ જેવો જણાતો, કમળવનને જાગૃત કરવામાં દૂત જેવો લાગતો ને ચક્રવાકની સ્ત્રીને દુઃખ ઉપજાવનારો ચંદ્ર, હળવે હળવે ઉદય પામ્યો. કામદેવના શ્વેત છત્ર જેવો જણાતો, દિશારૂપ પ્રમદાના સ્ફટિક મણિના

---

* સમૂહ.

† રક્તનો અર્થ જો કે રાતું છે તોપણ અહીં સંધ્યાને સ્ત્રી ઠરાવી રક્તનો પ્રેમવાળી એવો શ્લેષમાં અર્થ બતાવ્યો છે.

અરિસા જેવો દેખાતો, રાત્રિદેવીના શ્વેતતિલક જેવો લાગતો, પોતાના કરવડે* કમળનાં વલયની સાથે વિલાસ કરતો, શ્વેતકાંતિવાળો ચંદ્ર, આકાશગંગાના કિનારા ઉપર બેઠેલા રાજહંસની માફક શોભતો હતો.

તે ચંદ્રમાના સંબંધથી શ્યામરંગની રાત્રિ અતિ શોભાયમાનજણાતી હતી. રાત્રિના સંબંધથી કામદેવ ને કામદેવના પ્રસંગથી વસંતોત્સવ દીપવા લાગ્યો. વસંતોત્સવને લીધે મદવાળા અંતઃકરણમાં હર્ષ પામતી પ્રમદાઓની ગમત અત્યંત રસીલી લાગતી હતી. આ વખતે સમૃદ્ધિ ઉપર પોતાનો કાર્યભાર ચલાવનારા ધૂર્ત ભ્રમરાઓ, કરમાઈ ગએલી પદ્મિનીને છોડી, ઉઘડેલાં કમળના વનમાં આનંદથી પ્રવેશ કરતા હતા. તારા રૂપી હાડકાંની માળાને ધારણ કરવાથી તથા ચાંદનીરૂપ શ્વેતભસ્મ શરીરે ચોળવાથી ધોળાં મોતીની માળા, હાડકાંની માળા અને ખપ્પરને ધારણ કરનારી કાપાલિકીની† માફક જણાતી રાત્રિ, પોતાના હાથમાં ચંદ્રરૂપી ખપ્પર લઇને દાખલ થઇ હતી; અર્થાત્ રાત્રિ પૂર જોશમાં આવી રહી હતી.

કળા આરંભ.

જ્યારે પ્રૌઢતા પામેલા ચંદ્રનાં કિરણો વડે હવેલીમાં બરાબર પ્રકાશ પડવા લાગ્યો, ત્યારે સ્ફટિકના આસન ઉપર પોતાના પ્રિયમિત્ર ચંદ્રમા જેમ બેઠેલા હતા તેમ ધૂર્તશિરોમણી **મૂલદેવ** મહારાજ પણ પોતાના સ્ફટિકાસન‡ ઉપર વિરાજ્યા. તુરતજ પ્રણામ કરતાં **કંદલી** વગેરે તેના મુખ્ય શિષ્યો તેના પાદપીઠની§ આસપાસ બેસી

* કિરણવડે કમળના સમૂહમાં રમત કરતો.

† શિવધર્મ પાળનારી જોગણી. (હાલ એ જાતિ દક્ષિણ દેશમાં કોઈ ઠેકાણે છે.)

‡ સ્ફટિક મણિનો બાજઠ.

§ પગ મૂકવાની પાટલી.

ગયા. પછી મૂલદેવે પૂછવા માટે આવેલા બીજા ધૂર્ત મનુષ્યોના મનનો ખુલાસો કરી સંઘવીના પુત્ર ચંદ્રગુપ્ત તરફ એક નજર કરી-બરાબર તે કુમારને નિહાળી દાંતનાં શ્વેત કિરણો વડે ચાંદનીને લજ્જાલીન કરતો બોલ્યો:-'વત્સ ચંદ્રગુપ્ત, ધૂતારાઓની કળાઓ ઘણીજ કુટિલ છે, તે કળા માત્રનું રહસ્ય-અંદરનો સાર તને કહી બતાવું છું, સાંભળ; જો તું તેનું સારૂં અધ્યયન કરીશ તો તારા પિતાની ઈચ્છા પૂર્ણ થશે-તું કોઇથી ગાંજ્યો જઇશ નહિ. તોપણ ભાઇ, તારે આ મારી પાસેથી શીખેલી કળાનો દૂરુપયોગ ન કરવો, કેમકે તેમ કરતાં ઘણા અનર્થ થાય છે. વળી તારામાં જે સજ્જનપણું છે તે પણ નાશ પામશે. પણ યાદ રાખજે કે મારી પાસે જે મનુષ્ય બરાબર કળાઓનો અભ્યાસ કરે છે તે કળાનિપુણનરમાં ક્ષણવાર પ્રેમ રાખનારી હોવાથી જગતમાં ચપળા નામે ઓળખાતી લક્ષ્મી સ્થિર થઇને રહે છે.

દંભ વર્ણન.

આ દુનિઆમાં ગંભીર અને નિરાધાર એક કૂવો છે. તે ખડ અને પાંદડાંથી ઢંકાએલો છે. તેમાં મૂર્ખ પશુઓ વારંવાર પડયા કરે છે. આ કૂવો એક મોટો લક્ષ્મીનો ભંડાર છે, અને સ્વભાવે કરીનેજ તે અપાર ઉંડો છે. જગતમાં ઘણાજ કુટિલ અને ક્રૂર લોકો આ કૂવાના મુખની આસપાસ વિંટી વળીને બેઠા છે અને તે કૂવાનું નામ દંભ છે. આ દંભ કપટનો છાનો મિત્ર છે. ઇચ્છેલી વસ્તુને મેળવી આપવામાં એ ચિંતામણી તુલ્ય છે. મહિમા વધારવામાં હેતુ છે. અને લક્ષ્મીને વશ કરવામાં ધૂર્ત્તલોકોનો વશીકરણ-મોહનમંત્ર છે. જેમ પાણીમાં હાથ અને પગ વગર ચાલનારાં માછલાંની ગતિ, પાણીમાં જણાતી

નથી, તેમ દંભની ચાલચલણ પણ કોઇ જાણી શકતું નથી; કારણ કે તેને હાથ, પગ અને મસ્તકજ નથી. છતાં તે સર્વ કાર્ય સાધી શકે છે, ને તે બળવાન ને સર્વવ્યાપી છે. તથાપિ તેનુ રૂપ કેવું છે તે કોઇના પણ જાણવામાં બરાબર આવતું નથી. મંત્રના* પરાક્રમથી કપટી લોકો વશ થઈ શકે છે; ખોટા યંત્ર અને દોરા ચિઠ્ઠીથી મૂર્ખોને વશ કરી શકાય છે; નિર્ભય સ્થળ ઉપર જાળ વગેરે પાથરી પક્ષિયોને પકડી શકાય છે; પણ માણુસો **દંભ**થી વશ કરી શકાય છે. માટે સર્વ કરતાં **દંભ** વધારે વિજયી છે. દંભ મનુષ્યના હૃદયને ઠગનારો છે, માયાનો એક સ્તંભ છે, જગતને જીતવાનો એ એક આરંભ છે, અમર છે, નિરાકાર—આકાર રહિત છે અને માયાને ઉત્પન્ન કરવામાં મુખ્ય બીજ છે.

દંભસ્વરૂપ--તેનાં નામ.

નિરંતર ગોળાકાર ફરતા ઘણા સખ્ત, ને હજાર ધારવાળા માયાના કપટ ચક્રમાં, મુખ્ય **નાભિ**—મધ્યચક્ર **દંભ** છે. તે શિવાય **દંભ** નામનું એક ઝાડ છે. તેનું સ્વરૂપ સાંભળ. નેત્રને વિંચી જવાં આ તેનું મૂળ છે, પવિત્રતા એ તેનાં પુષ્પ છે, આ **દંભતરુ** સ્નાન કરવાથી ભીંજાએલી ચોટલીના જળનું પાન કરીસુખરૂપ સો સો શાખા રૂપે ફાલે છે—વિસ્તાર પામે છે. વ્રત અને નિયમ વડે **બકદંભ** ઉત્પન્ન થયો છે, ગુપ્ત નિયમો વડે **કૂર્મજદંભ** ઉત્પન્ન થયો છે અને સૌથી શ્રેષ્ઠ મહા ભયંકર **માર્જારદંભ** છે. તેની ઉત્પત્તિ નેત્રને હળવે હળવે આડાંઅવળાં ફેરવવા વડે થઇ છે.

ઉપર ગણાવેલા દંભોમાં **બકદંભ**, **દંભરાજા** ગ-

---

* છાની સલાહથી.

ણાય છે, **કૂર્મજદંભ, દંભમહારાજા** કેહેવાય છે અને **માર્જારદંભ** એકચક્રિ ચક્રવર્તી મહારાજાધિરાજ પદને પામેલો છે.

જેના નખ, દાઢી અને કેશ ઘણા મોટા હોય, જેને જટા હોય, જેને દાઢી હોય, ઘણી માટી વાપરતો હોય, થોડું બોલતો હોય, સાવચેતીથી જોડા મૂકીને (જીવ મરશે એવી બીકથી) ચાલતો હોય, મોટી ગાંઠવાળી પવિત્રી પહેરતો હોય, પીઠ ઉપર હેમવલ્લી ધારણ કરતો હોય, હાથમાં પાત્ર લેવાથી જાણે હાથ અટકી ગયા હોય તેમ કાખમાં પીછોડી ખોસી હાથને ટટાર રાખતો હોય, આંગળીઓ વાંકી વાળી, ઘણી કલ્પના કરી, જુદા જુદા વાદ કરી, પોતાની પંડિતાઈ ચલાવતો હોય, માણસોની સમક્ષ ઓષ્ઠ ફફડાવી જપનો ઢોંગ કરતો હોય તેવા, તથા શેહેરના રસ્તા ઉપર ધ્યાન કરવામાં તત્પર રહેનાર, તીર્થમાં ચાળા કરીને આચમનો કરવાથી અને ઘણીવાર સ્નાન કર્યાનો ઢોંગ કરી સઘળા માણસોને રોકી રાખનાર, વારંવાર સહજ વાતમાં કાનના ખુણાનો સ્પર્શ કરનાર, "શી શી" એવા દાંતના શબ્દો કરી હેમંત ઋતુમાં સ્નાનની અતિશય કઠિનતા જણાવનાર, મોટું તિલક કરી દેવતાની હું મહા પૂજા કરૂં છું એમ સૂચવનાર, ઉપરથી જાણે કાગડાની દૃષ્ટિ મસ્તક ઉપર પડી હોય તેમ પોતાના મસ્તક ઉપર પુષ્પને ધારણ કરનાર વગેરે મનુષ્યને દાંભિક જાણવા. દાંભિક હમેશાં મૂર્ખ લોકોમાં પૂજાય છે. વળી દંભી ગુણવાન ઉપર નજર કરતો નથી. પોતાનાં કુટુંબી ઉપર દ્વેષ રાખે છે, બીજાં માણસો ઉપર દયા રાખે છે અને યશ મેળવવાના અનેક ઉપાયો કરે છે.

જંભાસુર તે દંભાસુર.

આ દંભીને જ્યારે કોઈનું પણ કામ પડે છે, ત્યારે

તે હજાર હજાર પ્રણામપૂર્વક મીઠાં વચનો બોલી, પોતાનું કામ સાધી લે છે. પણ કાર્ય પૂર્ણ થઇ રહ્યા પછી કરડી નજર કરી, ભ્રૂકુટી ચડાવી, મૌન ધરી રહે છે. પૂર્વે દેવતાની સમૃદ્ધિનો નાશ કરનાર **જંભાસુર** હતો, તે હમણાં **દંભાસુર**ના સ્વરૂપથી પૃથ્વી ઉપર લોકોમાં વાસ કરીને રહ્યો છે. દંભનાં બીજાં પણ નામો છેઃ-**શુચિદંભ**, **સ્નાતકદંભ**,* **શમદંભ** અને **સમાધિદંભ** છે; પણ એ સઘળા શતાંશે પણ સમાધિદંભની બરોબરી કરી શકે તેમ નથી. પવિત્રતા અને આચાર વિષે વિવાદ કરનારો, ઘણી માટી વાપરનારો, બીજાને ન અડકતાં છતાં પણ પોતાના કુટુંબીઓને એકાંતમાં નિર્ભયે અડકનારો, ઢોંગી મનુષ્ય **શુચિદંભ**ના પ્રતાપે જગતમાં વિશ્વામિત્રપણાને પામે છે. જાણી જોઇ પોતાનું પરાક્રમ છાનું રાખી ઉપરથી દયાળુતા બતાવનારો અને વગર વારસની થાપણને ઓળખાવનારો **અહિંસાદંભ** જગતને લૂટે છે.

ભોગી-મોજ શોખ માણનાર દંભ પરમહંસ, બ્રહ્મચારી, નાગડા, છત્રધારી, દંડી, સંન્યાસી, અતીત, શરીરમાં રાખ ચોળનારા ખાખી, માથામાં ટાલવાળા, જાડા શરીરવાળા, દૂબળા, મુનિના જેવો વેશ લેનાર, માથા ઉપર શાલ બાંધનાર અથવા તો મંદિરના શિખર જેવી શાલની ટોચ કરી માથે બાંધનાર, એવાં એવાં અનેક રૂપધારી મનુષ્યોમાં દંભરાજ ચોદિશાએ નજરે પડે છે. દંભનો પિતા **લોભ** છે, જે અતિ વૃદ્ધાવસ્થામાં છે. તે જગતમાં એટલો તો વધી ગયો છે કે તેના પ્રતાપથી બધે ઠેકાણે **દંભ** પ્રથમ જોવામાં આવે છે. દંભની માતાનું નામ **માયા** છે. તેના ભાઇનું નામ **અસત્ય** છે. તેની સ્ત્રીનું નામ **કુટિલાકૃતિ** છે. તેના છોકરાનું નામ **હુંકાર** છે.

---

* બહુ વાર સ્નાન કરનાર.

દંભોત્પત્તિ.

પૂર્વે ભગવાન્ બ્રહ્મા, ચૌદ લોક અને પ્રાણીમાત્રને સર્જી છેવટે ઘણા કાળ સુધી નવરા બેઠા રહ્યા. તે નવરાશના વખતમાં બ્રહ્માને મનમાં વિચાર આવ્યો કે મારી પ્રજાની સ્થિતિ કેવી છે તે તો તપાસું. પછી સમાધી ચડાવી પ્રજા તરફ નજર કરી તો પ્રજામાત્રને નિરાધાર દીઠી. બાપડી જેવી સર્જી હતી. તેવીજ હતી. સર્વ નિષ્કપટ હતાં. આ જોતાં બ્રહ્માના મનમાં વિચાર આવ્યો કે આ પ્રજા પોતે નિખાલસ મનની ને સાદી છે, માટે તે પૈસા વગેરે કમાઇ શકશે નહીં, તેમ તેમનો વ્યવહાર પણ કેમે કરી ચાલશે નહિ ને આખરે સૃષ્ટિ અટકી પડશે. એ વ્યવહાર ચાલુ કરવા કંઇ કરવું જોઇએ. આવો મનમાં દૃઢ નિશ્ચય કરી, ક્ષણ એક નેત્ર વિંચી, માયાની સમાધિ ચડાવી, પોતાની પ્રજાને આજીવિકા અને વૈભવ આપનાર એક પોતાનો વિશ્વાસપાત્ર મહા દેવ ઉત્પન્ન કર્યો ને તેનું નામ દંભદેવ પાડયું.

ઉત્પન્ન થએલો દંભદેવ દર્ભની ઝુડી, પુસ્તક, માળા, પાણીનું કમંડળ, તેના અંતઃકરણની વક્રતાને જાહેર કરનારૂં વાકું શીંગડું, દંડ, કાળા મૃગનું પવિત્ર ચામડું, અને પાવડીને લઇ ક્રોધાતુર નેત્રના છેડા વડે, હુંકાર સહિત ભ્રૂકુટીના અને મુખના ચાળાવડે તથા ઘણા તિરસ્કાર વડે "સમગ્રના મનમાં હું ગમતો છું" એમ સૂચવતો બીજાને ન અડકવાની ચોકસી રાખતો અને પવિત્રતાને જાળવતો બ્રહ્મલોકમાં તરતજ બ્રહ્માની પાસે ગયો; બ્રહ્મસભામાં જતાંજ તે આસન માટે મૌન ધરી ઉભો રહ્યો. પણ નીચે બેઠો નહીં. તેણે પોતાના કાન ઉપર દર્ભની મોટી પવિત્રી ચડાવી હતી, હાથને પાણીથી સાફ કરેલા હતા, ધોયલા મૂળા જેવા માથા ઉપર દર્ભથી વિંટાએલી, ચોટલીના મૂળમાં ધોળાં પુષ્પો ખોસેલાં હતાં, ગળું

લાકડાની માફક ટટારબંધ હતું. ઓષ્ઠ જપ કરવાથી હાલતા હોય તેમ દેખાતા હતા, નેત્રો સમાધિથી મિંચાઇ ગયાં હોય તેવાં જણાતાં હતાં, એક હાથમાં રુદ્રાક્ષનો બેરખો પેહેર્યો હતો અને બીજા હાથમાં માટીથી ભરેલું એક પાત્ર હતું.

બ્રહ્મસભાના સભાસદો ને બીજા સર્વે તેના આવા વેશના મોટા આડંબરથી અંજાઇ જઈ આ કોઇ મોટા ઋષિ છે એમ ધારી ઉભા થયા અને બે હાથ જોડી પ્રણામ કરવા લાગ્યા. આ વખતે જેણે આ સંસારની રચના એક ક્ષણમાં બનાવી હતી એવા **બ્રહ્મા** પણ તે **દંભદેવને** જોઈ તેની મોટાઈમાં મોહ અને આશ્ચર્ય પામી ગયા ને ભૂલમાં હર્ષથી ટટાર થઈ ગયા, અને જરાક કંપાયમાન પણ થયા. **અગસ્ત્ય** મુનિ તેના અતિ સખ્ત નિયમને જોઈ, આશ્ચર્યમાં લીન થઇ ગયા. **વસિષ્ઠ** પોતાના અલ્પ તપને લીધે શરમાઈ પછવાડે ફરી ગયા. અતિ સરલ મુનિનો આચાર પાળવાથી નિર્દોષ એવા **કૌત્સ** તેનાં દર્શન કરતાં વેતજ કંપવા લાગ્યા. **નારદ** પોતાના નિષ્કપટ મતમાં ઉદાસી થઈ ગયા. **જમદગ્નિ** પોતાનું મુખ પોતાના ઘુંટણ ઉપર નિચું કરીને બેઠા. પછી શૂળીમાં પરોવેલાની માફક તદન ટટાર ઉભેલો, અતિ ગર્વથી ભરેલો, મોટી કાયાવાળો **દંભ** આસન મળવાની આશાએ ઉભોજ હતો,—કારણ કે તે આસન વગર બેસતો નહીં—તેની સામા, બ્રહ્માએ જોયું. આ વખતે મહાત્મા બ્રહ્માના દંતની પંક્તિનાં કિરણો ચોતરફ ફેલાઇ ગયાને લીધે તેનો શ્વેતહંસ પણ વધારે શ્વેત થઇ રહ્યો હતો. પછી બ્રહ્મા કહેવા લાગ્યા, 'પુત્ર, ગુણગણની ગૌરવતા બતાવી આપનાર આ અતિ વિચિત્ર નિયમ વડે તું માનપાત્ર છે. અહીં આવ ને મારા ખોળામાં બેસ.' બ્રહ્માનું પ્રેમાળ ભાષણ સાંભળી **દંભદેવ** તેમના ખોળામાં પાણીની અંજળીઓ છાંટી, તે

ખોળાને પવિત્ર કરી, અતિશય શ્રમે સંકોચ સહિત તેમાં બેઠો અને પછી પોતે કેહેવા લાગ્યો: કે- 'ઉંચે સ્વરે તમે બોલશો મા, તમારે મને કદિ અ- વશ્ય જણાવવાનું હોય તો તમારા હાથથી મુખને ઢાંકીને એવી રીતે બોલજો કે તમારા મુખનો પવન મારા શરી- રને લેશ પણ અડકે નહીં.' બ્રહ્મા **દંભદેવ**ની આવી પવિત્રતા જોઈ, જરા હસી પોતાના હાથના છેડાને જરા હલાવતા બોલ્યા, 'એમ કે? ચલ, તું દંભ છે, ઝટ ઊઠ, ઊભો થા. નિકળ અહિંયાથી ને જા, સમુદ્રરૂપી કટિ મેખલાથી શોભાયમાન પૃથ્વીમાં અવતાર લે ને જુદા જુદા ભોગ ભોગવ. વિદ્વાનો પણ તારા સ્વરૂપને વસ્તુતાએ જાણી શકશે નહીં.'

એવી રીતે બ્રહ્મા તરફથી આજ્ઞા મળી એટલે **દંભદેવ** સંસારમાં અવતરી સંસારીઓના કંઠમાં ૫- થરાઓ બંધાવતો સર્વત્ર પૂજાવા લાગ્યો. તે લોકોને જુદા જુદા ફંદોમાં ફસાવવા લાગ્યો. **દંભદેવે** પ્રથમ વનમાં નિવાસ કર્યો, ત્યારપછી શેહેરોમાં નિવાસ કર્યો અને છે- વટે બંગાળામાં* પોતાની વિજયપતાકા ખડી કરી દીધી. તે પછી વિજયપતાકાના પ્રતાપને પ્રત્યેક દિશામાં ફફ- ડાવવા માટે ચોદિશામાં ભટકી, છેવટે બાલ્હીક દેશમાં વસનારા લોકોના વચનમાં વાસ કર્યો છે. દક્ષિણ દિશામાં રેહેનારા લોકોના વ્રતમાં અને નિયમમાં વાસ કર્યો છે. કિર દેશમાં વસનારા લોકોના અધિકારમાં વાસ કર્યો છે. અને બં- ગાળામાં તો તેની વિજયપતાકા ઝગઝગાટ કરી રહી છેજ, કેમકે પ્રથમથીજ ત્યાં સર્વત્ર વ્યાપ્ત **દંભદેવ**નો ઠામ હતો.

---

* ૧૦-૧૧ મા સૈકામાં બંગાળા વગેરે પ્રદેશમાં ધર્મનો ઘણો ઢોંગ ચાલ્યો હતો તેથી ત્યાં દંભનો વાસ કવિએ કલ્પ્યો છે. પ્રબોધ ચંદ્રોદયમાં પણ દંભનું નિવાસસ્થાન બંગાળાજ કલ્પ્યું છે.

જે દાન કરાવનારા છે, જે શ્રાદ્ધ કરાવનારા છે, જેઓ લલાટમાં સિદ્ધિ આપનારૂં રાતું, પીળું તિલક કરે છે, જે પ્રભાતમાં ભસ્મનું તિલક કરે છે, જે વ્રત, પૂજા, યજ્ઞ વગેરે કરનારા છે, જે ઝાઝી માળાઓ ધાલે છે તે સઘળા દંભને સહાય કરનારા છે એમ જાણજે; કારણ કે તેવા લોકો દંભને પુષ્ટિ આપે છે.

દંભે પૃથ્વીઉપર વસનારા લોકોની નાતના હજારો વિભાગ પાડી, તે સર્વેના જે જે ઉપરીઓ હતા તેમના મુખમાં પોતે વાચાળતા રૂપે વાસ કર્યો છે—જેથી તે સર્વે જૂઠું બોલવામાં નિર્ભય થયા છે. દંભદેવે પ્રથમ તો ગુરુના મુખમાં વાસ કર્યો, ત્યાર પછી શિષ્યના મનમાં વાસ કર્યો, તે પછી તપસ્વીઓના મનમાં વાસ કર્યો, તે પછી દીક્ષિતોના મનમાં વાસ કર્યો અને છેવટે પંડિતો, જોશી, વૈદ્ય, ચાકર, વાણીઆ, સોની, નટ, ભટ, ગવૈયા, કથા વાંચનારા વ્યાસ, સઈ, સુતાર, કુંભાર, વાળંદ, વગેરે સઘળાના મનમાં વાસ કર્યો છે. એટલે તેઓ પણ દંભના સહાયથી પૈસા કમાવવા લાગ્યા છે. નદીમાં માછલાં મારવા માટે એક પગથી ઊભો રેહેનાર બગભકતની તપશ્ચર્યા અને દૃઢ ધ્યાનનો ઢોંગ જોતાં સ્પષ્ટ માલમ પડે છે કે તેણે પક્ષીઓમાં પણ વાસ કર્યો છે. વડ મોટી જટા એટલે વડવાઇ અને વલ્કલ એટલે છાલરૂપી વસ્ત્રને ધારણ કરી, વનમાં ટાઢ તડકો સહન કરી, પર્વત ઉપર વસે છે, ને ફકત પાણી પીને તપસ્વિની માફક શરીરે ઘણો દુર્બળ દેખાતો તે ટટાર ઊભો રહી એક નિષ્ઠાથી ધ્યાન ધરે છે, તે ઉપરથી જણાય છે કે વૃક્ષમાં પણ દંભનો વાસ છે. આવી રીતે દુનિઆમાં સર્વત્ર દંભ જોવામાં આવે છે. કયાંઈ પણ દંભ વગરની કોઇ વસ્તુ નથી. માટે તેની જુદી જુદી કળાઓ જો જાણવામાં આવી હોય તો

કપટી લોકોનું—ધૂતારાઓનું જરા પણ ફાવી શકતું નથી. ધૂતારાઓ આ દંભના વિસ્તારને કલ્પવૃક્ષ જેવો ગણે છે, કારણ કે તે દંભના પ્રભાવથી પોતાનું ધાર્યું કરી શકે છે. પૂર્વે વિષ્ણુએ વામનના રૂપનો ઢોંગ કરી, બળી રાજાનું સઘળું રાજ્ય પોતાને તાબે કરી લીધું હતું. એ સઘળો પ્રતાપ **દંભ રાજાનો**જ જાણવો.

મૂલદેવે આ પ્રમાણે **હિરણ્યગુપ્તના** પુત્ર **ચંદ્રગુપ્તને** પ્રથમકળા ભણાવી. તેપર વિચાર કરવાનું કહી તે દિવસે શિષ્યમંડળીને વિદાય કીધી.

સર્ગ ૨ જો.

લોભવર્ણન-વણિકચરિત્ર.

બીજી રાત્રિના જ્યારે ચંદ્ર પ્રકાશવા માંડયો ત્યારે **મુલદેવ** પોતાના શિષ્યસમુદાયને આસપાસ બેસાડી, **ચંદ્રગુપ્તને** સંબોધીને પોતાની કળા બતાવવા માટે બોલ્યોઃ- વત્સ **ચંદ્રગુપ્ત**, મનુષ્યને બીજી જે કળા જાણવાની જરૂર છે તે **લોભ** છે.

લોભથી હમેશાં ડરવું, કારણ કે લોભિયા માણસને કાર્યાકાર્યનો વિચાર રહેતો નથી; અને તેવા માણસોનો સર્વને ડર રહે છે. કપટ કરી એક વસ્તુને બદલે બીજી વસ્તુ અડાવી દેવી અને એક બીજાને છેતરવા વગેરે વિચિત્ર માયા સર્વત્ર ઘૂમે છે, તે સઘળાનું મૂળ—તે કરવામાં ઉત્તેજન આપનાર મુખ્ય લોભ છે. તે લોભ સંગ્રહ કરી મૂકેલા ધનનું હરણ કરાવે છે. લોભિયાઓને પોતાનું નાણું વધારવાની

અતિશય ચાહના હોય છે, તેથી તે બીજાને આપે છે અને બીજા જે ધૂર્ત હોય છે, તે તેના નાણાને દેવાળું વગેરે કાઢી ઓળવે છે. આ લોભને શાસ્ત્રવેત્તાઓએ પોતાના સત્ત્વ, શમ, દમ અને તપવડે હરાવી પાડયો છે. એટલે તે વાણીઆઓના ઘણાજ કુટિલ હૃદયમાં જઇને છાનોમાનો વરચો છે. માટે હે વત્સ, વાણીઆઓનો તારે જરા પણ વિશ્વાસ કરવો નહિ. અધરણી પવિત્ર નહિ ને વણિક મિત્ર નહિ!!

જ્યારથી વાણીઆના અંતઃકરણમાં લોભે વાસ કર્યો ત્યારથી તે લોકો આપવું લેવું વગેરેમાં, તોલમાં, માપમાં, દ્રવ્ય ને વસ્તુ એ સર્વમાં અતિશય કપટ કરવા મંડયા છે. તેઓ ઓછું આપવા લાગ્યા, વધારે લેવા લાગ્યા, ખોટાં તોલ રાખવા લાગ્યા અને દેવાળાં ફુંકી થાપણોને ઓળવવા લાગ્યા છે. તેઓ આનંદથી હમેશાં ધોળે દિવસે માણસને લૂટવા મંડયા છે. આવાં આવાં અનેક કપટો કરી, આખો દિવસ માણસોનાં નાણાંને લુટતાં છતાં પણ જ્યારે પોતાને ઘેર કંઇ ધન ખર્ચવાની બાબત આવે કે તેઓ ત્રણ કોડી પણ ખર્ચી શકતા નથી. કોઇ પવિત્ર મનવાળો વૈશ્ય કદી કથા શ્રવણ કરવા જાય છે; પણ ત્યાં કથામાં દાન કરવાની વાત આવે અથવા તો તે પોતાને કરવું પડે તેમ હોય, તો સર્પના ભયથી જેમ દૂર ભાગે તેમ તે બાબતથી છેટે ભાગી જાય છે. બારશ હોય, શ્રાદ્ધનો દિવસ હોય, કે સૂર્ય ચંદ્રનું ગ્રહણ હોય ત્યારે ઘણીવાર સુધી સ્નાન કર્યા કરે છે, પણ એક કોડીનું દાન કરતો નથી. તીર્થકાંઠે સ્નાન કરવા જાય પણ જેવો જળમાંથી બહાર નિકળ્યો તેવોજ કોઇ મારી પાસે દક્ષિણા લેવા આવશે, આવા ભયથી ચોતરફ નજર કરતો ચોરની પેઠે છુપાતો છુપાતો આડો-

અવળો થઈ ગલીકુંચીને રસ્તેથી લોભી વણિક પલાયન કરી જાય છે. કદી તે ત્રણ દમડી દાન કરશે તો સત્તર ઠેકાણે ગજાવી મૂકશે. તેને લોભ એટલો બધો હોય છે કે પોતે ખાશે પણ નહિ, ત્યારે બાપડાં છોકરાંને તો કેમજ ખવાડે! આ સઘળો લોભદેવનોજ પ્રભાવ જાણજે. કપટી વાણીઓ વેપાર કરવા માટે બેઠો હોય ત્યારે બગલાની માફક મૌન ધરી બેઠો રહે છે, પણ જ્યારે કોઇને થાપણ મૂકવા માટે આવતો જુવે છે અથવા તો કોઇના હાથમાં પૈસા જુવે છે એટલે તરત ઊભો થાય છે, પ્રણામ કરે છે અને આસન આપી કુશળતા પૂછે છે. પાણી અને પાન સોપારીની ચમચી પણ છોડે છે, ને જાણે ગાઢ પરિચય હોય તેમ ઘરનાં બાળગોપાળની વાત પૂછવા મંડી પડે છે: 'ભાઇને કેમ છે, મોટી ભાભી ઘણા દિવસ થયા જણાયાં નથી, મોટી બેહેન તો સાસરે હશે, સાસરૂં તો સારૂં મળ્યું છે' એમ વાત કરી જાણે તેનું તનમન હોય તેમ પોતે હેત પ્રીત બતાવે છે. પછી ધર્મ સંબંધી વાતચિત કરવા માંડીને ઈશ્વરને પૂર્ણપણે પિછાણીને દંભદેવને આરાધે છે. એ સર્વ ધનહરણ માટેજ કરે છે એમ સમજવું. આ બાબતમાં એક વાણીઆની વાર્તા પ્રસિદ્ધ છે તે તમને કહું છું તે ચિત્ત ધરીને સાંભળો.

લોભી સાહનું ચરિત્ર.

પૂર્વે એક ધનાઢ્ય વેપારી વાણીઓ હતો. આ વાણીઆભાઇ પોતાની જાતિ પ્રમાણે કપટકળામાં ઘણાજ પ્રવીણ હતા. તેણે પોતાના સમયમાં ઘણા લોકોને લૂટીને બેહાલ કરી અખૂટ ધન એકઠું કર્યું હતું. એ વાણીઓ જાતે ઘણો લોભી હતો. ઘણા પૈસા છતાં પણ તે લોભીઓ, જે એક પૈસાના બે પૈસા કરવા માંગતા હતા તેવાને

હજી ખોળતો હતો. પૈસા કોને વહાલા ન લાગે? કારણ કે સર્વ સુખનું સાધન સંપત્તિ છે.

એક વખતે તે શેઠની પાસે કોઇએક બીજો છોટો લોભી આવીને બોલ્યો, 'હે ભાઇ, મારે તમારે ત્યાં મારા ઘરના તમામ પૈસા વ્યાજે મૂકી કાલે પરદેશ જવાની ઇચ્છા હતી. પણ કાલે સવારે વિષ્ટિ* છે, માટે હવે મારે શું કરવું? મારૂં જવું અટકી પડે છે.' તે વાર્તા સાંભળતાં વેંતજ લોભી શેઠનું મન તો અત્યંત રાજી થયું, પણ ઉપરથી ખોટો ખેદ બતાવી, તેના કામનો જાણે વિચાર કરતો હોય તેમ તે આવેલા છોટા લોભી તરફ વારંવાર નજર કરી, ઘણી વાર પછી બોલ્યો:-'શેઠજી, આ દુકાન તમારીજ છે, જેમ તમારી ઇચ્છા હોય તેમ કરો પરંતુ અમે તમારા પૈસા થોડા દિવસ રાખીશું, વધારે દિવસ અમારી દુકાનમાં કોઇના પણ પૈસા અમે રાખતા નથી. શેઠજી, જાણોજ છો કેની, આજે દેશ કાળ ઘણોજ બદલાઇ ગયો છે, કોઇ કોઇનો વિશ્વાસ કરવા જેવું નથી. અમે ન હોઇયે ને છોકરાંઓની દાનત બગડી, ત્યારે તમે તો અમનેજ ગાળો ભાંડો માટે વરસ છ મહિનામાં દ્રવ્ય પાછું લઇ જવું હોય તો બેલાશક મૂકો-ઘર તમારૂં છે. તમે ઘણા સારા માણસ છો, તેથીજ હા પાડવી પડે છે. તમારો તો હું દાસ છું. કાલે તમે જે વિષ્ટિનો વાંધો કાઢો છો, તેમાં કંઇપણ અડચણ નથી. તમે સુખેથી આજે થાપણ મૂકી જાઓ. વ્યાપાર ધંધો કરતાં ઉલટું તમારૂં નાણું બમણું થશે, ને જે લાભ મળશે તે તમારો છે આપણે તો દલાલીના શરીગત. આ બાબતમાં જેઓ લેણદેણ કરે છે તેને બરાબર અનુભવ છે; ને તે તમારાથી કંઇ અજાણ્યું નથી.'

---

* તે નક્ષત્રમાં જો કંઈ શુભ કામ કર્યું હોય તો તેનું શુભ ફળ થાય નહીં.

'શેઠજી, વિષ્ટિ વ્યતિપાતની તો કંઈએ હરકત નહિ. મને એના સંબંધમાં એક વાત યાદ આવે છે. થોડા દિવસપર એક મારા મિત્રે ગારીજ દુકાને વિષ્ટિ નક્ષત્રમાં ધન મૂકયું હતું. તેનાં નાણાં બમણાં થયાં ને ફરીને વગર અડચણે ઝટ લઇ ગયો.' આવાં અનેક આડાંઅવળાં ગપ્પાંઓ મારી, પોતાના મનોરથમાં આમ તેમ ગોથાં ખાનારા પાપી શેઠીઆએ, પેલા મૂર્ખ છોટા લોભીની પાસેથી ધન લઇ પોતાની પેટીમાં મૂકયું. બીજે દિને તે થાપણ મૂકનારો પરદેશ ચાલ્યો ગયો.

પેલા શેઠે તો તેના ધનમાંથી વેપાર કરી અખૂટ દોલત મેળવી, ને તે દ્રવ્ય વડે કૂબેરના જેવો કીર્ત્તિમાન થયો. ધનમાંથી ધન પેદા કરવું તેમાં પણ કપટ વગર લક્ષાધિપતિ કોટયાધિપતિ થવાતું નથી. કપટ એ ધૂતારાનો એક અખૂટ ભંડાર છે. કપટ કરીને તે લોભી સાહુકારે લાખો સોનાના ઘડા ઘરમાં એકઠા કીધા, પણ તેમાંથી એક પણ ઘડો શેઠને કામ લાગ્યો નહીં. તે સુવર્ણના ઘડાઓ બાળરાંડના સ્તનની માફક અત્યંત કલેશ ભોગવવા લાગ્યા. આ સોનાના ઘડાનો ઉપયોગ થતો નહીં તેમાં કંઇ આશ્ચર્ય નથી. કારણ કે વાણીઆઓ સુવર્ણને કમાઈ, કેવળ તેની રક્ષાજ માત્ર કરે છે, પણ તેને ઉપયોગમાં લેઇ શકતા નથી; તેમ તેનું દાન પણ કરતા નથી. એવા વાણીઆને સંસારરૂપ એક જીર્ણ ઘરમાં ભયંકર ઉંદરરૂપ જાણવા. તે ઉંદરોને ઉપયોગ કરવામાં અડચણ કરનારો પુરપતિ* નામનો એક ભયંકર સર્પ છે. તે સર્પની ફેણ અતિશય ભયંકર અને દુઃખદ છે. તે સર્પના શરીર ઉપર

---

* રાજા–તેના ભયથી અથવા પોતાના નશીબનું ન હોવાથી વાણીઆરૂપ ઉંદરો જે કંઈ એકઠું કરે છે, તે સર્વ ભોગવી શકતા નથી પણ પરિણામે તે રાજાને આધીન થાય છે. કેહેવત છે કે કોળ ખોદે ને ભોરીંગ ભોગવે.

ઘણા કાંટાઓ છે, તે હમેશાં આમ તેમ કોઇને ફસાવવાને ફર્યા કરે છે. આના ભયથી ઉંદરો પોતાની મેળવેલી વસ્તુનો ઉપભોગ કરી શકતા નથી. તું જાણજે કે ઉંદર(વાણીયા) ખોદે(મેળવે) ને ભોરીંગ(રાજા) ભોગવે(પડાવી લે) તેમજ **લોભી સાહુ**ના હાલ થયા.

થોડાં વરસ વીત્યા પછી થાપણ મૂકનારો પેલો માણુસ પરદેશમાંથી પાછો પોતાના ગામમાં આવ્યો અને જે શેઠની દુકાને પોતે ધન મૂકયું હતું તે દુકાન ઉપર ગયો. પણ ત્યાંથી શેઠનો પત્તો મળ્યો નહીં. તે બાપડો તુરત બેબાકળો બની ગયો અને શંકા સહિત લોકોને પૂછવા લાગ્યો, કે તે મહા ધનાઢ્ય શેઠ કયાં ગયા છે? તે સાંભળી એક માણુસ તે પૂછનારની પાસે જઇને કહેવા લાગ્યો, 'ભાઇ, હમણાં તો તેની લક્ષ્મી કંઈ વિચિત્રજ પ્રકારની છે. તેના ઘરમાં અનેક જાતનાં ઉંચાં વસ્ત્રો, કસ્તૂરી, કેશર, અંબર, ચંદન, કર્પૂર, મરી, સોપારી, એળચી, લવીંગ, તજ વગેરે અનેક પદાર્થો તૈયાર ભરેલા છે.જ્યાં ત્યાં લક્ષ્મી અથડાય છે. ઘરમાં લક્ષ્મીના પ્રતાપથી ઝળાંઝળાં થઇ રહ્યું છે. જ્યારે તે પૈસાની ગણુતરી કરે છે ત્યારે એક એક નાણુાથી ભરેલા ઓરડા ઉપર ખડીનો લીટો કાઢીને એક મુહૂર્તમાં કોડો સોનામહોરો ગણી કાઢે છે. તેને નાની રકમ ગણવાનો તો વખત આવતોજ નથી. તે મેરૂ પર્વત જેવડી સુંદર ઉંચી હવેલીમાં રહે છે. આ શેહેરનો રાજા પણ તે શેઠને ઘણું માન આપે છે, તેને તું શું પીછાણુતો નથી?' પેલા ગરીબે 'બહુ મોટો ઉપકાર થયો' એમ કહી તે શેઠિયાના ઘર તરફ ચાલવા માંડયું. તે મેલાં ફાટેલાં કપડાં સહિત તે શેઠના બારણામાં જઇઊભો.તેના મોં ઉપર જરા પણ તેજ ન હોવાથી અતિશય દરિદ્રી અવસ્થાવાળો દીનદાસ જેવો દેખાતો હતો. થોડી વારમાં હવેલી ઉપર બેઠેલા શેઠે મેડી ઉપરના ઝરૂ-

આમાંથી તે થાપણ મૂકનાર શેઠને જોયો. તેને જોતાં વેંતજ જાણે વજ્ર વાગ્યું હોય તેમ શેઠ બેભાન થઇ ગયા અને તેના શરીરમાં ચાલતો શ્વાસ પણ પળવાર બંધ પડી ગયો.

પેલો પૈસા મૂકનાર થોડીવાર નીચે ઊભો રહી, પેહેરાવાળાની પરવાનગી મેળવી હળવેહળવે મંદિરમાં શેઠની પાસે ગયો અને એક ખૂણામાં લજ્જા ધરતો ને બિહતો બેસી ગયો. જ્યારે સઘળાં માણસો ઊઠી ગયાં ત્યારે તે શેઠ નજીક જઈ પોતાના નામની ઓળખાણ આપી પોતાનું ધન, જે પોતે શેઠની દુકાને મૂકેલું હતું, તે માગવા લાગ્યો. આ વાત સાંભળતાં શેઠે પોતાના હાથને નીચે પછાડ્યા, ને પછી ભમર ચડાવી, આડી નજર કરી, ધુંવાંપુંવાં કરતો કહેવા લાગ્યો–'અરે, આ શું? આ કળી કાળ આવ્યો કે શું? હર! હર! મહાદેવ! કેવા અસત્યવાદી માણસો! આ પૃથ્વી ઉપર વસેછે તે તો જુવો! આ કોઇ ધૂતારો, પેટભરો, પાપી કયાંથી આવ્યો છે? તું કોણ છેરે? તારૂં નામ શું? તારા બાપનું નામ શું? કયાંથી આવ્યો છે? મેં તને કોઇ દિવસ પણ દીઠો હોય તેવું મને તો સાંભરતું નથી, ત્યારે મારા હસ્તક થાપણ મૂકી જવાની વાત કહે છે તે તો સંભવેજ કેમ? અરે રે!! તેં કયારે! કોને! ને કયાં ધનની થાપણ મૂકી છે? અને મૂકી છે તો કેટલી તે તો કહે? પણ તારી પાસેથી કેહેવરાવવાનું અમારે શું પ્રયોજન છે? સર્વ જાણે છે કે આ ગાંડો થયલો છે, તે ગળે પડી ધન લેવા આવ્યો છે. પણ અમારી દુકાને હરગુસના* વંશની થાપણ હોય એ વાત કદી સંભવે નહીં. તેમ અમે ખોટું બોલી મિથ્યાપાતકના ભોગી થઇએ એવું કામ અમારાથી કદી પણ થાય નહીં. તથાપિ કોઈ સાચું કે ખોટું કંઈ પણ અમને કેહેવા

* છાટા લોભી તે વંશનો હતો.

આવે તો અમારે તો તે અવશ્ય સાંભળવુંજ જોઈએ. મોટાઓનો એવો ધર્મ છે કે સર્વનું સાંભળવું, પણ કોઇનું અપમાન કરવું નહીં. તેથી તારાં આટલાં બે વેણ પણ સાંભળ્યાં, નહિ તો હમણાંજ તને સિપાઈને સ્વાધીન કરી દેતે. તેં જે દિવસે ખાતું પડાવ્યું હોય તે દિવસ કહે, અને તે દિવસે લખેલું સર્વ પોતાની મેળે ચોપડામાં તપાસી જોઇ લે. મારી તો વૃદ્ધાવસ્થા થઇ છે, માટે દુકાનનો સઘળો બોજો મેં મારા પુત્ર ઉપર નાંખ્યો છે. પરંતુ તેમાં જે કંઇ લખેલું છે, તે સર્વ મારૂં છે તે જઈને તપાસ.'

શેઠનાં આવાં વચનો સાંભળી પેલા થાપણ મૂકનાર માણસના તો હોશજ ઉડી ગયા. પણ ધીર ધરી શેઠની રજા લઇ તરત તેના છોકરા પાસે ગયો. ત્યાં જઇ પોતાની મૂકેલી થાપણ માગી એટલે શેઠનો છોકરો બોલ્યો કે 'આગળની વાતમાં હું જાણું નહીં, તે તો બાપાજી જાણે છે.' એટલે વળી તે શેઠ પાસે ગયો. શેઠે સાફ જવાબ આપ્યો કે 'તેને પૂછો, હું કંઇ તે વિષે જાણતો નથી.' એટલે વળી તે બાપડો થાપણ મૂકનાર શેઠના છોકરા પાસે ગયો. શેઠના પુત્રે જવાબ આપ્યો કે 'લખાણ સંબંધી જે કામ છે, તેમાં મારા પિતાજી વાકેફગાર છે, પણ હું નથી. લખવાનું કામજ તેમનું છે.' આમ બાપ અને દિકરો બાપડા થાપણ મૂકનાર વાણીઆને દડાની માફક આમ તેમ ઉછાળવા લાગ્યા, પણ બેમાંથી એકે પણ તેનો નિકાલ કર્યો નહીં.

અંતે હારીને થાપણ મૂકનાર રાજાની કચેરીમાં ગયો અને પોતાની સર્વ વાર્તા જાહેર કરી. રાજાએ તેની વાત બરાબર ધ્યાનમાં લઇ ઘણો ગુસ્સે થઈને તે શેઠિયાને પકડાવી મંગાવ્યો. પછી પૂછ્યું કે આ માણસે તારે ત્યાં કંઇ થાપણ મૂકેલી છે? તે બોલ્યો, 'ના મહારાજ.' રાજાને તે થાપણ મૂકનાર વાણીયાના કહેવાપર દૃઢ વિશ્વાસ હોવાથી—તે

તેનો પૂરાવો પક્કો મળવાથી પેલા **લોભીસાહને** સજા કરવાનો હુકમ કર્યો. તુરતજ સિપાઇઓએ તેને ફડાફડ ફટકાનો માર માર્યો. બીજાં હથીઆરોનો પણ ઉપયોગ કર્યો તથાપિ શેઠે એક પઈનું પણ દેવું કબૂલ કર્યું નહીં. ચમડી તૂટે પણ દમડી ન તૂટે. માર ખાધો, પણ પૈસાની વાતજ શી! ઉલટું તે બોલ્યો કે "તેણે મારા હાથમાં ફૂટી બદામ પણ આપી નથી." આવી રીતે અતિશય અપમાન અને માર સહન કર્યો તોપણ સ્વભાવથીજ લોભી એવા તે શેઠે ધન આપવું કબૂલ કર્યું નહીં. લોભી પોતાના શરીરને તૃણના તણસલાની માફક વાપરે છે, પણ નાણામાંથી એક કોડી પણ વાપરતો નથી. છેવટે મરવું કબૂલ કરે છે પણ નાણું આપવું કબૂલ કરતો નથી. માર માર્યા છતાં પણ **લોભી સાહે** દેવું કબૂલ્યું નહિ એટલે નિરુપાયે રાજાએ તેને જવા દીધો ને બાપડો વાણીઓ રોઇને રહ્યો. એકના બે કરવાંનો લોભ ઘણો બૂરો છે. લોભ મનુષ્યમાં છે, તેમજ દેવોમાં પણ છે તે પર એક શાસ્ત્રની વાર્તા કહું છું તે પણ સાંભળ.

શુક્રાચાર્ય ને કુબેરની વાર્ત્તા.

પૂર્વે **શુક્રાચાર્ય**ના મનમાં આવ્યું કે હું નિર્ધન છું, માટે ધન મેળવું. આવો વિચાર કરી જેની પાસે સર્વ સંપત્તિઓ વસતી હતી એવા પોતાના બાલમિત્ર **કુબેર** પાસે જઇ દીનતાથી કહ્યું 'મિત્ર, દેવ અને દાનવ કરતાં પણ અધિક તારો પૂર્ણ વૈભવ મિત્રને અતિશય આનંદ આપેછે, અને શત્રુઓને દુઃખ ઉપજાવે છે. તારી કીર્તિનો કંઇ પાર રહ્યો નથી. પણ તારા જેવા (**કુબેર** જેવા) ધનાઢ્ય મિત્ર છતાં હું દરિદ્રી રહું છું. તું જાણે છે કે મારે ઘણા કુટુંબનું પોષણ કરવું પડે છે. માટે આ વખતે હું મારી દરિદ્રતા સ્વતંત્રતા તરિકે મિત્રનેજ કહેવા શક્તિમાન્ છું. કેટલાએકનો મત છે કે સુખમાં ને દુઃખમાં સમાન ભાગ લેનારા

મિત્રને મદદ કરવા માટે અવશ્ય કહેવું. એટલા માટે તમારી પાસે આવ્યો છું. સત્કુલમાં જન્મેલા મહાપુરુષો યાચક-વર્ગનું પણ પોષણ કરે છે, ત્યારે તેના વૈભવનો તેના મિત્રો શા માટે ઉપયોગ કરે નહીં? ઘણાં પુણ્ય-થી મેળવી યત્ન વડે સંગ્રહ કરી રાખેલો ભંડાર જેમ અનુપમ સુખ આપી સુખદુઃખમાં સહાય કરે છે, તેમ પૂર્વપુણ્યથી મેળવેલો મિત્રમણિ પણ સુખમાં અને દુઃખમાં સહાયક થઇ પડે છે.' એવી રીતે **શુક્રાચાર્યે કુબેરને** એકાંતમાં કહ્યું, એટલે મિત્રના સ્નેહમાં અને લોભમાં ડૂબે-લો **કુબેર** મન સાથે ઘણીવાર સુધી વિચાર કરી બોલ્યો:—

'તું મારો મિત્ર છે; હું તુંને ઓળખું છું. પરંતુ પ્રાણના પણ પ્રાણ જેવા વહાલા આ ધનમાંથી જરા પણ તને આપી શકીશ નહીં. મિત્રોએ મિત્રતા કરી, સ્નેહની ઇચ્છા રાખવી જોઇએ, પણ નાણાંની ઇચ્છા રાખવી જોઇએ નહીં. જ્યારે નાણાં જેવું કંઇ કામ પડે ત્યારે તો ઘણા મિત્રો થાય છે. તેમ બાયડી, છોકરાં વગેરે મેળવ-તાં પણ કંઇ વાર લાગતી નથી—દ્રવ્યથી દુનીઆમાં સૌ મળે છે, પણ દ્રવ્ય કોઇથી મળતું નથી. દુનિયામાં ધન મેળવવામાં ઘણી મેહેનત પડે છે. પૈસાનો ખર્ચ કરવો એ એક અતિ સાહસિક, અતિ કઠિન અને આશ્ચર્ય ભરેલું કામ છે. જે પોતાના શરીરને દાન તરીકે અર્પણ કરવા ડરતો નથી તે પણ દ્રવ્ય ખર્ચ કરતાં ઘણો અચકાય છે.' આવી રીતે **કુબેરે** ના પાડી **શુક્રાચાર્ય**ની આશાનો ભંગ કર્યો એટલે **શુક્રાચાર્ય** મૂર્ખમતિની પેઠે શરમના માર્યા વિલે મોઢે નીચું જોતા પોતાના ઘર ભણી ચાલ્યા ગયા.

શુક્રાચાર્ય પોતાને ઘેર ગયા પછી ઘણા વિચાર-માં પડી ગયા. પછી પોતાના કાર્યભારી સાથે ઘણી વાર સંકેત કરી માયાનું રૂપ ધરી **કુબેર**નું ધન હર-

વા માટે **કુબેર**ના શરીરમાં પેઠા. શરીરમાં પેસતાં પહેલાં **શુક્રાચાર્યે** પોતાનાજ આશ્રિતોને સમજાવી રાખ્યા હતા કે હું **કુબેર**ના શરીરમાં પ્રવેશ કરૂં તે વખતે તમારે **કુબેર** પાસે ધન માંગવા માટે આવવું. હું **કુબેર**ના શરીરમાં બેઠાં બેઠાં તેને ઉસકેરીશ એટલે તે તમને ખૂબ ધન આપશે. એ સંકેત પ્રમાણે બ્રાહ્મણો **કુબેર**ની પાસે આવ્યા. એટલે **કુબેરે** બ્રાહ્મણોને ઉદારદિલથી ધન આપવા માંડયું. ધન આપતાં આપતાં જ્યારે **કુબેર**ના ભંડાર ખાલી થઇ ગયા ત્યારે **શુક્રાચાર્ય** તેના શરીરમાંથી બહાર નિકળી પોતાને ઘેર ચાલ્યા ગયા. પાછળથી આ સર્વ **શુક્રાચાર્ય**નું કરેલું કપટ હતું આમ જ્યારે **કુબેર**ના જાણવામાં આવ્યું, ત્યારે તે પોતાને માથે હાથ મૂકી ઘણો અફસોસ કરવા લાગ્યો; અને પોતાના શંખ, મુકુંદ, કુંદ, અને પદ્મ વગેરે ભંડારો તળીઆઝાટક ખાલી થઈ ગયા તેના અફસોસથી ઉંડો નિશ્વાસ નાખીને બોલ્યો કે, "મારા મિત્ર દૈત્યગુરુ **શુક્રે** મને કપટથી દગો દીધો. તે મારા પૈસાનું હરણ કરી મને ખડના તણુસલા જેવો કરી ગયો. આ દુઃખ મારે કોને કહેવું? શું કરૂં? કયાં જાઉં? હાય હાય! માણુસો પણુ નિર્ધનને બોલાવતાં નથી. માટે દ્રવ્ય વગરનો જે હોય છે તેને કોઈ રીતની પણુ સહાય–ટેકો–મળતો નથી. જ્યાં ત્યાં નિર્ધનનું અપમાન થાય છે. જ્યારે અપમાન થાય છે ત્યારે માણુસના મનમાં અને શરીરમાં મોટાં મોટાં દુઃખો ઉત્પન્ન થાય છે. માટે ધર્મની બાબતમાં પણુ સહાય કરનાર ધન માણુસને શરીર જેવું વહાલું છે, તેમાં જરા પણુ સંદેહ નથી. તે ધન જ્યારે નાશ પામે છે, ત્યારે સર્વસ્વ નાશ પામ્યું સમજવું. વિદ્વાનમાં ગણાવું, શરીરને સુંદર કહેવરાવવું, કીર્તિમાનૂમાં ખપવું, કુળમાં મહત્તા મેળવવી, શૂરાઓમાં સુભટ ગણાવું,

એ સર્વ પૈસાથી બની શકે છે. જે માણસ નિર્ધન છે તે ગુણવાન્ છતાં પણ બેવકુફ ગણાય છે." એવી રીતે **કુબેર**ના અંતઃકરણમાં શોકાગ્નિ ઝળઝળાટ બળવા લાગ્યો-શોકથી તેના શરીરમાં અત્યંત દાહ થવા લાગ્યો. પછી **કુબેરે** પોતાના કાર્યભારીની સલાહ લીધી. મંત્રીએ તેને જણાવ્યું કે તમે **શંકર** પાસે જાઓ ને વિતક વાર્તા કહો. તુરત **કુબેર શંકર** પાસે ગયો અને પોતાના દરિદ્રદુઃખની વિતક વાર્તા કહી સંભળાવી.

શિવે કુબેરની વાત સાંભળી **શુક્રાચાર્ય**ને દૂત મારફતે તેડાવ્યા. તુરતજ ધનાઢ્ય **શુક્રાચાર્ય** ત્યાં હાજર થયા અને મુકુટ ઉપર બે હાથ મૂકી **શંકર**ને પ્રણામ કરી તેમની આગળ ઊભા રહ્યા.

પછી **શિવે** કહ્યું-"તેં કૃતઘ્ન થઈ તારા મિત્રને ઠગી લીધો છે, તે ઘણુંજ દીલગીરી ભરેલું કામ કર્યું છે; કારણ કે કૃતઘ્ની પણ મિત્ર ઉપર દ્રોહ કરતો નથી. યશની જરા પણ દરકાર ન કરનારા પોતાની મર્યાદાને લોપનારા કૃતઘ્ની માણસો જેવી ઠગાઇ કરે છે તેવી ઠગાઇ પોતાના સ્નેહી-પ્રેમપાત્ર મિત્ર ઉપર કરવી તે તારા જેવાને ઉચિત ગણાય નહીં. અરે સુમતિ, આવું કામ શું તારા જેવા વિદ્વાન માણસને ઘટિત કહેવાશે ? શું તે તારા આચારણને અનુકૂલ કહેવાશે ? કે તારા કુળને લાયક ગણાશે ? કદી પણ નહીં. તેવાં આચરણો સદગુણનો નાશ કરે છે. તું ઠગારો થયો તે શું અતિ શ્રમે પઠન કરેલી તારી નીતિનું પરિણામ છે કે ? અથવા તો તે શાંતિ છે ? કે તને તારા વડીલો તરફથી મળેલો એવો ઉપદેશ છે? કે તારી બુદ્ધિનો સહજ ભ્રમ છે ? બોલ એ શું છે ?"

"આ દુનિઆમાં ધન કોને વહાલું નથી અને ધનમાં કોનું મન લલચાતું નથી ? સઘળા ધનને માટે સ્મશાનમાં

પણ રહેવાનું કબૂલ કરે છે. પરંતુ યશરૂપ ધનની આશા રાખનારા મહાપુરુષો દુરાચરણ કરી પૈસો મેળવતા નથી. માટે તું નિર્મળ ભૃગુના વંશને શા માટે કલંક લગાડે છે? લોભરૂપ મેઘમંડળ, યશરૂપ રાજહંસનો મોટો શત્રુ છે. જે માણસ પોતાની અવિનાશી કીર્તિનો ત્યાગ કરી પવનથી ચલાયમાન, અર્થાત્ ઘણાજ હલકા ખડના તણુસલા ઉપર વળગેલા જળની માફક ક્ષણ માત્રમાં નાશ થઇ જનારા ધનને ગ્રહણ કરે છે, તેવા માણસોને ધૂર્તોની વચમાં કયી જાતના ધૂર્ત ગણવા વારૂ? જે ખળ માણસ પોતાના સદાચરણનો ત્યાગ કરી બીજાને દગો દે છે, તેણે પોતાના પવિત્ર આત્માનેજ દગો દીધો એમ સમજવું. યશસ્વીની લક્ષ્મી હમેશાં ચકચકાટ કરે છે, પણ અપયશ પામેલા પુરુષની કમળ જેવી કોમળ લક્ષ્મી પણ અપયશરૂપ ઝેરી ઝાડના ભયંકર વાસથી હમેશાં મૂર્છિતજ રહે છે, પણ કોઇ દિન સતેજ જણાતી નથી ને તે વૃદ્ધિ પણ પામતી નથી. અપમાન પામેલા લોકો ગમે તેમ બોલે છે, તોપણ સત્પુરુષોની કીર્તિમાં જરા પણ મલિનતા આવતી નથી. માટે મૂર્ખાઇને લીધે તારૂં જે અનુચિત ને મલિન કર્મ પ્રસિદ્ધિમાં આવ્યું છે, તે કલંકવાળા કર્મને નિર્મળ કરવા માટે તું લીધેલું ધન કુબેરને પાછું આપ અને અપવાદરૂપ ધૂળથી ધૂસરા થયેલા તારા યશને પાછો શુદ્ધ કર એવું મારૂં કહેવું છે.”

ત્રણ ભુવનના દેવ એવા શંકરનું કહેવું સાંભળી શુક્ર એ હાથ જોડી વિનય સહિત બોલ્યા, “મહારાજ, જો નશીબ સારાં હોય તો ઇંદ્રના મુકુટની ટોચ ઉપર વિશ્રામ કરનારી—ઇંદ્રાદિ દેવતાઓએ પણ કબુલ કરેલી આપની આજ્ઞાને કયો માણસ સ્વીકારતો નથી? સર્વે સ્વીકારે છે. પરંતુ જે દરિદ્રીના ઘરમાં બાયડી, છોકરાં, નોકર, ચાકર વગેરે દુઃખી થતાં હોય તેવાને બીજાનું ધન ખુંચવી લે-

વામાં સારાનરસાનો વિચાર રહેતો નથી. હમણાં મારી પણ એવીજ અવસ્થા છે, તેથી મેં વિચાર કર્યો કે, **કુબેર** મારો મિત્ર છે, તે આવા દુઃખના વખતમાં મને સહાય કરશે. તેના સંબંધમાં મારા મનમાં આશા પણ ઘણી મોટી હતી. હું શરમ મૂકી નિર્ભય થઈ **કુબેર**ની પાસે ગયો અને મેં તેની યાચના કરી. પણ શઠશિરોમણી **કુબેરે** તો મને સાફ ના કહી, ને મારી આશાને તોડી પાડી. એ તેણે વગર હથીઆરે મારો વધ કર્યો કેહેવાય, ઝેર વગર વિષ પાન કરાવી માર્યો કેહેવાય, અને અગ્નિ વગર અગ્નિથી દઝાડ્યો કહેવાય; માટે તે મારા શત્રુને છેતરવો તે કંઇ નીચ કર્મ ગણાતું નથી; પણ ઉત્તમ વિજયી કર્મ ગણાય છે. વળી દુર્બળ માણસો કપટથી કદી પૈસા એકઠા કરે તોપણ તેને અપવાદ લાગતો નથી. આપે ધન પાછું આપવા માંટે મને બહુ વિનવ્યો, પણ હું આપને એક વિનંતિ કરૂં છું કે આપે અણુમાત્ર પણ ધન કોઇને આપવું નહીં. કારણ કે ધન એ એક જીવનનું ખરૂં મૂળ છે. તેમાં પ્રત્યક્ષ પ્રમાણ એ કે નાણાંનો નાશ થવાથી પ્રાણનો નાશ થાય છે. અરે પ્રાણ જાય તે ઠીક, પણ ધન જાય તે બહુ ભુંડું!" આવી રીતે **શુક્રાચાર્યે** ઉત્તર કર્યો, પણ તેમને **શંકર**ના ઉપદેશની જરાપણ અસર થઈ નહીં. એથી **શંકર**ને અત્યંત કોપ ચઢ્યો અને **શુક્રાચાર્ય**ને તત્કાળ ગળી ગયા. **શુક્રાચાર્ય શંકર**ના ઉદરમાં ગયા પછી તે ઉદરના અગ્નિથી દાઝવા લાગ્યા અને ચીસો પાડવા લાગ્યા. એ સાંભળી **શંકર** બોલ્યા—"હે **શુક્ર**, **કુબેર**નું ધન પાછું આપી દે." **શુક્રે** જવાબ આપ્યો કે "મહારાજ, પ્રભુ પ્રભુ કરો. વળી લીધેલું ધન પાછું આપેલું કયાંઈ સાંભળ્યું છે? મરતાં સુધી પણ તેનું ધન પાછું નહીં આપું. હવે એ વાતનો તો આંકજ વાળો."

પછી વધારે કોપેલા શિવના ઉદરના અગ્નિમાં બળતા **શુક્રા-ચાર્ય** ઘણી ચીસો પાડવા લાગ્યા. ત્યારે વળી શિવજી બોલ્યા— "અરે દુરાગ્રહી તું બીજાનું ધન શા માટે કબજે કરીને બેઠો છો ? જેનું ધન હોય તેને પાછું આપ. મારા ઉદરના જઠરા-નલમાં પડ્યો પડ્યો દુ:ખી શા માટે થાય છે ? હઠ છોડી દેહ બચાવ—દેહ હશે તો દ્રવ્ય મળશે—પણ દ્રવ્ય દેહને આણશે નહિ. તેના ઉત્તરમાં **શુક્રચાર્ય** બોલ્યા, "હાડકાં અને ચરબીને બાળી નાખનારા સપ્ત જ-ઠરાગ્નિમાં બળી મરવું એ વધારે ઉત્તમ છે, પણ મરતાં સુધી એક કોડી પણ હું આપવાનો નથી." આટલું બોલી ભયંકર જઠરાગ્નિની અતિ ઝળઝળાટવાળી ઝાળમાં જ્યારે પોતાનું મરણ પાસે આવ્યું ત્યારે શુક્રે **પાર્વતીની** સ્તુતિ કરવા માંડી. સ્તુતિના પ્રતાપથી **પાર્વતી** મનમાં ઘણાંજ પ્રસન્ન થયાં અને શંકરને વિનવવા લાગ્યાં. **શં-કર** પોતાની પ્રાણપ્યારીના વિનયમાં વિનીત થઇ પ્રેમ-પૂરમાં તણાતા ચાલ્યા અને તરત તેના પ્રેમતરંગમાં નિમગ્ન થઇ ગયા, એટલે **શુક્રાચાર્યને** મનમાં જરા જીવ-વાની આશા મળી. પછી થોડીવારમાં **શુક્ર શંકરના શુક્ર*** દ્વારા બહાર નિકળ્યા અને ફરીને પાછા પોતાનું કાર્ય કરવા લાગ્યા; પણ **કુબેરનું** લીધું ધન પાછું દીધું નહિ.

હે **ચંદ્રગુપ્ત**, આવી રીતે લોભી માણસો સપ્ત પીડા સહન કરે છે, પરંતુ પોતાના પ્રાણ જતાંપર્યંત પણ હલકા લોકોની માફક પોતાની કુટિલતા છોડતા નથી તથા સહજ મળી શકે એવા ધનનો પણ ત્યાગ કરી શકતા નથી. માટે લોભીનો સંસર્ગ સારો નહિ, ને લોભી થવું પણ સારું નહિ. જે માણસના મનમાં લોભને લીધે થયલી કપટ ક-

---

*શંકરના વીર્યદ્વારા બહાર નિકળ્યા તેથી તેમનું શુક્ર એવું નામ પડ્યું છે, કારણ કે સંસ્કૃતભાષામાં વીર્યને શુક્ર કહે છે.

ળાએ વાસ કીધો છે, એટલે જે લોભી માણસ અતિ માયાવી હોય છે તે બીજાને છેતરે છે અને વખતે પોતે પણ છેતરાય-દંડાય છે. પરંતુ જે નિર્લોભી છે તે તો છેતરતા પણ નથી અને છેતરાતા પણ નથી.

વળી હે વત્સ, ઉપર કહેલા મહા અનર્થકારક લોભે જેઓમાં મુખ્યત્વે કરીને નિવાસ કરેલો છે, એવા વણિકો તે લોભના આશ્રિત હોવાથી પોતાનામાં જે ૬૪ કળાઓ રાખે છે તે તને કહું છું, તે પણ લક્ષ દઇ શ્રવણ કરઃ-

વાણીઆની ૬૪ કળા.

૧ ઓછું આપવું.
૨ વધતું લેવું.
૩ ધારણ ભુલવવી.
૪ મૂછ નીચી કરી બતાવવી ને મૂછ ઉંચી પણ રાખવી.*
૫ લોભને ગુપ્ત રાખવો.
૬ ઠાકોરજીનું નામ ઘડી પળે બોલવું.
૭ રાજદરબારમાં જતાં ઘે-

---

* દિલ્લીમાં એક વાણીઆ અને એક મુસલમાન ઉમરાવની સામાસામી હવેલીઓ હતી. પોતપોતાના ઝરૂખામાં સવારમાં બેસતાં મુસલમાન ઉમરાવ મૂછપર હાથ નાંખે, કે વાણીઓ પણ તેમ કરતો હતો. તેથી મુસલમાન ઉમરાવને કોપ ચઢતો. એક દિવસે મુસલમાને કહ્યું, "અબે બનીયા, મૂછ તો હમ અમીરોંકી ઉંચી હોયગી ! તેરી મૂછ તો નીચી રહેનેવાલી હૈ" વાણીઓ કહે કે, "મીયા ચલો ચલો, એસી બાતેં છોડ દો. મેરી મૂછ તો ઉંચી હૈ." આમ તકરાર થતાં એમ ઠર્યું કે બંનો જણા છ મહિના પછી લડાઈ લડે, ને તેમાં જે હારે તેની મૂછ નીચી. મીયાભાઈએ તો દમપર દમ લશ્કર રાખ્યું ને છ માસમાં ટેક જાળવવા માટે પોતાની મીલકત પણ સર્વે ગીરો મૂકી દીધી, જે વાણીઆએ પાછલે હાથથી સર્વે ગીરો રાખીને નાણાં આપ્યાં. વાણીઆએ તો માત્ર ચાર જમાદારજ રાખ્યા હતા, જેઓ રોજ સવાર પડે કે આવીને પેલા મીયા સાહેબને સંભળાવવાને વાણીઆને બેરસલ્લા સાથે કહે કે "સાબ તીન હજાર સીપાહ કલ રખા, ઔર આજ દો હજાર રખા;" વાણીઓ વધારે રાખવા હુકમ આપ્યો જાય, પણ જમાદારોને તેણે સમજાવી રાખેલા તેથી તે એકે માણસ રાખે નહિ. મીયાભાઈ તો એ સાંભળી ફુલાઈને માણસ વધાર્યાંજ જાય. છમાસની મુદત થયે મીયાએ કહ્યું કે,"બોલ બે બનીયા, તેરી મૂછ નીચી કે ઉંચી? ઉંચી રખતા હોય તો ચલ લડ-

લા ગાંડા થવું.*

૮ બાયલાના ચાળા કરવા (જેથી કોઇ જાણે કે કંઈ સમજતોજ નથી.)

૯ બૈરાંમાં બડી બડી વાતો કરવી.

૧૦ ત્રણ પૈ ધર્માદા આપી તેર ઠેકાણે કહી વળવું.

૧૧ સુરત ઈચ્છા થાય તો તે વખતે વેવલાંપણું બતાવવું.

૧૨ ખોટી શૂરવીરતા બતાવવી.

૧૩ મૌનવૃત્તિનો ઢોંગ કરવો.

૧૪ છેતરવા માટે સગાં કુટુંબીનો દાવો કરવો.

૧૫ વેપારમાં યાહોમ ઝોકાવવું ને કઇકને રડાવવાં.

૧૬ જાત્રાપોત્રા કરી ધર્મીપણાનું ડોળ ઘાલવું.

૧૭ નામામાં છક્કો પંજો રમવો.

૧૮ કસમ લેવામાં તૈયાર થવું; ને કસમ આપવામાં તૈયારી બતાવી આંજવો.

૧૯ ડાહી માના દીકરામાં ખપવું.

૨૦ ચોખવટની ઘણી વાતો કરવી.

૨૧ દ્વિઅર્થી ભાષા બોલવી.†

૨૨ હિસાબમાં દેતાં પાંચ વીશે સો ને લેતાં સાત વીશે સો કરવા.

૨૩ સાચા સાથે શત્રુતા રાખવી.

૨૪ કાર્ય સાધવામાં કુશળતા—તે વેળાએ દીકરો થવું.

૨૫ કાર્ય થયા પછી બાપ થઇ

નેકું.” વાણીઓ ગાંડોઘેલો થઇને બોલ્યો, “નારે સાહેબ, તમે તો અમીરોછો, અમારા વાણીઆનું શું ગજું? લોની સાહેબ અમારી મૂછ એક વાર નહિ, પણ સાત વાર નીચી.” એટલે અમીર ઉલઉમરા ફુલાઈ ગયા ને કહ્યું કે, “અબ સાલા કેસા ઠિકાને આયા!” અમીરે રાખેલી સેના પછી વિખેરી નાંખી, ને ત્યારે જણાયું કે ૧૦ લાખની ખોટ! વાણીએ તેની મીલકત રાખી લીધી હતી એટલે અમીરને પાછા તેનેજ પૂછતાં જવું પડયું ને તેથી વાણીઆ મૂછ નીચી પણ થઈ ને ઉંચી પણ રહી!

* દરબારમાં જતાં સીપાઈ ધપ્પો મારે તો તે પણ ખાઈ રેહે, ને કહેશે કે “સીપાઈ બાવા માફ કરો, બહુ મેહેરબાની!” એમ કહેતો પાઘડી સંભાળતો ઘુસી જશે.

† વાણીઓ વસ્તુ આપતાં લેતાં કહે કે તમારામાં ખાય તે ઢેડો—મતલબ કે તમારા ભાણામાં ઢેડો ખાય—હું ન ખાઉં, અથવા તમારામાં ખાય ઢેડો, અમારે શું? વળી કહે કે એક અડધી હરામછે—એટલે અડધી હરામ કરે, પણ રૂપીઓ કમાય.

બેસવું.

૨૬ લંપટપણું ગુપ્ત રાખવું.

૨૭ સ્ત્રીનાં મેહેણું ટોણું ને તસ્કા ખાવા.

૨૮ તે વળી ગુપ્ત રાખવા.

૨૯ પકડાય તો સ્ત્રીને નિંદવી, છતાં તેના સારા ગુણો કહી બતાવી પોતાનીજ કસુર બતાવવી.

૩૦ લોક દેખતાં સ્ત્રીને ગાળો ભાંડવી ને જોર બતાવવું.

૩૧ કોઇ ટાંણે સ્વપત્નીની નિંદાની વાત જાતેજ જણાવવી ને તે વાત સ્ત્રીને કહી મર્દાઇ બતાવી તેને રાજી રાખવી.

૩૨ મોટાને મારવા ને નાનાને બચાવવા, ને ધર્મી કેહેવડાવવું.

૩૩ પ્રીતમાં અપૂર્ણ છતાં પૂર્ણપણું બતાવવું.

૩૪ અતિઆહારી, ઘણો વિયાંધ, નિદ્રાવાળો, સેહેજ સેહેજમાં બીહનાર ને ક્રોધી છતાં એ પાંચે વસ્તુ ગુપ્ત રાખવી.

૩૫ હરકોઇ વસ્તુ સમજવાનું ડોળ ઘાલવું.

૩૬ બોબડું તોતડું બોલી કાર્ય કરવું.*

૩૭ સકળ શાસ્ત્રમાં નિપુણતા બતાવવી.

૩૮ સાધુસંતની વાતો સાંભળવામાં તત્પર, પણ દક્ષિણા આપવામાં મોળાપણું.

૩૯ વચોવચથી વાત ઉડાવવી.

૪૦ વાત કરતાં ભૂલી જવાપણું—અર્થાત્ વાતમાં ભુલાવી દેવા માટે ‘ભાઇને કહું કે, ભાઇને આમ ને ભાઇને તેમ,’ એમ કહી મુદ્દાની વાત ઉડાવવી.

૪૧ લોભ બતાવી એકના બ-

---

* એક વખતે એક રાજાની બે રાણીઓની બે દાસીઓ માર્ગમાં લડી. ત્યાં એક વાણીઆનો દીકરો જોવા ખાતર ઊભો હતો. દાસીઓની મારામારીની ફરીયાદ રાજા પાસ ગઈ; ને પોતપોતાના બચાવમાં તે વાણીઆના દીકરાને સાક્ષીમાં રજુ કીધો. રાજાની રાણીઓએ ઠરાવ કીધો કે જો વાણીઆનો દીકરો આપણી તરફ સાક્ષી ન આપે તો પછી તેને શિક્ષા કરાવવી. આ વાત તે વાણીઆને ખબર પડતાં ગભરાયો. પછી પોતે સાક્ષી આપવા ગયો, ત્યાં રાજા જે જે પ્રશ્નો પૂછે કે તું જાણે છે? ત્યાં બોલે કે ‘હા હા હા હા!’ ‘શું જાણે છે?’ ‘લડી લડી લડી લડી.’ આમ કેટલાક જવાબ ગાંડીયાપેરે દેતાં રાજાને લાગ્યું કે એ ગાંડો છે ને તેથી હાંકી મૂકયો.

મણા કરી આપવા માટે દ્રવ્ય લેવું.
૪૨ નપુસંકપણું છુપાડવા પાંચમું વ્રત લેવું.*
૪૩ નિર્લજ્જ થવું.
૪૪ સમય સાધવા–ધપ્પો માર્યો તો ધૂળ ઉડી ગઇ એમ સમજવું.
૪૫ તેનું વેર લેવું.†
૪૬ મિત્ર વગર રહેવું.‡
૪૭ વળી મૈત્રીમાં ટેકીપણું પણ ખરૂં.§
૪૮ બહુબોલાપણું.
૪૯ નહાવા ધોવામાં કુશળતા.
૫૦ પટામણો.
૫૧ સદા ઉદ્યોગી.
૫૨ સગાં કુટુંબના જશનો વગર ખરચે ભૂખ્યો.
૫૩ હરકોઇને રડાવવામાં કુશળ.
૫૪ પૈસા મળ્યા કે થોડાનું સોનું લઈ ઘણા દાટી મૂકનારો.
૫૫ છતે પૈસે દરિદ્ર.
૫૬ ફાટાંતૂટાં વસ્ત્ર પેહેરી મેલો ઘેલો ફરવાની ટેવ રાખવી.
૫૭ માનતા માનવામાં તત્પર ને માનતા પાળવામાં ઘણો પાછળ હોવું.‖

---

* જૈન લોકો માટે આ છે. તેઓ પાંચમું વ્રત ધારણ કરે છે. તે વ્રતમાં સ્ત્રીનો હમેશ લગી સંસર્ગજ નહિ.

† એક વખતે માર્ગમાં એક રાજાના વાણિઆ દિવાનને એક મનુષ્યે ધપ્પો માર્યો. જો આ વખતે તે કંઈ બોલવા જાય, ને કંઈ શાસન કરે તો લોકોમાં ફજેતી થાય કે દિવાને 'ધપ્પો ખાધો, ધપ્પો ખાધો.' તેથી તે વેળાએ તે ત્યાંથી ચાલ્યો ગયો. પણ તેજ મનુષ્ય બીજા કાર્ય પ્રસંગે સપડાયો ત્યારે તે વેળાનું વૈર રાખીને સખ્ત શિક્ષા કીધી.

‡ કહેવત છે કે 'વાણિયા કાયસ્થ મિત્ર નહિને અધરણી પવિત્ર નહિ.'

§ મુદ્રા રાક્ષસમાંનો ચંદનદાસ એ ટેકીપણામાં મશહુર છે.

‖ એક સમયે એક વાણિયો બીજે ગામ ઉઘરાણી જતો હતો. માર્ગમાં તેણે એક વાઘ દીઠો ને ગાત્ર શિથિળ થઈ ગયાં; એટલે માનતા માની કે "હે પ્રભુ સચરાચર વ્યાપક મહાત્મા! જો આ વેળા તું મને ઉગારશે તો હું ૧૦૦૦૦ બ્રાહ્મણ જમાડીશ." આમ બોલતો કે એક ઝાડપર ચઢી ગયો. સંયોગાસંયોગથી વાઘ બીજે માર્ગે ફંટાયો ને વાણીઓ ઘેર આવવા પાછો ફર્યો. વાટમાં વિચાર કરવા લાગ્યો કે, "૧૦૦૦૦ બ્રાહ્મણ ?–ગજબ–એ આપણાથી કેમ જમડાય. પાંચ હજાર બસ છે" પછી વળી વિચાર કીધો કે "પાંચ હજાર પણ ઘણા થયા,

૫૮ દુઃખમાં ધિરજ રાખવી.

૫૯ અતિઘણો લોભી છતાં અતિ ઘણો દાતારીનો ડોળઘાલૂ.

૬૦ મકુ, અલી, કીકાની મા કહી વચ્ચે સ્ત્રીને બોલાવી, તકરાર આવી પડી હોય ત્યારે ગત કરવી.

૬૧ છાબડી દીબડી કરવામાં એક્કો-ઢાંકપીછોડો કરવો.

૬૨ દેખાવમાં નિર્માલ્ય, ગાંડીઓ ને વેવલો. મતલબમાં પાકો.

૬૩ વિશ્વાસઘાતી.

૬૪ તાલી આપવામાં કુશળ* (બક્ષીસમાં).

અઢી હજાર બહુ." અઢીથી સવા ને સવાથી છસે ને ત્યાંથી ત્રણસે, એમ ઉતરતાં ઉતરતાં એક બ્રાહ્મણપર વાત આવી. તે પણ જમાડવાને મન ચાલે નહિ. ઠરાવ્યું કે અગાડી જોઈ લઈશું. એક પ્રસંગે એક બ્રાહ્મણ તેને ત્યાં આવ્યો, ને યાચના કીધી. બ્રાહ્મણ તદ્દન નિર્માલ્ય, ડગુમગુ થતો, હાડકાં ને ચામડીવાળોજ હતો; વળી બીજે દિવસે કપિલાષષ્ઠી હતી એટલે વાણીએ વિચાર્યું કે લાવ કાલે આ બ્રાહ્મણને જમાડવા તેડું. બ્રાહ્મણને નિમંત્રણ કીધું. બ્રાહ્મણે કહ્યું, "ભાઈ નોતરૂં તો ભલે દીધું, પણ એટલું કરજે કે હું કહું તેમ તારી બાયડી કરે." વાણીએ જાણ્યું કે એ તે વળી શું કરવાનો હતો, તેથી તેણે હા કહી. ને બાયડીને કહ્યું કે મહારાજ કોઈ સાક્ષાત દેવાંશી છે માટે ખૂબ સેવા કરજે ને સંતોષ પમાડજે. એટલામાં બીજે ગામથી કેહેણ આવ્યું કે ફલાણો સાહુકાર ભાગે છે, ને જો આજને આજ નહિ જશો તો તમારા રૂપીઆ ખોટા થશે. વાણીયાએ પોતાની બાયડીને પેલા બ્રાહ્મણની સોંપણ કીધી ને કહ્યું કે તેમને રાજી રાખજે, ને તે જેમ કહે તેમ કરજે. વાણીએ ગયા પછી બ્રાહ્મણ આવ્યો, ને તેની બાયડી પાસથી પેટીઓની કુંચી માંગી લીધી ને તેમાંથી દ્રવ્ય કાઢી આખા ગામના બ્રાહ્મણોને જમાડવાનાં નોતરાં દીધાં. સાંઝના ૧૦૦૦૦ બ્રાહ્મણોને જમાડયા, ને દરેકને એકેક મુગટો દક્ષણામાં આપ્યો. સાંઝના વાણીએ પાછો ફર્યો ત્યાં રસ્તામાં જમીને જતા બ્રાહ્મણો મળ્યા તે આશિર્વાદ દેવા લાગ્યા કે "રાજાધિરાજ! ધન્ય છે તને કે તેં કોઈ ન કરે તેવું કીધું છે." વાણીએ વિચારમાં પડયો કે એ શું છે, ઘેર આવીને જોયું તો આવો નૌતમ ખેલ દેખ્યો ને પછી કપાળ કૂટીને રહ્યો. કહેતી છે કે બનીયા ચોરે પળી પળી ને રામ ઉડાવે કુપ્પા.

* કહેવત છે કે રાજા રીઝે તો ગામ આપે, બ્રાહ્મણ રીઝે તો આશિર્વાદ દે, પણ વાણિયો રીઝે તો હી હી હા હા કરતો કે તાળી આપે—ને કહેશે કે "કેમ ભાઈ કેવી મઝા પડી?"

સર્ગ ૩ જો.

કામ વર્ણન.

ત્રીજી રાત્રીએ સર્વ મંડળી ભેળી થઇ ત્યારે મુખ્ય શિષ્ય **કંદલીએ** કહ્યું કે "ગુરુરાજ, આજે કંઈ બહારનું ઝાઝું કામ નથી, માટે અમને અમારા ઉદ્યોગમાં વધારે સરળતા મળે તેવો કંઈ નવો ઉપદેશ કરો." **મૂલદેવે ચંદ્રગુપ્તને** પાસે બોલાવીને કહ્યું કે:-"બે દિવસની કળા તો તને યાદ રહી હશે-હવે આજે ત્રીજા દિવસની કળા સાંભળ. **દંભ, લોભ** એ જેવા દુર્જય છે તે કરતાં પણ વધારે દુર્જય **કામદેવ** છે.

સ્ત્રી ચરિત્ર-તેની (૫૨) કળા.

(૧) **કામ**, પોતાની અનુપમ અવર્ણ્ય સૌંદર્યતાવડે, માણુસને અત્યંત મોહ ઉત્પન્ન કરી, ભયંકર ઝેર છતાં, ઇંદ્રવર્ણના ફળ પેરે, અલૌકિક મધુરતા બતાવી, મનુષ્યના પ્રાણ હરે છે. (૨) જેમ પોતાનાજ ગંડસ્થલમાંથી ઝરતી મદની ધારામાં મગ્ન થયેલા ભ્રમરાઓના ગુંજારવવડે, પોતાની મદાવસ્થાને સૂચવનારા કામાતુર થયેલા હાથીઓ, નિમેષ માત્રમાં વિષયાંધ બની કૃત્રિમ હાથણીને આધીન થઇ જાય છે અને તેને લીધે તેઓ ફાંસીમાં ફસાઇ પડે છે, તેમજ કામીજનના પણ હાલ સમજવા જોઇયે. આવા વિષયના પાશમાં પરાધીનતાથી પકડાએલા મોટા મત્ત હાથીઓ પણ કામના રંગમાં આવવાથી ઠગાઈ જાય છે અને પરિણામે પુરુષની પાટૂના માર, તીક્ષ્ણ અંકુશના પ્રહાર, અને ઉજ્જડ એકાંત પ્રદેશમાં બંધન વગેરે મહા સંકટ ભોગવી અનેક દુઃખો સહન કરે છે તો પછી અલ્પ પ્રાણી-પુરુષનું શું ગજું? આ શું કામદેવનો પ્રભાવ થોડો છે? (૩) કામદેવની

મોહિનીરૂપ લલિત લલનાઓના કટાક્ષના મારથી–તેની ખરી ખુબી જાણનારા ઘણા વિષયી પુરુષો, સહજમાં ફસાય છે. સ્ત્રીઓ તેવા પુરુષોને પોતાના અનુચર બનાવી રમકડાના મોરની માફક નચાવે છે, અને પિશાચિણીઓ જેમ રાત્રિએ માંસ અને લોહીનો આહારપાન કરે છે, તેમ તેઓ રાત્રિએ કામીપુરુષોને કૃત્રિમ પ્રેમ બતાવી વારંવાર ફસાવે છે. (૪) ખરે,સ્ત્રીઓ આશકરૂપ મૃગને બાંધવાની મજબૂત દોરી છે; (૫) હૃદયરૂપ મદમત્ત હાથીને કેદ કરવામાં મોટી સાંકળ છે અને(૬)દુઃખની મોટી લતા છે. (૭) તેની ફાંસીમાં જે બંધાય છે તેનો ફરીને કેમે કર્યો પણ છૂટકો થતો નથી.(૮)જે માણસ સંસારની વિચિત્ર માયાને જાણતો હોય, વળી શંબરાસુરના* કપટને જાણતો હોય, અને વળી વિચિત્તિની માયાને જાણવામાં કળાકુશળ હોય, તેટલું છતાં પણ તે સ્ત્રીની માયાને–કળાને યતિકંચિત્ પણ જાણી શકતો નથી. (૯)સ્ત્રીઓનું શરીર પુષ્પના જેવું અતિ કોમળ જણાય છે,(૧૦)પરંતુ તેનું હૃદય વજ્રની શિલા જેવું અતિ કઠિન છે; તો આવી મહા કુશળ વિચિત્ર ચરિત્રશાળી સ્ત્રીઓ બીજાનાં અંતઃકરણને કેમ હરણ ન કરે? કરેજ. (૧૧)સ્ત્રીચરિત્રજ વિચિત્ર છે; તે કોઇ પણ દિવસે પવિત્ર કરી શકશે નહિ ને કોઈનું મિત્ર પણ થશે નહિ. (૧૨) સ્ત્રીઓ પોતા ઉપર ખરો–દૃઢ પ્રેમ રાખનારાપર ઉદાસી રહેછે, (૧૩)પોતાને નમન કરનારા ઉપર પ્રેમભાવ રાખે છે અને(૧૪) જે પોતા ઉપર પ્રેમનો અંશ પણ ન રાખતો હોય—કેવળ બેદરકાર હોય–અવગુણની ખાણ હોય, દુર્ગુણની મૂર્ત્તિ હોય, વિકાર શિવાય જોતો ન હોય તેવાને માટે અત્યાતુર બને છે. (૧૫) તે નીચ મનુષ્યપર લદબદ થતી અતિશય પ્રેમ

---

* શંબરાસુર એવો તો માયાવી હતો કે તે માયાનું રૂપ ધરી શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નને હરી ગયો હતો, છતાં તે કોઈના પણ જાણવામાં આવ્યો ન હતો.

રાખે છે, ને (૧૬) ધૂતારાઓના વચન ઉપર વિશ્વાસ રાખે છે. (૧૭) સ્ત્રીઓ સદ્વૃત્તિશાળી અને સારા સ્વભાવની છે એમ કહેવામાં અતિ શંકા ભરેલું છે. (૧૮) તે અબલા છતાં સબલા છે, (૧૯) રાંક છતાં વાઘ છે, (૨૦) કોમળાંગી છતાં વજ્રાંગી છે, (૨૧) નિર્મળા છતાં કુ-મળા* છે.

(૨૨) વારંવાર પુરુષોના ટોળામાં દેખાવ દેનારી,(૨૩) ઘણી કામાતુર, (૨૪) મોહ ઉપજાવી ધૈર્યધ્વંસ કરનારી સ્ત્રી જેના ઘરમાં ગૃહિણી હોય છે, તે પુરુષનો જન્મ પશુ સમાન-તરણા તુલ્ય જાણવો; અને તેવી સ્ત્રીઓને કબજે રાખનારા પુરુષોનો જન્મ સફળ માનવો. (૨૫) સ્ત્રીઓ પોતાના મદન વિકારથી પોતાના પતિને મોહ પમાડી વશ કરી મૂકે છે; એટલે વશ થયેલો પતિ બેભાન થઇ તે સ્ત્રી ગમે તે કૃત્ય કરે છે તોપણ મૂગો બેશી રહે છે. (૨૬) જ્યારે પતિ કંઇ પણ બોલતો નથી ત્યારે સ્ત્રીઓ પોતે નિરંકુશ બની ઘરના તમામ કામકાજમાં પતિને દોરે છે. તે એટલે સૂધી કે પોતાના ચાકર જેવો પતિને બનાવી મૂકે છે. આ સર્વ પ્રભાવ કામદેવનો જાણવો-(૨૭)સ્ત્રીના મોહમાં પતિ લદ્દૂજી જેવો થઇ જાય છે.

(૨૮) કેટલીએક પ્રૌઢા સ્ત્રીઓ-જેના બોલવાનો અક્ષર કે ભાવ બરાબર જાણી શકાય નહીં એવું કપટથીજ ભરેલું કાલું કાલું બોલી, જાણે સ્વભાવથીજ મૂર્ખ હોય એમ દર્શાવીને પોતાના પતિ પાસે લલાટમાં ચાંલ્લો કરવા માટે ચંદ્રમાની માંગણી કરતાં ગાંડી ઘેલી થઇ જઇ-જાણે પોતે કંઇ સમજતીજ નથી એમ બતાવતાં કહેછે કે "મને આ ચંદ્રમા આણી આપોની! હું તેને મારા લલાટમાં ધારણ કરીશ." (૨૯) ગાંડીઓ પતિ પ્રેમમાંજ લીન થયેલો તેને મનાવે છે, ને રાજી કરે છે; પણ તેનાં કાળાં કર્મો તે જાણી શકતો નથી. (૩૦)વળી કા-

---

* કુ એટલે ખરાબ ને મળા કેહેતાં દોષવાળી-અર્થાત્ ખરાબ દોષોવાળી છે.

કુરજીનાં દર્શન કરવાનું બહાનું કાઢી પોતાની મરજી પ્રમાણે આમ તેમ શેહેર આખામાં આથડી, અતિ શ્રમિત થઈ, પાછી જ્યારે ઘેર આવે છે ત્યારે (૩૧) વૃથાવિલાસ ચિહ્ન બતાવી પતિને ખુશી કરી, (૩૨) તેની પાસે પોતાના ચરણ ચંપાવે છે. (૩૩) સ્ત્રીઓ એકને નેત્રના વિકારોથી રમાડે છે, (૩૪) બીજાને વચનથી રમાડે છે, (૩૫) ત્રીજાને ચેષ્ટાઓથી રમાડે છે, (૩૬) ચોથાને મોહમાં ફસાવે છે—અર્થાત્ સ્ત્રીઓ સ્વભાવથીજ બહુરૂપી—અનેક રૂપધારી છે.

(૩૭) સ્ત્રી પોતાના પતિ તરફ ચપળ હરિણી માફક વર્તે છે. (૩૮) પરપુરુષરૂપ વૃક્ષ તરફ ભ્રમરીની માફક અનુસરે છે. (૩૯) એ સ્વભાવે ચંડાળણી જેવી છે. (૪૦) મોહ ઉપજાવનારી મિથ્યા માયા છે. (૪૧) એ કુટિલ વેશ્યા છે; માટે તે કેની થાય તે કહો. (૪૨) જ્યારે સ્ત્રીઓ એકાંતમાં બેઠી હોય છે ત્યારે હમેશાં ઉંડો નિસાસો મૂકીને સ્વતઃ કહે છે કે, "જુદા જુદા તરુણ પુરુષો સાથે અડચણ વગર સંભોગસુખનો અને તેના ધનનો ઉપયોગ કરનારી વેશ્યાઓને ધન્ય છે; કારણ કે તે પોતાના મનની માની સર્વ આશા પરિપૂર્ણ—સફળ કરેછે." (૪૩) ચપળ સ્વભાવવાળી સ્ત્રી પોતાની બારીમાં ઊભી રહીને રસ્તા ઉપર નજર કર્યા કરેછે અને (૪૪) મરજીમાં આવે તે પ્રમાણે છંદિષ્ટ ગાયનો ગાયા કરેછે. (૪૫) તે કારણ વગર, માળામાં રહેલા સ્ફાટિકમણિની માફક આમ તેમ દોડયા કરે છે, ને (૪૬) હસ્યા કરે છે. સમયે તે પોતાના આડોસી પાડોસીને કહે છે કે, (૪૭) "મારો વર તો પશુની પેઠે કંઇ બોલી પણ જાણતો નથી, ને કંઈ કરી પણ જાણતો નથી. તે તો ઢોવા જેવો છે. વિલાસની તો વાતજ સમજતો નથી. રાત પડે કે પાડા પેરે ઘોરયા કરેછે. મેં તો એને પરણીને કાંઈએ સુખ દીઠું નથી. એને પાલવે પડી તે હું રાંડના ભોગજ તો. ફલાણો કેવો છેલછબીલો નટવર

નાગરો છો તે તો જાણે ઠાકરજ તો, એમ કહી પોતે પુરુષની પેઠે સ્વતંત્ર થઇને ફરેછે. (૪૮) જ્યારે કોઇ પણ છેલ તેને ઘેર જાયછે, ત્યારે તે સ્ત્રી ઊભી થઇ પોતે સામી જાય છે ને પછી આંખનાં ચણિયારાં મચમચાવી ચસ્કાથી તેને લલચાવે છે. (૪૯) વ્યવહારમાં પણ પોતેજ જવું આવવું કરેછે, (૫૦) લેવડ દેવડ પણ પોતેજ કરે છે, પણ પતિને જરાય ગણકારતી નથી. (૫૧) ઘરમાં ઉંચે સ્વરે બોલે છે; અને (૫૨) સહજ વાતમાં ધણીને ધમકાવતાં જરા પણ વાર લગાડતી નથી. આવી સ્ત્રીના પતિને જીવતાં મુવા જેવો જાણવો.

પતિના દોષ બોલનારી ૧૨ પ્રકારની સ્ત્રીઓ.

(૧) ઇર્ષાળુ સ્ત્રી, (૨) ઘરડા વરની સ્ત્રી, (૩) નોકરની સ્ત્રી, (૪) ગુલામની સ્ત્રી, (૫) સુતારની સ્ત્રી, (૬) સોનીની સ્ત્રી, (૭) ગવૈયાની સ્ત્રી, (૮) લોભીની સ્ત્રી, (૯) વણજારાની સ્ત્રી, (૧૦) વસવાયાની સ્ત્રી, (૧૧) પુરુષો સાથે ભટકનારી સ્ત્રી, અને (૧૨) સુંદરરૂપવાળા તરુણને પસંદ કરનારી સ્ત્રી હમેશાં પરપુરુષના ગુણ ગણાવ્યા કરે છે અને પોતાના પતિના દોષો ખુલ્લા કર્યા કરે છે.

હે **ચંદ્રગુપ્ત!** વેશ્યાજ વેશ્યા નથી, પણ નીચે જણાવેલી સ્ત્રીઓ પણ વેશ્યા જેવીજ જાણવી:–

૪૧ જાતની વેશ્યા સ્ત્રીઓ.

(૧) દરિદ્રી.
(૨) ભોગ ભોગવવાની ઇચ્છાવાળી દુર્ગુણશાળી.
(૩) રૂપાળી સ્ત્રી.
(૪) કુરૂપડા વરની સ્ત્રી.
(૫) મૂર્ખની સ્ત્રી.
(૬) સર્વ કળા જાણવાનું અભિમાન રાખનારી.
(૭) દરિદ્રી પતિ સાથે સંગ કરવામાં ઉદારી.
(૮) જુગટું રમવામાં અને
(૯) દારૂ પીવામાં પ્રીતિવાળી.

(૧૦) લાંબી વાર્તા કરનારી.
(૧૧) ગીત સાંભળવામાં પ્રેમ રાખનારી સ્ત્રી.
(૧૨) નિપુણ.
(૧૩) વેશ્યા સાથે મિત્રતા રાખનારી.
(૧૪) શૂરવીરના ગુણ ગાનારી.
(૧૫) ઘરના કામમાં એજીવ રહેનારી.
(૧૬) નવાં નવાં વસ્ત્ર પેહેરવામાં ઉમંગી.
(૧૭) શણગાર સજવામાં પ્રેમ રાખનારી.
(૧૮) નિર્ભયતાથી બોલનારી.
(૧૯) પ્રત્યુત્તર આપવામાં ચતુર.
(૨૦) અસત્ય ભાષણ કરનારી.
(૨૧) સ્વભાવથીજ નિર્લજ્જ.
(૨૨) પરિચિત મનુષ્યને કુશળ અને આરોગ્યતાના સમાચાર પૂછનારી.
(૨૩) પ્રેમપૂર્વક ડહાપણવાળું ભાષણ કરનારી.
(૨૪) એકાંતમાં વિચિત્ર ગમ્મત કરનારી.
(૨૫) ઉપરથી સાવિત્રી જેવો ડોળ રાખનારી.
(૨૬) યજ્ઞમાં જનારી.
(૨૭) તીર્થમાં જનારી.
(૨૮) દેવ મંદિરે ભટકનારી.
(૨૯) જોશીને ત્યાં જનારી.
(૩૦) વૈદ્યને ત્યાં જનારી.
(૩૧) કુટુંબીને ત્યાં હમેશાં જનારી.
(૩૨) ભોજન વગેરેમાં સ્વતંત્રતાથી ઘણો ખર્ચ કરનારી.
(૩૩) યાત્રામાં જનારી.
(૩૪) નવાં નવાં વ્રત વગેરેનો ઉત્સવ કરનારી.
(૩૫) ભિક્ષુકની સ્ત્રી.
(૩૬) સંન્યાસીની સેવા કરનારી.
(૩૭) પતિ ઉપર ઉદાસી બતાવનારી.
(૩૮) સુંદર રૂપશાળી પુરુષ પર પ્રેમ રાખનારી.
(૩૯) વારંવાર પરપુરુષને જોવામાં ઇચ્છાવાળી.
(૪૦) પોતાનું વચન પાળનારી.
(૪૧) વિલાસી પુરુષ ઉપર પ્રેમ રાખનારી.

એટલી સ્ત્રીઓને શુદ્ધ વેશ્યાજ જાણવી. સંધ્યા,* સ્ત્રીઓ અને પિશાચિણીઓ નિરંતર દોષાસક્ત હોય છે; તે મનુષ્યોને મોહ† ઉપજાવનારી છે, બહુ ગ્રહવાળી‡ છે, ચપળ હોય છે, ભયંકરછે અને રક્તની§ છાયાને હરે છે.

સ્ત્રીસેવનથી પુરુષની સ્થિતિ.

(૧) જ્યારે મૂઢબુદ્ધિનો માણસ હલકાં કાર્ય કરવા લાગે છે, અને સ્ત્રીમાં લપટાય છે ત્યારે તે નિસ્તેજ થઇ જાયછે. (૨) નિસ્તેજ પુરુષો ચપળ–કળાકુશળ સ્ત્રીને આધીનજ હોય છે; એટલે (૩) તેની સ્વતંત્રતા પોતાની મેળેજ નાશ પામે છે. માટે સ્ત્રીઓને તો માત્ર મોટી મોટી શૃંગારની વાતો કરીને અને જુદાં જુદાં આભૂષણો ઘડાવી દેવાની વાતો કરી વશ કરવી; કારણ કે તેવાં ગપ્પાંઓ તો સ્ત્રીઓનું મંત્ર તંત્ર વગરનું વશીકરણ છે.

સ્ત્રી વશ કરવાનો અષ્ટાંગધારી મંત્ર.

(૧) સ્ત્રીઓને વશ કરવામાં સ્વકીર્તિનું ગાન કરવું, (૨) સ્વપરાક્રમ કેહેવાં, (૩) આતાળપાતાળની વાતો કરવી, ને (૪) ખૂબ ફડાકી મારીને રીઝવવી. વળી (૫) વાર્ત્તાઓ કહીને રંજન કરવી. (૬) અનેક પ્રકારે જૂઠાં સાચાં જણાવવાં. (૭) સમયે વશ વર્તવાનું ડોળ ઘાલી, તથા લોભ બતાવી ને (૮) જેમાં થડ કે ડાળ કંઇ નહિ હોય તેવી વાતો કરી પ્રસન્ન કરવી.

---

* સંધ્યા દોષા (રાત્રિ) ઉપર આસક્ત પ્રીતિવાળી છે અને પિશાચિણી તથા સ્ત્રી દોષમાં પ્રીતિવાળાં છે.

† સંધ્યા અંધારાથી મૂઝવે છે અને પિશાચિણી તથા સ્ત્રી મોહથી મૂઝવે છે.

‡ સંધ્યાકાળે ગ્રહો–તારાઓ પ્રકાશે છે અને પિશાચિણી તથા સ્ત્રી વિશેષે ગ્રહ–વિઘ્ન કરનારી છે. §પિશાચિણી અને સંધ્યા રક્ત–રાતા રંગની હોય છે અને સ્ત્રી રક્ત–આશકની છાયાને કેહેતાં કાંતિને હરે છે; એટલે કામીને નિસ્તેજ બનાવી મૂકે છે.

સ્રીમાં સમજશક્તિનું ઘણું કાચું હોય છે-કારણ કે સ્ત્રીઓ અને મૂર્ખ લોભમાં ફસાય છે. ખરેખર આ અતિ ભયંકર કળિકાળમાં અપાર કપટની ભરી પિશાચિણી સ્ત્રીઓનાં અતિશય દુઃખ ઉપજાવનારાં કાળાં કર્મનું શ્રવણ અથવા દર્શન કરી કીયા માણસને કંપ ન થાય? તે વિષે એક પુરાતન કથા તમને દૃષ્ટાંત તરિકે કહું છું.

સ્ત્રીચરિત્ર-સમુદ્રદત્ત ને વસુમતિની વાર્ત્તા.

પૂર્વે જગતમાં અતિ પ્રસિદ્ધ **ધનદત્ત** નામનો એક નગરશેઠ હતો. તેનો વૈભવ એટલો તો હતો કે **કુબેર** પણ લજ્જાનો માર્યો આ પૃથ્વીનો સંગ છોડી હિમાલય ઉપર જઇ વસવા લાગ્યો. રત્નો પણ, સમુદ્ર જેવા તે શેઠના આશ્રય તળે નિવાસ કરીને રહ્યાં હતાં; અર્થાત્ આ શેઠ પાસે અસંખ્ય સોના મહોરો ને રત્નોનો ભંડાર હતો. પરંતુ એ શેઠને પુત્રરત્નની ખોટ હતી. દુનિયામાં સર્વ સુખ તો કોઇનેજ મળે છે. ખાનાર ત્યાં ધાનાર નહિ ને ધાનાર ત્યાં ખાનાર નહિ, તે પ્રમાણે એક બાબતમાં આ શેઠને પણ હતું. કેટલાએક દિવસો વિત્યા પછી અનેક દેવ દેવીના ઢોંગ સોંગ કર્યા પછી તે શેઠને ત્યાં એક કન્યા અવતરી. આ કન્યાનું શરીર ઘણું સુંદર હતું. તે સાક્ષાત્ રતી સમાન મૂર્તિમતી-સ્વરૂપવતી ને શોભાયમાન જણાતી હતી. આ કન્યાના કટાક્ષ આગળ ચોદિશા આધીન હતી. જેવી તે રૂપમાં હતી, તેવીજ તે શરીરમાં પણ સર્વ અવયવોથી પૂર્ણ ભરેલી હતી. તેના અંગમાં કોઇ પણ ભાગ ખોડવાળો નહોતો.

શેઠને પણ આ એકજ કન્યારત્ન હતું, માટે તેને પુત્રની પેઠે લાડથી ઉછેરવા લાગ્યા. જ્યારે તે કન્યા પરણાવવા લાયક ઉમરે પહોંચી ત્યારે તેના પિતાએ વૈભવમાં અને કુળમાં પોતાના જેવોજ બીજા નગરનો એક સાહુકારનો

સમુદ્રદત્ત નામનો પુત્ર હતો, તેની સાથે તે કન્યાને પર-ણાવી તેજમાઇને પોતાને ઘેર ઘરજમાઈ કરી રાખ્યો. **સમુદ્રદત્ત** પોતાના સસરાના ઘરમાં રહી અનુપમ આહાર વિહારમાં મોજ મઝા કરવા લાગ્યો. તે પોતાની નવયૌવના પ્રમદા સાથે નવનવા વિલાસ વૈભવ સુખરૂપ ભોગવતો હતો.

એક વખતે એ શેઠના નગરમાં બીજા દેશમાંથી કેટલાએક વેપારીઓ આવ્યા, તેઓ ધન કમાવા માટે ફરી બીજા દેશમાં જવાને તૈયાર થયા એટલે તેમને જોઈ **સમુદ્રદત્ત**ને પણ ધન પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ. પોતાના સસરાની આજ્ઞા લઇ તે પણ તેઓ સાથે સમુદ્રયાત્રાએ ગયો. પતિ પરદેશ ગયા પછી, એક સમયે, તરુણાવસ્થામાં આવેલી **સમુદ્રદત્ત**ની વિલાસપાત્ર સ્ત્રી **વસુમતિ**, હવેલીએ ચડી અગાસીમાં પોતાની અંતરંગ સખીઓ સાથે ચોપટ ખેલવા લાગી. એવામાં તે વિશાળનેત્રા **વસુમતિ**ની ન-જરે, રસ્તા ઉપર જતો એક કામદેવ જેવો રૂપાળો રઢીયાળો પુરુષ પડયો. આ પુરુષ નજરે પડતાં વેંતજ **વસુમતિ**ની મતિ વિપરીત ગતિવાન્ થઈ—અર્થાત્ શુદ્ધમતિ કોપાયમાન થઇ હોય તેમ દૂર નાશી ગઈ; અને જાણે કોઇએ એ ચપળનયનાને છેતરી હોય તેમ તે સ્ત્રી વિપરીતમતિ થઇ વિચારશૂન્ય—મૂઢ બની ગઈ. તે પોતાના મનમાં ઉત્પન્ન થયલા કામ વિકારને રોકી શકી નહીં. એ વખતે તેનું શરીર અત્યંત કંપવા લાગ્યું, તાવનું લખલખું ભરાઇ આવ્યું, હોઠ ફીકા પડી ગયા, ગળે શોષ પડયો, ઉદાસીનતા સર્વાંગે વ્યાપી રહી ને તુરતજ ચોપટમાંથી ચિત્ત ચોરાઇ ગયું. આવી તેની સ્થિતિ જોઇ કટિમાં પહેરેલી કટિમેખલા ઝણઝણાટ કરી તેને બોધ આપવા લાગી કે, "અયે ચપળા, તું તારા શિયળવ્રતનો ભંગ શા

માટે કરે છે? નદી જેમ પોતાની મર્યાદારૂપ કિનારાનો નાશ કરતી નથી, તેમ તારે તારા કુળની મર્યાદાનો નાશ કરવો ઉચિત નથી." આ વિચાર એક ક્ષણુ મનમાં રહ્યો, પણ તેટલામાં તો કામદેવે પોતાનું પુષ્પબાણુ એવા તો જોરમાં સચોટ કાવળી જગ્યાએ માર્યું કે તે સુવાસિત પવનની લપટની ઝપટમાં સપડાઈ ગઈને તે સાથે ભાન વગરની થઇ પડી.

તુરતાતુરત, કામાતુર બનેલી **વસુમતિ**એ, પોતાની એક અંતરંગ સખીને બોલાવી; પછી તેને એકાંતમાં લઈ જઈ પેલા રસ્તા ઉપર જનારા પુરુષને બતાવી કહ્યું કે, "એ તરુણને તેડી લાવ. મારાથી એના વગર રેહેવાય તેમ નથી. જો એ મને મળશે નહિ તો હું વિરહાનલમાં બળી મરીશ." કામનો વિકાર ઝેર જેવો ઘણો સખ્ત છે, તેને કોઇકજ કામિની રોકી શકે છે. કામની સર્વ કળાને વશ થયલી **વસુમતિ**, આ વખતે પોતાના મનને કબજે રાખી શકી નહીં. બાઇની આજ્ઞા થયેલી જોઇ તે અધમ સખી તરત નીચે ઉતરી, રસ્તા ઉપરથી તે પુરુષને તેડી લાવી. એ જાર પુરુષે સ્વતંત્ર રીતે વર્ત્તનારી **વસુમતિને**કામકેલિથી-સુરતવિલાસથી સહજ પ્રેમ દાખવી, શાંતિ અને મૃદુ ભાષણથી-વળી પરિહાસવચનથી અત્યંત રાજી કરી, વશ કરી લીધી. પછી તે છેલછબીલો હમેશાં તેની સાથે એજ પ્રમાણે વિલાસ કરવા લાગ્યો.

હવે **સમુદ્રદત્ત**ની કથા સાંભળ. તેનો પ્રેમ પોતાની પ્રિયામાં સચોટ હતો. રાત્રિ દિવસ પ્રિયા પ્રિયાજ ઝંખતો હતો. પરદેશમાં જઈ તે અપાર ધન કમાયો, ને એમ પરદેશમાં રેહેતાં ઘણા દિવસ વીતી ગયા. એક વખતે શરદ ઋતુમાં તે એકાંતમાં સૂતો હતો તેવામાં **વસુમતિ** તેને સાંભરી આવી; ને તત્ક્ષણે તેને પોતાની સ્રીને મળવાની અતિ ત્વરિત ઇચ્છા થઈ. પોતાનો સર્વ ધંધો આટોપી દઇ, કેટલાંક વહાણોમાં માલ ભરી તે

પોતાના સસરાના નગર ભણી પાછો વળ્યો. દડમજલ વહાણો સફર કરતાં પોતાના નગરની સમીપ આવી પહોંચ્યાં. **સમુદ્રદત્ત** પોતાના સસરાના નગર આગળ આવી પહોંચ્યો કે વહાણુમાંથી ઉતરી પડી, વહાણુમાંની વસ્તુ જેમ તેમ નાખોદાને સોંપી, પોતે શેહેરમાં પ્રવેશ કીધો. એ દિને સસરાને ઘેર મહોચ્છવ હતો. સર્વ કુ-ટુંબીઓ તેમાં રોકાઈ ગયાં હતાં. સસરાને ઘેર પહોંચતાં **સમુદ્રદત્ત** પણ તે ઓચ્છવમાં દાખલ થઇ ગયો, ને તે આખો દિવસ તેણે આનંદમાંજ કાઢી નાખ્યો. **સમુદ્રદત્તના** આવવાથી સર્વ કુટુંબીઓ ખુશી થયાં, પણ **વસુમતિ** ઘણી નિસ્તેજ થઈ ગઈ. તે બેબાકળી જેવી ફરવા લાગી. તેના મનમાં તો તેનો પ્રીતમ રમી રહ્યો હતો; તેથી આ નવું લફરું આવ્યું તે તેને કંટકરૂપ થઈ પડયું. એમ કરતાં રાત્રિ પડી. દેવમંદિર જેવા શયનગૃહમાં **સમુદ્રદત્ત** ઘણા ઉચ્છ-મંગથી પોતાની પ્રાણવલ્લભાને મળવાને ગયો. ત્યાં ઉત્તમ સફેદ રંગના ઓછાડવાળી શય્યા પાથરી હતી, સુગંધી ધૂપો મઘમઘતા હતા, ને સ્તંભમાં જડેલા મણિઓ દીવાની ગરજ સારતા હતા. આવા ઇંદ્રભુવન જેવા રતિમંદિરમાં **સમુદ્રદત્ત** પોતાની પ્રિયાને પૂર્ણ પ્રેમથી આલિંગન કરી શય્યા ઉપર સૂતો. પરંતુ **વસુમતિને** તે સર્વ કાળ જેવું લાગતું હતું. તેનું ચિત્ત તો પોતાના પ્રીતમમાંજ ચોટયું હતું. **વસુમતિ** પોતાની આંખો મીંચી યોગિનીની પેઠે ધ્યાન ધરતી શૂન્યમૂઢ થઈ પડી હતી ને હરપળે પોતાના માનીતા યારનું મનમાં ચિંતવન કરતી હતી. તે પ્રતિક્ષણે નિશ્વાસ મૂકતી કે, "હાય! હવે તેને ક્યારે મળીશ." **સમુદ્રદત્તે** તેને ચુંબન કરી કેટલાએક શૃંગારના હાવભાવ બતાવી નમ્ર-પ્રેમી ભાષણ કરી બોલાવી-વિનવી, તોપણ તે સ્ત્રી એકની બે ન થઈ. તેણે આ પ્રેમનો કંઇ ઉત્તર આપ્યોજ નહિ, પણ ઉલટી

ભયભીત થઇ હોય તેમ વારંવાર હાંફવા અને કંપવા લાગી. પ્રેમાતુર ઘેલા પતિએ તેના શરીર ઉપરનાં વસ્ત્રને ખેંચવા માંડયાં, એટલે **વસુમતિ** પોતાનાં અંગોને સંકોચી દૂર ખસી ગઈ; કેમકે તેના મનમાં પોતાના યારનું ધ્યાન એકતાર થઇ રહ્યું હતું. મૂર્ખ **સમુદ્રદત્ત** આમ નખરાં કરતી **અશુદ્ધા*** **વસુમતિને** પ્રણયકુપિતા માની મધુર વચનો બોલી પ્રણામ કરવા લાગ્યો અને સમજાવવા લાગ્યો કે, "અરે પ્યારી, આ તને શું થયું? તારા ઉપર તો મારી જીવન-દોરી છે ને આમ મને કાં તરછોડે છે? અરે મીઠી મલ્લિકા†! જરા મારાં મૃદુવચન માન્ય કરીને એક પ્રેમ-ચુંબન તો લેવા દે! આ દાસ ઘણી વાર થયાં તારા પ્રેમની આશે ખાસ તારી સેવા કરવા માટે તલપી રહ્યો છે તેને નિરાશ કરી વગર કારણે કોપવું એ તને ઘટિત છે વારૂ?

આવી રીતે **સમુદ્રદત્તે** બહુ વાર સુધી **વસુમતિની** પ્રાર્થના કરી, તોપણ પરવશ પડેલા તેના અંતઃકરણમાં લેશ પણ પ્રેમાંકુર ફૂટયો નહીં. કયાંથી ફૂટે? આવી રીતે ઘણા મૂર્ખ પશુઓ, પરપુરુષમાં આસકત થયેલી સ્વકીયા, જે પોતાના તરફ ઉદાસી બતાવી દૂર રહેતી હોય, તેને વશ કરવા અને તેની સાથે પ્રેમ કરવા માટે વારંવાર તેની પ્રાર્થના કરી લંપટ-પણું દર્શાવે છે; પણ તેનું કપટ કળી શકતા નથી. આ બાબતમાં કોઈ કહેશે કે કામદેવનો વાંક છે, પણ તેમ નથી. તે બિચારો કામ તો પરતંત્ર છે ને કેટલેક અંશે સ્વતંત્ર પણ છે. જેમ

---

* સ્ત્રીના ત્રણ પ્રકારના ભાવ છે. શુદ્ધ, અશુદ્ધ, ને સંકીર્ણ. શુદ્ધમાં વળી ત્રણ છે, મંદ, તીક્ષ્ણ, ને તીક્ષ્ણતર(અતિ તીક્ષ્ણ). ગામડીઓ નાટકકર્તા જેવા ભાવ વગર સમજે બતાવે છે તે અશુદ્ધભાવ. ને કંઇ સ્નેહ ને કંઈ સ્નેહ નહિ તે સંકીર્ણ ભાવવાળી સ્ત્રી છે.

† બ્રાહ્મણકન્યા તે કુન્દપુષ્પવતિ, ક્ષત્રિકન્યા તે માલતી, વૈશ્યકન્યા તે મલ્લિકા ને શુદ્રકન્યા તે કેરવી. આ વૈશ્યકન્યા હતી માટે મલ્લિકા.

સંધ્યા ઘણા મેઘમાં રક્તા* છે, પણ એક સૂર્ય ઉપર રક્તા† નથી, તેવી કામ અવસ્થા છે. સ્ત્રીએ પતિને તો પ્રેમથીજ જોવો ને તેમાંજ કામાંધ થઈ તો ભલે-પણ યાર! પરપુરુષની યારી! ધિક્ તેનું જીવતર! બળ્યો તેનો મનખો!

ઘણીવાર સુધી **સમુદ્રદત્તે વસુમતિ**ને વિનવી, ને જ્યારે તેણી વશ નજ થઈ ત્યારે થાકીને નિરાંતે બેઠો, પણ **વસુમતિ**ના મનને નિરાંત થઇ નહીં.

અર્ધરાત્રિ ગઈ ને હમેશનો સમય થયો એટલે **વસુમતિ**ને યાદ આવ્યું કે હવે મારો યાર ઉપવનના લતાકુંજમાં-સંકેતગૃહમાં દાખલ થયો હશે; પણ મારાથી ત્યાં આજ જવાશે નહીં, તો તે સુજના પ્રાણપ્યારાના શા હાલ? હાય હાય! હવે હું શું કરૂં? એમ મનમાં બોલી એકદમ મૂર્છા ખાઇને નીચે પડી ગઈ. તે સન્મુખ બેઠેલા પતિને ઝેરના જેવો જોવા લાગી. પ્રેમાંધ-રક્ત થયેલા પતિએ સારી રીતે તેનું આશ્વાસન કીધું, મનાવવા પ્રયત્ન કીધો, પણ વ્યર્થ. તે પરપુરુષરક્તા કામિનીએ માનેલા આ મહાસંકટકારી રાક્ષસના વિનયથી તે વળી તેના મનને શાંતિ કેમ વળે?

સમુદ્રદત્ત વિનય કરી કરીને જ્યારે થાક્યો ત્યારે શય્યામાં એક તરફ સૂઇ ગયો; ને તુરત નિદ્રાવશ થઈ ગયો. પતિ જ્યારે ભર ઉંઘમાં પડ્યો ત્યારે **વસુમતિ**એ સોળ શણગાર સજી બાલે બાલે મોતી પરોવી હળવે હળવે રતિમંદિરમાંથી જવાની તૈયારી કીધી. એ દિવસે તેના ઘરમાં ઉત્સવ હતો, તેથી ઘરનાં સર્વ માણસો કેફી પદાર્થ પી ભર નિદ્રામાં ઉંઘતાં હતાં. ઘરમાં કોઇ કોઇને જતાં આવતાં અટકાવે તેમ ન હતું. આ તક જોઇ મોડી રાત્રે શેઠના ઘરમાં એક ચોર ભરાયો હતો; તેને કાને **વસુમતિ**ના ચરણનાં ઝાંઝરનો ઝમકારો આવ્યો.

---

*રક્તા-રાતી. †રક્તા-પ્રેમવાળી.

તુરતજ તે ઘરના એક ખૂણામાં છુપાઇને આ સ્ત્રી શું ચરિત્ર કરે છે ને ક્યાં જાય છે તેની માર્ગપ્રતિક્ષા કરવા લાગ્યો.

અર્ધરાત્રિ થવાથી પૂર્વદિશારૂપ પ્રમદાનું આલિંગન કરીને બેઠેલો ચંદ્રમા, પોતાના પૂર પ્રકાશમાં અંબોડાપર પ્રકાશવા લાગ્યો હતો. ચોમેર ચાંદની છાઈ રહી હતી, અને કમળો ઉઘડી ગયાં હતાં. દિવસે સૂર્યના તાપથી તપી ગયેલું આકાશ ચાંદનીના છંટકાવથી અત્યંત શીતળ બની ગયું હતું. ભ્રમરાઓનાં ગુંજારવથી મુખર* બનેલી વાપિકાઓ પોતાની અંદર ઉઘડી ગયેલી કુમુદિનીથી† ભ્રમરનો ઉપહાસ કરતી હોય તેવી જણાતી હતી. પછી જ્યારે ચંદ્રમાએ રાત્રિદેવીનું અંધકારરૂપ વસ્ત્ર ખેંચી લીધું, ત્યારે નગ્ન થવાથી લજ્જા પામેલી રાત્રિદેવીએ કુમુદવનના સુગંધમાં લીન થયેલા ભ્રમરગણરૂપ વસ્ત્રને સ્વીકાર્યું. આમ જ્યારે ચંદ્રમાની ચાંદની ચોમેર પથરાઇ રહી હતી, માણસ ને પશુ પંખી ભર નિદ્રામાં મોહ પામી બેભાન થઇને પડયાં હતાં, ત્યારે **વસુમતિ** નિર્ભયતાથી ઠમઠમ ને રમઝમ કરતી ઘર બાહાર નિકળી, ને જયાં પોતાને જવાનું હતું તે તરફ ચાલવા માંડયું. એ સમયે પેલા ઘરમાં ભરાએલા ચોરે વિચાર્યું કે તેનાં ઘરેણાં છીનવી લેવાની આ સારી તક છે, તેથી તે પણ આશાએ ને આશાએ તેની પાછળ પાછળ ચાલવા મંડયો.

હવે પેલા વિહારના સંકેતગૃહમાં શું થયું તે સાંભળ. ઘણી રાત્રિ થઇ ગઈ તોપણ પોતાની પ્રિયા આવી નહીં એટલે પેલો જાર વિરહાગ્નિથી બળતો મોટી ઉદાસીમાં આવી ગયો. તે ચંદ્રમાના કિરણો વડે બળીને ભસ્મ જેવો થઇ ગયો!! છેવટે કામનો તાપ તેનાથી જેરવી શકાયો નહીં તેથી પ્યારીને મળવાની આશા મૂકી દઇ એક ઝાડમાં લટકતા

---

* ભ્રમરના ગુંજારવથી શબ્દ કરતી હોય તેવી.
† ચંદ્રવિકાશી કમળ.

વેલાના ગુંછળાની ફાંસી બનાવી તે ફાંસીવતી પોતાનો અમૂલ્ય પ્રાણ કાઢી નાખી પરલોકમાં ચાલ્યો ગયો.

જ્યારે **વસુમતિ** પોતાના યાર સાથે રતિસુખ ભોગવવાને ધસમસી તે ઉપવનમાં આવી પહોંચી ને ત્યાં પોતાના પ્રાણ કરતાં વહાલા યારને કંઠમાં મોતીની માળા પેહેરેલી ને શરીર ઉપર ઉમદાં ભાતભાતનાં વસ્ત્રો ધારણ કરેલાં તેવા ઠાઠમાઠમાં વૃક્ષ નીચે પડેલો જોયો; પણ તેની આસપાસ પક્ષીઓ ઊડતાં જોયાં ત્યારે, તેને જૂદી જૂદી શંકાઓ ઉત્પન્ન થઈ આવી. પ્રથમ તે ભયભીત થઈ. પછી તેણે નિહાળી નિહાળીને પ્રીતમને જોયો, તો તે મરી ગયેલો જણાયો. તત્ક્ષણે તે મૂર્છા ખાઈને ભૂમિપર પડી. થોડી વારે તેને ચૈતન્ય આવ્યું ને ઊઠી, ને પછી તે વિલાપ કરવા લાગી. વિલાપ કરતાં પેહેલાં પુનઃ જેમ ગુંજારવ કરતા ભ્રમરાઓથી વિંટાએલી વલ્લરી નીચે પડે છે તેમ, **વસુમતિ** નેત્ર મીચીને નીચે ઢળી પડી. એમ ઘણી વાર સુધી ભૂમિ ઉપર પડી રહી. જ્યારે ફરી તેની મૂર્છા વળી ત્યારે ઊભી થઇ ઝીણા કરૂણાળ સ્વરથી વિલાપ કરવા લાગીઃ—

"અરેરે! ઓ નયનાનંદ! આ મંદભાગિણી દાસી તમારા મુખચંદ્રને હવે કયાં જોશે! આ શું થયું! હું કયાં રહી ગઈ! મારા પ્રીતમ—પ્રાણ-વલ્લભ કયાં ગયા! ઓ પ્રાણવલ્લભ! હું તમારે કારણે તો આજે પતિને પણ તરછોડી, ગમે તેમ કરીને પણ આવી, ને હાયરે, તમે મને જરાપણ મળ્યા નહિ. હાય હાય! આપણે સાથે બેસી વિલાસ કરતાં હતાં તેટલી પણ શરમ ન પડી કે આમ ચાલ્યા ગયા! ઓ વહાલા! જરા તો બોલો, અરે જરા તો હસો! હાય હાય! મારૂં ભાગ્ય કેવું કઠિન છે! ઓ દૈવડા! તું કેમ આમ વજ્ર જેવો થઇ દુઃખી કરે છે? ઓ નાથ મને કેમ સાથે ન તેડી ગયા?"

આવી રીતે ઘણી વાર સુધી વિલાપ કરી રહ્યા પછી

ચારના કંઠમાંથી ફાંસો બહાર કાઢી નાખ્યો; અને ચારનું મસ્તક પોતાના ખોળામાં લઇ વારંવાર તેમાં પ્રાણ નાખતી હોય તેમ તેના મુખનું ચુંબન કરવા લાગી. તેના ઉપર અત્યંત આસક્ત થઈ તેના મુખ સાથે પોતાના મુખને અડાડી મૂર્તિમાન્ રાગને પ્રકટ કરતી હોય તેમ પોતાના મુખનું ચાવેલું પાનપણ તેના મુખમાં આપ્યું!

પણ ઈશ્વરની ગતિ કેવળ નિરાળી છે, તે તું જો. આ **વસુમતિ** કરુણાળ સ્વરે વિલપતી હતી તેવામાં ત્યાં એક નવો પ્રસંગ બન્યો! મૃત્યુવશ થયેલા ચારના શરીર ઉપર ચંદન, અગર, કસ્તૂરી, પુષ્પમાળાઓ વગેરે ઘણા સુગંધી પદાર્થો ધારણ કરેલા હતા તેની સુગંધથી લોભાઇ તે કુંજમાં વસતા એક વૈતાળે તેના શરીરમાં પ્રવેશ કીધો ને **વસુમતિ** તે શબને આલિંગન કરતી હતી તેવુંજ તેનું નાક કરડી ખાધું! એવી રીતે તે અનાચારવાળી શિયળભંગશાળી સ્ત્રીને તેના અવિચારી કૃત્યનું ફળ મળ્યું.

વસુમતિ પોતાનું નાક કપાઈ ગયા પછી ગભરાઇને ઉછંગપરના શબને નીચે નાખી દઈ ત્યાંથી ઝટપટ પોતાના બાપને ઘેર ગઇ, ને જ્યાં પોતાનો પતિ સૂતો હતો ત્યાં જઇ સૂતી. થોડી વાર શય્યાપર પડી રહ્યા પછી, પોતાનું સ્ત્રીચરિત્ર કરવા "દોડો! દોડો! હાયહાય! મારૂં નાક કાપી નાખ્યું રે," એવી કારમી ચીસો પાડી સૌને ભયભીત કીધાં. **વસુમતિ**ની ચીસ સાંભળી ઘરનાં સર્વ માણસો ગભરાઈ જાગી ઊઠયાં, અને **સમુદ્રદત્ત** પણ બેબાકળો બનીને જાગી ઊઠયો. તે જુવે છે તો ચોમેર માણસોની ગીરદી મચી રહી છે. આ સઘળાં મનુષ્યે **વસુમતિ**ને પૂછયું કે, "શું છે બેહેન?" **વસુમતિ** બોલી—"અરે શું તમે જોતાં નથી? આ મારા વરે મારૂં નાક કાપી નાખ્યું. હું નકટી થઇરે! ઓ ભાઇઓ મને બચાવો, નહિ તો

એ તો મારો જીવ લેશે." એવી ભયંકર વાણી સાંભળી **ધનદત્ત** વગેરે જનો **સમુદ્રદત્ત**ને પૂછવા લાગ્યા કે, "તમે આ નિરપરાધી બાળાનું નાક કેમ કાપ્યું?" **સમુદ્રદત્ત** આ પ્રશ્ન સાંભળતાંજ ભયભીત થઇ ગયો. તે યદ્વાતદ્વા બોલવા લાગ્યો. તેનું મ્હોં સિહાવિહા થઈ ગયું, ને પરદેશમાં વેચાયલા ગુલામની માફક એક પણ અક્ષર તેનાથી બોલાયો નહીં-હા કે ના કંઇ પણ તે બોલી શક્યો નહીં. આમ પુષ્કળ કુતૂહળ મચી રહ્યું, તેટલામાં પ્રભાત થયો, એટલે કન્યાના કુટુંબીઓએ આ વાર્તા રાજસભામાં જાહેર કરી. આ વૃત્તાંત જાણતાં રાજાને ઘણો ગુસ્સો ચઢયો તેથી તેણે **સમુદ્રદત્ત**ને બંધાવી મંગાવ્યો, અને યથાયોગ્ય ન્યાય ચૂકવી પુષ્કળ રૂપીઆ દંડ કર્યો.

પેલા ચોરે આ સર્વ વૃત્તાંત પ્રત્યક્ષ જોયું હતું, તેથી તે આ અન્યાય જોઇ શક્યો નહીં. તેણે તરત રાજસભામાં હાજર થઈ આદિથી તે અંત સુધી જેમ બન્યું હતું તેમ સર્વ વૃત્તાંત કહી બતાવ્યું. એ સાંભળી રાજાએ તે ચોર ઉપર અત્યંત પ્રસન્ન થઈ તેનો સત્કાર કર્યો ને પૂરતી તપાસ કરવા રાજા સહિત સર્વ સભા પેલા ઉપવનમાં ગઈ. ચોરે **વસુમતિ**નું નાક, ઉપવનમાં જ્યાં પેલું શબ પડયું હતું તેના મુખમાંથી કાઢીને રાજાને બતાવ્યું અને **સમુદ્રદત્ત** ઉપર નિષ્કારણ આવેલો અપવાદ મિત્રતારૂપે ઉતારી દીધો.

આવી રીતે સ્ત્રીઓ અતિ કુટિલ, ક્રૂર આચરણવાળી, નિર્લજ્જ અને ચપળ હોય છે. તે પતિનો, પિતાનો, માતાનો, બંધુનો કે સંતાનનો કોઈનો પણ દ્રોહ કરતાં ડરે તેવી નથી. પણ સ્ત્રીની કળાઓને જાણનારો અને કામકળામાં પ્રવીણ એવો ચતુર પુરુષ સ્ત્રીઓના કપટમાં છેતરાતો નથી.

સર્ગ ૪ થો.

વેશ્યા વર્ણન.

"અરે **ચંદ્રગુપ્ત**, મેં તને ત્રણ કળાનો વિધિ કહ્યો તે યાદ છે કે? આ ચોથી કળા તારા જેવા શ્રીમંતના પુત્રે જાણવી બહુ કામની છે, તેથી તું તેપર પૂર્ણ લક્ષ આપ" એમ આસનપર બેસતાં **મૂળદેવે** કહ્યું; ને પછી પોતાની કળા જણાવવા માંડી.

નાયિકા ત્રણ છે: સ્વકીયા, પરકીયા, ને સામાન્યા—વેશ્યા. એ વેશ્યાઓ કામની—વિષયવિલાસની બાબતમાં અતિ કુટિલતા બતાવી કામિઓના મનને મોહિત કરી ફસાવે છે. જેનાં કપટવાળાં ચરિત્રો આગળ કુબેર પણ ભિક્ષુક બની જાય છે. સમુદ્રમાં જેમ મનોહર, અતિ ચપળ, ઘણા મોજાવાળી અને નીચાણમાં ઉતરનારી ચોસઠ નદીઓ રહી છે, તેમ તે વેશ્યાઓના મનમાં મનોહર, અતિ ચપળ, ઘણા જૂદા જૂદા વિચારવાળી, ને નીચ આચારવાળી ચોસઠ કળા વસી રહી છે. તેનાં નામ તમને કહી બતાવું છું.

વેશ્યાની ૬૪ કળા.

૧ શણગાર સજવા.
૨ નૃત્ય કરવું.
૩ ગીત ગાવાં.
૪ કટાક્ષ મારવા.
૫ બીજાની ઇચ્છા જાણવી.
૬ કામીને પોતાને સ્વાધીન લેવો.
૭ મિત્ર સાથ છળ કપટ કરવું.
૮ મદિરાપાન કરવું.
૯ ક્રીડા કરવી.
૧૦ રતિકેલિ કરવી.
૧૧ જૂદાં જૂદાં અષ્ટ પ્રકારનાં આલિંગન કરવાં.
૧૨ અંતરંગ (કામની અંદરની) કળા જાણી લેવી.
૧૩ અષ્ટ પ્રકારનાં ચુંબન કરવાં.

૧૪ બીજાને ઓળખવો.
૧૫ નિર્લજ્જતા દર્શાવવી.
૧૬ ઉતાવળાપણું બતાવવું.
૧૭ ગભરાટ બતાવવો.
૧૮ ઇર્ષ્યા કરવી ને બતાવવી.
૧૯ કલહ કરવો.
૨૦ રડવું.
૨૧ યારને માનભંગ કરવો.
૨૨ યારને ફોસલાવતાં ગળગળાં થતાં પરસેવો આવી જવો.
૨૩ કંપ થવો.
૨૪ ભ્રમ થવો.
૨૫ એકાંતમાં રહેવું.
૨૬ યારને રીઝવવા તેની ઈચ્છાનુસાર શણગાર સજવો.
૨૭ યારપર તુષ્ટમાન થતાં નેત્ર મીંચી જવાં.
૨૮ યાર વગર દુઃખ દર્શાવવાનો ઢોંગ કરતાં જડની પેઠે સ્થિર થઇ જવું.
૨૯ સમયે મુડદા જેવું થઇ જવું.
૩૦ વિરહની પીડા બતાવી યારને સ્વાધીન કરી લેવો.
૩૧ યાર કોપ્યો હોય તો સ્વકોપને દબાવવો.
૩૨ યારપર વૈર લેવા કે તેનું હિત કરવા દૃઢ ઠરાવ કરવો.
૩૩ પોતાની માતા સાથે કજીઓ કરવો.
૩૪ મોટા માણુસને ઘેર હર પ્રકારે ઘૂસતાં જવું.
૩૫ ઉત્સવમાં જવું, (કે જેથી કામીજન હાવભાવ જોઈ ફસાય).
૩૬ પુરુષનું નાણું હરી લેવું.
૩૭ મોહ ઉપજાવવા જૂદી જૂદી જાતનો વેશ લેવો.
૩૮ ને તે ભજવવા જૂદી જૂદી જાતની ક્રીડા કરવી.
૩૯ ચોરની પેઠે રહેવું.
૪૦ રાજાની માફક રહેવુ.
૪૧ મોટાઇ રાખવી.
૪૨ ધાર્યું ન થાય તો જારનું અપમાન કરવું.
૪૩ કારણ વગર જાર પુરુષના દોષ બતાવવા.
૪૪ મૂલ્ય ઠરાવવું.
૪૫ સ્નાન કરી શરીરમાં ચન્દનાદિક લગાડવાં.
૪૬ જારને તરછોડવો હોય ને કોઇ બીજાને સંકેત પ્રમાણે મળવું હોયતો નેત્રમાં નિદ્રા બતાવવી.
૪૭ તે વેળાએ મેલાં વસ્ત્રો બતાવવાં.
૪૮ લૂખાપણું બતાવવું.
૪૯ કઠિનતા બતાવવી.
૫૦ જારપર ફિદા હોય તો ગળામાં હાથ નાખી ઊભું રહેવું.

૫૧ જારને મળવા ઉત્કંઠિત હોય ત્યારે ઘરના આંગણામાં હોઠ ઉપર હાથ મૂકી ઊભું રહેવું.

૫૨ કંઇ કાર્ય સિદ્ધિ કરવી હોય તો તજેલા જારને બોલાવવો.

૫૩ ધર્મિષ્ઠતા બતાવવા દર્શન કરવા જવું.

૫૪ યાત્રા કરવી.

૫૫ સ્તુતિ કરવી.

૫૬ તીર્થ, ઉપવન, દેવમંદિર વગેરેમાં આશ્ચર્યકારક ક્રીડાઓ કરવી–કરાવવી.

૫૭ મશ્કરી ઠઠ્ઠા વગેરે કરવા.

૫૮ એ ત્રણ દ્વારવાળાં પોતાને રહેવા લાયક ઘર બાંધવાં, કે જેથી સમયે નાસભાગ કરવા કામ લાગે.

૫૯ વશીકરણવાળું ઔષધ ને મંત્ર શીખવા.

૬૦ સુગંધી ઝાડ વાવવાં.

૬૧ વાળને કુલેક્ તેલ લગાવી કાળા કરવા. (કે પ્રાઢા છતાં મુગ્ધા જણાય.)

૬૨ ભિક્ષુક વગેરે તપસ્વીઓને ધન આપવું.

૬૩ બીજા દ્વીપમાં જોવા માટે જવું.

૬૪ કુટ્ટિનીપણું કરવું.

આમાં પ્રથમ ત્રેસઠ કળાઓ હૈયાત હતી, અને તે પણ બરાબર પોતાના સ્વરૂપમાં ન હતી, પણ હમેશાં સાધારણ ગણાતી; જ્યારે ચોસઠમી કુટ્ટિનીકળા તેમાં ભળી, ત્યારે તે મળીને ચોસઠ કળાઓ પ્રફુલ્લિત થઈ. એ કુટ્ટિની કળાના પ્રારંભને ગણિકા કળા કહે છે, ને તે સર્વોપરી કળા છે; કેમકે તેમાં ૩૬ કળાનો નિવાસ છે. ગણિકા* જે વેશ્યાથી જૂદી છે તેની કળા આ પ્રમાણે છે:–

---

* વેશ્યા એટલે નગરનારી. માત્ર પૈસાને માટેજ પ્રેમ બાંધી–વિષયીજનને તૃપ્ત કરતાં શીખી હોય તે વેશ્યા. ગણિકા તે વેશ્યાથી કંઈક શ્રેષ્ઠ. તે કેટલીક વિદ્યા જાણનારી પણ હોય. પ્રેમ પ્રીત સમજનારી–જેવી મૃચ્છકટિકમાંની વસંતસેના. વેશ્યા નીચ પ્રકારે કામી જનને છેતરી દ્રવ્ય હરે, ને ગણિકા ઊંચી રીતે પ્રેમ બાંધી દ્રવ્ય હરણ કરે. વેશ્યા માત્ર દ્રવ્યનીજ સંગી. ગણિકા એકલા દ્રવ્યની નહિ, પણ ગુણ, રૂપ ને વિદ્વત્તાની પણ ખરી.

ગણિકાની ૩૬ કળા.

૧ પુત્રી જન્મે ત્યારથી-જ તૈલાદિક સુગંધી પદાર્થો અંગે ચોળી કાંતિવાન કરવી.
૨ પુત્રીનું તેજબળવધારવું.
૩ બુદ્ધિ ખિલવવી.
૪ યોગ્ય આહાર વિહાર કરાવી રોગિષ્ટ ન થવા દેવી.
૫ પાંચ વર્ષની થાય કે તેના પિતાથી દૂર રાખવી.
૬ જન્મદિને-પુણ્યકાળે ઉત્સવ-ઉદ્યાપન કરાવી મંગળ પાઠ કરાવવો.
૭ કામશાસ્ત્ર ભણાવવું.
૮ સંગીત, ચિત્ર, અક્ષરજ્ઞાન, સ્વાદ, ગંધ ને પુષ્પ કળામાં પાવરધી-કરવી.
૯ બોલવામાં ચાતુરી શિખવવી.
૧૦ વ્યાકરણ, તર્ક ને સિદ્ધાંત વગેરે વિષયમાં કુશળ કરવી.
૧૧ યાત્રા કે ઉત્સવ ટાણે કન્યાને બની બનાવી મોકલવી.
૧૨ સગીતકળા જાણનાર નોકરના સ્વાધીનમાં રાખવી.
૧૩ મૃદંગી, જાર, કુલટા આદિથી તેની કાંતિની કીર્તિ ફેલાવવી.
૧૪ જોષીઓ દ્વારાએ કલ્યાણચિહ્ન જોવડાવવાં.
૧૫ બાળાપર ઘણા આશક થાય એટલે કિંમત વધારવી.
૧૬ પોતાની કન્યા પર ઘણા આશક હોય-તો સર્વને ઠગવા-પોતે અસ્વતંત્ર થવું ને અસમર્થપણું બતાવવું-કે મારૂં માને તેમ નથી.
૧૭ જીવિકા કળા જાણવી.
૧૮ નર્મ ભાષણ કરવું.
૧૯ સજીવરમત કળા (કુકડા પોપટાદિક જનાવરના યુદ્ધ.) જાણવી.
૨૦ નિર્જીવ રમત કળા (ચોપટ, ગંજીફો, સેતરંજ) જાણવી.
૨૧ જુગટાની કળા જાણવી.
૨૨ વિશ્વાસ પાત્રથી રતિ-કેલિ કરવી.
૨૩ જે નર પોતામાં આશક ઘણો થયો ને તે ધનવાન, રૂપવાન ને ડાહ્યો હોય તો તેની સાથે પ્રીતિ કરવી.
૨૪ સ્વતંત્ર ને ચતુર હોય તો તેને વશ કરવો.

૨૫ બીજાઓને છેતરવા એ-
છું નાણું લઇ ઘણું
કહેવું.
૨૬ કામાંધ થયેલા પાસ
ખોટા દસ્તાવેજ લ-
ખાવવા. પછી પૈસા
લેવા ફરિયાદ માંડવી.
૨૭ પ્રીતિ રાખતો હોય
તેની સાથે પાતિવ્ર-
ત્યપણે વર્તવું.
૨૮ નિત્ય નૈમિત્તિક પ્રી-
તિ કરી ધન હરવું.
૨૯ નિર્ધન કે કૃપણને તિ-
રસ્કાર કરી, લઠી દૂર
કરવો—જે નિર્ધન થયો
તેનો સંગ ન કરવો;
તેને ઉડાવવો.
૩૦ પૈસાદાર છતાં લો-
ભીને ભડવા માર-
ફતે ઉશ્કેરવા કે એ-
ના જેવી કોઇ ન-
થી. નિર્ધન આશક થયો
હોય તો તત્કાળ દૂર
કરવો.
૩૧ દ્રવ્યવાન આશક રી-
સાયતો હર પ્રકારે
મનાવવો.
૩૨ કામાંધ—કામીને તૈયા-
રી બતાવી વિહ્વળ
કરવો, પણ સંગ બી-
લકુલ ન કરવો.
૩૩ યાર સાથે અતિ પ્રીતિ
થઇ હોય તોપણ પ-
રાધીનપણું દર્શાવ-
વું—વડીલની આજ્ઞા
માનવી.
૩૪ પ્રીતમ સંગે જોડામાંની
કાંકરી માફક વર્તવું.*
૩૫ હાએ હા કહેવી—પ્રી-
તમને મદ્ય પાઈ સપ-
ડાવવો.
૩૬ સપડાયલા હરકોઇને
છટકવા ન દેવો.

આ પ્રમાણેની કળામાં પ્રવિણ નગરનારીઓ ઠામ ઠામ વસીને શ્રીમંતોનાં દ્રવ્ય હરે છે, ઘણાઓનાં ઘર ભંગાવે છે, મુનિઓના મનને પણ મોહ પમાડી તેઓના તપનો ભંગ કરાવે છે, વિષયવિલાસમાં તલ્લીન કરીને ઘણાને આલોક ને પરલોક એ સઘળેથી રઝળાવે છે, તેઓને જીતવા માટે પૂર્ણ કળાવાન્ થવું જોઈયે. પૂર્વે મરિચી તથા શૃંગી ઋષિને વેશ્યાઓએજ પોતાની કળાથી મોહજાળમાં ફસાવ્યા હતા,

* જોડામાંની કાંકરી તમામ કાઢવા માટે ગમે તેટલા પ્રયત્ન કરો પણ તે કદી નિકળે નહિ, તેમ.

ને તેઓને ભ્રષ્ટ કીધા હતા. જોગી કે ભોગી કોઇપણુ સમક્ષ કળા કરવામાં તેના જેવી નિપુણ કોઈપણ નારી નથી. જેમ દિવ્ય મણિધર વિષધર છે, તેમજ દેખાવમાં મોહક, બોલવામાં મોહક, લટકો કરવામાં મોહક, ચાલવામાં મોહક, લેહેકામાં મોહક, પ્રેમ કરવામાં મોહક, લૂટવામાં મોહક અને જય મેળવવામાં પણ મોહક એવી સ્વર્ગની અપ્સરા ને વેશ્યા એ સઘળી સરખીજ છે, તેઓથી સદા દૂરજ રેહેવું જોઇએ. તેના નેણુના લટકાના મટકાનો ચટકો ઝટકા જેવો ગણી જે જન સટકી જાય છે તે એ વિજયવંત અરીને પટકી નાંખવામાં ફાવી જાય છે.

વેશ્યાઓ ને ગણિકાઓ કેવળ થોડા ધન માટે, જેનાં નામ અને જાત જાણુતી નહોય તોપણુ તેને પોતાનો આત્મા અર્પણ કરી દેછે—પોતાનું શરીર તેને અર્પણુ કરે છે એવી વેશ્યા પાસેથી ખરા પ્રેમની શોધ કરનારાનો મનોરથ વૃથા જાણુવો, કારણુ કે તે કોઇ સાથે પ્રેમ બાંધતી નથી. એ ઉપર એક સત્ય વાર્ત્તા તને કહું છું તે લક્ષ દઈને સાંભળ.

વિક્રમસિંહ ને વિલાસવતીની વાર્ત્તા.

પૂર્વ કાળમાં **વિક્રમસિંહ** નામનો એક રાજા એક નગરમાં રાજ્ય કરતો હતો. કેટલાએક કાળ સુધી આ રાજાએ પોતાનું રાજ્ય સુખરૂપ ચલાવ્યું. એક સમયે કેટલાએક બળવાન રાજાઓએ એક સંપ થઇને આ રાજાનો પરાજય કરી, તેનું રાજનગર જીતી લઈ, રાજ્યમાંથી તેને કાઢી મૂકયો. પરાજય પામેલો **વિક્રમસિંહ** પોતાના મંત્રી **ગુણુયશા**ને સાથે લઇ વિદર્ભ નગરમાં ગયો. આ નગરમાં **વિલાસવતી** નામની એક જગપ્રસિદ્ધ વેશ્યા રહેતી હતી, તેને ઘેર રાજાએ ઉતારો કર્યો. આ વેશ્યા સાધારણુ ધનવાન્ સાથે પોતાનો સંબંધ પાડતી નહીં, તોપણુ તેણે નિર્ધન થઈ પડેલા રાજાને સારૂં માન આપ્યું, તે જાણી નગરજન ચકિત થયા. વેશ્યાએ

મહા પરાક્રમી વિક્રમસિંહને રાજ્ય વૈભવ માણનારો અને ઘણા મોટા સુખમાં ઉછરેલો જાણી, પોતાના ઘરમાં જે રત્નના, મણીના અને સુવર્ણના ભંડારો હતા તે તેને આધીન કરી કહ્યું કે, "આમાંથી જે તમારે વાપરવું હોય તે વાપરજો. હું ને આ સંપત્તિ એ સર્વે તમારાંજ છે." રાજા, તે વેશ્યાનો સહજ પ્રેમ અને અદ્ભુત ઔચિત્યભાવ જોઇ અતિ આશ્ચર્ય પામીને, એક સમે એકાંતમાં પોતાના કાર્યભારીને પૂછવા લાગ્યો કે, "આ વેશ્યા મારે માટે આમ બેસુમાર નાણું ઉડાવી નાંખે છે તેનું કારણ શું હશે ? મને આશ્ચર્ય લાગે છે! વેશ્યાઓ ફોકટ પ્રેમ બાંધતી નથી, પણ ધન માટેજ પ્રેમ બાંધે છે, એ જગજાણીતી વાત છે; પરંતુ તેનાથી તો આ તદન ઉલટુંજ જણાય છે! આ વેશ્યા તો ઉલટી મારે માંટે ધનનો ખરચ કરે છે, માટે હવે તેની પ્રીત સ્વચ્છ-નિર્મળી છે એને માટે મને સંદેહ રેહેતો નથી.

ગુણયશા મંત્રી રાજાનાં આવાં પરાધીનપણાને પામતાં વચન સાંભળી, ઈર્ષ્યા બતાવી મશ્કરી કરીને બોલ્યો-"રાજન્, વેશ્યાના ચરિત્રમાં વિશ્વાસ કોણ મૂકે વારૂ? તેને તો હમેશાં જૂઠીજ જાણવી. એક લાખ મૂકીને વખતે તે એક કોડીની પણ લાલચ કરે છે. તેની મતલબી વાત આપણે સહજમાં કળી શકતા નથી. તે મહા પ્રેમ બતાવે છે, અતિ આદર કરે છે, પણ તેનું સુખ ક્ષણિક છે. તે મુખની ઘણી મીઠી દેખાય છે, તેથી તેના ઉપર મૂર્ખ લોકો વિશ્વાસ કરે છે. વેશ્યા આશાની માફક આરંભમાં તો અતિશય સુખ આપે છે, મધ્યમાં અત્યંત આનંદ આપે છે, પણ પરિણામે અતિશય દુ:ખી કરે છે. હરિ અને હર આદિ દેવતાઓએ પણ, હજી સુધી અનેક ભ્રમ ઉત્પન્ન કરી મોહિત કરનારી વેશ્યાના અને માયાના ખરા સ્વરૂપને જાણ્યાં નથી; તો પછી મનુષ્ય શી

ગણુતીમાં?" મંત્રીનું આવું બોલવું સાંભળી, મંત્રીની સાણુસીથી વેશ્યાની પરીક્ષા કરવાનો નિશ્ચય કરી રાજા એક સમે ખોટો ખોટો મરી ગયો. રિવાજ મુજબ કાર્યભારી તે રાજાના શબને સ્મશાનમાં લઈ ગયો અને ચિતામાં નાખવા તૈયાર થયો. આવી અવસ્થા જોઇ વિલાસવતી વેશ્યા પણ પોતાના શરીર ઉપરનો તમામ શણુગાર ઉતારી, મરણુ સમયનો શ્વેત શણુગાર ધારણુ કરી, સ્મશાનમાં જ્યાં ચિતા ખડકી હતી ત્યાં, રાજા સાથે ચિતામાં બળવા માટે આવી. તે ઈશ્વર પ્રાર્થના કરી ચિતામાં પડવાને દોડી; તે જોઇ પ્રસન્ન થએલા રાજાએ ચિતામાંથી ઊઠી તેનો હાથ પકડી લઇને કહ્યું કે, "હે પ્યારી, હું જીવું છું, તું તારો પ્રાણુ કાઢીશ નહીં." પછી એ દિવસથી રાજા, વેશ્યાના દૃઢ-સત્ય-અવર્ણ્ય પ્રેમ ઉપર મોહિત થઇ, વારંવાર મંત્રીને ધિક્કારવા લાગ્યો. રાજાએ વેશ્યાના સઘળા ધન ભંડારો પોતાને આધીન કરી, તેમાંથી હાથી, ઘોડા, અને પાયદળવાળી ચતુરંગી મોટી સેના ઊભી કરી. તે સેનાના પરાક્રમથી પોતાના શત્રુઓનો પરાજય કરી પોતાના દેશમાં આવી, પૂર્ણુ ચંદ્રમાની માફક પ્રજાને આનંદ આપતો પોતાનું રાજ્ય ચલાવવા લાગ્યો. તેમજ તેજ સમયે પૂર્ણુ પ્રેમથી વિલાસવતી વેશ્યાને પોતાના જનાનામાં મુખ્ય-પટ્ટરાણી બનાવી. રાજમંદિરમાં વિલાસવતી વેશ્યા, ચમરના પવનથી ચલાયમાન કેશવાળાં ઇંદ્રાણી જેવી શોભતી હતી. રાજા તેના આગળ દીન દાસ જેવો હતો, ને તે એમજ સમજતો હતો કે મને જે સુંદરી મળી છે તે સાક્ષાત્ સતીનો અવતાર છે-પણુ કર્માધર્મ જોગે વેશ્યાને ત્યાં જન્મી છે.

એક વખતે તે વેશ્યા રાજાની પાસે બેઠી હતી. રાજા રંગવિહાર કરે છે, ને તેનાપર પૂર્ણુ પ્રેમ ચોંટયો છે તેથી તલ્લીન થઈ ગયો છે, તેમજ તે પૂર્ણુ આધીન છે એમ જોઈ,

વિલાસવતી પ્રણામ કરી બોલી—"મહારાજ—કંથ—પ્રીતમ—પ્યારા—વહાલા, આ દાસીએ આપ કલ્પતરૂની ઘણા દિવસ સુધી સેવા કરી છે; સાથે આપનો પુનઃ ઉદય કરી પૂર્ણ લક્ષ્મી અપાવનારી પણ આ દાસીજ છે, તો હવે આપે દયા કરી મારી એક આશા અવશ્ય સફળ કરવી જોઇએ. પુણ્ય ફળને આપનારા, પરનાં પાતકનો નાશ કરનારા, સ્વભાવથીજ નિર્મળ એવા સજ્જન પુરુષો તીર્થની માફક પોતાના સમાગમનું ઉત્તમ ફળ આપે છે. મોટાનો પ્રસંગ સફળતા બતાવવામાં હમેશાં આગળ પડતો હોય છે; તો મહારાજ, મારી એક માગણી છે તે આપ પૂર્ણ કરો. મારા પ્રાણ કરતાં પણ વધારે વહાલો એક તરૂણ પ્રેમી આશક—પ્રીતમ છે. તે પોતાના કમનસીબને લીધે વિદર્ભપુરમાં ચોર ઠરીને પકડાયો છે, અને તે દેશમાં બંદીખાને પડ્યો છે, તેને છોડાવવા માટે આપ મહારાજાની મેં આ સઘળી સેવાકરી હતી, તો હે કૃપાનાથ, આપે પરાક્રમ, કુળ અને શૌર્યના પ્રમાણમાં મારૂં કામ કરી આપી, મારી સેવાનો બદલો વાળવો જોઇયે."

રાજા **વિક્રમસિંહ**, વેશ્યાનાં આવાં મધુર, પણ વિલક્ષણ વચનો સાંભળી, ઠગાયલાની માફક અત્યંત આશ્ચર્ય પામ્યો ને ચિત્તભ્રમિત થયો. કંઇક વાર સુધી તો તે ટગર ટગર **વિલાસવતી**ના સામુંજ જોઇ રહ્યો. પછી ઘણી વાર સુધી પૃથ્વી તરફ નજર કરી પોતાના મંત્રીનાં વચનો યાદ કરવા લાગ્યો. છેવટે તેણે તે વેશ્યા—**વિલાસવતી**ને સમજાવીને કહ્યું કે, "હું રાજાને મૂકી તું એક નિર્માલ્યપર પ્રેમ ધરે છે? જરા વિચારતો કર." આમ ઘણી સમજાવી તોપણ તેણે પોતાનું વચન ફેરવ્યું નહીં. નિરુપાયે રાજા **વિક્રમસિંહે** પોતાનું વચન સિદ્ધ કરવા વિદર્ભ દેશના રાજાને પોતાને તાબે કર્યો. પછી તે રાજા પાસથી વેશ્યાનો યાર—જે કે ચોરરૂપે પકડાઇ ગયો હતો, તેને કેદખાનામાંથી છોડાવ્યો, ને **વિલાસવતી** વેશ્યાને સ્વાધીન કીધો.

માટે હે ચંદ્રગુપ્ત! વેશ્યાઓ એક ઉપરજ પ્રેમ રાખે છે એવું માનનાર અંતે ખત્તા ખાય છે. તે સલજ ભાષણ કરે છે એમ સમજવું નહીં. તેનું મન જૂદા જૂદા પુરુષો ઉપર ફરતું રહે છે. તેની જીભ ક્ષણે ક્ષણે ફરતાં વચનો બોલે છે. તે સાધારણ ધનથી ભોગવી શકાતી નથી, કારણ કે તે અતિ કપટી હોય છે. સર્વાંશે અસત્યનીજ પ્રતિમા રૂપ વેશ્યાને યથાર્થ રીતે કોઈપણ જાણી શકતું નથી. તેના યાર પાંચ જાતના છે; તેમાં એક યારનું તો માત્ર તે વર્ણનજ કરી બતાવે છે, બીજા યારનું તે સર્વ ધન લુટી લે છે, ત્રીજા પાસે માત્ર ચાકરીજ કરાવ્યા કરે છે, ચોથાને પોતાની રક્ષા કરવા માટે રાખે છે અને પાંચમાની સદા મશ્કરી કરે છે. વેશ્યાના ફંદમાં જે પડયો તે ત્રિકાળે પણ મુક્ત થતો નથી. તે પોતે ખુવાર થાય છે, સુખને ખોઇ દે છે, ને સગાં કુટુંબી જનમાં ફિટકારને પામે છે. વેશ્યામાં પ્રેમનો-પ્રીતનો વાસોજ નથી, તે પ્રીતિ કદી પણ કરતી નથી-તેનો પ્રેમ સ્વાર્થ ને દ્રવ્યમાં છે; સ્વાર્થ સર્યો, કે દ્રવ્યહીન યાર થયો, એટલે જેમ સર્પ કાંચળીનો ત્યાગ કરે છે તેમ એ ત્યજી દે છે.

આવી રીતે ચોથી કળા પૂરી કરી મૂલદેવ મહારાજે શિષ્યમંડળી વિસર્જન કરી.

સર્ગ ૫ મો.

મોહ વર્ણન-કાયસ્થ લોકોની કપટ કળા.

સર્વ કાર્યથી ફરાગત થઈ, ધૂર્તશિરોમણી-મૂલદેવ મહારાજ, પોતાના આસનપર વિરાજ્યા ત્યારે, સર્વ શિષ્યે પ્રેમપૂર્વક પ્રણામ કીધા. સર્વના પ્રણામ લઈ, પોતાના શિષ્યો તરફ

નજર કરી સૌને જોયા, ને ચંદ્રગુપ્તને આસન નજીક જોયો, એટલે તેના સામું નિર્મળ નજર કરીને કહ્યું, અલ્યા ભાઈ ચંદ્રગુપ્ત, ગયા ચાર દિવસમાં મેં મારી તરફથી ચાર પ્રકારની કળાઓ કહી. હવે આ પાંચમી રાજનીતિના સંબંધવાળી કળાનો ઉપદેશ લક્ષ દઇને સાંભળઃ-

મોહ કે જે સર્વને લૂટી લેનારો છે તે પ્રથમ તો મનુષ્યની બુદ્ધિને મોહિત કરે છે. આ મોહ કાયસ્થોના* મુખમાં અને કાયસ્થોએ કરેલાં લખાણોમાં ઘણોજ ગુપ્ત રીતે રસળતો રહ્યોછે, તે એટલે સુધી કે કાયસ્થો અત્યંત મોહ કળાથી લોકોને લૂટે છે. ધન ધાન્ય વગેરે જે કંઇ પેદાશ દેશમાં થઇ હોય ને તે કદી જો કાયસ્થની નજરે પડે તો, રાહુ જેમ પૂનેમના પૂર્ણ ચંદ્રને ગળી જાય છે, તેમ તે પણ તે સર્વ ઉપજને ગળી જાય છે. મહાત્મા ને જ્ઞાની યોગિયો સંસારમાં વપરાતી કળાઓને જાણે છે, પરંતુ કોઈપણ ઋષિ મુનિ અતિ શ્રમ કરતાં છતાં પણ કાયસ્થની કપટ કળાઓને જાણવા સમર્થ થયેલ નથી. કાળે કરીને કાયસ્થોજ આખી દુનિયાને ખાઇ ગયા છે ને ખાઇ જાય છે-એટલે તેને લૂટી લે છે, પણ કાળ કોઇને લૂટતો નથી. કાયસ્થો કપટકળાને રહેવાનું એક મંદિર છે. તેઓ મનુષ્યને ભયંકર દુઃખ આપે છે. કાયસ્થો કપટનો કોઠાર છે, પ્રપંચનું પૂતળું છે, મોહનો મહાસાગર છે, દગલબાજીનો ડુંગર છે, પાપનો પુંજ-છે, કાળનો કાળ છે, કાળ રાત્રિના અંધારા જેવા છે, મોટા મોટા દંડના મારથી લોકોનો નાશ કરી નાખે છે, વારંવાર લોકોની ગણત્રી કરે છે અને †ભોજપત્રરૂપી ધ્વજાને ધારણ

---

* પ્રાચીન સમયમાં કાયસ્થો રાજ્યકારભારમાં બહુ આગળ પડતા હતા. તેમની તેવી ચાલાકી તે પછીના કાર્યભારી વર્ગમાં દિનપ્રતિદિન ઓછી થતી આવી છે એમ કહેવામાં કંઈપણ બાધ નથી.

† પ્રાચીન કાળમાં આપણા આર્ય લોકો વિશેષે કરી ભોજ

ફરી જગત્‌માં ભટકે છે. બેશક કાયસ્થોનેજ ખરેખર કાળ-પુરુષ* જાણવા જોઇએ.

કાયસ્થો યમરાજાના પાડાના શીંગડા જેવા અતિ કુટિલ સ્વભાવના છે—અર્થાત્‌ અત્યંત કુટિલ છે. કાયસ્થોના કંઠમાં યમ રાજાની ફાંસી પણ આવી શકતી નથી; માટે તેઓનો વિશ્વાસ કરવો નહીં. રાજ્યલક્ષ્મી પણ કાયસ્થ લોકોથી લુટાતી હોય તેમ ખેદાતુર બની, તેઓની કલમના અગ્ર ભાગમાંથી ગળતી શાહીના બિંદુરૂપી આંજણવાળાં અશ્રુબિંદુ પાડીને રડે છે. વળી માયાના કુટિલ કેશ જેવા સ્વભાવથીજ વાંકા, ઘણા ક્રૂર કાયસ્થો ખોટા આંકડાઓ મૂકી વિષમ ચરિત્રો કરી જગત્‌માં કયા મનુષ્યને લૂટતા નથી ! સર્વને લૂટે છે. તેઓ કપટ પ્રપંચો કરી લોકોએ સંગ્રહ કરી રાખેલા પૈસા પડાવી લેછે. આખા વિષયને† લૂટે છે અને પરવશ થયેલી ઇંદ્રિયોની માફક માણસોનો નાશ કરે છે. કાયસ્થો પોતાની ધ્વજારૂપ ભોજપત્રમાં જે વાંકા અક્ષરો લખે છે, તે કાળની ફાંસીના જેવા કે એક બીજા સાથે ભરાઈ રહેલા સર્પોની મંડળી જેવા જણાય છે તથા તે પરિણામે અતિશય દુઃખી કરે છે. તેઓની બુદ્ધિ ઘણીજ ચતુર ને ઉહાપોહવાળી છે. તેઓ કામ પણ અત્યંત ગુપ્ત કરે છે, માટે તેઓને ચિત્રગુપ્ત‡ કહીએ તો

પત્રપર લખાણ કરતા હતા. આ બાબત પ્રાચીન લેખ ઉપરથી સ્પષ્ટ જણાય છે. તે રીતિને અનુસરી હમણાં પણ મંત્ર તરીકે લખવું હોય તે ભોજપત્ર પર લખે છે.

* યમના દૂત ધ્વજા રાખે છે, હાથમાં દંડ રાખે છે, વર્ણે કાળા હોય છે, લોકોનો નાશ કરે છે—તેમ કાયસ્થ પણ ભોજપત્રરૂપ ધ્વજા રાખે છે, લોકો ઉપર સખત ‘દંડ’—કર મૂકે છે અને સર્વને દુઃખી કરે છે. પોતાનાં ચરિત્રવડે શ્યામ રંગના કાળાં કામ કરનારા જણાય છે.

† એક અર્થ દેશ; ને બીજો અર્થ:—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ. ‡ હાલના કાયસ્થો પોતે કહેછે કે અમે ચિત્રગુપ્ત, માતૃગુપ્ત ને વાલ્મિકી વંશના છીએ. ચિત્રગુપ્ત એ યમરાજાના કાર્યભારી છે.

ચાલી શકે. તેઓ શહિત‡ શબ્દમાંથી એક રેફ ઉશડી દઇ શહિત કરી આપે છે, એવા તે કપટકળાપ્રવીણ છે. જગતમાં જો કે ઘણી કળા જાહેરમાં આવી છે, પરંતુ હજુ કાયસ્થોની ગૂઢ કપટ કળાઓ જાહેરમાં આવી નથી–તેઓની ગુપ્ત કળા તો ફકત કાળ કે કળિ જાણે છે. હવે તમને કાયસ્થોની કપટ કળાઓ કહું છું:—

કાયસ્થોની ૧૬ કપટકળા.

૧ વાંકા અક્ષર લખવા.*

૨ સર્વ આંકડા અંદર છાના રાખવા.†

૩ હરકોઇ બાબતમાં એક-

---

‡ દશમા શેકામાં હાલની લિપિ કરતાં કંઈ ફેરફારવાળી લિપિ ચાલતી હતી. અને તે વખતે શ આવાજ વપરાતો હતો પણ શ સ એવા બે સસા વપરાતા નહોતા. તેમ ર આવો ૨ વપરાતો હતો. જો શમાંથી એક રેફ કાઢી નાંખવામાં આવે તો શ નો ૨(ર) થાય. આમ રેફ ઉડાવવાની મતલબ એ કે એક દસ્તાવેજમાં લખ્યું હોય કે, "તમારી માગેલી જણસ એક હજાર રૂપિયા શહિત નકકી આપું"–પણ રેફ કાઢવાથી એવો દસ્તાવેજ થશે કે, "તમારી માગેલી જણસ એક હજાર રૂપિયા શહિત (રહિત) નકકી આપું."

* વાંકી લીટીયે આડા અવળા અક્ષરે લખવું કે જેથી એક લીટીમાં બીજી લીટી ગુંચવાઈ જાય, ને કયાંનું કયાં ઘુસી જાય. ને વખતે ઉપલી લીટી નિચલીમાં ઘુસતાં કે નિચલી ઉપલીમાં ભેળાતાં અર્થનો અનર્થ થઈ જાય. જેમકે

સાહલખમીચંદગણેશચંદલીસોભાગચંદગેલુમલમારવાડી.
મેંતમોનેરૂ૫૦૦૦) પાંચહજાર આપવાનોનકીઠરાવકીધોછે.
મુદતસરગમેતેરીતેપણનહી
આપુંતોતમનેમારેબમણારૂપીઆએકવરશનીવધુમુદતમાંઆપવા સહી.

જેટલા મોટા અક્ષર છે તે પેહેલી લીટીને બદલે બીજી લીટીમાં ભેળાઈ જવાથી તદન જુદુંજ થઇ પડે છે. આ રીતે કાયસ્થો લખવામાં કપટ રમે છે.

† બીજી કળા–વેપારીઓ પોતાના હિસાબમાં ગુપ્ત આંકડા રાખે છે તેમ. જેમકે કેટલાક વેપારી વેચવાના માલપર

૬મ દાખલ થવું.
૪ લોકોને પોતાના પક્ષમાં કરવાં.
૫ ખરચનો વધારો બતાવવો.
૬ લેવા લાયક વસ્તુના ભાગ કરી આપવા.*
૭ ધનદેવું.
૮ ધન લેવું.
૯ બાકી બચેલી વસ્તુના ભાગ પાડવા.
૧૦ ભેળા કરેલા પદાર્થોને ઓળવી દેવા.†
૧૧ ઉપજને છાની રાખવી.‡
૧૨ કોઇ લઈ ગયું એમ બતાવવું.§
૧૩ નાશ થયું એમ બતાવવું.
૧૪ વેચાતું લઇ ભૂરણુ પોષણુ કરવું.‖
૧૫ જૂદી જૂદી યોજનાઓ

૧૭નો સાંકેતિક આંકડો મૂકે, પણ તેની મૂળ મતલબ ૪૧ (સવાચાર) હોય. આમ કરવાનું કારણ એજ કે હિસાબ કિતાબ જેણે લખ્યો હોય તેજ સમજી શકે, બીજો તો અંદર ગુંચવાયાજ કરે.

* છઠ્ઠી કળા—દાખલો. રાજાને ત્યાંથી હજાર રૂપીઆ ઉપાડવા છે, તો પેહેલેથી જણાવે કે ફલાણાભાઈને આમ આપવું જોઈ ને ઢીકણા ભાઈને ઈનામ દેવું જોઈએ. રમકડા ભાઇએ ઘણું કામ કીધું છે. ને ચમકડા ભાઈ ઘણા લાયક છે. આમ વાત કરે તેમાં પોતાનું તો નક્કીજ કરતો જાય. સઘળું પોતાનુંજ ઘર ભરે—કેમકે પોતાનાંજ સગાં હોય—બીજાને કંઈ આપે નહિ. આમ વેહેંચતાં પણ વધ્યું તો વળી ફાળાના ફાળા પડાવે.

† ૧૦—સોંપેલું હોય તે ઉડાવી દેવું—ગત રમીને પચાવી પડવું.

‡ ૧૧—પોતાની ને રાજની કે શેઠની. જેથી શેઠ કે રાજા સદા ગભરાતો રહે ને વારંવાર પૂછતો આવે.

§ ૧૨—સોંપેલું હોય તે ઉડાવવાને કહે કે મૂકયું હતું તો ચોકસ, પણ કોણ જાણે કયાં ગયું તે જણાતુંજ નથી. ઉંદરો તાણી ગયા. નહિ તો અમુક માણસ જતો આવતો હતો તે પર વેહેમ જાય છે એમ કહી પોતે પચાવવું.

‖ ૧૪—ઘરમાં તો બધું આયતુંજ લાવે, પણ વખતે રાજા કોપે તો બતાવવા કામ લાગે કે હું કોઈનું મુફત લેતો નથી, તેથી બહાર વેપારીને ત્યાં ખાતાં રાખે. અને બતાવે કે અમારે ત્યાં કયાં મુફતનું આવે છે. આવા આવા પૈસા આપવા પડે છે.

કરી આવકમાં ઘટાડો બતાવવો.*

૧૬ સર્વ ભોજપત્ર બાળી આવકનો નાશ બતાવાવો —કારણ કે ભોજપત્ર બળી ગયા પછી ધન લેનારો કોઈપણ રીતે તે ભોજપત્ર મેળવી શકે નહીં.

આ સોળ કપટકળા કલંકવાળા ક્ષયશીળ નવાં નવાં રૂપ ધારણ કરી ઉદય પામનારા દોષાકર‡ કાયસ્થની જાણવી. બૃહસ્પતિની માફક સકળ કપટને જાણનારા કપટી કાયસ્થ લોકો નકાર રૂપ સિદ્ધ મંત્રથી એક ક્ષણમાં આજીવિકા તોડી નાખે છે.

કાયસ્થના કુટિલ કર્મની કહાણી.

દોરડી બળે પણ આમળો ન મૂકે.

પૂર્વે એક **જુગારી** જુગટામાં પોતાનાં ધન, ઢોર વસ્ત્ર વગેરે સર્વ ઘરની સંપત્તિ હારી ગયો ને ઘણીજ દરિદ્રી અવસ્થામાં આવી ગયો. દરિદ્રિનો તો કોઈ દોસ્ત પણ નહિ ને સગો પણ નહી, તેથી તેનાં કુટુંબીઓએ તેને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. જ્યારે પોતાનાં કુટુંબીઓ તરફથી પોતાનું અપમાન થયું, ત્યારે તે જુગારી ભૂમંડળ ઉપર નિરાધાર ભટકવા લાગ્યો.

એક વખતે તે ફરતો ફરતો ઉજ્જયની નગરી તરફ જઈ ચડયો. જ્યારે ઉજ્જયનીનું પાદર આવ્યું ત્યારે તેણે

---

* જેમ હાલમાં બજેટો કરી સરકારી સત્તાવાળાઓ ખરચ ખુંટણ બતાવે છે.

‡દોષાકર એટલે દોષના ભંડાર—અત્રે ચંદ્રને ને કાયસ્થને સરખાવ્યા છે. કાયસ્થમાં પણ કલંક છે, ને ચંદ્રમાં પણ કલંક છે. કાયસ્થ બીજાનો નાશ કરે છે, તેમ ચંદ્ર પોતે ક્ષયરોગી છે. કાયસ્થ દિવસે દિવસે વૃદ્ધિ પામે છે, તેમ ચંદ્ર પણ દિવસે દિવસે વૃદ્ધિ પામે છે. કાયસ્થ દોષનો ભંડાર છે ને ચંદ્ર દોષા—રાત્રીને કરનાર છે. કાયસ્થની સોળ કળા છે ને ચંદ્રની પણ સોળ કળા છે.

રસ્તાનો શ્રમ ઉતારવા માટે જળમાં સ્નાન કરી ધોયેલાં વસ્ત્ર પેહેર્યાં અને શેહેરમાં જઈ આમ તેમ ફરવા લાગ્યો. એવામાં એક એકાંત ભૂમિમાં શંકરનું મોટું દેવાલય તેની નજરે પડયું. આ દેવાલયમાં શંકરની મૂર્તિ* હતી. એ કાળે એ જુગારીને કંઈ કામ ધંધો ન હતો માટે તે આ દેવાલયમાં ફળ, પુષ્પ તથા નૈવેદ્યો વડે રોજ શંકરની સેવા કરતો હતો. દેવાલયની આસપાસના ભાગમાં વાસીદું વાળતો, જૂદા જૂદા રંગનાં મંડળો પૂરતો અને છાણ માટીથી ચોમેર લીંપતો હતો. આવી રીતે તે જુગારી પોતાનાં પાતક મટાડવા માટે ઘણા દિવસપર્યંત દિનરાત્રિ જાગી સ્તોત્ર, જપ, તપ, ગીત, દીપ, તથા ધ્યાન ધારણા વગેરેથી શંકરની ભક્તિ કરવા લાગ્યો; તે "અગડબંબ અગડબંબ નાચે સદાશિવ ઓંકારા" એ વગેરે અનેક ગીતો ગાઈ પ્રતિદિન શિવને રીઝવતો હતો. એ પ્રમાણે સેવા કરતાં ઘણા દિવસો વિત્યા પછી ભોળા શંભૂ તેણે ભક્તિપૂર્વક કીધેલી સેવા તરફ નજર કરીને બોલ્યા, "વત્સ, તારે જે માગવું હોય તે ખુશીથી માગી લે." એવા છેલ્લા શબ્દો શંકરના મુખમાંથી બહાર પડયા તો નથી એટલામાં તો શંકરના કંઠ માંહેલી રૂંઢમાળામાં એક કાયસ્થનું કપાળ હતું, તેણે શંકરના મોઢાને ઝટપટ દબાવીને સંજ્ઞા કરી એટલે શંકર તે જુગારીના કમનસીબને લીધે તુરત બોલતા બંધ પડયા, અને આગળ બોલવાનું હતું તે હોઠમાંથી મુખમાં લઈને ગળી ગયા. પછી જ્યારે તે જુગારી સ્નાન માટે કૂવા ઉપર ગયો તે સમયે શંકરે આસપાસ જોયું કે અહીં બીજો કોઇ પણ નથી, ને એકાંત છે ત્યારે ગંગાના તરંગ જેવાં દાંતનાં કિરણોને આગળ ફેલાવતા બોલ્યા:— "અયે રૂંઢમાળામાંના કપાળ! આ જુગારી ઘણા દિવસ થયા

---

* કેટલેક સ્થળે શંકરની પ્રતિમા આકારવાળી પૂજાય છે તેવી પ્રતિમા, પણ લીંગ નહિ.

અહીં રહી મારી સેવા કરે છે, તેનો નિષ્કપટ ભક્તિભાવ જોઈ હું તેને વર આપવાને તૈયાર થયો તો તે વખતે તેં મારા કંઠને દબાવી મને મુખેથી વર આપતાં અટકાવ્યો તેનું શું કારણ તે કહે." તે સાંભળી શંકરના ત્રીજા નેત્રના અગ્નિની જવાળાના બાળી નાખે એવા તાપ છતાં, મુકુટમાં રહેલા ચંદ્રમાથી ઝરતું અમૃત પી સજીવન રહેલું રૂંઢમાળામાંનું કપાળ, મંદમંદ હાસ્ય કરતું હળવે હળવે બોલ્યુંઃ—

"મહારાજ! આપ સ્વભાવથી ઘણા ભોળા છો—ને તેથી લોકો તમને ભોળા શંભૂ કહે છે, માટે મારી આપ પાસે વિનંતિ હતી; ને તેથી મેં આપને બોલતા અટકાવ્યા છે. જો કે પોતાનો ઉપરી પોતાને આધીન હોય તોપણ કયો માણસ પોતાના ઉપરીને સ્વતંત્ર તરિકે બોધ આપી શકે છે? આ જુગારી જો કે ઘણોજ દુઃખી છે, દરિદ્રતાને લીધે પોતાનો સઘળો કામધંધો છોડી બેઠો છે, અને આપણા દેવાલયમાં ધૂપ, દીપ, પુષ્પ, નૈવેદ્ય વગેરેથી આપની પૂજા પાત્રી કરે છે; પરંતુ તેને આપ જાણો છો? ઓળખો છો? પિછાણો છો? મહારાજ! તેવા દરિદ્રી માણસો પોતાપરનું સંકટ જેમ બને તેમ દૂર કરવા માટે પોતામાં કેવા પ્રકારનાં લક્ષણોથી યુક્ત હોય છે, તે જાણવા સારૂ આપને દરિદ્રીની બાર પ્રકારની કળા કહું છું તે સાંભળોઃ—

દરિદ્રિની ૧૨ કળા.

"(૧) જે માણસ દુઃખી હોય છે તે તપસ્વી થાયછે, (૨) જે દરિદ્રી હોય છે તે સઘળાને માન આપે છે, (૩) જે પોતાના અધિકાર ઉપરથી ભ્રષ્ટ થઈ રદ થયો હોય, અથવા તો જે નિર્ધન થઈ ગયો હોય તેવો માણસ સર્વને પ્રણામ કરે છે, (૪) મીઠું બોલે છે, (૫) દેવ અને બ્રાહ્મણનું પૂજન કરે છે, ને (૬) ગુરુને નમસ્કાર કરે છે. (૭)

પોતાનો કોઇ સાધારણ મિત્ર હોય તોપણ તેને જોતાં વેંતજ ઓળખાણ કાઢી લાંબો થઇને નમસ્કાર કરી ભેટે છે. અગ્નિની બળબળતી ઝાળમાં પડેલા લોઢાના લાઠાની માફક સંતાપથી તપેલા અંતઃકરણવાળા (૮) દુર્બળ લોકોને આપણે જેમ વાળીએ તેમ તેઓ વળી શકે છે—તેઓ (૯) સૌ સાથે નમ્ર સ્વભાવના અને મૃદુ રહે છે, (૧૦) હમેશાં સાદચાર પાળે છે, (૧૧) કાર્ય માટે બહુ લાલસા–ઉલટ બતાવે છે, ને (૧૨) ગદ્ધા વૈતરૂં પણ કરે છે."

"આ વાર્તા એક તરફ મૂકી, જો આપણે વૈભવના મદમાં છકી ગયેલા લોકો તરફ નજર કરીશું તો તો કંઈ કેહેવાનું બાકીજ નહીં રહે. કારણ કે તેઓ તો કોઇની તરફ દૃષ્ટિપ્રસાદ–પ્રેમનજરે પણ કરતા નથી. પૂજન અર્ચનની તો વાતજ શી! જ્યા દાન બાપ જન્મે શીખેલા નથી, નમ્રતા સાથે જન્મવેર છે, ને ઈશ્વરને ઓળખવા એ તો ત્રણ બ્રહ્માંડને ઓળખવાની વાત છે."

"મહારાજ, આ માણસને પણ શ્રીમંતની પંક્તિમાં બેસવા માટે વૈભવની આશા છે. તે આશાપાશનું અવલંબન કરી આપની સેવા કરે છે. જ્યારે તેને આપ વૈભવ આપશો ત્યારે તે એક ક્ષણ પણ આપની પાસે રહેશે નહીં. જેને પોતાના સ્વાર્થનીજ ચિંતા હોય છે તેવા સેવકો હમેશાં માત્ર પોતાનો સ્વાર્થ સાધવા તત્પર રહે છે. પણ જ્યારે તેને ધન મળે છે—તેનો સ્વાર્થ સરે છે, ત્યારે તે ફળદાયક થતા નથી. ઉપરીએ કરેલો ઉપકાર તે ઉપકાર છે એમ જાણી–વિચારી તેની સેવા કરતા નથી; કારણ કે આ જગતમાં પોતાના કાર્યમાં સફળ ઉતરેલો કોઇ પણ માણુસ ઈતરની સ્પૃહા કરતો નથી, પણ પોતે સ્વતંત્ર થઈ રહે છે; કારણ કે પરાધીનતા અતિ વિષમ છે. આપ જ્યારે આ જુગારીને ધન આપી લક્ષ્મીવંત કરશો

ત્યારે તે પણ પોતાને ઘેર ચાલ્યો જશે. જ્યારે તે પોતાને ઘેર જશે ત્યારે આ એકાંત વનમાં—નિર્જન સ્થળમાં-તમારા દેવમંદિરમાં બીજો કોઇ ફળ, જળ, પુષ્પ આદિ ભોગ સામગ્રી અર્પણ કરશે નહીં. માટે આ જુગારીને આપ આ પવિત્ર સ્થાનમાં રાખો. તમે આ માણસને જે વર આપો છો, તે કેવળ તમારી પૂજા બંધ પાડવા માટેજ ભવિષ્યની વાત થઇ પડશે. પોતાના પગપર જાણી જોઇને જે કુવાડો મારે તે મૂર્ખ ગણાય છે."

શંકર રૂંઢમાળાના પેલા કપાળનું ઘણું વક્ર ભાષણ સાંભળી, આશ્ચર્યથી હાસ્ય કરી પૂછવા લાગ્યા—"તું કોણ છે? તે મને ખરેખરૂં કહી બતાવ." તે સાંભળી સદ્ભાવશીળી કાયસ્થનું કપાળ જરા વિચાર કરીને બોલ્યું કે, "હું મગધ દેશનો રહેવાશી છું અને મારો જન્મ કાયસ્થકુલમાં થયેલો હતો. હું મારા કુળ કર્મથી વિરુદ્ધાચાર પાળવા લાગ્યો, એટલે ઢોંગનો ધર્મ તજી દીધો. નીતિથી વર્તવા લાગ્યો ને અનીતિનો અનાદર કર્યો હતો. મને જપમાં, તપમાં, વ્રતમાં બહુ નિષ્ઠા હતી. સકળ શાસ્ત્રના અર્થો હું જાણતો હતો. છેવટના વખતમાં મેં મારા દેહને ગંગામાં ત્યાગ કરી દીધો ને પછી આપની સેવામાં દાખલ થયો. હમણાં આપ પાસે ઘણા આનંદમાં રહું છું." તે સાંભળી શંકર બોલ્યા કે, "તું ખરેખર કાયસ્થ કુળમાં જન્મ્યો છે—તું ખરો કાયસ્થ બચ્ચો છે; કારણ કે હાલ કપાળ માત્રજ તું શેષ રહ્યો છે, તોપણ તેં તારી ને તારા કુળની કુટિલતા ને કપટકળા હજુ છોડી નથી, એજ મને આશ્ચર્ય ઉપજાવે છે." આમ બોલી શિવજીએ હાસ્યની શ્વેત કિરણમાળાવડે પેલા જુગારીની આશાલતાને સફળ કરવા માટે, તે આવ્યો એટલે કાયસ્થના કપાળની સમક્ષમાં તેને સર્વ સુખ વૈભવ આપ્યો;

અને પોતાની કપાળોની માળામાંથી તે કાયસ્થના કપાળને કાઢી ફેંકી દીધું; કારણ કે તે કાયસ્થકપાળ ઈર્ષ્યાથી ભરપૂર ને પરહૃદય જોવા અસમર્થ હતું તેમ વળી કપટ કળામાં પ્રવીણ હતું.

હે શિષ્યો, તમો સર્વેએ જાણવું કે કાયસ્થ લોકો કેવળ હાડકાં રૂપે રહેલા હોય–તેમનાં માત્ર હાડકાંજ રહેલાં હોય તોપણ તે, મનુષ્યોનો ક્ષય કરનારી યમની દાઢ માફક મલિન અને મનુષ્યોનો નાશ કરનારી કુટિલકપટકળાને છોડતા નથી. અર્થાત્ મરી ગયા પછી પણ કાયસ્થ પોતાની લુચ્ચાઈ મૂકતો નથી. મરતાં મરતાં પણ તે બીજાને હેરાન કરે છે. તે પડયો પડયો પણ કુટિલતા છોડતો નથી. એપર તને એક બીજી વાત કહું છું તે સાંભળઃ–

"મુવા કાયસ્થે જીવતા બ્રાહ્મણને ખાધો." "

પૂર્વે ઘણા વરસોપર ઉજ્જયની નગરીમાં **દેવદત્ત** નામનો એક નાગર બ્રાહ્મણ રેહેતો હતો, તે રાજકાજમાં ઘણો કુશળ હતો, ને દરબારની ઘણી કપટકળા શીખ્યો હતો. તેનો **કૃષ્ણવર્મા** નામનો એક મિત્ર હતો, જે જાતે કાયસ્થ હતો. આ કાયસ્થે પોતાની સઘળી કળા **દેવદત્ત**ને ભણાવી પાવરધો કીધો. એક પ્રસંગે રાજાએ **કૃષ્ણવર્મા**ને કાશ્મીરના રાજા પાસે કંઈક સંદેશો લઇને મોકલ્યો. **કૃષ્ણવર્મા** પોતાની સાથે પોતાના મિત્ર **દેવદત્ત**ને પણ લેતો ગયો. કાસ્મીર એ મોહિનીથી ભરેલો કામરૂ **દેશ** છે, ને ત્યાં અનેક પ્રકારની લાલચો વસે છે. રાજકાજ કીધા પછી આ બંનો મિત્ર ત્યાં રહ્યા; અને રાજદ્વારી કપટકળામાં કુશળ હોવાથી થોડા સમયમાં પુષ્કળ દ્રવ્ય **કૃષ્ણવર્મા**એ સંપાદન કીધું; તેમજ થોડુંક દ્રવ્ય **દેવદત્ત** પણ મેળવી શકયો. છએક માસ ગયા તેટલામાં **કૃષ્ણવર્મા**ને જ્વર લાગુ પડયો, ને તે મરવાની અણીપર આવી

પહોંચ્યો. દેવદત્ત બાપડો તેની સર્વ પ્રકારે સારવાર કરતો હતો; ને કોઈપણ રીતે કૃષ્ણવર્માની ચાકરી કરવામાં કસર રાખતો નહિ. ઘણીક રીતે કૃષ્ણવર્મા રોગથી પીડાયો ને મોતને માટે ઘણાં તરફડીયાં માર્યાં, પણ તેનો જીવ કેમે કર્યો જાય નહિ. દેવદત્તે કહ્યું કે "ભાઇ, તારૂં સઘળું દ્રવ્ય તારા કુટુંબને નિઃસંશય હું પહોંચતું કરીશ, ને તું તે વાતની કંઇપણ દરકાર રાખીશ નહિ. તારાં પુત્ર પુત્રી ને ધણીઆણી તે સર્વનું પૂર્ણ રીતે પાલણપોષણ કરીશ." પણ કૃષ્ણવર્માએ કંઇપણ જવાબ દીધો નહિ. તેના મનમાં એમજ થયા કરતું હતું કે આ મારૂં આટલું બધું દ્રવ્ય કોણ જાણે કેવી અવસ્થાને પહોંચશે. તે પુત્ર ને સ્ત્રીને મળશે કે નહિ તેમાં જીવ ભરાયો હતો; પણ દેવદત્તે ધીરજ આપ્યાથી તે કંઇક શાંત થયો, છતાં જીવ જાય નહિ. છેલ્લે તેણે દેવદત્તને કહ્યું કે "જો ભાઇ, તું મારી એક ઇચ્છા પૂર્ણ કરે તો મારો જીવ ગતે જાય. આ મારો જીવ જતો નથી, પણ મારા મુવા પછી મારી ગુદામાં તું એક ખીલી ઠોકવાનું વચન આપે તો મારૂં મરણ હમણાજ થશે." મિત્રની અંતકાળ વેળાની ઇચ્છા જોઈ, તે પ્રમાણે કરવાનું દેવદત્તે વચન આપ્યા પછી તે કાયસ્થે પોતાનો પ્રાણ છોડયો. દેવદત્તે મિત્રની ઇચ્છા પ્રમાણે તેનો જીવ ગયા પછી તેની ગુદાના મળદ્વારના ભાગમાં એક ખીલી ઠોકી બેસાડી.

તે કાયસ્થના મરણ પછી તેને અગ્નિદાહ કરવાની સર્વે તૈયારી દેવદત્તે કીધી, ને ઠાઠડીમાં નાંખીને તે કાયસ્થનું શબ સ્મશાનમાં લઇ જવામાં આવ્યું. ધારા પ્રમાણે તે શબને સ્નાન કરાવવા માંડયું એટલે તેના મળદ્વારના ભાગમાં એક ખીલી બેસાડેલી જણાઈ, ને તેથી ખાંધીઆઓને વેહેમ પડયો કે આ મરણ નથી થયું, પણ દેવદત્તે દ્રવ્યની લાલચે ખુન કીધું છે. તે ખાંધીયાઓએ આ

વાત રાજ દરબારમાં જણાવી. રાજાએ આ બાબતની તપાસ કરવા માંડી ને **દેવદત્તને** કેદમાં નાખ્યો. **દેવદત્તે** પોતાના બચાવમાં સત્ય હકીકત કહી, પણ તે કોઇપણ પ્રકારે માન્ય નહિ રહી—કેમકે આવા પ્રકારનું કૃત્ય કરવાને કોઇ કહે નહિ. એમ માની **દેવદત્તે** દ્રવ્યની લાલચે ખુન કીધું છે એવું ઠરાવી રાજાએ તેને શૂળીએ ચઢાવ્યો.

આ રીતે મુવા કાયસ્થે જીવતા નાગરને ખાધો છે. તેઓ ઘણાજ દગલબાજ અને કપટથી લોકોને છેતરનારા છે.

નિરંતર અપવિત્રતાથી કળાઓને ઉલટા દૂષણ દેનારા, પાપી ને નરકની પેઠે દુઃખ આપનારા કાયસ્થ લોકોની મગરૂરીથી કયો માણસ સુખ પામે છે? જે માણસ મયદાનવ વગેરે માયાવીની કપટ કળાઓને જાણી કાયસ્થોની કપટકળાને પિછાણે છે, તે બુદ્ધિમાન્ માણસ રત્નથી ભરેલી આખી પૃથ્વી પોતાને તાબે કરે છે એમ સમજવું.

વત્સ **ચંદ્રગુપ્ત**, ઉપર જે મેં તને કાયસ્થની કુટિલતાની વાર્તા કહી તેમાં જુગારીનો પ્રસંગ ઘણો જાણવા જોગ છે. જુગારીઓ આતાળપાતાળની વાતો કરી મનુષ્યનાં મન લલચાવે છે, તેઓ પણ કેટલીક ખાસ કળા રાખે છે તે આ પ્રમાણે છે-ને એ કળા જાણવાથી કોઇપણ દિવસે તેવા જુગારીઓથી મનુષ્ય છેતરાતો નથી.

જુગારીની ૧૬ કળા.

૧ દ્રવ્ય કમાવું એ વિસાતની વાત નથી એમ કહી સામા મનુષ્યને લલચાવવો. ૨ જુગટું રમતાં પ્રથમ હારવું ને સામા ધણીને લોભી કરવો. ૩ ચાર જાતની રમત શીખવી:—પાસા, પાનાં, પૈસાની ઉછાળણી ને લંકાદુવા, તીડકા વગેરે રમવા. ૪ કૃત્રિમ પાસા બનાવવા, ને તે છુપા રાખી બદલવા. ૫ હાથેળીમાં ખાડો પાડી કોડીઓ રાખવી. ૬ બિલાડી, ઉંદર, નોળિયો વગેરે જનાવરોને પાળી કેળવવાં, ને તેમને પાસ

બદલવાની કળા* શિખવવી. ૭ રાજાને ઘૂત રમતાં શિખવવાની કળા. ૮ દીવો હોલવવાની કળા.† ગભરાવવાની કળા. ૯ (પકડાય ત્યારે) ધૂળ નાંખવાની, હવાઈ ફોડવાની, નાસવાની, કૂદવાની, ને સમજાવવાની કળા. ૧૦ પુષ્કળ કમાય ત્યારે લુચ્ચા જુગારીથી બચવાની કળા. ૧૧ પકડાય નહિ તેવું જૂઠું બોલવાની કળા. ૧૨ હાર્યા પછી નહિ આપવાની કળા.‡ ૧૩ ઠેઠના ઠેઠ સુધી હારે તોપણ રમવાની કળા. (હાર્યો જુગારી બમણું રમે.) ૧૪ પાસા નાંખવાની કળા(કે જેથી ધાર્યોજ દાવ પડે.)—મુઠ્ઠી ભરવાની કળા. ૧૫ લઠીઊઠવાની કળા. (ત્રાહિત રમવા આવે ને પોતાનો જીતપર કે હારપર દાવ હોય તે વેળાએ સિદ્ધ સાધક થવાની કળા.) ૧૬ ઉદાર દિલ રાખવાની કળા. (કેમકે ઘણાં નાણાંની જા આવ થાય છે) આ શિવાય તેની બીજી ઘણી પેટાકળાઓ છે તે આઃ-હર્ષ કે શોક અંગમાં રેહેતો નથી (જય પરાજય પ્રારબ્ધાધિન છે, માટે); ક્રોધ વ્યાપવો ને સમાવવો (હેતુ પાર ન પડે તેથી ક્રોધ વ્યાપે, પણ કાર્ય સિદ્ધિ માટે ક્રોધ સમાવે છે); બુદ્ધિ ખિલવવી(ચોપટ વગેરે રમ્યાથી ડાહાપણ આવે છે); એકલીનતા(પાનાં ચોપટ ર-

---

* ગણિકાને ત્યાં રાજપુત્ર રમવા જાય છે ત્યારે આ કળાનું કામ પડે છે. ગણિકા પાસે આ કળા હોય છે.

† ભદ્ર નામના જીવડા થાય છે તે જુગારીઓ ને ચોરો પોતા પાસે રાખે છે. જ્યારે જુગારીઓનો દાવ બંધબેસતો ન આવે ત્યારે ખીસામાંથી આ જીવડો કાઢે છે, ને તરત છૂટો મૂકે છે. એ જીવડામાં એવી ટેવ હોય છે કે જેવો તે છૂટો થયો કે તરત દીવાપર જઈને બેસે છે, ને દીવાને ઓલવી નાખે છે. તેટલામાં જુગારી પોતાનો દાવ સાધી લે છે.

‡ મૃચ્છકટિક નાટકમાં આ કળા છે. સભિક, માપુર ને સંવાહક ત્રણ રમ્યાં, તેમાં ત્રીજો હાર્યો. તેણે એકને જઈને કહ્યું કે તું અડધું છોડી દે. તેણે હા પાડી એટલે બીજાને કહ્યું કે તું અડધું છોડી દે. તેણે પણ હા પાડી. બંનોએ અડધું છોડવાની હા પાડી ને કહ્યું કે બે અડધા છોડયા એટલે હવે કંઈ ન રહ્યું-જાઓ રામરામ।

મતાં સર્વે ઇંદ્રિઓ એકતાર થાય છે); સાહસ કર્મમાં પ્રીતિ(લાખોની હોડ મૂકતાં, ઘરબાર હારતાં, ને છેલ્લે સ્ત્રીને પણ હોડમાં મૂકતાં વિચાર નથી થતો*); હૃષ્ટપુષ્ટ અંગે બને છે(ઉદારતાથી). લોકો ડરે છે (જુગારીઓ ક્રૂર હોયછે તેથી તે સાથે સંબંધ થવાથી કંઇ અપમાન તો નહિ કરે), પુરુષપણાનું અભિમાન; પરઅંતઃકરણ જાણવાનું ડાહાપણ; વિલક્ષણ ઔદાર્યતા(ઝટ કમાય ને પટ દેતો કે કોઈને જોઇયે તે આપી દે); વિચક્ષણતા, વસ્તુ મેળવવી, રક્ષણ કરવું, ઉપભોગ કરવો; ભોગવેલી વસ્તુનું સ્મરણ પણ સંતાપ નહીં; કોપાયમાનને સમજાવવાની કળા; વાણીમાં ચતુરાઇ કે જેથી મિત્રો ને સગામાં શ્રેષ્ઠ થવાય.

સર્ગ ૬ ઠો.

મદ વર્ણન.

રાત્રી પડતાં સર્વે શિષ્ય મંડળી ભેગી થઈ. દેશદેશાંતરથી ઘણાક લઘુધૂર્ત ને ગુરુધૂર્તો, જાત જાતના પ્રશ્નો પૂછવા આવ્યા હતા તેઓ સર્વે ધૂર્તશિરોમણી **મૂલદેવ**ના આવવાની વાટ જોતા હતા. કેટલીક વારે વગર આડંબરે **મૂલદેવ** આવીને આસનપર વિરાજ્યો, ને ઘણાકોને ખુલાસા કરી વિદાય કીધા. પણ કેટલાક તેના જૂના શિષ્યો હતા તેઓ બેઠા રહ્યા એટલે **મૂલદેવે ચંદ્રગુપ્ત**ને નજીક બોલાવી પોતાનો ઉપદેશ આપવા માંડ્યો.

તે બોલ્યો, **ચંદ્રગુપ્ત**, તું જાણે છે કે **મદ†** નામનો

* ધર્મરાય યુધિષ્ઠિરે દ્રૌપદી જેવીને પણ હોડમાં મૂકી હતી.
† જે મદ જણાવ્યા છે તે તે પોતાના સ્વરૂપમાં માણસને મોહિત કરી આંધળા કરી મૂકે છે. એમ સમજવું.

એક મોટો શત્રુ સઘળા માણસોના અંતઃકરણમાં પોતાનો વાસ કરી રહ્યો છે? આ શરીરમાં મદનો પ્રવેશ થવાથી હરકોઇ માણસ કંઇપણ સાંભળી શકતો નથી, તેમજ સારાસાર વસ્તુને જોઇ પણ શકતો નથી; કિંતુ મૂર્ખની માફક વિચારશૂન્ય બની જાય છે. પૂર્વે સત્યયુગના સમયમાં જે **દમ** (ઇન્દ્રિયનિગ્રહ) નામનો એક પદાર્થ આત્મજ્ઞાનીમાં રહેતો હતો, તેણે આધુનિક કળિકાળમાં **મદ** (ઉન્મત્તપણા)નું અંગ ધારણ કીધું છે. આવી રીતે અવળી આકૃતિનો વિરૂપ બની તે હમણાં સર્વ મનુષ્યમાં વિપરીતપણાથી વર્તે છે. જેમ **સાક્ષર*** વિરૂપ બનવાથી **રાક્ષસ** થાય છે ને પછી ઘોર સંહાર કરે છે, તેમજ **દમ** વિરૂપ થવાથી **મદ** નામ ધરી મનુષ્યમાં મોટો સંહાર કરે છે. મૌન રહેવું, બોલ્યા કરવું, ઉંચું જોવું, નેત્ર વિલક્ષણ રાખવાં, શરીરમાં ચંદન આદિ સુગંધી પદાર્થો ચોપડવા, રંગીન નવાં વસ્ત્રો પેહેરવાં, આ મદનું મુખ્ય રૂપ છે. હવે મદના જૂદા જૂદા ભેદ છે તે બતાવું છું. **શૌર્યમદ,† રૂપમદ, શૃંગારમદ,** અને **કુલોન્નતિ મદ‡** આટલાં મોટાં મદનાં વૃક્ષો છે. મનુષ્ય પ્રાણી આ વૃક્ષ સાથે હમેશાં અત્યંત સંબંધ રાખે છે. આ સર્વ વૃક્ષોનું મૂળ **વૈભવમદ§** છે. **વૈભવમદ** શૂળીમાં પરોવેલાની માફક અથવા વાયુના દરદથી પીડિત-સ્થિર થયેલાની માફક અથવા ભૂતની માફક હમેશાં ટટાર રહે છે—જરાપણ તે નમતો નથી. તે તાવમાં ઉત્પન્ન થયેલા સન્નિપાતના જેવો અત્યંત ભ્રમ કરાવનારો છે. **શૌર્યમદ** હાથને વારંવાર બતાવે છે, નેત્રની પળક પણ મારતો નથી, ખભા ઠોકે છે, લાકડી

* વિદ્વાન.
† શૂરપણાનું અતિ અભિમાન.
‡ કુલ ઉંચું હોવાનું અભિમાન.
§ ધન ધાન્ય વગેરેનું જોર.

અપાળે છે, ને જાણે છે કે ત્રિભુવનમાં તેના જેવો કોઈ બાણુવળી નથી–તે લડો કે લડનારો આપો તેમ બાણાસુર પેરે હમેશાં છીદ્રાં શોધ્યા કરે છે. **રૂપમદ** વારંવાર દર્પણ–આરસામાં જોવરાવનારો છે. ટાપટીપ ને ચાપાચાપ કરવી, વાળ સુંદર રાખવા, મૂછને સમારવી, લુગડાંલત્તાં ઠીકઠાક રાખવાં એ તેના સહાયકો છે. **કામમદ** સ્ત્રી ઉપર વારંવાર નજર કરાવે છે અને જે **વિલાસમદ** છે તે તો જન્મથીજ આંધળો છે. તેનો સંગ કરનારા દિવસે પણ દેખતા નથી. **ધનમદ** અવર્ણ્ય–અનુપમ–અનંત સુખ આપે છે. કારણ કે **ધનમદ**વાળા એકાંતમાં, આળસુની આખો દિવસ નિંદા કર્યા કરે છે. **મૂર્ખતારૂપમદ** અતિ વિચિત્ર છે. તેને કોઇપણ વસ્તુનો આધાર નથી એટલે તે નિરાધાર કહેવાય છે. પરંતુ તેની ખુબી ઓરજ છે. તે મદ પોતાની સાથે સંબંધ રાખનારા મનુષ્યને આડકતરી બાબતમાં ઉતારી પાડે છે–વિચારશૂન્ય કરી મૂકે છે, અને 'નિષ્ફળતા' એ નામના અનેક તોફાનમાં ફસાવે છે–કે જેમાં જરા પણ શ્રેયની આશાજ ન હોય. **તપસ્વીમદ*** હમેશાં પૃથ્વી તરફ જોવા દેતો નથી, પણ આકાશ તરફજ નજર કરાવે છે. **ભક્તિમદ**† આશ્ચર્ય પમાડી દેહનું ભાન ભુલાવી દેછે; કારણ કે તે સહજ ચપળ છે. **શ્રુતમદ**‡ અતિશય સખ્ત છે; તે કોપ કરાવી નેત્રને લાલ રખાવે છે, અને બીજાની વાણી જરાપણ સાંભળવા દેતો નથી, પણ પોતેજ લવલવાટ કર્યા કરે છે. તે **શ્રુતમદ** વાત પિત્ત અને કફ આ ત્રણ પદાર્થોને ક્ષોભ પમાડનારો છે. એક વળી મનુષ્યમાં **સત્તામદ** છે. મનુષ્યમાં અધિકારમદ જ્યારે આવીને વાસ કરે છે ત્યારે તે મદના

---

* હું તપસ્વી છું એવા મદથી માણસ ઉંચુંજ જોઈ રાખે છે તે. † હું ભક્તિવાળો છું તે. ‡ હું પંડિત છું વા મેં શાસ્ત્ર વાંચ્યાં છે તે.

પ્રતાપથી મત્ત થયેલો અધિકારી પોતાની ભ્રૂકુટી ચડાવીને ચડાવીજ રાખે છે. બોલાવવા વખતે સખ્ત વચનોથી બીજાને ઠપકો આપે છે, કેટલાએકને તેમના ઓહ્દાપરથી ઉતારી પાડે છે; અને સઘળાની લાંચ લઇ પોતે ખાઇ-બદેલો થાય છે. તે પોતાના હાથમાં એક ગુપ્ત ચાબકો રાખે છે, જેવડે સૌને હાંકે છે. કોઈને વળી તે ઝાપેટે પણ છે, ને સૌને બતાવે છે કે મારા જેવો આ ભૂમંડળમાં કોઇ નથી. તે પોતાથી શ્રેષ્ઠને જોઇ શકતો નથી—ને તેવાના ગુણની પ્રશંસા થાય તો મોં મચકોડે છે, વાતને ઉડાવે છે, ને વાતમાંથી ઊઠી ભંગાણુ પાડે છે. માટે **સત્તામદ**ને તો ક્રૂર રાક્ષસ જાણવો. **કુળમદ** જે માણસમાં નિવાસ કરે છે તે માણસ જ્ઞાની, લાંબો વિચાર કરનાર, ને અભિમાની થાયછે; પરંતુ પોતાના પૂર્વજોનાં પ્રતાપશાળી ચરિત્રોનાં ગપ્પાં મારી પોતાની ખરી કર્તવ્યતામાં ચૂકી જાય છે. જેમાં **શૌચમદ** વાસો કરે છે તે માણુસ કોઇને પણ અડકતો નથી પણ પોતે દૂર રહ્યા કરે છે; અને બીજા સઘળા પદાર્થોને અપવિત્ર ગણે છે. માટે તે અદ્ધર (આકાશમાં પણ કયાંઇ અપવિત્ર પદાર્થ તો નહીં હોય એવી શંકાથી તેનાથી પણ અળગો) ચાલે છે. જાણે સઘળું અંગ સંકોચીને ઠેકડા મારતો ચાલતો ન હોય તેવો જણાય છે.

ઉપર ગણાવેલાં તે સઘળાં મદવૃક્ષોનો એક દિવસે અંત આવે છે, કારણુ કે તેનાં મૂળોનો નાશ થયો એટલે તેનો પોતાની મેળેજ નાશ થાય છે.* પરંતુ **વરમદ**† ઘણોજ કુટિલ છે ને ભોગી છે, તે નિરંતર પોતાનો પ્રકાશજ કર્યા કરે છે. **પાનમદ**‡ અતિ નીચ કર્મ કરાવનારો, નિં-

---

* આત્મજ્ઞાન ઉત્પન્ન થાય એટલે મદ નાશ પામે અથવા મદ ઉલટાઈ શમ દમવાળો થાય એટલે પણુ નાશ પામે.

† હું મોટો, રૂપાળો, શ્રેષ્ઠ વગેરે થવું તે.

‡ ઉન્મદા મદ્ય—દારૂ પિવાથી થયેલો મદ.

હાનું એક પાત્ર અને મોહ ઉપજાવનારો છે. આ પાનમદનું આવરદા તો ક્ષણુ એકજ છે, એટલે તે ઝાઝીવાર ટકી શકતો નથી; પણુ જ્યારે તે પોતાના સ્વરૂપમાં આવી પ્રકાશે ત્યારે હજારો વર્ષથી મેળવેલા સુસ્વભાવ-સદ્વર્ત્તન વગેરેને ક્ષણુમાં પાયમાલ કરી નાંખે છે.

મદ્યમદ-હલકી તાડી વગેરે પીવાથી થયેલો મદ સર્વત્ર સમાન દૃષ્ટિ કરાવે છે-પોતામાં અને પરમાં ભેદ દૃષ્ટિ કરાવતો નથી—વિદ્યાવાન, બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરો અને ચંડાલ આ સર્વ ઉપર સમાન ભાવ કરાવે છે. સોનું, માટી કે પથ્થર એ સઘળાં તેની નજરે એકજ જણાય છે. પરંતુ તે સત્યાસત્યવિચારશૂન્ય-ખરૂં ખોટું જાણુવા અસમર્થ હોવાથી નરકમાં નાખે છે. આ **મદિરામદ** ગાંડાની માફક રોવરાવે છે, હસાવે છે, ગવરાવે છે, વિલાપ કરાવે છે, ઘણી મૂર્છાઓ ખવરાવે છે અને જૂદા જૂદા ચાળાઓ કરાવે છે. માટે **મદિરામત્ત** પુરુષને સંસારરૂપ એક અરિસાના પ્રતિબીંબ જેવો જાણુવો. કારણુ કે જે જે ચરિત્રો સંસારમાં જોવામાં આવે છે, તે તે ચરિત્રો મદમત્ત પુરૂષના શરીરમાં પણુ જોવામાં આવે છે. મદિરા પીવાથી મત્ત થયેલા પુરુષો પરપતિને ચુંબન આપવાને પ્રેમ બતાવતી પોતાની પ્રિયાને લાલચોળ નેત્રવડે જુવે છે, પરંતુ પોતાના મનમાં જરાપણુ અરરાટી કરતા નથી. માટે તેમને શું સંન્યાસી-યોગી જાણુવા ? ના. તેઓને તો અતિશય ભ્રષ્ટ જાણુવા. કારણુ કે તેઓ વસ્ત્ર પણુ કાઢી નાખી હાથના ખોબામાં મૂતરી, જેમાં ચંદ્રમાનું પ્રતિબિંબ પડે એવા તે મૂત્રને પણુ પી જઈ માને છે કે મેં ચંદ્રનું પાન કીધું !! માટે તેની ભ્રષ્ટતાની કંઇ સીમાજ નથી.

આ નીચે પ્રમાણે મદ ને તેની કળા પ્રકટ જણાય છે.

૩૨ મદલક્ષણુ-કળા.

૧ દમ*ટળી મદ થયો છે તે કળા.
૨ શૌર્ય મદ કળા.
૩ રૂપમદ કળા.
૪ શૃંગાર મદ કળા.
૫ કુલોન્નતિમદ કળા.
૬ વૈભવમદ કળા.
૭ કામમદ કળા.
૮ ધનમદ કળા.
૯ મુર્ખતારૂપમદ કળા.
૧૦ તપસ્વીમદ કળા.
૧૧ ભક્તિમદ કળા.
૧૨ શ્રુતમદ કળા.
૧૩ સત્તામદ કળા.
૧૪ કુળમદ કળા.
૧૫ શૌચમદ કળા.
૧૬ વરમદ કળા.
૧૭ સ્વગુણગાનમદ કળા.
૧૮ પાનમદ કળા.
૧૯ મદિરામદ કળા.
૨૦ મત્ત થઈ અદ્ધર ચાલવાની કળા.
૨૧ હાથમાં નિરંકુશિત દંડ રાખવાની કળા.
૨૨ બે નેત્ર છતાં ત્રીજું નેત્ર ધરવાની કળા.
૨૩ પગલાં ઘણા જોરમાં ધરવાની કળા.
૨૪ કાન બેહેરા રાખવાની કળા.
૨૫ ત્રણે નેત્ર છતાં અંધ રહેવાની કળા.
૨૬ નેત્ર રાતાં ચોળ રાખવાની કળા.
૨૭ મૌન ધરવાની કળા.
૨૮ મૂછપર સદા હાથ ધરવાની કળા.
૨૯ સ્થિર દૃષ્ટિ રાખવાની કળા.
૩૦ મૂર્ખ છતાં ડાહ્યો ગણાવાની કળા.
૩૧ પૃથ્વી ધમધમાવી સ્થંભની માફક ટટારજ રહેવાની કળા.
૩૨ નિંદાપાત્ર થવાની કળા.

મદ ઉત્પત્તિ-ચ્યવનમુનિ અને સુકન્યા.

હવે મદની ઉત્પત્તિ બતાવું છું તે સાંભળ. પૂર્વે ચ્યવન નામના મુનિ વનમાં તપ કરતા હતા. તપ કરતાં કરતાં હજારો વર્ષ થઇ ગયાં તેથી તે ઋષિના મ-

*દમ એટલે ઇંદ્રિયોનું દમન કરવું તે રૂપી જે ગુણ તેમાં અતિ ગર્વીપણું એ રૂપ મહાન્ દુર્ગુણનો પ્રવેશ થવાથી દમની વિકૃતિ થઈને તે મદ રૂપે થયો છે.

સ્તક ઉપર ધૂળનો મોટો રાફડો બંધાઈ ગયો હતો. એક વખતે **ચ્યવન** ઋષિના તપોવનમાં **શર્યાતિ** રાજા પોતાના કુટુંબ સહિત શિકાર કરવા માટે આવ્યો હતો. તેની સાથે તેની **સુકન્યા** નામની નાની કન્યા પણ આવી હતી. તે પોતાની સખી સાથે ઋષિના તપોવનમાં ફળ ફૂલને તોડવા આમ તેમ ફરવા લાગી. ફરતાં ફરતાં થોડે દૂરના ખેતરોમાં જઇ ચડી. ત્યાં એક રાફડો નજરે પડયો; કન્યાએ જોયું તો અંદર બેઠેલા મુનિનાં બે નેત્ર ચળકાટ મારતાં બહાર દેખાયાં, જેને તે કન્યાએ કોઈ પશુનાં નેત્ર જાણ્યાં. તુરત **સુકન્યા**એ બાવળની બે સૂળ્યો લઇ તે ચળકાટ કરતા ભાગમાં ઘોંચી એટલે તરત તેમાંથી લોહીની ધારા પડવા માંડી! આ જોઇ કન્યાએ તે રાફડાને ફોળી નાખ્યો, તો તેમાંથી કેવળ હાડકાંજ બાકી રહ્યાં હતાં એવા **ચ્યવન** ઋષિ બહાર નિકળ્યાં. બહાર નિકળતાંજ ઋષિ બોલ્યા કે "મારી આંખ્યો કોણે ફોડી નાખી? હમણાં હું તેને શાપ દઈ પાયમાલ કરી નાખું છું." એમ મનથીજ કોપે છે એટલામાં તો રાજાની સેનામાં સર્વ મનુષ્યનાં પેટ વધી ગયાં, અને ઝાડો પેસાબ બંધ થઇ ગયો. ત્યારે તે સચ્ચરિત્રશાળી રાજાએ વિચાર્યું કે આ અચાનક કોપ શો? ધાર્યું કે કોઈ ઋષિ કોપ્યા છે, તેથી કહ્યું, "અરે કોઇ છેરે! સેવકો! જાઓ જુવો આપણા માણસે કોઇ મુનિ ઋષિને દુઃખ તો નથી દીધું?" આમ હુકમ કરી તપાસ કરાવતાં જણાયું કે પુત્રી **સુકન્યા**એ ઋષિના નેત્રમાં કાંટા ઘોચ્યા છે તેના અપરાધથી આમ થયું છે. રાજા તરત ઋષિની સમીપ ગયો ને દંડવત્ કીધા.

સુકન્યા ઋષિને અંધ થયેલા જોઇને બોલી, "મહારાજ હું અપરાધી છું, તો હવે આ દાસીને કૃતાર્થ કરો. આ દાસી હવેથી તમારીજ છે; કહો શી આજ્ઞા છે! તમારી

હમેશાંની કિંકરી હવે બીજાનું કિંકરીપણું નહીં સ્વીકારે!" એવામાં તો તેનો પિતા પણ ત્યાં આવી પહોંચ્યો, તેણે પણ તે વાર્તા સ્વીકારી અને પોતાની પુત્રી ઋષિવેરે પરણાવી દીધી.*

પછી ઋષિ પોતાની વૃદ્ધાવસ્થા તરફ નજર કરી વિચાર કરવા લાગ્યા કે મારે **અશ્વિનીકુમાર**ની સેવા કરીને ફરી તરુણાવસ્થા મેળવવી જોઇએ. તે વગર આ નવયૌવનાને રંજન કરી શકીશ નહિ. આવો વિચાર કરી **અશ્વિનીકુમાર**ના કહેવા પ્રમાણે તેમણે પોતાની તરુણાવસ્થા સંપાદન કરી; અને તેઓના કરેલા ઉપકારના બદલામાં બન્ને **અશ્વિનીકુમારોને** યજ્ઞમાં સોમરસ પીવાનો અધિકાર આપ્યો. એ વાર્તા સાંભળી ઇંદ્રને અત્યંત કોપ ચઢયો; અને તે બોલ્યો, "મુનિરાજ, તમને કંઈ પણ ખબર નથી. વૈદ્ય **અશ્વિનીકુમાર** દેવતાની પંક્તિમાં બેસવા લાયકજ નથી. કારણ કે તેમને દેવપંક્તિમાંથી બહાર કરવામાં આવ્યા છે. માટે આ કાર્ય તમે અઘટિત કર્યું છે. તો વિચાર કરી એ સોમપાનનો હક રદ કરો." આવી રીતે ઇંદ્રે કહ્યું તો પણ **ચ્યવન** મુનિ એકના બે થયા નહીં. તેમણે પોતાની ઇચ્છા પ્રમાણે **અશ્વિનીકુમારોને** સોમરસનું પાન કરાવ્યું. કહ્યું ન સાંભળવાથી અને અપમાન થવાથી ઇંદ્રને અત્યંત કોપ ચઢયો અને તેણે પોતાના હાથમાં વજ્ર લઇ મુનિ **ચ્યવન** ઉપર ઉગામ્યું. તત્ક્ષણે મુનિએ ઇંદ્રના અતિ ગર્વિષ્ઠ બાહુને તેવો ને તેવો સ્થંભાવી રાખ્યો અને ઇંદ્રનો નાશ કરવા માટે એક **કાળિકા**—કૃત્યારૂપ મહા અસુર ઉત્પન્ન કર્યો. આ **કાળિકા**નું શરીર હજાર યોજન ઉંચું હતું ને ચાર વજ્ર

---

* આ કથા પ્રસંગમાં થોડો ફેર છે. એ માટે શર્યાતિની કથા જોવી.

જેવી દાઢ હતી, તેથી તે મહાકાળ જેવી લાગતી હતી. આ કૃત્યા ઈંદ્રના શરીરમાં પેશી ગઈ, તેથી ઈંદ્રને મહા ભય લાગ્યો. પીડિત ઈંદ્ર ક્ષમા યાચવા **ચ્યવન** મુનિ પાસે આવ્યો ને પ્રણામ કરી બોલ્યો, "મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો. ભલે **અશ્વિનીકુમાર**ને સોમરસનું પાન કરાવો." તે સાંભળી કરૂણાસિંધુ **ચ્યવને** ભયભીત થયેલા ઈંદ્રને શાંત પાડયો ને તેના શરીરમાં જે ભયંકર **કૃત્યારૂપ** અસુર ઘર કરી પડયો હતો તેને તેમાંથી બહાર કાઢયો, અને તેને **મદ** એવું નામ આપી તેને રહેવા માટે ચાર મુખ્ય સ્થાન તુરતને માટે આપ્યાં:-(૧) જુગટું, (૨) સ્ત્રી, (૩) મદિરાપાન, અને (૪) મૃગયા. એ સિવાય તેણે બીજે ઘણે સ્થળે પ્રવેશ કર્યો તે નીચે પ્રમાણેઃ-

મદનો વાસ.

પછી તેને (૫) સ્તંભની* માફક સ્થિર રહેનારા ગુણાભિમાની પુરુષોના હૃદયમાં વસવા કહ્યું; તેમજ **ધનમદ**માં છકી જવાથી કોઇ સાથે (૬) ભાષણ ન કરનારા પુરુષોના મૌનપણામાં, (૭) વૈભવવાળા લોકોની એક સ્થિર નજરમાં, (૮) પૈસાદાર પુરુષોની ભમર ઉપર, (૯) દૂત અને પંડિતની જીભ ઉપર, (૧૦) રૂપાળા પુરુષના દાંત, વસ્ત્ર અને કેશ ઉપર, (૧૧) વૈદ્યના ઓષ્ઠ ઉપર, (૧૨) ગુણી, અધિકારી અને જોશીના ગળામાં, (૧૩) સુભટોની કાંધ ઉપર, (૧૪) વાણીઆઓના મનમાં, (૧૫) કારીગરોના હાથમાં, (૧૬) વિદ્યાર્થીઓના ગળામાં, (૧૭) ગ્રંથોના પત્રોમાં, (૧૮) આંગળીઓના મરોડમાં, (૧૯) તરુણીઓના સ્તન ઉપર, (૨૦) શ્રાદ્ધમાં લાયક એવા બ્રાહ્મણોના ઉદરમાં, (૨૧) કાસદીઆની

---

* જ્યાં જ્યાં મોટાઈ હોય છે ત્યાં ત્યાં મદ જાણવો. મુંગા રહેવું, સ્થિર નજર કરવી, ટટાર રહેવું, આ સઘળા મદજ જાણવા. કારણ કે તે વગર તેમ થાયજ નહીં.

જાંઘમાં, (૨૨) હાથીના ગંડસ્થલમાં, (૨૩) મોરનાં પિછાંમાં, અને (૨૪) હંસોની ચાલમાં તેને વાસ કરવાની આજ્ઞા આપી. એથી તે કાળશક્તિએ જે જે સ્થળે પોતાનો વાસ કર્યો છે તે તે સ્થળમાં મદનું સ્વતઃ દર્શન થાય છે. આવી રીતે અનેક વિકારથી સર્વને મોહ કરનારો તે મહા દુઃખદાયક ગ્રહ જેવો છે, ને હમેશાં સર્વ પ્રાણીઓના શરીરમાં પ્રવેશ કરી તે તે પ્રાણીને કાષ્ટ જેવા જડ-સ્થિર બનાવી મૂકે છે. માટે મહાભિમાન ધરવું નહિ ને મહાભિમાનીનો સંગ પણ તજવો.

સર્ગ ૭ મો.

ગાયક વર્ણન.

રૂપેરી વર્ણની ચન્ની ચાદર ચોમેર ચકચકીત ચળકારા કરી રહી હતી. આ વેળાએ **મૂલદેવ** અગાસીમાં બેઠો હતો. પોતાની કળા શિખવવાનો આ વખત તેને યોગ્ય લાગ્યો, ને તેથી પોતાના સર્વે શિષ્યોને સમીપ તેડીને પછી **ચંદ્રગુપ્ત**ને કહ્યું, "વત્સ, તને ગાયન આવડે છે કે? તેણે પ્રણામ કરી ડોકું ધુણાવ્યું કે "ના મહારાજ." **મૂલદેવ** બોલ્યો, "અલ્યા, તું શ્રીમંત છતે ગાયન આવડતું નથી એ શું? વારૂ તને તેનો શોખ છે?" "નહિ મહારાજ, જરાએ નહિ." "ત્યારે તો તું નસીબદાર નિવડશે." તારે ગાયક-ગવૈયા બજવૈયાથી સદાએ સાવધ રેહેવું. એ ગવૈયા પણ એક તરેહના લૂટારાજ છે એમ જાણવું."

માણસો જે જે કાર્યનો આરંભ કરે છે તે તે સઘળાં કામ ધનથી બની શકે છે. જો ધન ન હોય તો નિર્ધન મનુષ્યથી એક પણ કાર્ય પરિપૂર્ણ કરી શકાતું ન-

થી. જગતમાં સર્વત્ર ધનને મોટામાં મોટી વસ્તુ માનેલી છે. આ અનેક કાર્યમાં સહાય કરનારા ધનને પણ ગાયન કરનારા ગવૈયાઓ લૂટી લે છે. ગવૈયાઓ મોટા મોટા ધનવાનને લૂટે છે, મધ્યમ સ્થિતિના મનુષ્યોને લૂટે છે, નીચ પુરુષને સેવી તેની પાસથી ધન કઢાવે છે ને કૃપણને પણ છોડતા નથી. જેમ ભમરાઓ ભર્યા તળાવના શ્રેષ્ઠ કમળોનો ઉપભોગ લે છે, સાધારણ કમળોનો ઉપભોગ લે છે અને એક હલકા ઝાડ ઉપર પણ બેસે છે; તેમ ગવૈયા લોકો રાજસભામાં વિરાજમાન થાય છે, અને સમય આવે ઘડા ઉપાડે છે, વસ્ત્ર વગેરે પણ ઉપાડે છે, ગાડાંને પણ ખેંચે છે ને હા હા હી હી ને આ આ ઈ ઈ કરવામાં પણ તૈયાર હોય છે. ગવૈયાને ભુંજડવાળ ઘણી હોય છે. તેઓ પોતાના વાળ છૂટા મૂકીને ડોલતા હાથી પેરે ચાલે છે, વ્યભિચાર કરે છે, મદ્ય પીયે છે, તેટલું છતાં તેઓ-માં એક એવી કળા વસે છે કે સમય આવે રાજાને પણ તેઓ ફોલી ખાય છે. ચોર લૂટવા આવે છે તે તો અંધારી રાત્રિએ ગુપ્ત રીતે આવે છે; પરંતુ ગવૈયા લોકો તો ધોળે દિવસે હોકારા કરી, હજારો લોકોને જણાવીને पापा धध निनि गग मम सा। धध नन॰ सस गागा धाधा मामा पापा આવી રીતે સારિગમને ગોઠવી બોલતા ફરે છે. તેઓ હાથમાં મૃદંગ લઈ ઘણીવાર સુધી તો કંઈપણ બોલતા નથી, પણ સામા મનુષ્યને દર્દી પીછા-ણ્યો કે પછી વાંકા વળીને, પૂંદડી ફરીને, ચોમેર ચમકાવીને, અંગના અનેક મરોડો કરી મુખને આડું અવળું ફેરવી, અનેક પ્રકારના વિકાર જણાવી, ગાવા લાગે છે. વચમાં જય જયના પોકારો કરતો જાય છે. એક એક પદે हाआआ आ आ ई ई એમ કરી ગીતનો ફરી ફરીને આરંભ કર્યો હોય તેમ બતાવી માનના શબ્દો સ્વીકારતો જાય છે; અને

પોતાનાં ગાયનોને લંબાવે છે. આવા અનેક ઢોંગ કરી ગવૈયાઓ ધોળે દિવસે હોકારા કરી આપણા ધનને લૂટી જાય છે. ધોળા દિવસનો ધૂતારો ને ગવૈયો એ બંનો સમાન છે.

આવા ધૂર્ત ગવૈયાને કરોડો રૂપીઆ આપો તોપણ તેમાંથી કશું પણ ઉત્તમ ફળ પ્રાપ્ત થવાનું નથી. તેના કરતાં તો પાણીમાં લોટનો એક કણ નાખ્યો હોય અને તે જો માછલાના ખાધામાં આવે તો તેમાં પણ થોડુંક પુણ્ય પ્રાપ્ત થાય છે. શ્રીમંત છતાં કૃપણ એવા લોકોનું ધન અંધારા ઓરડામાં રૂંધાઇને પડયું છે, તે ધનના ભંડારમાં ગવૈયા રૂપી ઉંદરડાઓ (પરનાળાઓ) પોતાનાં મુખ ફાડીને બેઠા છે; માટે તેમાં જે પડે છે તે ચાલ્યું જાય છે—તે જરા પણ અટકતું નથી; અર્થાત્ ગવૈયાઓ કૃપણ ને ધનવાનના પૈસા સમાન રીતે લૂટે છે.

ગવૈયા લોકો ગાતી વખતે પોતાનું મુખ બીડીને જેમ દાંત ન દેખાય તેમ ગાય છે. તેથી ગાડરિયા પ્રવાહ પ્રમાણે સમજ્યા વગર ગાયનમાં પ્રેમ ધરાવનારા મૂર્ખો ખુશી થાય છે, એટલે પછી તેઓ લૂટી લઇ, તેની મશ્કરી કરે છે. ગવૈયાઓ પાસે પ્રભાતમાં તો હાર-બાજુબંધ બેરખા વગેરે જોવામાં આવે છે, પણ બપોર થયા કે જુગટું રમી જુગારીઓ તેમને બાવા જેવા નગ્ન શિથિલ બનાવી મૂકે છે. ગવૈયાઓ પોતાના ગીતરૂપ ફાંસામાં ગોઠવેલાં વચનરૂપ બાણથી, મૂર્ખ પશુરૂપ મનુષ્યના પ્રાણરૂપ ધનને હરી લેછે. તેઓ ઘણાંક એવાં ગાયનો ગાય છે કે તેમાં અર્થ, રસ, અલંકાર કંઇ પણ હોતું નથી, માત્ર હા હા હી હીજ સમાયલા હોય છે. તેઓ પદ અને સ્વર વગરનાં ખોટાં ગાયનો ગાઇ એક ક્ષણમાં કરોડો રૂપીઆ શ્રીમંત પાસથી લૂટી લે છે. અને વખતે કોઇ તેની દરકાર કરતું નથી, અથવા તેના મનપસંદ થતું

નથી તો, 'તે રાંડનો શું આપવાનો હતો,' આમ કહેતો ઉદાસી બતાવી પોતાને ઘેર ચાલ્યો જાયછે; ને પછી લોકોમાં તેની ઘણી નિંદા કરે–તિરસ્કાર બતાવે છે;–"એ તો કંઈ સમજતો નથી ! ગાયન તો જેના નસીબમાં હોય તેજ સમજે. અરે એ ભાઈ તો બુસા છે બુસા ! ગાયન તો મીનોહીઝહાનવાસી હુરીઓનો હુન્નર છે, ઈંદ્રની અપ્સરાઓની માયા છે; તે સમજવું કંઇ સેહેલ પડયું છે કે ?" આમ ઘણું બડબડે છે. પણ આ ભલો માણુસ સપ્ત સૂર ને તીન ગ્રામની ગતાગમ્યમાં યત્કિચિંત પણ સમજતો નથી, તેટલું છતાં મોટા ઉસ્તાદનું ડોળ ઘાલી **નારદને** પણ કંઈ આવડતું નહોતું એમ કહે છે. ગવૈયાઓ આમ બોલે છે તેનું કારણ એ છે કે હલકી અને ખળની સોબતમાં ઉછરેલી અપવિત્ર શોકાતુર લક્ષ્મીને એવો શાપ છે કે તેનો ઉપભોગ હમેશાં ગવૈયા લોકોજ કરશે. વળી આપણે જોઇશું તો વિશેષ મોજ મઝા માણનારા ગવૈયાઓજ નજરે પડશે. તેઓ પોતાના પોશાકમાં, ખોરાક અને એશઆરામમાં રાજા કરતાં પણ બમણું ત્રમણું દ્રવ્ય વાવરે છે.

આ ગવૈયાઓ જેમ સૂર્ય મયૂખ* રાખે છે તેમ દ્વાદશ કળ એવીતો આબાદ ધારણ કરીને ફરે છે કે તેઓની ગતાગમ્યતો તેઓજ જાણે કે પછી બીજો યમરાજ જાણે. તે પોતાને **નારદ** અને **તુંબરૂ**ના શિષ્ય ગણાવે છે, પણ રખે તું ભુલાવો ખાતો, કે તે ઋષિ પણ આવા દગાખોર હશે.

ગવૈયાનાં દ્વાદશ મયૂખ.

૧ ટેડી પાઘડી પેહેરી, સલામ કરી, ઉંધા પગ ઘાલી બેસવાની કળા.

૨ સાજ મેળવતાં વિલંબ લગાડવાની કળા.

૩ હાઆઆ હીઈઈમાં સ-

---

* કિરણ; કળા.

મય ગાળવાની કળા.
૪ આત્મપ્રશંસા કળા.
૫ સારી ગમ પ્રશંસા કળા.
૬ વાંકોટેડા થવાની કળા.
૭ મોઢું ચકળવિકળ સિહા-વિહા કરી ગાવાની કળા.
૮ દ્રવ્ય હરણુ કળા.
૯ ધનિકને સેવવાની કળા.
૧૦ નિર્ધન દ્રવ્ય ન આપે તો નિંદવાની કળા.
૧૧ દુર્વ્યસની થવાની કળા—સમયે રાજા ને સમયે ભીખારી બનવાની કળા.
૧૨ ટટરબંધ ઇશ્કી વસ્ત્ર ને શણુગાર ધારણુ કરવાની કળા.

ગવૈયાની ઉત્પત્તિ.

પૂર્વે દેવતાના રાજા ઇન્દ્રે ઘણા દિવસ પછી આવેલા **નારદ**મુનિને પૃથ્વીના રાજાઓનું વૃત્તાંત પૂછયું હતું. ત્યારે **નારદ** તેને કહેવા લાગ્યા કે—"ઇન્દ્ર, મેં પૃથ્વીમાં સર્વ સ્થળે અટણુ કરતાં જોયું તો દાન, ધર્મ ને યજ્ઞ કરનારા ઘણા જયશાળી રાજાઓની લક્ષ્મી તમારા જેવી પ્રકાશિત જોવામાં આવી. પૃથ્વી ઉપરના રાજાઓ વૈભવમાં તમારી, **વરુણ**ની અને **કુબેર**ની બરોબરી કરે તેવા છે. તે અપાર યજ્ઞ કરી તમારા શતમખ(સો યજ્ઞ કરનાર) એવા નામની મશ્કરી કરે છે." તે સાંભળી ઇન્દ્રે પૃથ્વીના રાજાઓની લક્ષ્મી લૂટવા માટે **માયાદાસ, દંભદાસ, વજ્રદાસ, ક્ષયદાસ, લૂટણુદાસ, ખરહરદાસ, પ્રસિદ્ધદાસ**, અને **વાડવદાસ**,* વગેરે અતિ ભયંકર પિશાચોને મોકલ્યા. તેઓએ પોતાના મુખમાંથી ગવૈયાઓને પેદા કર્યા. આ ગવૈયાઓ દશે દિશામાં ફરી લક્ષ્મીવાનની લક્ષ્મી લૂટવા લાગ્યા. તેમાં મુખ્યત્વે કરી રાજાની લક્ષ્મી લૂટવા લાગ્યા. રાજાઓ ગવૈયાની જાળમાં ફસાઇ પોતાની લક્ષ્મી તેને આપવા લાગ્યા; એટલે ટુંકા કાળમાં તેઓ નિર્ધન થઇ જવાથી તેઓમાં યજ્ઞ

---

* એ સર્વે માયા કરનારા, દંભી, ક્ષયરોગી, લૂટારા ને અગ્નિ સ્વરૂપે પૃથ્વીપર વસ્યા છે.

કરવાની શક્તિ રહી નહીં, અને દાન ધર્મમાં પણ કમી કરવા લાગ્યા. આનું કારણ એ કે કર્ણપિશાચ ક્રૂર ગવૈયાઓ ગીતનું નામ દઇને રાજાના કાનદ્વારા તેના અંતઃકરણમાં પેસી તેના મનને મોહિત કરતા હતા. જ્યારે રાજા તેના ગાયનમાં ફસાતો હતો ત્યારે તે પોતાની સઘળી લક્ષ્મી તેને આધીન કરી ધર્મ, દાન, યજ્ઞ વગેરે કર્મનો ત્યાગ કરતો હતો. આવા અધર્મના પ્રતાપથી છેવટે તે રાજાઓનાં રાજ્ય ગયાં છે. એ માટે જે રાજાઓ ગવૈયારૂપ પિશાચને પોતાના દેશમાંથી દૂર કરે છે–તેનો સંગ કરતા નથી, તો તેઓના તાબામાં સમગ્ર સંપત્તિથી ભરપૂર સમુદ્રની કટિમેખલાવાળી સઘળી પૃથ્વી રહે છે. ગવૈયા લોકોના મંડળમાંથી જે ગીતનો શબ્દ થાય છે તે શબ્દ, શોકાકુલ લક્ષ્મીએ બેબાકળી બનીને પાડેલી. ચીસો જાણવી.

ગવૈયાના મુખથી ગાન તાન સાંભળવું એ તો નિ-ષેધ છેજ, તોપણ તેમાં વિશેષ્ય વેશ્યાના મુખનું ગાન છે. વેશ્યાના મુખથી ગાયન સાંભળવું તે તો સૌથી મોટું ધનહરણનું દ્વાર છે–તે સાથે વળી નરકનું પણ દ્વાર છે. ગવૈયા ને રાંડો ગાવાનું શરૂ કરતાં સારં-ગીના શૂરોની મિલાવટ કરીને જે ગાય છે તેમાંથી જે શબ્દ નિકળે છે તે 'નર્ક નર્ક' છે–તેના પ્રતિઉત્તરમાં મૃદંગ પૂછે છે કે 'કોણ કોણ' ત્યારે તેનો પ્રતિઉત્તર ગવૈયા આપે છે કે 'આ આ આ'–એટલે આ સભામાં બેઠેલા તે સર્વેજનો–નર્કના અધિકારી છે. ગાયનમાં મોહક મંત્ર છે તેથી સર્વે ગોપીઓને પણ કૃષ્ણે ફસાવી દીધી હતી; એથી સર્પ ફસાય છે ને હરણ મરણ પામે છે. માટે લક્ષ્મીનું હરણ કરનારા નટ, નાચ કરનારા, કપટ કરનારા, બંદીજન, ચારણ અને વિટ વગેરે જે જે તીડની માફક લક્ષ્મી ઉપર હલ્લાં કરનારા હલકા લોકો છે તેમના હાથમાં લક્ષ્મીને જવા દેવી નહીં;

તેઓનાથી લક્ષ્મીનો બચાવ કરવો. પરંતુ વત્સ, આટલું યાદ રાખજે કે પ્રભુ સ્મરણ વિનાનું કોઈ પણ ગાયન શ્રેયસ્કર નથી.

આ પ્રમાણે ઉપદેશ દઈ સાતમા દિવસની શિષ્ય-મંડળી વિસર્જન કરી દીધી.

સર્ગ ૮ મો.

સોનીની કળા.

રાત્રિના ચન્દ્રી ઝગારા કરી રહી હતી, ને મૂલદેવ મહારાજ સર્વ કાર્યથી પરવારીને પોતાના શિષ્યોની વચે બેઠા હતા ત્યારે, ચંદ્રગુપ્તે કહ્યું, "ગુરુજી, હવે નવી કળા સુણાવશો?" હા બચ્ચા, તું ધ્યાન દઇને સાંભળ. હવે હું તને સોનીની કળા કહું છું. જ્યારે તારી સમીપ ઠમ ઠમ લટકા ને મટકા કરતી વીશ નખી આવશે, ને કહેશે કે મારે તો આ ઘરેણું નહીં જોઈયે, ને તે ઘરેણું નહિ જોઇયે; પણ ઓલું જોઇયે ને પેલું જોઇયે ત્યારે આ કળા તને ઘણી કામની થઇ પડશે. સોની મહાજનને તું સારી રીતે પિછાણે છે? એ એક બડા બહાદુર ચોર લોકો છે. સોનીઓ સોનું હરણ કરવાની કળામાં યોગીની માફક ખૂબ ધ્યાન કરનારા હોય છે. જેમાં વધારે કીમતનો માલ હોય છે તેવા સુવર્ણને પણ તે ક્ષણવારમાં થોડી કીમતનું બનાવી દે છે–જે સોનું સઘળા ધનમાં સાર રૂપ, સંપત્તિમાં ઘરેણું અને વિપત્તિમાં રક્ષા કરનાર છે, તેને પણ આ સોનીઓ નજર ચુકાવી ચોરી લે છે. સુવર્ણ*ને સ્પર્શ કરવાથીજ તેની કાંતિનો નાશ કરે

* સુવર્ણ એટલે સારા વર્ણવાળું–સોનું; ને સુવર્ણ એટલે સારી જાતવાળા–બ્રાહ્મણ ક્ષત્રિ વગેરે ઉત્તમ જાતિ.

છે અને દોષ પેદા કરે છે,-તેથી એ સોનીઓ અપવિત્ર નીચ જાત જેવા જાણવા જોઇયે-અર્થાત્, સુવર્ણ-બ્રાહ્મણ આદિને નીચ જાત-ચાંડાલાદિકનો સ્પર્શ થાય તો તેથી તે અપવિત્ર થાય છે. સુવર્ણ-સોનાને સોનીના હાથનો સ્પર્શ થતાં તે અપવિત્ર કહેતાં વગળવાળું થાય છે-સોની સોનાને હાથમાં લેતાંજ તેમાં અનેક પ્રકારના દોષ કાઢે છે. સોનીઓ અનેક પ્રકારે ચોરી કરવાની કળા ધારણ કરે છે તે સર્વેમાં ચોસઠ કળા શ્રેષ્ઠ છે, તે તને કહું છું તે લક્ષ દઇ સાંભળ ને પછી હરેક કાર્યપ્રસંગે ધ્યાન દઇ વર્તજે.

કસોટીની ૨ કળા.

સોનીની પાસે કસોટી બે પ્રકારની હોય છે-લેવા ટાણે જૂદી ને વેચવા ટાણે જૂદી. લેવાની કસોટીનો પથ્થર હંમેશા ચીકણો અને નરમ હોય છે, કારણ તેપર સોનાનો કસ સારો આવતો નથી. અને તેજ સોનું વેચતી વખતે કસોટીનો પથ્થર કઠિણ ને રૂખો હોય તે વાપરે છે-કસોટીનો પથ્થર સાફ હોતો નથી, જેથી હલકા સોનાનો રંગ ઉત્તમ દેખાય છે ને તેથી એ ઘણો લાભ મેળવે છે. ખરબચડા પથ્થરપર સોનું થોડું ઘસવાથી તેજ આપે છે, ને નરમ પથ્થરપર ઘસવાથી જોકે સોનું સારૂં હોય તોજ ઉત્તમ કસ આપે છે.

સોનીની બીજી કળા તે તોળાની કળા છે; તે ૫ હોય છે.

તોળા-કાટલાંની ૫ કળા.

૧ ચીકણા તોળા. ૨ ભીના તોળા.
૩ માટીના બનાવેલા તોળા. ૪ રેતીના તોળા.
૫ ઉનાસવાળા તોળા.

ચીકણા તોળા લેવા દેવામાં સફાઇ દેખાય તે માટે ઘણા સારા હોય છે. એ ઘણું કરીને સોનું લેતી વખતે

કામ લાગે છે. બીના તોળા પણ લેવાને વાસ્તેજ ઠરાવેલા હોય છે. મટોડીના તોળા આપવાનેજ માટે કામના હોય છે. રેતીના ને ઉનાસવાળા તોળા પણ આપવા માટેજ ઠરાવેલા હોય છે.

હવે તને મૂસ–સોનું ગાળવાની કુકુી સંબંધી સમજાવું છું. એની છ કળા હોય છે–તે આ પ્રમાણે છેઃ–

સોનું ગાળવાની ૬ કળા.

૧ **દ્વિપુટા**–એટલે બે પડવાળી મૂસ, જે ઘાબડાના ઘાટની હોય છે.

૨ જેમાં ખુલ્લી રીતે સોનું ગાળે છે તેવી મૂસ જેને **સ્ફોટવિપાકા** કહે છે.

૩ સોનાના રસને પીનારી મૂસ, એનું નામ **સુવર્ણ-રસપાઈની** છે.

૪ જેમાં ત્રાંબાનો અંશ હોય તેવી મૂસ–એનું નામ **સતામ્રકલા** છે.

૫–૬ સીસાનો મેલ અને કાચનું ચૂર્ણ–ભૂકો તેનાથી બનેલી મૂસ–એનું નામ **સીસમલકાચચૂર્ણગ્રહણપરા** છે.

સોનીની ચોથી કળા તે ત્રાજવાની કળા છે–જે ૧૬ છે.

ત્રાજવાની ૧૬ કળા.

૧ વાંકાં પલ્લાંવાળો કાંટો.

૨ નાનાં મોટાં પલ્લાંવાળો અથવા ઉંચાં નીચાં પલ્લાંવાળો.

૩ જેની અંદર (પલ્લાંમાં) છેદ હોય તેવો.

૪ (તોળતી વખતે) પારો નાંખેલું પલ્લું.*

૫ નરમ પતરાના પલ્લાંનો કાંટો.

૬ પક્ષકટા† કાંટો.

૭ ગાંઠવાળું–દોરીમાં ગાંઠા

---

* જે પલ્લાંમાં કાટલાં હોય તેમાં સોની પારો યુક્તિથી નાંખે, ને કાટલાં કાઢતી વેળાએ પારો ગબડાવી દે, જેથી ઘણો લાભ પોતાને મળે.

† બાજુમાંથી કાપેલો કાંટો.

ગાંઠા હોય તેવું ત્રાજવું.
૮ ત્રાજવાની દાંડી સમાન કરવા માટે જે ભારની કોથળી બાંધવામાં આવે છે તેવું ત્રાજવું.
૯ ઘણી દોરીવાળું ત્રાજવું.
૧૦ આગળથી નમેલું ત્રાજવું—(એક કોરથી નમતું ત્રાજવું.)
૧૧ વાયુથી ફરતો કાંટો.
૧૨ નાનકડો કાંટો.
૧૩ મોટો કાંટો.
૧૪ સખત પવનથી ઉડેલી રજકણો ભરાઇ રહે તેવો કાંટો.
૧૫ સજીવ કાંટો (એક તરફથી સહજ નમતો કાંટો—ધડાવાળો કહેવાય છે તે.)
૧૬ નિર્જીવ કાંટો (એટલે બરાબર તોળાય તેવો કાંટો.)

સોનીઓની ફુંક મારવાની કળા ૭ છે તે બહુ જાણવા જોગ છે, તે તું જાણી લે.

ફુંક મારવાની ૬ કળા.

૧ મંદ ફુંક.
૨ જોસ્સાવાળી ફુંક.
૩ વચે વચે તૂટતી ફુંક (ફુ—ફુ—ફુ).
૪ શબ્દ કરતી ફુંક (ફૂઉઉઉ ફૂઉઉઉ ફૂઉઉઉ).
૫ એકતારી ફુંક, (સઃડસડાટ ફુંકમાર્યા જવી તે.
૬ છાંટાવાળી ફુંક (મોંઢામાંથી પાણીના છાંટા ઉડે તેવી.)

એ ૭ જાતની ફુંક સોનીઓ પોતાના કાર્યમાં વાપરે છે અને તે દ્વારે પણ સુવર્ણને કુવર્ણ કરી મૂકે છે.

વળી એ સોનીઓ પોતાના અગ્નિઓ પણ ૭ પ્રકારની કળાવાળા રાખે છે. ને તે આ પ્રમાણે છે:

અગ્નિ વર્ણની ૬ કળા.

૧ જવાળાવાળો અગ્નિ.
૨ ધુમાડાવાળો અગ્નિ.
૩ ફૂટતો અગ્નિ (જેથી સોનું ગાળવા મૂકેલી મૂસો વાંકીચુકી થાય, અથવા માંહે કોયલો પડે).
૪ મંદાગ્નિ.
૫ તણખાવાળો અગ્નિ (અગ્નિના તણખા

ઉડવાથી પાસે તપાસવા બેઠેલો માલીક ભયથી લૂગડાં ખંખેરતો દૂર નાસે છે ને સોનીભાઇ કામ કાઢી લે છે).

૬ પેહેલેથી ત્રાંબું નાંખેલું છે તેવો અગ્નિ. (આવો અગ્નિ હોય છે ત્યારે સોની મહાજન ચીમટો વારંવાર ધોંચ ધોંચ કરવાને નિમિત્તે મૂસમાં નાંખેલું સોનું કાઢી લે છે; ને માંહે તાંબાની કણી નાંખી દે છે; અથવા તાંબાવાળું છાણું મૂસપર ઢાંકે છે, જેથી તે છાણામાંથી બળતી મૂસમાં ત્રાંબાની કણી પડે છે.)

સોનીઓની ૧૨ ચેષ્ટા–કળા.

સોની લોકોની ૧૨ પ્રકારની ચેષ્ટા–ચાલાકી–કળા હોય છે. તે ઘણી જાણવા જોગ છે.

૧ પ્રશ્નકળા (કહો ભાઇ કેમ છો? કેમ ધંધા રોજગાર તો ઠીક ચાલે છેની? વગેરે સવાલો કરવા તે.)

૨ વિધવિધ પ્રકારની વાર્તા કળા.

૩ ખજવાળવાની કળા એથી જોનારનું ધ્યાન બીજા તરફ ખેંચાય છે.)

૪ ભીનું કપડું ખેંચવાની કળા (શરીરપર ઓઢેલું કપડું દૂર નાંખી બીજું વસ્ત્ર લે છે.)

૫ વખત જોવાની કળા. ('કેમ કેટલા વાગ્યા,' એમ કરી નજર રાખવા બેઠેલા મનુષ્યની નિધા ચુકાવવી.)

૬ સૂર્ય જોવો (અગાડીના કાળમાં ઘડીયાળ નહિ હોવાથી સૂર્ય કેટલો બાકી છે તે જોવા જવું અથવા મોકલવો.)

૭ અતિ હસવાની કળા.

૮ માંખી ઉડાડવાની કળા.

૯ કૌતક જોવાની કળા. (રાજમાર્ગમાં આવતાં જતાં વરઘોડાં વગેરે જોવા ઊઠવું–ઉઠાડવો.)

૧૦ પરસ્પર ટંટો કરવાની કળા; (જેને હિંદુસ્તાનીમાં સુનારી લડાઈ કહે છે.)

૧૧ કંઈ ના બને તો પાણીનું કુંડું ભાગવાની કળા. (જેથી નજર રાખવા

બેઠેલો માણુસ લૂગડાં સંકેલતો, તપાસતો, કે ઉંચાં લેતો ઊઠીને આજુબાજુએ જાય છે)

૧૨ નિમિત્ત કે વગર નિમિત્તે બહાર જવું અથવા વારંવાર મોકલવાની કળા.

આ પ્રત્યેક કળામાં જે યોગ્ય લાગે તે કળાનો ઉપયોગ સમય આવે કરવામાં આવે છે.

શ્રેષ્ઠ કળા ૧૧.

વળી એ સોનીઓની કળામાં ૧૧ કળા એવી મોટી છે કે તે જાણ્યા વગર કોઇપણ મનુષ્ય કોઈ પણ રીતે પૂર્ણતાને પહોચતું નથી, ને આ ચોરોની કળા જાણવામાં આવતી નથી.

૧ ઘડેલા ઘાટને ઓપ દેવાને વાસ્તે ખાર લપેટીને અડાયાના અગ્નિમાં નાંખી તપાવવો તે કળા.

૨ સાધારણ લોઢાનાં પલ્લાંવાળા ત્રાજવાથી તોળી આપવું અને એક પલ્લાની નીચેના ભાગમાં લોહચુંબક રાખવામાં આવે તે કળા—જેથી પલ્લું ખાલી હોય પણ ભરેલા પલ્લાની માફક એકદમ નીચું નમે છે.*

૩ જે પોલા દાગીના લાખ ભરવાને માટે તૈયાર કીધા હોય તેમાં સોનાના રવા મૂકવામાં આવે છે—જે તોળતી વખતે વજનમાં બરાબર ઉતરે છે, ને લાખ ભરતી વખતે તે સુખેથી કાઢી લેછે.

૪ દાગીનાને ઓપ દેતી વખતે પણ, અથવા રેતી

---

* અસલના વારામાં સોનીઓ ત્રાજવાં લોઢાનાં રાખતા હતા. તે ત્રાજવાના એક પલ્લા નીચે લોહચુંબક રાખવામાં આવતું, જેથી જેમાં સોનું મૂક્યું હોય તે ત્રાજવું સ્વાભાવિક રીતે નીચે લોહચુંબક તરફ ખેંચાય, તેથી સોનું ઓછું છતાં બરાબર વજને દેખાય. પણ સોનું લેવું હોય ત્યારે તેથી ઉલટી રીતે વર્તતા હતા. આજ કારણથી સોનીનાં ત્રાજવાં ને કાટલાં લોઢાનાં રાખવાની બાદશાઈ કાળમાં મનાઈ હતી.

સાથે ઘસતી વખતે જે રવા રાખવામાં આવેલા હોય છે તે ખેરવી નાંખેછે, ને ઘુઘરીવાળા કે પોલા દાગીનામાં રેતીના કણો ઘુસાડી દે છે.

૫ એકજ પ્રકારનો હલકા સોનાનો દાગીનો એડવી દેવામાં ચાલાકીની કળા.*

---

* એક સમે બાદશાહે સોની મહાજનને બોલાવીને કહ્યું કે "તમો લોકો મહા મોટા ચોર ગણાઓ છો; તો આજે તમોને હુકમ કરૂં છું કે તમારે મારે ત્યાં કામ કરવું ને ચોરી કરવી. જો ચોરી નહિ કરશો તોપણ સર્વેને ફાંસી દઈશ, ને કરશો ને પકડાશો તોપણ ફાંસી દઈશ; પણ નહિ પકડાશો તો ઈનામ દઈશ." સોનીઓએ કહ્યું, "ખુદાવિંદ, એ કામ કંઇ એકદમ થાય તેવું નથી, પણ વરસે બે વરસે થાય, ને તેમ કરવું હોય તો અમને કંઈ કામ પણ સોંપો." બાદશાહે તેઓને એક સુવર્ણનો મોટો હાથી બનાવવાને આપ્યો, ને તે માટે પુષ્કળ સુવર્ણ સોંપ્યું. આ કામ કરવા માટે મોટા ઝકુપકુ સિપાઈઓના મજબૂત ચોકી પેહેરા નીચે તેઓને કિલ્લાના એક ઓરડામાં કામે વળગાડ્યા. સિપાઇઓને પણ સખ્ત તાકીદ કે "કુછ દગા હોયગા તો શિર કટા જાયગા." સોનીઓ દિવસે કામ કરે, ને રાત્રિના ઘેર જતાં તેમની જડતી લેવામાં આવેતે પછી ઘેર જાય. ઘેર ગયા પછી સોનીઓ રાતના કામે બેસીને પેહેલાંના જેવોજ પીતળનાં પત્રાંનો એક હાથી બનાવે. આમ કરતાં બે સરખા હાથી તૈયાર થયા. બાદશાહે હાથી જોયો, તે વેળાએ કહ્યું કે "અચ્છા હુવા." સોનીઓએ કહ્યું, "ખુદાવિંદ, ઉસકું ઓપના ચઈયે, ઉસ બાસ્તે પાનીમેં લે જાના ચઈયે." બાદશાહે હા કહેવાથી તે હાથીને તેઓ બીજે દિવસે તળાવમાં લઇ ગયા. આગલી રાત્રિના સોનીઓએ પેલો પીત્તળનો હાથી તળાવમાં લાવીને સંતાડયો હતો. સોનાના હાથીને પાણીમાં ઓપતાં ધકેલી દીધો, ને પેલો પીત્તળનો હાથી બહાર આણીને ઘસવા માંડયો. તે ખૂબ ઘસ્યા પછી ખૂબ ચળકવા માંડયો. ત્યારે બાદશાહ પાસે લઈ ગયા ને કહ્યું કે "લ્યો ખુદાવિંદા" બાદશાહે તે હાથીના સોનાનો કસ કઢાવ્યો, તો ચોકસીઓ કહેવા લાગ્યા કે સારૂં સોનું છે. કેમકે બાદશાહના સોનામાં ખાંપણ કેમ કઢાય? પછી બાદશાહે સોનીઓને કહ્યું કે, "ચોરી કીયા કિ નાહિ?" સોનીઓએ કહ્યું, "ખુદાવિંદ, ઈતને બડે સીપાઇયોંકી ચોકીમેંસે કિસ તરહસે ચોરી હો સકેગી?" ત્યારે

૬ લેતી વખતે ભાવ તપાસવો નહિ.

૭ ઘડતી વખતે પણ ભાવ તપાસવો નહિ.

૮ અને બારીકીથી તોલ પણ તેવે વખતે કરવું નહિ, અને સુવર્ણનાં રૂપરંગ પણ જોવાં નહિ.

૯ વધારે વખત ગુમાવવો. તેથી વખતે દાગીનાનો નાશ બતાવવો—ખોવાઇ ગયો કે ચોરાઇ ગયો વગેરે કેહેવું.

૧૦ દાગીનો ઘડતાં સોનું ઉમેરવાની માગણી—તથા પોતાના તરફથી સોનું (હલકા ભાવનું) ઉમેરી સારા સોનાને બગાડવું.

૧૧ ઘણા દાગીના એકઠા કરી સોનાને ગાળવું.

આ રીતે સોની મહાજન પોતાનામાં ઘણી મોટી ૬૪ કળા રાખે છે; જે કોઇ પણ જાણી શકતું નથી. તેઓ દિવસના નહિ, પણ રાતના કામ કરે છે તે એટલાજ માટે કે રાતના ચોરી કરવી ને ઘાટ બદલવો ઠીક પડે.

સોનીની લુચ્ચાઇની મોટી વાત તો એજ છે કે રાત્રિના દુકાનમાંથી સઘળો માલ ઘરમાં લાવે છે. સર્વ મળીને દેખાતી આ પ્રમાણે સોનીની લુચ્ચાઈની ૬૪ કળા છે, જે વિચારવાથી જાણી શકાય છે. પણ એ શિવાય બીજી ગુપ્ત કળાઓ છે, જેને હજાર નેત્રવાળો ઇંદ્ર પણ જોઈ શકે કે નહિ તેને માટે મોટો સંદેહ છે.

બાદશાહે સોનીઓને શિક્ષા કરવા માંડી, એટલે તેઓએ બાદશાહને કહ્યું કે, "હજૂર! આપને કયા તપાસ કિયા! ઔર આપકે સિપાઈલોકભી કયા કરેંગે! આપ અચ્છી તરહસેં નિગાહ કીજીએ કિ યેહ હાથી સુન્નેકા હૈ યા નહીં. ખુદાવંદ, આપ તો કુછ થોડીસી ચોરી કરનેસેંહી ઈનામ દેને વાલેથે. પર હમને તો સુન્નેકા સારા હાથીકા હાથી ચુરાયા હૈ. ઔર યે તો કેવલ નિખાલસ પિત્તલકા હાથી હૈ! બાસ્તે હમારા ઈનામ લેનેકા હક્ક હો ચૂકા હૈ." બાદશાહે તપાસ કરતાં તે વાત નક્કી થઈ; ને સોનીઓને બક્ષિસ દીધી. પછી આ હાથી કેમ બદલ્યો તે સાંભળી બાદશાહ ચકિત થઈ ગયો.

સોનીની ઉત્પત્તિ.

મનુષ્યભૂમિને છોડી ઘણો દૂર પ્રથમથીજ મેરૂ પર્વત અલગ રહ્યો છે. તેનું કારણ તપાસતાં એમ માલમ પડે છે કે સોનારોની ચોરીથી બેશક તે ઘણો બીધો હશે એમ કલ્પના થાય છે. એક એવો સમય હતો કે જે સમયે આખા સુવર્ણનાં શિખરોવાળા મેરૂ પર્વતને ઉંદરોએ ફોલી ખાધો, અને મોટા મોટા દરોડા પાડયા. ઉંદરડાઓની આ સેનાઓના નખોથી ખોદાયલાં મૂળવાળો મેરૂરાજ ડગુ મગુ થઇ રહ્યો ને આંદોલન કરવા લાગ્યો; અને તેથી કંઇ ઓરજ પ્રકારે તે શોભવા લાગ્યો. તેના સોનાની ઝીણી રજકણોથી સઘળી દિશાઓ પીળી પીળી દીસવા લાગી. તેના આંદોલનથી એક જીર્ણ અને ખળભળી ગયલા શિખરમાં વસતા દેવતાઓને એવી શંકા ઉપજવા લાગી કે શું આ પ્રલય કાળનો સમય છે ? તેથી ભયભીત થયલા દેવતાઓના રક્ષણ માટે **અગસ્ત્ય** મુનિરાજે દિવ્ય દૃષ્ટિથી સઘળું જોઇ કહ્યું કે, "તમો ભય કરો મા. દેવતાઓની લડાઇમાં જેટલા બ્રહ્મહત્યારા નિશાચરો* માર્યા ગયા છે તે આ ઉંદર રૂપે અવતરી મેરૂરાજને ઉખેડી નાંખવા યત્ન કરે છે. માટે ફરીથી પણ તમારે તેઓને મારવા જોઇયે; કારણ કે તેઓ ઋષિ મુનિના આશ્રમનો પણ નાશ કરે છે.†" આ પ્રમાણેનું **અગસ્ત્ય** મુનિનું બોલવું સાંભળી મેરૂરાજમાં વસતા દેવતાઓએ સઘળાં ઉંદરોનાં દરોને ધુમાડાથી પૂરી (સળગાવી દઇ) શ્રાપથી બળેલા તે ઉંદરોને પુનઃ બાળી નાંખ્યા છે. હે વત્સ

---

* રાત્રિના ફરનારા નિશાચરો–રાક્ષસ પણ છે, ને ઉંદરો પણ છે.

† ઉંદરો–ઘરો–આશ્રમોનો નાશ કરે છે, ને રાક્ષસો પણ મુનિઆશ્રમનો નાશ કરે છે.

ચંદ્રગુપ્ત ! તેજ ઉંદરડાઓ ફરી આ ભૂમંડળપર સોનીરૂપે અવતર્યા છે; અને પૂર્વ જન્મના અભ્યાસથી સોનું ચોરવામાં કુશળતા દર્શાવે છે, માટે મારૂં કહેવું એ છે કે રાજાઓએ, ઝેર દેનારા, ખુની, ચોર અને લુટારામાંનો કોઇ પણ ન મળે ત્યારે હંમેશા એકેક સોનીને પકડી દંડ દેવો; કારણ કે તે સદાના ચોર, ને ધોળા દિવસના લુટારા છે.

સર્ગ ૯ મો.

ત્રણ સાહુની કળા.

મધ્યરાત્રિ થઈ ત્યારે વિના આડંબરે મૂલદેવ મહારાજે પોતાના શિષ્યો પાસથી ગામગપાટા સાંભળી લઇને ચંદ્રગુપ્તને ઉદ્દેશી પોતાની કળા પ્રકાશવા માંડી.

વત્સ, દુનિયામાં ત્રણ મોટા ચોર વસે છે, ને તેઓ જૂદી જૂદી રીતે ધન હરણ કરે છે. આ ત્રણ ચોરોમાં પેહેલો ચોર તે **ચોર** પોતેજ છે; બીજો **મદ્યપાન** કરનાર ને ત્રીજો **કામીજન** છે. ચોર પોતે અનેક પ્રકારે ચોરી કરે છે, ને પોતાની કળાઓ વિધવિધ રંગે પ્રકાશ કરે છે. એ ચોરથી સદા સાવધ રેહેવું જોઇયે. ચોરની ૩૬ કળા જે મુકરર થઇ છે તે તને જણાવું છું તે તું લક્ષ દઇને સાંભળ ને તે જાણ્યા પછી ધનરક્ષણ કેમ કરવું તે પણ તારે જાણવું જોઇયે.

ચોરની ૩૬ કળા.

૧ અંધારામાં ને ચોમાસામાં ચોરી કરવા નિકળવાની કળા.

૨ કાળાંવસ્ત્ર ધારણ કરવાની કળા.

૩ સાથે શસ્ત્રો રાખવાની કળા.

[ચોરો પોતા પાસે આ મુજબનાં હથિયાર રાખે છે, માટે તેમનાથી સાવધ રેહેવું. તરવાર, ગણેશીઓ, પીસ્તોલ, કાતર, સાણસી, કરવતી, ખોપરી, (કામ પડે તો સઘળાં વસ્ત્રો મૂકી દઈ જોગી થાય,) સર્પાકારયંત્ર, ને રેશમની નિસરણી.]

૪ જનાવરો રાખવાની કળા.

[એ ચોરો આટલાં જનાવરો રાખે છે, ચોર વગર બીજાને આ જનાવરનો ખપ પડતો નથી. પાટલા ઘો-(માળ ઉપર ચઢવું હોય તો આ જનાવરની કમ્મરે રેશમની દોરી બાંધી ઉંચે ફેંકે કે જ્યાં ચોંટે ત્યાં આબાદ ચોંટી રેહે ને પછી દોરી પકડીને ઉપર ચઢી જાય.) બાજ પક્ષી-(જેના મોંમાં દોરી આપી હોય તો તે બારીઓમાં અથવા બીજે સ્થળે ટાંગવા હોય છે તેને દોરી મજબુતાઈથી બાંધે છે.) ભમરાનો કંડીઓ-(ભય આવે તો ભમરા છોડી મૂકે, જે ચટકારો મારશે એવા ભયથી સૌ દૂર નાસે છે.) માપ ભરવાની દોરી; (પોતાની પહોળાઈ ભરીને ખાતર પાડવા કામ લાગે; કોઈ ઠેકાણે દૂરથીજ ચોરેલી વસ્તુ ખેંચી લેવાય; સમયે જીવજંતુ કરડે તો લોહી વહી જતું હોય ત્યારે દોરી બાંધીને અટકાવાય, ને બારણાની કળ પણ ઉઘાડી શકાય.) અને વગર તેલે બળે તેવો દીવો.]

૫ ભુતાવળ બનાવવાની કળા.

૬ ભદ્રકંથ નામના જીવડા કે મોટા પતંગિયા રાખવાની કાળા.

[એ જીવડામાં એવો ગુણ છે કે હાથમાંથી છૂટે કે તુરત દીવાપર જઈને બેસે છે ને દીવાને હોલવી નાંખે છે.]

૭ ખાતર પાડવાની કળા.

[ખાતર ક્યાં પાડવું, તેને માટે કેવી જગ્યા પસંદ કરવી તે કળા જાણવી તે. ચોરો રાજમાર્ગમાં ખાતર પાડતા નથી, પણ ગલી કુંચીમાં પાડે છે, કે જેથી કોઈ જોઈ શકે નહિ. માટે પણીયારાં, કુવા ને ટાંકાની જગ્યા ખુણામાં કે ગલીમાં ન રાખવી; કેમકે પાણીથી પચપચેલા ભાગમાંજ ચોરો ખાતર પાડે છે-

જેવીકે તાપથી ને પાણીના મારાથી પલળી ગયેલી ભીતમાં, લુણાઈ ગયલી, ઉંદરોએ કોચીને નરમ કરેલી હોય તેવી, ભીનાસવાળી જગ્યા, (જેવું કે પણિયારૂં, ત્યાંની ભીત સદા પોચી હોય છે) વળી ભીત કોચતાં ખડખડે નહિ તેવી જગ્યાએ, જાળિયાં કે ગોખવાળી જગ્યામાં ખાતર પાડે છે. ખાતર પાડતાં ભીતમાં પાકી ઈંટો હોય તો તેને ખેંચીને ભાંગી નાંખે છે; માટીની હોય તો પાણીથી પલાળીને નરમ કરી હાથે કે હથિયારે કાઢી નાંખે છે ને લાકડાની હોય છે તો વેહેરી કાઢે છે. ખાતર પણ છ પ્રકારનાં પાડે છેઃ (૧) પદ્માકાર, (૨) સૂર્યાકાર, (૩) બીજચંદ્રાકાર, (૪) વાપી આકાર (નિચાણ ઢાળવાળાં–કે તુરત સરીને ઉતરી પડાય); (૫) કુંભાકાર (ઉપરથી નાહાનું સાંકડું ને મધ્યમાંથી પહોળું) અને (૬) ચોરસ આકારનું કે સીધા આકારનું પાડે છે. ઘર રાજ માર્ગપર રાખવું, ગલીકુંચીથી ઘરને સંભાળવું, નક્કર કે લાકડાની ઈંટ રાખવી, ને ઉંદરોથી સંભાળવું. ગલીકુંચીમાં જાળિયાં, ભંડારીઆં કે ગોખલા ન રાખવા.]

૮ ઘરમાં પ્રવેશ કરતાં પેહેલે માથું નહિ, પણ પગ મૂકવાની કળા; તથા માથું ઘાલે તો તેપર તાવડી બાંધવાની કળા.

[કેટલીક વખતે એમ બને છે કે ઘરનાં મનુષ્ય જાગતાં હોય છે ને તેથી જેવો માથું ખોસે છે કે તુરત ફટકો પડે છે. તાવડી બાંધેલી માથે હોય છે, માટે ચોરનું માથું પેઠા પછી ડોકી ઉપર ફટકો મારવો.]

૯ કાંકરી ચાળો કરવાની કળા.

[મનુષ્યો જાગે છે કે નહિ તે જાણવા માટે કાંકરી મારવી તે.]

૧૦ ચોરી કરવાને કોઇ ઘરમાં ઘુસ્યા પછી નાસવાનો માર્ગ તપાસવાની કળા.

[ઘરનું આગલું દ્વાર ખુલ્લું મૂકે છે. પુષ્કળ દોડવું ને કૂદવામાં ચપળતા એ આ કળાવાળો અવશ્ય જાણેજ જાણે. ઘરનું બારણું જૂનું પુરાણું હોય ને ચીઈંઈં કરીને શબ્દ કરે તો તેના મૂળમાં પાણી રેડે છે, પણ પાણી જમીનપર પડતાં અવાજ

થવાનો સંભવ હોય તો બારણું ઉપાડીને ઉઘાડે છે. એ માટે બારણામાં એક ગુપ્ત કળ રાખવી કે બારણું ઉઘડેજ નહિ.]

૧૧ દીવો હોલવવાની કળા—દીવો સળગાવવાની કળા.

૧૨ રાતના અંધારામાં હરકોઇ વસ્તુ સુઝે તેની કળા:-અંધારામાં હરકોઇ વસ્તુ શોધવાની કળા.

[એમ કહેવાય છે કે અસલના ચોરો બિલાડીનું દૂધ પીતા હતા, તેથી તેઓ અંધારામાં સારી રીતે જોઇ શકતા હતા. કેટલાંક જાનવરો દિવસનાજ જોઈ શકે છે, પણ તેને રાત્રિના સુઝેજ નહિ—જેવી કે કાબેર. કેટલાંક પ્રાણીને માત્ર રાતનાજ સુઝે—જેવાં કે વનવાગોળાં, ઘુવડ; ને કેટલાંક પ્રાણીને દિવસ ને રાત્રિના—અંધારા ને અજવાળામાં સુઝે છે; જેવાં કે બિલાડી, સિંહ, વાઘ, ચકોર. અંધારામાં પણ સુઝે આમ સમજીને ચોરો બિલાડીનું દૂધ પીતા હતા. આવા ચોરોની આંખ માંજરી ને પીળચટી હોય છે તેથી પરખાય છે.]

૧૩ શુકન જોવાની કળા.

૧૪ પશુ પક્ષીની ભાષા જાણવાની કળા.

[કાદંબરી તથા સામળભટ્ટની કળશની વાર્ત્તા વગેરેમાં ચોરો પશુ પક્ષીની ભાષા જાણુતા હતા, ને તે પરથી કેવો લાભ કે હાનિ થશે તે સિદ્ધ કરતા હતા એ બાબત માલમ પડી આવે છે.]

૧૫ પશુની બોલી બોલવાની કળા.

૧૬ પશુ પેરે ચાલવાની કળા; પશુ જેવુંજ વસ્ત્ર ઓઢવાની કળા.

[વાસવદત્તામાં સપડાયલો ચોર ગધેડાનું ચામડું ઓઢી હોંચી હોંચી આબાદ રીતે બોલી છટકી ગયો હતો.]

૧૭ હાથ ગરમ રાખવાની કળા.

[ભોગ ચોઘડીએ ખાંખાખોળ કરતાં કોઇ મનુષ્યના અંગપર હાથ પડયો ને તે ઠંડો હોય તો તુરત તે જાગી ઊઠે, પણ ગરમ હાથ અડકવાથી જાગે નહિ. આવે સમયે જાગતાં એકદમ હોકારો ન કરવો, કેમકે પકડાવાના ભયથી ચોર શસ્ત્ર પણ વાપરતાં ચૂકતો નથી. માટે સમય જોઇ બૂમ પાડવી.]

૧૮ યોગચૂર્ણું બનાવવાની કળા.

[એ ચૂર્ણથી ગમે ત્યાં ચઢવાની તાકાત આવે છે.]

૧૯ યોગાંજન બનાવવાની કળા.

[એ અંજન નેત્રમાં નાંખ્યું હોય તો તે સર્વેને દેખે, પણ તેને કોઈ દેખે નહિ. એવે સમે ધુમાડો કરવો કે આંખમાં જતાં તેમાંથી પાણી ભરાઇ યોગાંજન ધોવાઈ જાય ને ચોર પકડાય.]

૨૦ યોગવર્તિકા કળા.

[એ કળાથી ઘરમાં પ્રવેશ કરતાં તુરત જણાય કે કાર્ય થશે કે નહિ, ને લાભ છે કે હાનિ; કિંવા ભય કે અભય. વર્તિકા એટલે દીવો. ચોરો એવી દીવેટ રાખે છે કે તે દીવેટ દીવામાં મૂકે તો તેથી હજારો ને લાખો સર્પો, વિંછીઓ દૃષ્ટિએ પડે, ને તેથી ઘરધણી ગભરાય ને નાસાનાસ કરે, તે સમયે ચોર કાર્ય સાધી લે છે.]

૨૧ વેશ્યા સાથે મૈત્રી રાખવાની કળા.

૨૨ સુરંગ ખોદવાની કળા.

૨૩ ધારણુ મૂકવાની કળા.

[આ કળા કળશાની વાર્તાના ચોરો જાણુતા હતા.]

૨૪ નિદ્રાજીત થવાની કળા.

[કદાચિત્ સંકટ આવ્યું તો કેટલાક દિવસપર્યંત સંતાઇ રેહેવાને ઠીક પડે.]

૨૫ પકડાયા પછી છૂટવા માટે ગ્રીદ્વારે પ્રપંચ કરવાની કળા.

૨૬ દિવસના સાધુવેશે-સાહવેશે, કોઈ ન પારખે તેવી રીતે ચોરીના સ્થળો જાણુવાની કળા.

[દિવસના સાધુ-સાહ-અણુજાણ્યા આવે તો ખૂબ સાવધ રેહેવું.]

૨૭ ચિત્ર કળા.

[કોઇ મોટા ભંડાર લૂટવો હોય તો, ત્યાંના માર્ગો કેવા છે, ચોર માર્ગો ક્યાં છે, કેવા ઓરડા છે તે પોતાના સાથીને જણાવવા માટે.]

૨૮ પકડાયા પછી ગાંડીઓ થવાની કળા.

[ગાંડાપણાના ચાળા કરે તો તેથી છેતરાવું નહિ, પણ તેના ગાંડાની પૂરતી તપાસ કરવી.]

૨૯ સંકટ સમયે પ્રાણ આપવા તથા લેવાની કળા.

[પ્રાચીન કાળના કાર્યભારી આ વિદ્યા શીખતા હતા; તેમ ચોર પણ કદી પકડાય તો ફજેત ન કરે તે માટે કોઈ ન જાણે તેમ પ્રાણ લે છે; ને વખતે પ્રાણ દે પણ છે, ને મસ્તક તેનો સાથી લઈ જાય છે.]

૩૦ પકડાવા પછી કેદમાં પડયો હોય તો ત્યાંથી છૂટવાની કળા.

૩૧ કેદખાનામાં મિત્ર કરવાની ને પોતા સાથે તેને પણ છોડવવાની કળા.

૩૨ કુલટા સ્ત્રીનો સંગ કોઇ ન જાણે તેમ કરવાની કળા.

[કુલટા ઘેરે ઘેર ફરીને કયાં ધન સંતાડેલું છે, કેમ વ્યવહાર કરે છે તે જાણી જણાવે.]

૩૩ ચોરી કરવા જતાં ઉદારતા રાખવાની કળા.

[સામળ ભટ્ટની વાર્તા—કળશની. ચોરોએ ઉદાર બુદ્ધિથી વાણીઆ, સોની, બ્રાહ્મણ, ને વેશ્યાનાં ઘર જતાં મૂકયાં હતાં. વાણીઆ પૈપૈ ચોરે છે ને કૃપણ છે; સોની મહા ચોર હોય છે, સગ્ગી બેહેનનામાંથી પણ (ચોરવું) છોડે નહિ, વળી સુવર્ણ ચોરનાર મહા પાતકી છે. બ્રાહ્મણ તો પૂજવાને યોગ્ય છે. વેશ્યાએ અનેક કાળાં ધોળાં કીધાં હોય તેથી તેનું દ્રવ્ય કામનું નથી એમ ધારી મોટે ઘેર ચોરી કરવા ગયા.]

૩૪ ભંડાર લૂટવાની કળા.

૩૫ ચોર છતાં નિર્મળ રહી દરબારમાં જવાની કળા.

૩૬ ચોરીનું દ્રવ્ય વાપરવાની કળા.

[સઘળી મળીને ચોરીની ૪૦ કળા છે, પણ બીજી ચાર મળી શકી નથી.]

વળી આ ચોરો બિલાડાં જેવા ગતિ કરનારા

હોય છે; નાસવામાં મૃગલા જેવા ચપળ જણાય છે; ઘર ફાડવામાં બાજપક્ષી જેવા નિપુણ છે; શ્વાન જેવી નિદ્રા ધરેછે; સર્પ જેવી દોડવામાં કળા ને ઝડપ બતાવે છે; (અર્થાત્ વાંકાચૂકા દોડે ને વખતે સીધા દોડે તો ઘણા સડસડાટ ચાલ્યા જાય છે.) માયાવીના જેવા વેશ બતાવે છે; ધૈર્ય બતાવવામાં ને સ્થિરતા દર્શાવવામાં મોટા મેરૂને પણ હઠાવે છે; ગરુડવેગે ચોરી કરવા દોડે છે; સસલાપેરે જમીનમાં ઘુસીને ચોરી કરે છે; વરૂ પેરે તરાંપ મારીને ઝુંટાવી લે છે; ને સિંહ પેરે મોટું બળ ધરાવે છે. સ્ત્રીના શબ્દ સાંભળે ને ત્યાં પુરુષ હોય તો તે કદી પણ ચોરી કરવા હિંમત ભીડતો નથી. જમીનમાં દાટેલા ધનને મંત્રવિદ્યાથી જાણે છે. આ પ્રમાણે કર્ણિપુત્રે જે ચૌરશાસ્ત્ર રચ્યું છે તે શીખીને અનેક પ્રકારે અનેક કળા કરીને ચોરો દ્રવ્ય હરે છે; માટે આવા મનુષ્યોથી સાવધ રેહેવું. તેઓ દિવસના મોટા સાહુ થઇને ફરે છે, ને સર્વ સ્થળો ધ્યાનમાં રાખી, ચાકર નફરોથી બાતમી મેળવી, પછી ઘોર અંધારી રાત્રિના દ્રવ્ય લઇ જાય છે. ઘરમાં કામકાજ કરવાને નિમેલા ચાકરો પણ રાખતાં ઘણા સાવધાન રેહેવું જોઇયે. કારણ કે તે ચોરોજ ઘણી વેળાએ નોકર થઈ ઘરની સર્વ ગુપ્ત વાત ને જગ્યા જાણી લઇને પછી ઘર ફાડે છે. તેમનાથી ધનનું રક્ષણ કરવા માટે વજ્રમય ભોંયરાંઓ, ચોરદ્વારો, ગુપ્તસંચો કરવા, કે જેથી ચોર પાસે મોટાં શસ્ત્રો છતાં પણ તે ફાવી શકે નહિ.

મદ્યપાની.

બીજો ચોર મદ્યપાન કરનારો છે. મદ્યપાન કરનારો સાહનો સાહ ને તનબદન મિત્ર થઇને આપણી પાસ આવે છે. ધીમે ધીમે પગપેસારો એવો કરે છે કે તેનો પ્રપંચ શું

છે તે બ્રહ્મા કે જગત્‌પિતાજ જાણે છે. અનેક પ્રકારની લાલચો ને લાભો તે પ્રથમ જણાવે છે. પેહેલે પોતાની ગાંઠનું ગોપીચંદન કરી શ્રીમંતને ફોસલાવે છે ને પછી ફસાવે છે; ને જ્યાં તે એમાં તલ્લીન થયો એટલે પીવાને માર્ગે દ્રવ્ય હરણ કરી પાયમાલ કરી મૂકે છે. આ દારૂડીયાઓ ચંદ્રમાની પેઠે ૧૬ કળા પોતાનીજ કેહેવડાવે છે:—

મદ્યપાન કરનારની ૧૬ કળા.

૧ વ્યસનની તારીફ કરવાની કળા.

૨ શાસ્ત્રમાં મના નથી તે કેહેવાની—મોટા પુરુષનો દાખલો આપવાની કળા.

૩ દારૂના ગુણો ગણાવવાની કળા. (એ શરીરમાં તાકાત આણે છે, કામ ઉત્પન્ન કરેછે).

૪ પ્રથમ વ્યસન કરાવવાની કળા.

૫ પીધા પછી છુપાડવાની કળા.

૬ પકડાયા પછી બચવાની કળા.

૭ અક્કલ ગરાડી કરવાની કળા.

૮ સાથીને ચઢાવી તેને પૈસે મોજ કરવાની કળા.

૯ અમર્યાદી શબ્દ સહન કરવાની ને બોલવાની કળા.

૧૦ અપરાધ સહન કરવાની કળા.

૧૧ નવા નવા મિત્રો કરવાની કળા.

૧૨ ઉત્તમ વિલાસ ભોગવવાની કળા.

૧૩ નવી નવી ઇચ્છા ઉત્પન્ન થવાની કળા.

૧૪ દુ:ખ દૂર કરવાની કળા.

૧૫ ત્રણ લોક જોવાની કળા.

૧૬ અતિક્રોધિષ્ટ થવાથી સંગ્રામમાં ઉભા રહેવાની કળા.

આ સોળ કળા મદ્યુપાન કરનારાઓમાં વસેલી છે, ને તેમાં તેઓ સદોદિત મગ્ન રહે છે. મદ્યુપાન કરનારાઓ પૈસે ખુવાર થાય છે, ને શરીર પણ ખુવાર કરે છે; ને તેથી એ દુર્વ્યસનને સેવનારાથી સાવધ રેહેવાની ઘણી જરૂર છે.

વ્યભિચારી.

મધુપાનીથી જબરો ચોર વ્યભિચારી છે. આ ત્રીજા ચોરથી ઘણા સાવધ રેહેવાની જરૂર છે. તે આપણા સંસાર મંડળમાં મોટા કુતરા છે, ને તેઓનો નાશ કીધો હોય તો કંઇ પણ પાતિક લાગે તેવું નથી. તેઓ ઘરભંગા છે, ને સાહચોર છે. પૂર્વના કાળમાં આવા વ્યભિચારીને માટે ઘણું મોટું શાસન થતું હતું, પણ હમણાં તેઓને મારી મળે છે. સંસારમંડળના આ શત્રુઓમાં જે ૬૪ કળાએ વાસ કીધો છે તે આ પ્રમાણે છે:–

કામીજનની ૬૪ કળા.

૧ કાંકરીચાળો કરવાની કળા.*
૨ નિર્માની થવાની કળા. (આધીન થએલી નાયિકા પાસે.)
૩ બહુમાની થવાની કળા. (રતિ કલહમાં.)
૪ કોમળ હૃદયનો થવાની કળા.
૫ કઠિન હૃદયનો થવાની કળા.
૬ દયાળુ થવાની કળા. (નાયિકા કોપે તો દયા લાવવાને પાખંડ કરે ને દયા બતાવે.)
૭ ઉદાર થવાની કળા. (હાથનો છૂટો—નાયિકાની પસંદગી મેળવવા માટે).
૮ શઠનો શિરોમણી થવાની કળા. (નાયિકા પૈસાવાળી હોય તો તેની પાસથી પૈસા કઢાવવા માટે.)
૯ નવરસ જાણવાની કળા.
૧૦ સાહસ કળા.
૧૧ હૃદય હરણ કરવાની કળા. (ક્રિયાથી.)
૧૨ ફોસલાવવાની કળા.
૧૩ ફોસલાવતાં ફસી પડે તો છટકવાની કળા.
૧૪ પરાયા ઘરમાં ઘુસવાની કળા.
૧૫ રૂચતું બોલવાની કળા.
૧૬ ઉલટ ભર્યું કાર્ય કરવાની કળા.

---

* ચોર કે કામી જન કોઈના પણ ઘરમાં જતાં પહેલાં કાંકરી ફેંકે છે. જો ઘરમાં રેહેનારી સ્ત્રી અબોલ રહે તો પોતાનું કાર્ય સિદ્ધ થશે એમ જાણી પછી પ્રવેશ કરે છે.

૧૭ ઉડાવવાની કળા. (નાયિકાને, કોઇ પાછળ લાગેલાને કે વિક્ષેપ કરનારને.)
૧૮ બહુ વાતો કરવાની કળા. (તેથી નાયિકા પ્રસન્ન થાય ને વશ થાય છે.)
૧૯ મનરંજન કરવા ગપ્પાં મારવાની કળા.
૨૦ સદા હસતું મુખ રાખવાની કળા.
૨૧ વખત સાચવવાની કળા.
૨૨ સંકેતસ્થળ રાખવાની કળા. (અભિસારિકાને પોતા સમીપ આવવા માટે.)
૨૩ મેળા જાત્રામાં જવાની કળા.
૨૪ નવનવાં વસ્ત્ર પેહેરવાની કળા.
૨૫ ટેડાઇ—સ્વચ્છતા રાખવાની કળા.
૨૬ પ્રેમકટાક્ષ મારવાની કળા.
૨૭ નેત્ર ને કરપલ્લવી જાણવાની કળા.
૨૮ ગાવાની કળા.
૨૯ પદ્મિની વગેરે સ્ત્રી જાતિ પારખવાની કળા.
૩૦ કાવ્ય કળા.
૩૧ સ્ત્રીના અંગમાં વસતા કામને જાણવાની કળા.
૩૨ તરેહ તરેહનાં પક્ષી પાળવાની કળા.
૩૩ કુટણીને સાધવાની કળા.
૩૪ અત્તર ને પુષ્પની પરીક્ષા કરવાની કળા.
૩૫ રમવાની કળા.
૩૬ શણુગારવાની કળા.
૩૭ દેખતા છતાં અંધ થવાની કળા.
૩૮ ઈર્ષ્યા ધરવાની કળા.
૩૯ વૈદ્યક કળા.
૪૦ સાધુ-જોગી થવાની કળા.
૪૧ જાદુમંત્ર જાણુનારા થવાની કળા.
૪૨ ઘરના ધણીને લલચાવવાની કળા.
૪૩ વેશાંતર કરવાની કળા—ચોરી—છુપાઈથી રેહેવાની કળા.
૪૪ મિષથી મુલાકાત લેવાની કળા.
૪૫ કસમ લેવા તથા આપવાની કળા.
૪૬ પોતાને વાસ્તે પ્રેમ ઠસાવવાની કળા.
૪૭ યોગાસન મારવાની કળા
૪૮ ઝેર જેરવવાની કળા(એથી કામ ઉત્પન્ન થાય છે.)
૪૯ ઝાડપર ચઢવાની કળા.
૫૦ તરવાની કળા.
૫૧ નાસવાની કળા.
૫૨ લાંબી સગાઇ પાસે દ-

શીવવાની કળા.
૫૩ મોટી મોટી આશા-અવધી આપવાની તથા તેમાં વિઘ્ન લાવવાની કળા.
૫૪ દ્વિઅર્થી બોલવાની કળા.
૫૫ લેખનકળા. (જૂદી જૂદી રીતે ચિઠ્ઠી લખે છે કે જેથી તેના અક્ષરો તે નાયિકાજ વાંચી શકે. વળી પત્ર એવો લખે કે જેથી તેમાં કંઇ દેખાય નહિ, પણ તાપપર ધરવાથી કે બીજી રીતની દવા ચોપડવાથી તેનાપરના અક્ષરો નિકળી આવે છે.)
૫૬ પ્રેમદુઃખ સેહેવાની કળા.
૫૭ અન્ય જનની નિંદા કરવાની ને દૂષણ દર્શાવવાની કળા (જેથી નાયિકા અન્ય જનની ઇચ્છા ન કરે.)
૫૮ વચન તૂટયું તો ગ્લાનિ નહિ પામતાં નિડરતાથી વિનવવાની કળા.
૫૯ પાન ખાવાની કળા.
૬૦ અભિસાર થવાની કળા.
૬૧ પ્રીતિ યાદ કરાવવા માટે છેલ્લી નિશાની કરવાની કળા.
૬૨ કોપિત પ્રિયાને શાંત કરવાની કળા.
૬૩ હું મરી જઇશ એવો ભય આપવાની કળા.
૬૪ સત્ય બોલી શંકાશીલ કરવાની તથા વિશેષ ચર્ચા અટકાવવાની કળા.

આ પ્રમાણે આ ૬૪ કળા છેલછબીલા છટેલ પુરુષોમાં વસેલી છે, ને તે તેઓ મોટા ઉસ્તાદો પાસ શીખી આવ્યા છે. આવા મનુષ્યોથી ઘણા સાવધ રહેવાની જરૂર છે. મિત્ર થઈને ઘરમાં ઘુસે છે, ને પછી શત્રુનું કામ સારે છે. વળી તેવાઓ ઘરની અંગના સાથે સંકેત કરીને આપણું વિત્ત હરણ કરીને નાશી જાય છે ને તેથી કનક, કાંતા ને કીર્તિ ત્રણેનો સમૂળો નાશ થાય છે. આ સંસારમંડળના ક્રૂર રાક્ષસોનો સંગ કરવો ઘણો દુઃખદાયી છે; તેમને ઘણા તપાસવા જોઇયે. ઘરના નોકર ચાકરો પણ એવા હોય છે કે તેમનાં કાળાં કર્મનો ભાસ તો વિધાત્રીને પણ થતો નથી; તો પછી અલ્પ પ્રાણિ તે કોણ માત્ર? એ ત્રણ ચોરોથી ઘણો સાવધ રહેનારો પુરુષ સદા સુખી રહે છે.

સર્ગ ૧૦ મો.

દિવાનની કળા.

રાત્રિના જ્યારે સર્વ જન જંપ્યું હતું ત્યારે ઉજ્જયણી નગરીનો એક મોટો ધનવાન પુરુષ ધૂર્તશિરોમણી **મૂલદેવ** મહારાજ પાસે વેશાંતર કરીને આવ્યો. તેણે ઘણા પ્રેમપૂર્વક પ્રણામ કરીને **મૂલદેવ**ના ચરણ સમીપ ઉત્તમ રત્નોવાળાં બે કંકણ મૂકયાં, ને પછી પોતાની વિતકવાર્તા કહી બતાવી. તેમાં રાજાના મુખ્ય કાર્યભારીએ તેની સાથે કેવો પ્રપંચ ખેલ્યો હતો તે જણાવીને આશ્રય માગ્યો. **મૂલદેવ**, જે લક્ષ્મીના મોહમાં અંજાઇ ગયા જેવો દેખાતો હતો, તેણે ગુપ્ત રીતે કેટલીક સલાહ આપીને વેશાંતરવાળા વણિકને વિદાય કીધો.

પછી ચંદ્રગુપ્તને સમીપ બોલાવીને, વાંસે હાથ ફેરવીને કહ્યું, જોયું કે? જેમ બીજા ધૂતારા હોય છે તેમજ રાજાના કાર્યભારીઓ પણ એક છે. તેઓ દિવાન, વજીર, અમાત્ય, મંત્રી, પ્રધાન વગેરે અનેક નામોથી ઓળખાય છે. જેવાં તેમનાં નામો અનેક છે, તેવાંજ તેઓનાં કામો પણ અનેક છે. શ્રીમંત–ધનવાનોને લૂટવામાં તેઓ એક્કા હોય છે. અનેક પ્રકારે શ્રીમંતના તેઓ શત્રુ હોય છે, પણ ઉપરથી તેઓ એવો ડોળ રાખેછે કે તેના તેજમાં ઘણા અંજાઇ જાયછે. તેઓ રાજાને સદાજ આંધળો ને હૈયાફૂટો રાખે છે, ને કદી પણ તેને ચસકવા દેતા નથી! એટલે તેનાં કાળાં કર્મો, તેના ઉપરીના જાણવામાં આવતાં નથી. ખરી રીતે તો આખા રાજ્યનો દિવાનજ માલિક ગણાય. તે સર્વને પૂછે છે, પરંતુ તેને કોઇ પણ પૂછનાર નથી. તેનો કોઇ શત્રુ હોયછે તો તે તેનો એકદમ ખોડો કાઢી નાંખે છે, ને

તે એટલે લગણુ કે તેમ કરવામાં હજારો પાપિષ્ઠ યુક્તિયો વાપરે છે, પ્રપંચો રમે છે, ઠગાઇઓ કરે છે, બનાવટો કરે છે ને પોતાના કાર્યમાં મુંઢિ ખોસનારની આડખિલી ગમે તે પ્રકારે કાઢી નાંખે છે. કાર્યભારીનો જો કોઈપર કોપ થયો તો તે પ્રથમ તેને બોલાવે છે, પછી તેને ચમકાવે છે, ગભરાવે છે, પટાવે છે, આરોપ મૂકે છે ને તે દ્વારાએ પોતાનું સઘળું કાર્ય સિદ્ધ કરી લે છે. એ કાળના પણ કાળ છે, ને ક્રૂરના પણ ક્રૂર છે. તેનો સ્નેહ કે શત્રુતા બંનો આપણી સંપત્તિના નાશનાં કરનારાં છે, એટલે તેને તો નવગજના નમસ્કાર કરવા.

કાર્યભારી એટલે દિવાન ને જે **દીવા+ન** અર્થાત્ **દીવો નહિ તે દિવાન**, એટલે તેની અગાડી ને પછાડી સઘળે અંધારું ઘોર ને તેઓ દિવસના મોટા ભયંકર ચોર હોય છે. તે જાતેજ અંધકારની મૂર્ત્તિ છે, ને ચોમેર અંધકાર એટલે કાળાં કામો કરવામાં તેને યત્કિંચિત્ પણ હરકત નડતી નથી. તેનું બીજું નામ **વજીર**—જે અસલ **જીરવ**(નાર)-**જેરવનાર**નો ઉલટપુલટ શબ્દ થયો છે. કોઇનો પણ માલ પચાવી પાડી, ને તે જેરવવાની શક્તિ ધરાવે છે તેટલાપરથી તેને વજીર એ નામ આપ્યુંછે. ઘણી વેળાએ તે ઘણા ઘણાઓને સતાવીને રાજાને નામે દ્રવ્ય લે છે, ને તે પોતાને ત્યાં બહારોબહાર મોકલાવી દે છે. સઘળો કાળ તે આવાં કપટો રચવામાંજ કાઢે છે. રાજાને માંકડાપેરે નચાવે છે, ને જ્યાં રાજા આંધળો ભિંત ને લાડી, વાડી ને ગાડીમાં મસ્તાન ત્યાં તો પછી કારભારી પોતેજ રાજાધિરાજ થઇ પડેછે, તે છતાં તે મોટું ડોળ ઘાલે છે કે, રાજાને પૂછ્યા વગર વાત કરતો નથી, રાજાજ માલિક છે, રાજા સાહેબની ખાસ ઇચ્છા છે, ને તે આમ આજ્ઞા કરેછે, ને તેમ હુકમ કરેછે—એમ જણાવીને સૌને છેતરે છે. એકાદ પોતાના ધનવાન શત્રુપર જો તેનો ડોળો

ચોંટયો તો હરેક પ્રકારે તેની પાસથી દ્રવ્ય કઢાવે છે, ને વળી રાજાને તે આપીને પોતે તેનો વહાલો થાય છે; ને રાજા વિફરે છે તો તેનો પણ નાશ કરવામાં ચૂકતો નથી.

તેનું ત્રીજું નામ **અમાત્ય** છે. અમાત્ય એટલે માતેલો નહિ તે. પણ એ પોતે એવો માતેલો હાથી છે કે તેને કોઈપણ અડી શકતું નથી. તે પોતાના રૂવાબમાં-જ કોઇને ધધડાવી પાડે છે. મીઠી મીઠી વાતો કહીને કાર્ય કરીશ એવી ધીરજ આપીને, તેની પુઠ પાછળ તેનો કચડ-ધાણ કાઢી નાંખવામાં તે કુશળ હોય છે. એનું ચોથું નામ **મંત્રી** છે. મંત્રી એટલે કોઇનું મંત્રી લેવું તે. હરેક પ્રકા-રે ધન-વિત્ત-દ્વારા મંત્રી લેવામાં તેના જેવો કોઇપણ કુશળ હોતો નથી. તેનું પાંચમું નામ **પ્રધાન** છે. પરાયું ધાન-ધનજ પોતાનું કરે તેવી જેની સદા વૃત્તિ રહે તે પ્રધાન કહેવાય છે—તેનું ચિત્ત સદા પરાયા દ્રવ્યપર દોડયા કરે છે.

કાર્યભારીની ઉત્પત્તિની કથા.

પૂર્વે યમરાજાને ત્યાં તેના કાર્યભારીઓએ એક એવો પ્રપંચ રચ્યો કે એક મહા પાતકીને લાંચ લઇ મુક્તિ અપાવીને એક પુણ્યાત્મા પ્રાણીને વૈરભાવે નર્કમાં નંખાવ્યો. આ પ્રમાણે પોતાને ત્યાં અધર્મ થવાથી યમરાજાનું આસન ડોલવા લાગ્યું. યમરાજે નેત્ર મિચીને તપાસ્યું તો આ ઘોર અધર્મ નિહાળ્યો ને તેથી તેઓને કંપારવ થયો. પછી પોતાના ધર્મા-સનપર વિરાજમાન થઇ આ અધર્મનું કૃત્ય કરનારા યમદૂતો, જેમનાં નામ **શ્વાનમુખ, માંજારમુખ, મૂષકમુખ, કાલ-દાસ, અધર્મસંકર, અસત્યભાઈ, શૃગાલસિંહ** વગેરે હતા, તેમને પકડાવી મંગાવ્યા. તેઓ પહેલાં તો ઘણા રોફપર આવ્યા ને સામા થયા. યમરાજે કારમો કોપ કરી તેમના કૃત્યોને માટે શિક્ષા કરતાં કહ્યું કે, 'તમે અ-ધર્મના પક્ષી છો, માટે જાઓ દુષ્ટ પાપીઓ, પડો

પૃથ્વીપર, કરો અધર્મ ને ભરો તમારૂં દોઝરૂં!' એટલે યમદૂતો પૃથ્વીપર પડયા, ને પછી ઉંચા કાર્યમાં લાગી ગયા. તેઓ રાજાઓના કારભારી તરીકે અત્રે રહ્યા છે. રાજાને ખોટે માર્ગે દોરવી અધર્મે વર્તાવવાનો તેમનો પરંપરાનો રીવાજ છે. પોતાનો નીચ સ્વાર્થ સાધવામાં સદા તેઓ કુશળ છે. તેઓની ૧૬ કળા છે, જે કોઇકજ યથાર્થ રીતે જાણે છે ને તેનાથી છેતરાતો નથી કે તેનો ગાંજયો પણ જતો નથી.

દિવાનની ૧૬ કપટ કળા.*

૧ ગભરાવીને પૂછવાની કળા.†
૨ પટાવીને પૂછવાની કળા.†
૩ ચકિત થઇ કરીને પૂછવાની કળા.†
૪ નિરપરાધીપર આરોપ મૂકવાની કળા.‡
૫ પેટમાં પેસી ગર્દન મારવાની કળા.
૬ મીઠું મીઠું બોલી કાર્ય સિદ્ધ કરવાની કળા.
૭ રાજાની પ્રસન્નતા જણાવી કાર્ય સિદ્ધ કરવાની કળા.
૮ રાજાને નામે દ્રવ્ય લઈ, પચાવી પાડવાની કળા.
૯ નિંદા ફેલાવવાની કળા.
૧૦ લોકોને પોતાના પક્ષમાં

---

* મંત્રીને શોભારૂપ આ ૧૬ કળા કામંદકીયમાં છે:-

૧ સત્યમાં આગ્રહી હોવું.
૨ સ્વદેશાભિમાની થવું.
૩ કુશળ વક્તા થવું.
૪ કુલશીલ બળવાળા હોવું.
૫ સારગ્રાહી-બોલનાર થવું.
૬ પીઢ થવું.
૭ શાસ્ત્રજ્ઞ ને દુર્ગુણ રહિત થવું.
૮ ઉત્સાહી થવું.
૯ સમયસૂચકતા રાખવી.
૧૦ નિર્વિકારી રહેવું.
૧૧ ધીરતા રાખવી.
૧૨ સર્વથી હળીમળી ચાલવું.
૧૩ કળાકૌશલ્ય જાણવું.
૧૪ ડાહ્યા ને પ્રતાપી બનવું.
૧૫ ત્વરાથી કાર્ય સિદ્ધ કરવું.
૧૬ રાજભક્ત બનવું.

† આ ત્રણ કળા નંદકુળનું નિકંદન કરનાર ચાણાકય મુનિયે, રાક્ષસ મંત્રીના મિત્રથી, રાક્ષસની ગતિ જાણવા માટે વાપરી હતી.

‡ "કેમ શેઠજી, તમારે ત્યાંનાં બૈરાંઓ ઘણા છંદિષ્ટ છે, ને ફલાણા ગૃહસ્થે તે માટે ફરીયાદ કીધી છે" એ વગેરે અનેક પ્રકારની વાતો કહી ચકિત કરવો ને ગભરાવવો.

લેવાની કળા.

૧૧ એ પાસથી દ્રવ્ય લેવાની કળા.

૧૨ સકતા સાથે શત્રુતા ને મિત્રતા કરવાની કળા.

૧૩ રાજા રાણીના વહાલા થવાની કળા—અંનો વચ્ચે વૈર કરાવાની કળા.

૧૪ રાજાને વેહેમી કરવાની કળા.

૧૫ રાજાને આંધળા રાખી દુષણુ છુપાડવાની કળા.

૧૬ વિફરતા રાજાને (ગભરાવી) અંકુશમાં આણુવાની કળા.

ષોડશકળા ચાંદામામો તો એકેક પછી એકેક રાખી રહ્યો છે, પણુ આ કાર્યભારીમાં તો સમગ્ર કળા સામટી રહી છે, ને તેનો ઉપયોગ તેઓ નિરંકુશિત મદોન્મત્તપણુાથી કરે છે, ને તેથી કોઇ પણુ દિવસે આ મંત્રીઓ—જે બીજાને મંત્રવામાં નિપુણુ છે તેનો વિશ્વાસ કરવો નહિ. તે પોતાના અન્નદાતાને પણુ મારવામાં—ને તેનું નિકંદન વાળવામાં પાછો હઠતો નથી, તે માટે એક સત્ય વાર્તા તને કહું છું તે લક્ષ રાખીને સાંભળ.

નંદનિકંદન કથા.

પૂર્વકાળમાં મગધ દેશ, કે જ્યાં **જરાસંધ** રાક્ષસ રાજા રાજ કરી ગયો છે, ત્યાં **મહાનંદ** નામનો એક રાજા રાજ કરતો હતો. એ રાજા અતિ ક્રૂરણો ગર્વિષ્ટ ને ક્રોધી હતો. તેનો **શકટાલ** નામનો એક પ્રધાન હતો. આ પ્રધાને પોતાનો રોપ એટલો બધો વધારી દિધો હતો કે તેથી કરીને રાજા પરવશપણુાને પામેલા જેવો જણુાતો હતો. **શકટાલ**નો સ્વભાવ ઘણો ઉદ્ધત હતો ને તે મહા અભિમાની હતો, ને રાજાને પોતાના પગતળે રાખવાને સદા તત્પર રહેતો હતો. આ પ્રમાણે રાજાપર અંકુશ મૂકવાથી રાજા ક્રોધે ભરાયો, ને એક વેળાએ રાજાએ સેહેજમાં તેને દંડ કરી પ્રતિષ્ઠાથી ભ્રષ્ટ કીધો.

શકટાલના મનમાં આથી હાડોહાડ વૈર વાપ્યું, ને

માનભંગનું વૈર લેવા ને પોતાની અસલ પ્રતિષ્ઠા પુનઃ સ્થાપવાને તેણે દૃઢપણે નિશ્ચય કીધો. એક સમયે રાજા ને **શકટાલ** મૃગયા ખેલવાને ગયા. ત્યાં એક વાવડીમાં રાજા પાણી પીવા ગયો, તે વેળાએ **શકટાલે મહાનંદનો** પ્રાણ લીધો, અને વાવડીમાંની એક શિલા નિચે તેને દાટયો.

છુપે માર્ગે **શકટાલ** નગરમાં આવ્યો ને સતો થઈ **મહાનંદ**ની શોધ કરાવી. પ્રજામાં ઘણો ખળભળાટ થયો ને ચોમેર દૂતો શોધ માટે મોકલ્યા, પણ **મહાનંદ** મળ્યો નહિ, પરંતુ તેનો ઘોડો મળ્યો. તે જોઇ **શકટાલે** કહ્યું કે રાજાનો મૃગયાથી જીવ ગયો હશે, ને તેથી **નંદ**ના વડીલ પુત્રને પટાભિષેક કીધો. **શકટાલ**નું આ કર્તવ્ય કોઇક પ્રસંગથી કોઇ તેના શત્રુના સંશયમાં આવ્યું હતું, તેથી તેણે **મહાનંદ**ના પુત્રને એ વાત શોધવા કહી. તેણે તપાસ કરી વિચાર કીધો કે જો જનાવરે પ્રાણ લીધા હોત તો ઘોડાને જીવતો રાખતે નહિ, જો લૂટારાએ લૂટયો હોત તો ઘોડાપર જે જરિયાન રહ્યું તે રહેતે નહીં, તેથી **શકટાલ**ને બોલાવીને પૂછ્યું, ને તેણે પોતાનો અપરાધ સ્વીકારતાં કહ્યું કે 'મારૂં પ્રભુત્વ દર્શાવવા મેં નિર્લોભતાએ તમારા પિતાને માર્યા છે, પણ તમને ગાદી આપી છે.' **નંદનંદન**ને આ વાત રુચી નહિ ને તેણે તુરતજ **શકટાલ**ને કેદ કીધો, એટલે બળતામાં તેલ પડયા જેવું થયું. કેદખાનામાં વેરી રાજાએ **શકટાલ** ને તેના આખા કુટુંબને કેદમાં નાંખ્યું ને તેઓના નિર્વાહ અર્થે માત્ર શેર દોઢ શેર લોટ આપતા હતા.

રાજાઓ બહુધા મૂર્ખ હોય છે, ને ડાહ્યા રાજાઓ પણ કોઇ સમયે મોટી ભૂલો કરે છે. પોતે જેનાપર પ્રસન્ન થાય છે તેને અત્યંત ચઢાવી દે છે, ને નારાજ થાય છે તો એકદમ તેનો ખોડો કાઢતાં પણ વિચાર કરતા નથી. રાજાએ તો કોઇને પણ અત્યંત ચઢાવવો જોઈએ

નહિ. કદાપિ આત્મબળથી ચઢી જાય તો દેખરેખ રાખ-વી, તેટલું છતાં તે ચઢયોજ ગયો ને અટકાવ કરવો હોય તો તેનું નિર્મૂળ કાઢવું જોઇએ. જો એક પણ મૂળ સબળ રાખે તો તેથી તે સામાને નિર્મૂળ કરે છે.

શકટાલને કારાગૃહમાં કુટુંબ સહિત કેદ કીધો તેથી તેને અપાર સંકટ પ્રાપ્ત થયું. તેણે કારાગૃહમાં પડેલા પોતાના કુટુંબી જનને પૂછ્યું કે મારૂં વૈર લે તેવો કોઇ આ ૧૦૦ જણમાં છે? (તેને ૧૦૦ પુત્ર હતા.) ૯૯ પુત્રે કહ્યું કે, 'કરો તેવું પામો, ને વાવો તેવું લણો!' શું કામ આપણા અન્નદાતાનો નાશ કીધો! શો બીગાડ તેણે કીધો હતો કે રાજાને મારી નાંખ્યો! માટે હવે કર્યાં કર્મનાં ફળ ભોગવો. ૧૦૦ મા પુત્રે કહ્યું, "ગમે તેમ છે તોપણ આ આપણો પિતા છે, તેના તે વળી અવગુણ લેવાય કે? રાજાનું ભુંડું તેના કાર્ય માટે કીધું છે. પિતાપર રાજા વેર રાખતો હતો, તો કોણ એવો હોય કે વેરીને મારે નહિ! આપણા પિતાએ તેનો નાશ કરીને કંઈ પોતાનું રૂડું નથી ઇચ્છ્યું; પણ તેનાજ પુત્રને પાછી ગાદી આપી તેને રાજગાદીપતિ કીધો છે, તેમાં શો અપરાધ છે? એક ભુંડું કીધું તો બીજું રૂડું નથી? વળી પિતાએ ગુનો કીધો છે, પણ આપણો સર્વનો શો અપરાધ કે એકને માટે ૧૦૦ના પ્રાણ લેવાય છે? એ ક્યાંનો ન્યાય? માટે એ વેર તો લેવાવુંજ જોઇએ." શકટાલે જાણ્યું કે આ પુત્ર નિશ્ચે વેર લેશે ને તેથી તેને સઘળો લોટ આપ્યો, ને કહ્યું કે "અમે તો મરીશું, પણ તારે વેર લેવું."

કેદખાનામાં એકેક પછી એકેક ૧૦૦ જણા મરણ પામ્યા, ને ૧૨ વર્ષ થયાં તોપણ છેલ્લો પુત્ર મરણ ન પામ્યો. એક દિવસે રાજાએ પૂછ્યું કે હજી કેદખા-નામાં કોઇ જીવે છે? લોટ આપનારાએ કહ્યું કે હા

મહારાજ, કોઇ લોટ લે છે ખરૂં. રાજાએ તેને જીવનદાન બક્ષીને છુટો કીધો.

આ કનિષ્ઠ પુત્ર કેદખાનામાંથી નિકળ્યા પછી રાજાના એક મંત્રી રાક્ષસને ત્યાં નોકરી રહ્યો. એક સમે મંત્રી પ્રસન્ન થવાથી તે કનિષ્ઠ પુત્રને કાર્ય સોંપ્યું કે રાજાને ત્યાં શ્રાદ્ધ છે તે વેળા મુખ્ય પાટે બેસાડવાને કોઇ પ્રતિષ્ઠિત બ્રાહ્મણને તેડી આણો. તુરતજ કનિષ્ઠપુત્ર ગંગા તટે કોઇ બ્રાહ્મણને શોધવા ગયો. ત્યાં અરણ્યમાં **ચાણાકય** નામનો એક બ્રાહ્મણ મળ્યો, તે દર્ભના મૂળમાં મધ ને લોટ પૂરતો હતો. પ્રણામ કરીને **શકટાલ**ના કનિષ્ઠ પુત્રે પૂછ્યું, 'ઋષિજી, આપ શું કરો છો ?' તેણે કહ્યું, 'આ દર્ભની અણી ખુંચવાથી મારો તાત મૃત્યુ પામ્યો છે, તેનું વેર લેવાને આ દર્ભને નિર્મૂળ કરૂં છું. આ મધ ને લોટ મૂકવાથી કીડીઓ એનાં મૂળ ખાઇ જશે ને એનો નિર્વંશ જશે.' કાર્યભારીના પુત્રે મનમાં કહ્યું કે, 'આ નંદવંશનો ખોડો કાઢે ખરો, એને નિમંત્રણ કરૂં ને રાજા એના ક્રોધમાં સપડાય એટલે બસ.' **ચાણાકયે** તેનું નિમંત્રણ સ્વીકાર્યું. શ્રાદ્ધને દિને શ્રાદ્ધમાં મુખ્ય આસનપર **ચાણાકય**, જે અંગે કાળા કોયલા જેવો, આંખે કાણો, ખુંધો, હોઠ લાલચોળ જેવા, તેને મુખ્ય પાટે બેઠેલો જોતાંજ **નંદ**ને ક્રોધ વ્યાપ્યો, ને સેવકોને કહ્યું કે એને કાઢી મૂકો. **ચાણાકય**ને ઉઠાડતાં સેવકોએ ધકેલા માર્યા ને તેથી શ્રાદ્ધને દિને હોસાતોસીમાં તેના મસ્તકના ગુંથેલા કેશ વીખરાઇ ગયા; એટલે તેને મોટો ક્રોધ વ્યાપ્યો, ને કહ્યું કે, 'હું આ મદોન્મત **નંદ**ના કુળનું નિર્વંશ કરીશ ત્યારેજ આ શિખા પાછી બાંધીશ. જેને રાજ લેવું હોય તે મારી સાથે ચાલે.'

ઈતિહાસમાં પ્રસિદ્ધ **ચન્દ્રગુપ્ત** મૈયત **મહાનંદ**નો અનૌરસ પુત્ર હતો ને નવ **નંદ** પુત્રો તેને દાસી પુત્ર કહીને ધિક્કારતા હતા. તેણે વિચાર્યું કે હું જઈશ તો કદાચિત

ફાવીશ, તેથી તે અને **શકટાલ**નો પુત્ર **ચાણાકય**ની પછાડી ગયા. **ચાણાકય** પોતાની પર્ણકુટીમાં ગયો. ત્યાં **ચંદ્રગુપ્ત** ને **શકટાલ** પુત્રે મુનિને પ્રેમપૂર્વક નમન કીધું. પછી ત્યાં ઠરાવ્યું કે અનેક યુક્તિથી રાજનો નાશ કરવો. પ્રથમ તો **ચાણાકય**ના પણ માટે અરણ્યમાં ઉગેલા દર્ભનો નાશ કીધો. પછી **નંદ**ની રાજનીતિ ને નંદરાજની સર્વ કુંચી જાણી લીધી ને રાજાનો મુખ્ય મંત્રી રાક્ષસ છે તે ઘણો વિચક્ષણ છે તેને દૂર કરવાનો બહુ પ્રયત્ન કીધો. તેમાં તે ફાવ્યો નહિ ત્યારે નેપાળના **પર્વતેશ્વર** રાજાને અડધું રાજ્યપાટ આપવાનું વચન આપીને તેની સેનાને મગધપર ચઢાવી, ને નવે નંદનું નિર્મૂળ કાઢયું.

ચાણાકયે ચંદ્રગુપ્તને પટાભિષેક કરવાનું વચન આપ્યું હતું, ને આ તો નેપાળેશ્વર અડધી ગાદીનો ધણી થયો; તેથી પોતાનું વચન નિષ્ફળ જાય તેમ જોયું એટલે **પર્વતેશ્વર**ના બે પુત્ર જે લડવાને આવ્યા હતા તેમાંના **મલયકેતુ**ને દૂતપાસે સમજાવ્યું કે **ચાણાકય** બડો ખંધો છે. 'સોમે સુન, હજારમે કાંણા.' તેમ એ કાંણો હજાર ગુણવાળો છે તે તમને મારવા ધારે છે.' એટલે **મલયકેતુ** નાસીને નેપાળમાં ભરાયો. **વિરોધક** નામના બીજા પુત્રને તરવારના તોરણથી મારી નંખાવ્યો ને **પર્વતેશ્વર** જે વિષયાંધ હતો તેની પાસે ભેટમાં આપેલી વિષકન્યા—જે સુંદર હતી તેને મોકલી, ને કહ્યું કે તમોએ અમને ઘણી મદદ કીધી છે તો નગરમાંથી જે પહેલી ભેટ આવી છે તે તમો લ્યો.' તે વિષકન્યાને પ્રેમથી લઇ, તેની સાથે વિલાસ ભોગવતાં **પર્વતેશ્વર** પણ નવનંદ સાથે સ્વર્ગે ગયો.

આ રીતે એક **શકટાલ** કારભારીના પુત્રે આખા **નંદ**કુળનો નાશ કરાવ્યો છે. એવા કારભારીઓ ઘણા કુટિલ કર્મવાળા છે. તેઓનો કદાપિ પણ વિશ્વાસ રાખવો

નહિ ને તેની સાથે સંબંધ પડે તો ઘણા ડાહાપણથી વર્તવું જોઈએ. કાર્યભારીના અપકૃત્યનું વર્ણન તો બ્રહ્મા ચાર મુખે કે શેષ હજાર મુખે પણ કરી શકે તેમ નથી.

સર્ગ ૧૧ મો.

ચોસઠ માયાવી ધૂતારાનું વર્ણન.

પાછલી રાત્રિના જ્યારે સર્વ સ્થળે જળજંપ્યું હતું, ને મનુષ્યનો કોઇપણ સ્થળે પગરવ નહોતો ત્યારે ધૂર્ત શિરોમણી **મૂલદેવ** મહારાજે પોતાના શિષ્યોને કપટ કળા શીખવવી શરૂ કીધી. તેણે ઘણા મંજુલ સ્વરે **ચંદ્રગુપ્તને** કહ્યું, બેટા, દ્રવ્યહરણ કરનારા કેટલાકો તને કહી બતાવ્યા, પણ બીજા નહાના નહાના એટલા બધા છે કે તેનું વર્ણન થાય તેમ નથી, તથાપિ સંક્ષેપમાં કેટલાક સંબંધી તને કહું છું.

૬૪ ધૂતારા.

૧ સમુદ્રપર્યંત ભૂમંડળમાં ધૂતારાઓની માયા ઘણી મોટી છે—તેનો પાર આવે નહીં તેવી છે. જેમકે ધીવરો—મચ્છીમારોએ બુદ્ધિ વગરનાં માછલાંઓને ફસાવવા માટે જાળ બનાવી છે; અને તેમાં મૂઢ મત્સ્યોને છેતરી મારી નાખે છે, તેમ ઘણાક માયાવી એવા છે કે બોર આપીને કલ્લી કાઢી લે છે.

૨ **બીજો ધૂતારો વૈદ્ય છે.** જે પ્રાણને માટે આપણે અનેક પ્રયત્નો કરીએ છીએ, તે સર્વસ્વ ગણાતો—મૂખ્ય ગણાતો પ્રાણ હમેશાં વૈદ્યોના હાથમાં રહેલો છે, તે વૈદ્યો પ્રાણને રિબાવી રિબાવી દેહને અત્યંત કષ્ટ આપે છે. માટે

વૈદ્યોને વિરહના જેવા અતિ દુઃખદાયી સમજવા અને ઉનાળાના દિવસો જેમ તૃષા ઉત્પન્ન કરી અત્યંત દુઃખ આપે છે, તેમ વૈદ્યો પણ જુઠી જુઠી આશાઓ આપી શરીરને શોષવી નાખે છે. તેઓ પોતાની વિદ્યાની અજમાયેશજ કરવા માટે જુદાં જુદાં ઔષધો બદલાવી અનેક ઉપાયો કરી હજારો માણસોને મારી નાખે છે, ત્યારે છેવટે સિદ્ધ વૈદ્ય બને છે. પુષ્ટિનાં ને કામોત્પાદક ઔષધો વૈદ્ય પાસથી ન ખાવાં. ખરો વૈદ્ય તો જવલ્લેજ મળશે. માટે વૈદ્યનો વિશ્વાસ ન કરવો.

૩. ત્રીજો ધન હરનાર **જોષી** છે. તે રાશિચક્ર લખી, મુખના ચાળા કરી, જાણે ગ્રહનો વિચાર કરતો હોય તેમ જણાવી ઝાઝી વારે પ્રશ્ન પૂછનારાએ જે પ્રશ્ન પૂછયું હોય તેનો ઉત્તર આપે છે; અને આકાશમાં ચંદ્રમાની સાથે વિશાખાનો સમાગમ ગણાવ્યા કરે છે; પરંતુ પોતાની સ્ત્રી જુદા જુદા જારો સાથે કેમ વિલાસ કરે છે તે, તે, જરા પણ જાણતો નથી.

૪ **ચિતારો.** ધન મેળવવા માટે પ્રથમ તો પોતાનું સર્વ ધન તે ચિત્રના કામમાં નાશ કરી નાંખે છે. અને પછી ચિત્રના કામમાં રસિયો હોય તેવો કોઇ ધનવાન શોધી, તેને તેમાં ફસાવીને તેના પૈસાનો પણ નાશ કરાવે છે.

૫ **ધાતુને મારી જાણનારો વૈદ્ય.** તે લોકોને કહે છે કે, મેં એવો રસ તૈયાર કર્યો છે કે તે રસના સેવન કરવાથી પુરુષ સો સ્ત્રી અથવા તો હજાર સ્ત્રી સાથે ક્રીડા કરી શકે છે; અર્થાત્ મારો રસ ઘણી શક્તિ આપનારો છે. આમ વાતો કરે છે, પરંતુ પોતે નાગો, દુર્બળ અને લુખો જોવામાં આવે છે. વળી ત્રાંબાના ઘડા જેવડા માથાવાળો ઘરડો ધૂતારો રસાયની વૈદ્ય, ટાલ પડેલા લોકો પાસે નવા કાળા ભમ્મર જેવા વાળ આણુવાની વાર્તાઓ કરીને ધન લૂટે છે.

૬ **સિદ્ધમંત્રી**–પ્રલ્હાદ, નમુચિ, તારકાસુર અને શંબરની સ્ત્રી સાથે પણ વિલાસ કરવાની આશા રાખનારા કેટલાએક કામી લોકો બીલાં વગેરેનો હોમ કરે છે, તેનો ધુમાડો આંખમાં જવાથી તેઓ આંધળા બને છે. તે પછી અત્યંત પસ્તાય છે. વળી કેટલાએક પ્રયોગ જાણનારાઓ કહે છે કે જો આકાશનું ફળ મળી શકે તો દેવાંગના સહજમાં વશ થઇ શકે અને મચ્છરનાં હાડકાં મળી શકે તો તેમાંથી ઘણી સિદ્ધિઓ મળી શકે છે અને જો કાળા ઘોડાની લાદ લઇ તેની વાટ બનાવી દીવો કરીએ તો આકાશમાં દેવતાનાં મંદિરો જોવામાં આવે છે; તથા જે માણસ શરીરમાં દેડકાની ચરબી લગાડે છે તે અપ્સરાને અત્યંત વહાલો–પ્રિય થઇ પડે છે. આવી બડી બડી વાતો કહી ધૂતારાઓ જુદી જુદી જગામાં ફરી, જુદી જુદી સિદ્ધિની લાલચ રાખનારા હજારો લોકોને ખાડામાં નાખે છે. *

૭ **વશીકરણી**–જેઓને કામ તંત્રની કે કામના મૂળ મંત્રોની તો બીલકુલ ખબરજ નથી, તોપણ વશીકરણ કરવામાં ઇચ્છાવાળા ધૂર્તયોગીઓ રસ્તે રસ્તે ફરી સ્ત્રીઓને વશીકરણની રાખ આપીને લૂટે છે.

૮ **માર્ગે ફરતા યોગી**–માર્ગમાં ગુરુનો ઢોંગ કરી સાધારણ દીક્ષાવાળા ઢોંગી સાધુઓ, સાધારણ યોગ જાણી પારધીની માફક મૂર્ખોના ધનને લૂટે છે; અને તેમની સ્ત્રીઓને ભ્રષ્ટ કરે છે.

૯ **હાથ જોનારા ધૂતારા**–કેટલાએક ધૂર્તો આ કન્યાના હાથમાં ધનની રેખા મોટી પડી છે, અને તેનો પતિ ચંચળ

---

* કેટલાએક લોકો જુદી જુદી કામાક્ષી વગેરેના મંત્રો જપીને કહે છે કે અમે તે દેવી સાથે વિલાસ કરવા માટે તે ક્રીયા કરીએ છીએ, પરંતુ કેટલાએ અપ્સરા સાથે ભોગસુખ માણવા માટે તેના તેના મંત્રો જપીને ઘણાજ દુઃખી થયેલા જગજાહેર છે.

મનવાળો છે; આમ બોલી કુલવાનની સ્ત્રીઓના કમળ જેવા કોમળ હાથને મસળે છે ને દબાવે છે.

૧૦ **હાજરત**–કેટલાએક માયાવી પોતાના અંગુઠાના નખ ઉપર પાણીનું ટીપું મૂકી કોઇપણ છોકરીને જુદાં જુદાં માણસોનો ભ્રમ બતાવે છે. પણ તે એક મોટા દંભી ચોર છે–ને તે સર્વ ઇંદ્રજાળ જેવું ખોટું છે. *

૧૧ કોઈ ધૂર્ત્ત મંત્રવગર સાધારણ ધૂપ કરી પોતાના શરીરમાં ભૂત આણી લોકોના હાથના માર ખાઇ લોકોને છેતરીને આનંદમાં ખાનપાન કરે છે.

૧૨ કેટલાકએક કાખમાં પુસ્તક મારી કહે છે કે, એમાં નાગાર્જુન નામના ધૂપની વિધિ બહુ ઠીક લખેલી છે; માટે તે પ્રયોગ કરશે તો કાર્યસિદ્ધિ થશે–આમ કહી લોકોને મોહ ઉપજાવી તેનું નાણું અગ્નિમાં નખાવી દે છે.

૧૩ બીજા ખોટા ધૂપ કરનારા ઘણા છે. એ ખોટા ધૂપ કરનારા ધૂર્તોને યક્ષિણીના પુત્ર જાણવા અને ચોર જાણવા; કારણ કે તેઓ દરિદ્રી અને રાજ્ય વગરના ફરે છે, તે તેમનાં દુષ્ટ કૃત્યનાં ફળ છે.

૧૪ **ધૂર્ત**–કેટલાએક ધૂર્તો કહે છે કે, ફલાણા ધનાઢ્ય વાણીઆએ મારી છોકરીને મારી પાસેથી પુત્રની માફક પૈસા આપીને વેચાતી લીધી છે. આવી ખોટી વાતો કરી કન્યા માટે તે વાણીઆને, અનેક નિંદા કરીને લૂટે છે; કેમકે પ્રતિષ્ઠાના ભયથી તે બાપડો લૂટાય છે. †

૧૫ **મુનિચોર**–જે આપણા અભિપ્રાયની વાતો કરતો

---

* આપણા લોકો આને હાજરાયત કહે છે. † આ બાબત પરન્યાતમાંથી કે દૂર દેશમાંથી કન્યા લાવવાના ચાલના સંબંધમાં છે. ગમે ત્યાંથી કન્યા લાવનારા ફસાઈ પડે છે, કેમકે મૂળે કન્યા ગમે તે જાતની હોય છે, ને તેથી કેટલાક ધૂર્તો ગભરાવીને તેનો લાભ લેછે.

હોય; અને મર્મ જાણનારો હોય તેવાને હૃદય ચોર જાણવો. આવાં માણસો બીજાએ ચર્ચા જોવા માટે મોકલેલાં સમજવાં અને તે મિથ્યા મૂગાં અને બેહેરાં થઇને રહે છે; તેમનાથી સાવધ રહેવું.

૧૬ **દંભીચોર**—શરીરમાં રાખ ચોળીને સાધ્વી થયેલી વેશ્યા, વૃદ્ધ જતી અને દેવ સેવા રાખનારી વૃદ્ધ ગણિકા—પોતાને ત્યાં રોજ સાંજ સવાર લોકોને ઠાકોરજીનાં દર્શન કરાવનારી ગણિકા—આ સર્વ, અનેક ઉપાયોથી કુળવાળી સ્ત્રીઓનાં ધન અને શિયળનો નાશ કરે છે, તેનાથી સાવધ રહેવું.

૧૭ **કામીચોર**—એક ધનાઢ્ય તરુણ વિધવા સ્ત્રી તારા જેવા તરુણ ખૂબસુરત પુરુષને ગુપ્ત પતિ કરવા ચહાય છે, આવી રીતે કેટલાએક ધૂર્તો મૂર્ખોને સમજાવી તેનું સર્વ ધન પોતે ખાઇ જાય છે, તેનાથી સાવધ રહેવું જોઇએ.

૧૮ **કાળચોર**—નિરંતર પગારદાર તરિકે કામ કરવા રહેલા, સુતાર, સલાટ અને મહેતા વગેરે ધૂતારાઓ પોતાને કરવાનું જે કામ હોય તેમાં વારંવાર વિઘ્ન લાવીને દિવસોના દિવસો કાઢી નાખે છે; અને હંમેશાં રમ્યા કરે છે. માટે આ ધૂતારાઓને કાળચોર જાણવા.

૧૯ **રમળવાળા**—ઘણા પ્રસિદ્ધ ને કપટમાં મહાનિપુણ જુગારીઓ, પાશા (રમળ) નાખવાનું નામ દઇ જુદી જુદી ગણુતરી કરી, અનેક પ્રકારે હાથ ચાલાકી કરી, પરદેશમાં અનેક ખેલો કરતા છાના ફરે છે ને દ્રવ્ય હરે છે— તે પણ દ્રવ્ય ચોર છે.

૨૦ જેને ઘરમાં ઉપજ માત્ર ભોજન જેટલી થતી હોય અને જુગાર, દારૂ, અને વેશ્યા માટે ઘણોજ ખરચ કરતો હોય તે માણસને ઘરનો ચોર અથવા નીચ કૃત્ય કરનાર કે પરઘરનો દાસ એમાંથી એક જાણવો; ને તેનાથી સાવધ રહેવું.

૨૧ શાસ્ત્ર માત્ર તો કોઇએ પણ રચેલાં છે, માટે તે સઘળાં બનાવટી છે ને તે સર્વે ખોટાં છે; તેમજ પરલોક કોઈ પણ જોઇ આવ્યું છે? ના રે ના. પરલોક વળી કેવું. આમ બોલનારા ચંડાળ ચાર્વાકનો કદી પણ વિશ્વાસ કરવો નહીં; કારણ કે તે મત્ત માતંગને કોઇની પણ બીતિ હોતી નથી.

૨૨ **લાભ ચોર**–ઘણા લાભની લાલચ રાખનારા લોકોને, બમણો લાભ બતાવીને તેઓ પાસેથી ઘણા પૈસા કરજે કાઢે છે, તેવાને અધિક ચતુર અને લાભ ચોર કેહેતાં, ગમે તેમ કરી પૈસો એકઠો કરનારા જાણવા.

૨૩ **ન્યાય ચોર**–મનુષ્ય પાસેથી ધન કઢાવનારા કેટલાએક વિદ્વાનો કહે છે કે, સમુદ્રને આધારે તેમાનું પાણી શોષણ કરનારો વડવાનલ રહ્યો છે; આમ બોલનારા ભટ્ટને ન્યાય ચોર જાણવા.

૨૪ **સુખ ચોર**–જે મિત્રો કેવળ વૈભવનોજ ઉપભોગ કરવાની ઇચ્છા રાખતા હોય છે; અને જ્યારે વિપત્તિ આવે ત્યારે દૂર ભાગી જાય છે એવા મિત્રોને સુખ ખોર જાણવા. એ તો ધનના દોર્યા દોરાય છે.

૨૫ કર્ણચોર–જે કંઈ નવું સાધારણ ચરિત્ર બન્યું હોય તેનું, કલ્પના કર્યા વગર મોટાં મોટાં વચનોમાં વર્ણન કરી માણસને રાજી કરે છે તેને કર્ણ ચોર જાતનો ધૂતારો સમજવો.

૨૬ **સ્થિતિ ચોર**–બોલવામાં ડહાપણવાળા ધૂર્ત લોકો, દોષોમાં પણ ગુણનું આરોપણ કરી, ખોટાં વખાણ કરે છે; અને પોતા ઉપર પ્રીતિ મેળવી બધીજ સૃષ્ટિ રચના કરે છે. આવા દુરાચરણી લોકોને સ્થિતિ ચોર કહેવા એટલે હાલતમાં ફેરફાર કરનારા જાણવા.

૨૭ ગુણ **ચોર**–ઘણાં પ્રયત્નો કરી પારકાના ગુણોને

ઢાંકી પોતાના ગુણનાં વખાણ કરનારા લોકોને ગુણ ચોર કહેવા. અને તેવા ધૂર્તો મૂર્ખના મનમાં અસર કરી શકે છે. આવા બડાઈખોર આજ ઘણા ધૂર્ત છે.

૨૮ **વૃત્તિચોર**–પ્રથમ આપણી સાથે પ્રેમ બાંધી અત્યંત વહાલો બની બીજા પાસેથી આપણને જે મળતું હોય તેથી વાકેફ થઈ, પછી મત્સરતાને લીધે અનેક ચાડીઓ કરી તે આવક અટકાવે છે; તેવાથી સાવધ રહેવું, ને તેને વૃત્તિ ચોર જાણવો.

૨૯ **કીર્તિ ચોર**–આંતરઇંદ્રિય અને બાહ્યઇંદ્રિયનો નિગ્રહ કરતો ન હોય, ભક્તિરહિત હોય તથાપિ ઘણાં કઠિન વ્રત કરવાનો આગ્રહ રાખતો હોય તેને કીર્તિચોર જાણવો. આવો માણસ પોતાના જ્ઞાનની ગૌરવતાથી સત્પુરુષનો તિરસ્કાર કરે છે ને સ્વાર્થ સાધે છે. *

૩૦ **દેશ ચોર**–પરદેશમાં ઘણી સારી ખાવા પીવા વગેરેની વસ્તુઓ મળે છે; આવી આવી કેટલીએક વાર્તા મૂર્ખ પશુ જેવા લોકો પાસે કરી તેને પરદેશમાં ઉપાડી જાય છે; તેવાને દેશ ચોર જાણવા.

૩૧ **સ્વભાવ ચોર**–જે અનેક હાસ્યના ભેદોથી અને ચાલાકીવાળા મશ્કરી ઠઠ્ઠાથી હમેશાં ગમત કરાવ્યા કરે છે તેને સ્વભાવ ચોર જાણવા; ને તે, તે નિમિત્તે દ્રવ્ય હરી જાય છે.

૩૨ **કુટ્ટન**–જેઓ પ્રથમ પોતાની સઘળી દોલત ખાઈ જાય છે અને પછી બીજાની દોલત ખાવાની તૈયારી કરે છે; અને હમેશાં વેશ્યાનાં ક્વાટે મોઢે વખાણ કરે છે ને કહે છે કે 'જેણે ન સેવ્યું ગણિકાનું ઘર, તેનું જીવ્યું મ-

---

* શમ, દમ ધારણ કરવાથી કોઈ જાણે નહિ; પણ વ્રત વગેરે બહારનું ડોળ લોકોના જોવામાં આવે છે. અને તેથી લોકોમાં તેની કીર્તિ વધે છે. જેટલા વ્રત કરનારા છે તે સર્વને કીર્તિ ચોર જાણવા. કેબલમાં છે કે 'ઉપવાસ કરે તો મોંપર તેલ લગાડીને કર, પણ લોકોને બતાવવાને ન કર,' અર્થાત્ કાંગલો કુંગાલો ન થા.

નુષ્યમાં ખર;' તેવા પુરુષને જાર–ભડવા જાણવા ને તેનાથી ડરીને ચાલવું–તેની સોબત કરવી નહીં.

૩૩ **કપટી સાધુ**–જે ઘણું પવિત્રપણું બતાવી બીજાનું ધન લેતો ન હોય, અને સર્વથી મોટો થઇને બેસતો હોય, નિયમ પાળતો હોય, અને નિસ્પૃહીપણું બતાવતો હોય તેને ધૂર્ત જાણવો ને તેવાની સોબત પણ કરવી નહિ.*

૩૪ શેહેરમાં રહેનારા કપટકળા પ્રવીણ વાણીઆઓ પોતે આપણા ઘરમાં આવીને પોતાના હાથથી બાળકને કાચનો કકડો આપે છે, તો તે પણ અમૂલ્ય વસ્તુ બની જાય છે! તેઓ એવા કપટી છે કે તેના હાથની પણ ઓરજ ખુબી છે. અર્થાત્ આવા કપટીઓ કાચ આપી કંકણ તફડાવી જાય છે, તેનાથી સાવધ રહેવું જોઇએ.

૩૫ આપણી ઇચ્છા પ્રમાણે વર્તનારા, આપણે હલકું કામ કરવાની ઇચ્છા કરીએ તોપણ ઠીક છે એમ કહેનારા, અને મીઠું મીઠું બોલી ધન વગેરે લૂટી જનારા

---

* આ પર એક વાત ચાલે છે:–કાઠિયાવાડમાં રસ્તે જતા બે મિત્રોએ એક એકાંતસ્થળમાં એક જોગીને જોયો. તેની પાસે એકે વસ્ત્ર નહોતું, ને કંઈપણ સામાન નહોતો. એક મિત્રે કહ્યું કે આ પૂર્ણ યોગી છે, કેમકે વાસણ કે વસ્ત્ર કંઈ નથી તો ધન કે અનાજ પણ લઇને કયાં રાખે? બીજા મિત્રે કહ્યું કે ચાલ, આપણે પરીક્ષા લઈએ. પછી તે સાધુ પાસે ગયા ને પાસે જઈ નમસ્કાર કીધા. પણ બાવાજી તો આંખ મિચી બેઠા હતા તેથી સામુંએ ન જોયું ને બોલ્યાએ નહિ; ત્યારે એકે કહ્યું, 'રે રામરામ, અમારે આવા કોઈક સંત પુરુષને પાંચ રૂપીઆ દાનમાં દેવા છે, પણ શું કરીએ? બાવાજી મૌન્ય ધરી રહ્યા છે, દૃષ્ટિ પણ ઉઘાડતા નથી, તેમ તેમની પાસે વસ્ત્ર પણ નથી કે છેડે બાંધી જઈએ. પાસે મૂકી જઈએ તો કોઈ દુષ્ટ ઉપાડી જાય તેની પણ શી ખબર પડે, ત્યારે લાચાર! ચાલો ભાઈ જઈએ;' આમ બોલી જવાનો વિચાર કરે છે કે તુરત બાવાજીએ મોઢું ઉઘાડયું ને જણાવ્યું કે મોંમાં નાંખો. તુરત પેલા બે મિત્રોએ તેમાં ચપટી ધૂળ નાંખીને કહ્યું કે 'ધનની તૃષ્ણા કોઈ છોડતું નથી.'

લોકોને ઝેર જેવા ગણી તેનો છેટેથીજ ત્યાગ કરવો. નહિ-તર તે ઝેરની માફક અંદર ધુસી જઈ છેવટે મહા દુ:ખી કરે છે.

૩૬ રાજા તારા ઉપર ઘણા મેહેરબાન થયા છે, અને એકાંતમાં તારાં વખાણ કરતા હતા; આવી રીતે કેટલાએક ધૂર્ત મૂર્ખોને સમજાવી તેની પાસેથી નાણું લૂટે છે.

૩૭ મેં એક માસ પર્યંત ઉપવાસ કર્યા તે ઉપરથી લક્ષ્મી દેવીએ પ્રસન્ન થઇ મને દર્શન આપ્યાં અને હાથમાં કમળ લઇ તારા ઘરમાં જતાં તેને આજ રાત્રિએ સ્વપ્નામાં મેં દીઠાં, ને પછી તે દેવીએ મને આદરથી કહ્યું કે 'તને મારો ભક્ત જે કાંઇ જોઇશે તે નિર્વિઘ્ને આપશે; તારે તેને મારી હકીકત કહેવી'–આવી બનાવટી વાર્તાઓ કલ્પી ઘણા ધૂર્ત લોકો અજ્ઞાની માણસોને બારણે બારણે ફરતા આપણા જોવામાં આવે છે; ને તેઓ લોભી ને મૂર્ખને લૂટે છે.

૩૮ કેટલાએક ધૂતારાઓ જ્યારે શેહેરનો પાયો નંખાતો હોય અથવા તો શેહેરનો નાશ થતો હોય વા યજ્ઞ કે વિવાહ વગેરેનો ઉત્સવ હોય ત્યારે પોતે સ્વકુટુંબીનો વેશ ધરી માણસોની અંદર ધુસી જાય છે; અને વખત મળે સઘળું લૂટી જાય છે.

૩૯ જ્યારે પોતાનાં સગાં કુટુંબી દારૂ વગેરે પીએ ત્યારે પોતે પીએ નહીં અને આખી રાત્રિ ઉજાગરો કર્યા કરે તથા આખો દિવસ પાઠ, પૂજા, સેવા ને ધ્યાન કર્યા કરતો હોય તે માણુસ કંઇ પણ સંકેતકાર્ય કરવા માટે ઉદ્યોગ કરે છે એમ સમજી લેવું; અને તેને ધૂર્ત જાણવો.

૪૦ ચોર–બોલાવીએ ત્યારે પ્રત્યુત્તર આપે નહીં અને પ્રત્યુત્તર આપે તો ગળગળો થઇને આડું અવળું બોલે; જેના મુખ ઉપરથી તેજ ઉડી ગયું હોય; હાંફતો જણાતો હોય

અને વખતે ધ્રુજતો પણ જણાય તેવા માણસને નિઃસંશય ચોર જાણી લેવો.

૪૧ **પાપી-ઢોંગી**—જે હમેશાં પવિત્ર રહેવાની ઇચ્છા જણાવતો હોય, ડોળ કરીને બોલતો હોય અને પોતાના નીચ કામને ઢાંકી દેતો હોય, આવા માણસને પાપી ને ઢોંગી જાણવો અને તેનાથી સદાય ડરીને ચાલવું.

૪૨ જે માણુસ આપણી સમક્ષમાં કે પરોક્ષમાં કરેલું કામ કહે કે ન કહે અથવા તો ન કરેલું કામ કહે કે ન કહે, અને કાર્ય કરતી વખતે નિર્ભય થઈને કરે છે તેવા માણુસનો ભય જરૂર રાખવો જોઇએ.

૪૩ **ધૂર્તકામી**—જે જાણી જોઇ મૂર્ખ બની સ્ત્રીઓની વચમાં નપુંસકની માફક, સ્ત્રીના સ્વભાવને મળતી આવે તેવી વાર્તાઓ કરતો હોય તેને ઘરમાં રહેલો ધૂર્ત કામદેવ જાણવો. એટલે તે સ્ત્રીઓને મીઠી મીઠી બાયલી વાણીથી રાજી કરી તેની સાથે પોતાની હલકી ઇચ્છા પાર પાડે છે; માટે તેવા ધૂર્તને ઘરમાં આવતાં અટકાવવો.

૪૪ **લક્ષ્મીનો ઉંદર**—જે હમેશાં નિચ દૃષ્ટિ રાખતો હોય, વૈભવ છતાં પણ લૂગડાં મેલાં પહેરતો હોય, દાતણ કરતો ન હોય, અને ધનના ભંડારમાં બેઠો બેઠો લખ્યા કરતો હોય તેને ભંડારમાં રહેનારો ઉંદર જાણવો.

૪૫ **વ્યવહાર દૂત**—જે હમેશાં પોતાના ઘરમાં બેશી રહેતો હોય અથવા તો પોતાના સ્નેહીઓના ઘરમાં બેશી રહેતો હોય અને ત્યાં ઘરની મોટી મોટી વાતો કરતો હોય તેને દૂત (ખબર લઇ જનારો) જાણવો અને એવા ઘરની વાત લઇ જનારા લોકોનો સર્વથા ત્યાગ કરવો.

૪૬ જે મનુષ્ય નિંદા લાયક ઘણો દંડ ભરવો પડે એવું કર્મ કરી લોકોને ઠગે છે, તે માણુસે પોતાની જીંદગી પર્યંત ભયથી ખવાઇ શકાય એવું મજબૂત પોટલું બાંધ્યું

એમ સમજવું. જેમકે નવા પૈસા પાડી લોકોમાં ચલાવે અને પછી ગુપ્ત રહે, એટલે કપટથી મેળવેલા પૈસા નિર્ભય થઇને ખવાતા નથી; કારણ કે તે છતું થાય તો જન્મપર્યંત દુ:ખને પામે છે.

૪૭ **ગુપ્તકામી**–જે મનુષ્ય ઇંદ્રિય નિગ્રહની વાતો કરતો હોય, સદોદિત મોઢામાં રામનું નામ જપતો હોય, બીલાડી પેરે નીચી દૃષ્ટિ રાખતો હોય, સ્ત્રીઓનો પૂર્ણ અભાવ બતાવતો હોય, ઇંદ્રિયનિગ્રહવાળા સંતોનાં ચરિત્રોનાં વખાણ કરતો હોય, ને પોતાની નિંદા કરી આત્માને નષ્ટ કરતાં, સંકેતિક વાતમાં નિષ્કામીપણું બતાવતો હોય, તે મહા કામીને ગુપ્ત કામ ચોર જાણવો.

૪૮ ધૂર્ત મનુષ્ય, મૂર્ખનું સર્વ ગુહ્ય વૃત્તાંત પ્રથમ જોઈ લે છે અને પછી તેનું રહસ્ય તે દ્વારા રમત માત્રમાં જાણી લઈ તે મૂર્ખને પોતાનો તાબેદાર કરી મૂકે છે, અને પેલો મૂર્ખ પોતાની છાની વાર્તા છતી કરશે એવા ભયથી તે ધૂર્તથી ડરી ડરીને ચાલે છે; માટે ગુપ્ત વાત કરતાં સદાજ સાવધ રહેવું.

૪૯ કેટલાએક ધૂર્ત ધનવાન ઉપર જુલમ ગુજારવા માટે રાજાની પરવાનગી વગર પોતાના ઘરમાં કે બીજી જગામાં રૂપાનાણું–રૂપીઆ વગેરે રાજાના સિક્કાઓ પાડી અથવા તો ખોટા લેખો બનાવી કોઇ જાણે નહીં તેમ ધનવાનના ઘરમાં તે સિક્કાઓ અથવા તો લેખો નાખીને ચાલતા થાય છે, ને પછી ડરાવે છે; માટે આવાથી પણ ખૂબ સાવધ રહેવું.

૫૦ **પાશધારી યમ**--જે ધનાઢ્ય મનુષ્ય, દુર્બળ છતાં પણ હલકા સ્વભાવના શસ્ત્રધારી માણસને પોતાના ઘરમાં રાખી અન્ન વગેરેથી તેનું પોષણ કરી ઘણા પૈસા ખર્ચ કરી ઉછેરે છે, તેણે પાશધારી યમને ઉછેર્યો એમ સમજવું. કારણ કે પુષ્ટ થયેલો દુષ્ટ માણસ પરિણામે માઠું નિપજાવે છે.

૫૧ ધૂર્ત લોકો લજ્જાશીળ, કુળવાન, શુદ્ધ સ્વભાવવાળા અને મર્યાદામાં રહેનારા સત્પુરુષ ઉપર વ્યભિચારનો આરોપ મૂકી, ગર્ભવાળી સ્ત્રીઓ મારફતે સત્પુરુષને સ્ત્રી રૂપ બનાવી મૂકે છે—સત્પુરુષો પોતાના ઉપર આપત્તિ આવવાથી ડરી તેને આધીન થાય છે, ને દ્રવ્ય આપે છે.

૫૨ **ભોગળભટીઆ**ઓ એક ચોર છે. તેઓ, પતિ પરદેશ ગયા પછી પાછળ એકલી રહેલી થોડી બુદ્ધિની સ્ત્રીને જાણવામાં આવેલી અને ન આવેલી એવી અનેક કપટની વાર્તાઓથી છેતરે છે.—કહે છે કે "તારો પતિ હમણાં થોડા દિવસમાં આવશે, અથવા તો તે માંદો છે માટે ગ્રહની શાંતિ કર; માતાને નૈવેદ, ઘીનો દીવો કર, બ્રાહ્મણ જમાડ" વગેરે અસ્ટમ પસ્ટમ સમજાવી લૂટી જાય છે.

૫૩ ધૂર્તો, ઘણાં માણસો જ્યાં હોય છે ત્યાં વસ્ત્ર અને ઘરેણાં પહેરી સારા માણસ જેવો પોશાક પહેરી પ્રવેશ કરે છે. પણ પછી ધીરજથી સઘળું ચોરી લઇ જાય છે. તેમ કરતાં પકડાય તો કહે છે કે અમે તો મશ્કરી કરીએ છીએ અને જોવામાં આવે નહીં તો ઉપાડીને ચાલતો થાય છે.

૫૪ કેટલાએક ધૂર્તો ધનાઢ્ય દેશમાં જઇ મોટા શેઠનો ડોળ ઘાલી મોટી પેઢી માંડી, ધન એકઠું કરે છે. પછી તે ધન ઘડાઓમાં ભરી પોતાના ઘરમાં છાનું દટાવી દે છે. સારા પૈસાદાર થઇને એકાદ વર્ષ તો ચોખ્ખો વ્યવહાર રાખે છે, પણ પછી લાખોની થાપણ ઓળવી દેવાળું ફુંકીને પલાયન કરી જાય છે.

૫૫ કેટલાએક ધૂતારાઓ સોનાના ચકચકિત દાગીના અને મલમલનાં ઝીણાં અંગરખાં પહેરી સારા દુપટ્ટા ખભે નાખી, લોકો પાસે આવીને કહે છે કે, 'ફલાણા શત્રુએ અમારા બાપને મારી નાખ્યો અને અમારૂં રાજ્ય ખાલસા કર્યું છે; અમે બાદશાહી ઓલાદના છીએ વગેરે;' આમ

ઘેર ઘેર બારણે કહી લોકોમાં આશ્ચર્યતાથી પૂજાય છે ને વગ વધારી દ્રવ્ય લે છે.

૫૬ મૂર્ખ મનુષ્ય, ધૂર્તનાં કપટવચનમાં મોહ પામી, પોતાના દેશમાં ઉછરેલો હૃષ્ટપુષ્ટ બળદ તેને આપી તેની પાસેથી પવિત્ર બકરો લઇ પરસ્પર સમાન (કે વિશેષ) લાભ થયો છે એમ જાણી તે વખતે રાજી થાય છે, પણ પરિણામે જ્યારે તે બકરાને નકામો જાણે છે ત્યારે પસ્તાય છે. *

૫૭ કોઈ મનુષ્ય કંઈપણ વસ્તુ અર્પણ કરે તો તે વસ્તુનો અનાદર સહિત ત્યાગ કરે ત્યારે જાણવું કે તે મોટા લોકોની સંપત્તિ ઉપર દ્વેષ નજરથી જુવે છે. આવા ધૂર્ત-વેશધારી બાવાઓને, નિર્ધન પણ તેની પાસે ભય રહિત જઇ તેની લટપટમાં અંજાઇ તેને ધન અર્પણ કરે છે.

---

* દૃષ્ટાંતઃ—એક ગૃહસ્થ પાસે એક નાની શંખલી હતી. આ શંખલીમાંથી રોજ સવા વાલ સોનું ઝરતું હતું; પણ તેથી તે ગૃહસ્થ સંતોષ પામતો નહિ. એક પ્રસંગે એક સાધુરામ તેના ગામમાં આવ્યો. આ સાધુરામ પાસે એક શંખ હતો. જ્યારે સાધુ કહે કે 'લપોડ શંખ લાખ' એટલે ત શંખ બોલતો હતો કે 'લેને સવા લાખ.' ત્યારે સાધુ કહેતો કે 'રેહેને દે બેટા, જબ ચઇયેગા તબ લેઉંગા.' આવો ખેલ જોઈને પેલો ગૃહસ્થ લલચાયો, ને તેણે બાવાજીની અનેક પ્રકારે સેવા પગચંપી કરી પ્રસન્નતા મેળવી, ને બાવાજી પ્રસન્ન થયા ત્યારે કહ્યું કે, 'મહારાજ, આ શંખ મને આપો. ને આ મારી શંખલી લ્યો. એમાંથી સવા વાલ સોનું રોજ નિકળશે, જે તમારા જેવા સંતને બસ છે.' બાવાજીએ પેહેલી આનાકાની કરી, પણ પછી ભાવ ખાઇ શંખ આપી શંખલી લીધી, ને બીજે દિવસે ગામમાંથી સ્વારી ઉપાડી ગયો. હવે પેલા ગૃહસ્થે ઘેર શંખ લઇ જઈને કહ્યું કે 'લપોડ શંખ લાખ,' તો શંખ બોલ્યો કે લેને સવા લાખ. બે ચાર દિવસ બાવાજી પેરે કહ્યું કે 'રહેવા દે, લઈશ.' પછી એક દિવસે કામ પડતાં દ્રવ્ય માગ્યું, ત્યાં શંખ તો દોઢ લાખ, બે લાખ એમ બોલ્યા કરે, પણ કંઈ આપે નહિ. છેલ્લે શંખે કહ્યું કે હું તો વાતો કરૂં, પણ પૈ આપું નહિ. એટલે તે લોભી ભટ બાપડો રોઈને રહેલો ને સવા વાલની શંખલી પણ ખોઈ બેઠો.

૫૮ કોઇ ધૂર્ત ખોટા ભોજપત્રોના ખતમાં મોટી મોટી રકમો માંડી ચોતરફ ફરીને હજારો ધનવાનને લૂટે છે. વળી કેટલાક ધૂર્તો પારસમણીનો લોભ બતાવી, કિમિયો કરવાનો ઢોંગ કરીને લૂટે છે.

૫૯ કોઇ ધૂર્ત ગંગાની યાત્રાનું અને ગયાની યાત્રાનું નામ લઈને પરદેશમાં જઇને દ્રવ્ય હરી લે છે–વળી કેટલાક મૂર્ખ લોકો પાસે જઇને કહે છે કે અમારો ભાઈ મરી ગયો છે, અથવા તો અમારો કુટુંબી મરી ગયો છે તેની ક્રિયા કરવા પૈસા જોઈએ છે. આમ કહી લોકો પાસથી પૈસાઓ કઢાવે છે. વળી કોઇ કોઇ તો કન્યા પરણાવવા માટે ટેલ નાંખીને દ્રવ્ય લેવા આવે છે.

૬૦ વેશ્યા રાત્રિએ પોતાની સાડી ઝાલીને સૂઈ ગયેલા મૂર્ખોને લૂટી ચાલી જાય છે; પણ તે વેશ્યાને પણ રાત્રિએ ખોટો રૂપીઓ આપી છેતરી જનારા લંપટ પુરૂષો પડેલા છે; ને તેવા પુરુષથી આપણે સાવધ રહેવું જોઈએ.

૬૧ ધૂર્ત લોકો કોઈ શ્રીમંત વેપારીની દુકાને જઇ, તેને ત્યાંથી અનેક પ્રકારનો માલ ખરીદી, પછી હમણાં પૈસા અપાવું છું, એમ કહી પોતા સાથનો જે મૂગો અથવા તો બેહેરો હોય છે, તેને દુકાનમાં બેસારી છેતરીને વસ્ત્રો લઇ ચાલ્યો જાય છે. પછી વખત થતાં તે ધૂર્ત ન આવતાં પેલા બેહેરા અથવા તો મૂગાને પૂછતાં તે કંઇ જવાબ દઇ શકતો નથી; એટલે છેતરાઇ રોઇ રહે છે.

૬૨ ધૂર્ત લોકો થોડોક પરિચય, જરાક નિર્લજ્જતા, અને સાધારણ કલ્પનાઓ, એ સર્વ સાધનથી સાધારણ વિવાદ કરી લોકોમાં સર્વજ્ઞ થઇ પડે છે–ખોટા પંડિતાઈનો ફાંકો રાખીને પણ લોકોને લૂટે છે.

૬૩ ધૂર્ત લોકો મિથ્યા ધનવાનના ડોળવડે, પુસ્તકના જ્ઞાનવડે, કથા વગેરેના જ્ઞાનવડે, વર્ણન કરવામાં

શૂરવીરતા જણાવવાવડે, અને ચપળપણાવડે ચોમુખે પ્રકાશ કરે છે.

૬૪ પોતાની ઇચ્છા પ્રમાણે ફરનારો, કપટથી સાધુના વેશમાં રહેલો મહા ધૂર્ત, પોતાનાં માણુસોને કહી રાખે છે કે, જ્યારે "હું મારાં શરીરોને ધૂણાવું ત્યારે તમારે ચાલ્યા જવું." પછી કોઇ ભક્ત મળે એટલે તે પોતાનું શરીર ધૂણાવે છે, કે તેના સંકેત પ્રમાણે તેનાં માણુસો ચાલ્યાં જાય છે અને તે મહા ધૂર્ત ભકત પાસે જઇને ભુતભુતાવળની વાતો કરી, ડરાવી, ગભરાવી, પૈસા, વસ્ત્ર અને અલંકાર હરી લે છે. તેમજ વળી કોઇ કહે છે કે, 'હું શ્રી પર્વત ઉપર સો વર્ષનું જુનું આંબળાનું. ફળ ખાઇને ચાલ્યો આવું છું; અને હમણાં શુભ શકુન છે કે નહિ તેનો વિચાર કરૂં છું" આવી રીતે ધૂર્ત મોટાઓની આગળ તડાકા મારી વાતો કરીને ધૂતે છે.

આ પ્રમાણે ધૂર્ત્ત લોકોની હજારો માયાઓ—કપટો છે, તે તો કોઇ પણ જાણી શકે તેમ નથી. પરંતુ મેં તો માત્ર તેની ચોસેઠ માયા—(કપટ કળા) ટૂંકામાં કહી બતાવી છે. તે સર્વથી સાવધ રહીને ધનનું રક્ષણ કરવું. એ ધૂતમધાતમના મંત્રોને તો દોઢ ગાઉના નમસ્કાર કરવા.

સર્ગ બાર મો.

ગ્રહસ્થ તથા સ્ત્રીની કળા.

મૂલદેવ મહારાજ આજે ઘણા આનંદમાં વિરાજ્યા હતા. ચંદ્ર મસ્તકપર વિરાજમાન થયો હતો, ને શિષ્યો આ-

સપાસ બેઠા હતા. તે વેળાએ સફેત મોતી જેવા દાંતોમાંથી મંદ મંદ હસતાં ચંદ્રગુપ્તને કહ્યું, વત્સ, જે જે કુટિલ કળાઓ હતી તે મેં તને ૧૧ રાત્રિ પર્યંત જણાવી છે; હવે સુશીલ કળા કહું છું. ઉપર જણાવેલા ઠગારાઓનું કપટ અવશ્ય જાણવા લાયક છે. તે જાણવાથી નવી નવી જ્ઞાનની પ્રસાદી મળે છે. તે પ્રસાદીના પરમ અનુગ્રહથી મનુષ્ય કોઇ સ્થળે પણ ફસાતો નથી. પરંતુ યાદ રાખજે કે, તે ઠગની કળાઓનું આચરણ આપણે કરવા લાયક નથી. પણ કળાઓમાં બીજી ઘણી કળા સુનીતિથી પણ ભરેલી છે અને તે સર્વ સ્વીકારવા જેવી છે; કારણ કે અભ્યુદયનો આધાર તેના ઉપર છે.

મનુષ્યમાત્રને અર્થકળાથીજ લાભ નથી—પણ અર્થ, કામ, ધર્મ ને મોક્ષ એ ચાર પદાર્થની કળા જાણવાની ઘણી જરૂરિયાત છે. તેમાં ત્રણ પદાર્થ આ લોકમાં સંપાદન થાય છે, ને તે ત્રણ પદાર્થ યથાર્થ રીતે ભોગવાયા પછી મોક્ષનો પદાર્થ યથોચિત આપો આપ મળે છે તેની પણ કળાઓ છે, પણ તે આ લોકમાં ભોગવવાને માટે સર્જેલી નથી, ને તેથી તે સંબંધી તને કંઇ કહેતો નથી. સંસારમાં અવતરી મનુષ્યે સુખ ભોગવવાનું છે. સુખ ભોગવવા માટે સ્ત્રી, પુત્ર ને દ્રવ્ય એ પણ મુખ્ય સાધન છે. એકલી સ્ત્રી હોય ને દ્રવ્ય પુત્ર ન હોય તો મનુષ્ય મુંઝાઇ મરે છે; દ્રવ્ય હોય ને સ્ત્રીપુત્ર ન હોય તો દ્રવ્ય રડવા જોગ છે. તેથી એ ત્રણે સાથે ભોગવવાં એ મહાભાગ્યની વાત છે. પૂર્વે મેં તને કહ્યું છે કે સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ, તેથી તારે એમ ન ધારવું કે સ્ત્રીનો સંબંધજ ન કરવો, પરંતુ સ્ત્રીથી સાવધ રહીને સઘળાં કાર્યો કરવાં. મૂર્ખ મતિમંદ મનુષ્યો મનમોહન માનુનીના મોહપાશમાં લુબ્ધ થઇ તેના મનરંજનાર્થ અનેક પ્રકારે વશ થઇ જાય છે, તેમ નહિ

થતાં સાવધ રહીને વર્તવું તેમાં ડહાપણ છે સ્ત્રીને પરણ્યા પછી કે પરણ્યા પહેલાં તેણીને ગોગ્યની કેટલીક કળા શિખવાની છે ને તે તે યથાર્થ રીતે, ડહાપણથી શિખવવી જોઈએ, કે જેથી તે પોતે સુખી થઈ તને આ લોકમાં તથા પરલોકમાં સારી રીતે સુખ અપાવે. સ્ત્રીની આ ઉત્તમ કળા માત્ર **શ્રીશેષશાયી** નારાયણ કે **રુકિમણીપતિ શ્રીકૃષ્ણ** જાણે છે, બાકી ઈન્દ્ર ને ચંદ્ર તો અવટાયાજ કરે છે.

સચ્ચરિત્રશાળી સ્ત્રીની ૬૪ કળા.

૧—ષોડશ શણગાર કળા.

૧ મજ્જન કળા.
૨ ચોળી સાડી પહેરવાની કળા.
૩ ચાંદલો કરવાની કળા.
૪ સેંથો સમારવાની કળા.
૫ વેણી ગુંથવાની કળા.
૬ નેત્રાંજન કળા.
૭ અંગરાગ તથા મુખરાગ કળા (શરીરપર સુગંધ લગાડવાની તથા પાન ખાવાની કળા.)
૮ અવતંસ કળા (કાનપર તથા વેણીમાં પુષ્પ ખોસવાની કળા.)
૯ નથની—વાળી પહેરવાની કળા.
૧૦ કંકણ પહેરવાની કળા.
૧૧ કંઠમાં માળા પહેરવાની કળા.
૧૨ કટીમેખલા પહેરવાની કળા.
૧૩ કુચે ચંદન ચર્ચવાની કળા. (જે દેશમાં કંચુકી પહેરવાનો ધારો નથી તેવા કાશ્મીર તથા દક્ષિણ દેશમાં)
૧૪ પાગે લંગર, તોડા, કાંબી પહેરવાની કળા.
૧૫ નેત્રને ચંચળ છતાં સ્થિર રાખવાની કળા.
૧૬ ચતુરાઇ લડાવવાની કળા.

૨–ષોડશ અંગશોભા કળા.

૧ હંસગતે ચાલવાની કળા.
૨ પગના ઘુઘરા ધમકાવવાની કળા.
૩ કાળા ભમ્મર જેવા કેશ રાખવાની કળા.
૪ કંઇક ગોરાપણું ને કંઇક શ્યામતા દર્શાવવાની કળા. (એથી વિશેષ મોહ ઉત્પન્ન થાય છે.)
૫ દાંત દાડેમની કળી જેવા કે મોતી જેવા રાખવાની કળા.
૬ નિતંબ ભારી બતાવવા તથા રાખવાની કળા.
૭ નખ સાફ હીરા જેવા રાખવાની કળા.
૮ નાક સાફ તેજસ્વી રાખવાની કળા.
૯ પિનપયોધર રાખવાની કળા.
૧૦ અધર અમૃત ભરેલા રાખવાની કળા.
૧૧ કટી પાતળી રાખવાની કળા.
૧૨ કર સુંવાળા રાખવાની કળા.
૧૩ ગાલ કોમળ રાખવાની કળા.
૧૪ પગ સ્વચ્છ રાખવાની કળા.
૧૫ ગાલ તથા હોઠપર તલ પાડવાની કળા.
૧૬ અંગ મઘમઘતું રાખવાની કળા.

૩–ષોડશ પતિ રંજન કરવાની કળા.

૧ મુખ પ્રસન્ન રાખવાની કળા.
૨ સ્મિત હાસ્ય વિકાસિત મુખારવિંદ ધરી બોલવાની કળા.
૩ પતિ ઘેર આવે તે વેળાએ સત્કાર કરવાની કળા.
૪ રસોઈ બનાવી પીરસવાની કળા.
૫ મુખવાસ બનાવી આપવાની કળા.
૬ શણગાર સજી બતાવવાની કળા.*
૭ કવિતા તથા ગ્રંથો પ્રસન્ન કરી વાંચવાની કળા.

---

* ગોસ્વામિ મહારાજ લોકોમાં એવો ચાલ છે કે સંધ્યાકાળના પાંચ કલાકે વહુજી શણગાર સજી, હાસ્યમય વદન રાખીને પતિને પોતાની મુખ દેખાવણી કરી જાય છે.

૮ પતિને રુચતી રમત રમવાની કળા.
૯ ગાન કરવાની કળા.
૧૦ મધુરી વાણી બોલવાની કળા.
૧૧ ક્રૂર કઠિન વાણીનો કંટાળો આણવાની કળા.
૧૨ પતિના દોષ ન ગણકારવાની કળા.
૧૩ પ્રત્યેક કાર્યમાં પતિને યોગ્ય સલાહ આપવાની કળા.
૧૪ પરાયા પુરુષ સાથે હાસ્યરહિત વાત કરવાની કળા.
૧૫ પતિના દોષ બતવતાં વિનય દર્શાવી ક્રોધ ન કરવાની કળા.
૧૬ રતિવિલાસમાં સંતોષ આપવાની કળા

૪—અષ્ટ ક્ષેમ કળા (ગૃહકાજ સંબંધી).

૧ કરકસર કરવાની કળા.
૨ પર ઘેર જઇને ઘરનાં છિદ્ર ન ઉઘાડવાની કળા.
૩ નિર્ધનતા ન દર્શાવવાની કળા.†
૪ ઘરની સંપત્તિ શુદ્ધ રાખવાની કળા.
૫ વાસણકુસણ તથા ઘર સ્વચ્છ રાખવાની કળા.
૬ વસ્ત્રાલંકાર સંભાળવાની કળા.
૭ બાળક ઉછેરવાની કળા.
૮ બાળકને કેળવવાની કળા.

૫ અષ્ટ સ્વાભાવિક કળા.

૧ વિનય વિવેક ધરવાની કળા.
૨ લજ્જા ધરવાની કળા.
૩ શિળ સાચવવાની કળા.
૪ પતિમાં ચિત્ત ચોટાડવાની કળા
૫ પિતુ ઘરમાં ઝાઝી ભક્તિ ન ધારવાની કળા.
૬ મેળા, નાટક, ચેટકાદિ પ્રસંગમાં એકલાં ન જવાની કળા.
૭ વડીલોની સેવા તથા આજ્ઞા પાળવાની કળા.
૮ સ્વતંત્રતા દર્શાવવાની કળા.‡

---

† સુખ દુઃખ પડે તે વેળાએ વાત તો કરવી પડે પણ તેમાં જે ચતુરાઈ વાપરવાની તે.

‡ સ્વતંત્ર હોય, તોપણ બાળપણમાં પિતુની આજ્ઞામાં રહે, યૌવનમાં પતિની આજ્ઞામાં રહે, ને પતિના ગત થયા પછી પુત્રોની આજ્ઞામાં રહે એવો શિષ્ટ સંપ્રદાય છે.

સ્ત્રીઓની આ ૬૪ કળા શિવાય બીજી પણ ૬૪ કળા છે, જે તારે જાણવાની ઘણી અગત્ય છે. આ કળાને કેટલાક પુરુષો શ્રેષ્ઠ—પ્રાધાન્ય ન ગણતાં ગૌણ ગણે છે, પણ તેમાં જે ખૂબી છે તે હવે પછી તને જણાવીશ. હાલ તો કળાજ માત્ર જાણ.

કર્માશ્રય ૨૪ કળા.

૧ ગીત. ૨ નૃત્ય. ૩ વાદ્ય.

૪ લીપી જ્ઞાન (દેશ દેશની ભાષાના અક્ષરો જાણવા તે.)

૫ ઉદારતાવાળું વચન. ૬ ચિત્ર વિધિ.

૭ પત્રચ્છેદ્ય (પત્ર વગેરે કોતરવાની કળા. જેથી સ્ત્રીઓ તેનાપર અક્ષરો પણ લખી શકે છે. આ કળાનો ઉપયોગ કાલિદાસના શકુન્તલે કીધો હતો.)

૮ માલ્યવિધિ. (પુષ્પોના નવનવિ જાતના અલંકારો બનાવવાની કળા.)

૯ પુસ્તકકર્મ (પુસ્તક પારખવાની કળા.)

૧૦ આસ્વાદ્યવિદ્યા (સ્વાદિષ્ટ—ઉત્તમ પ્રતિના પદાર્થો બનાવવાની કળા.)

૧૧ રત્નપરીક્ષા. ૧૨ સિવવાની કળા.

૧૩ રંગપરિજ્ઞાન (રંગ બનાવવાની તથા રંગ ગંડપની રચના કરવાની કળા.)

૧૪ ઉપકરણ ક્રિયા (રાંધવા આદિનાં સહિત્ય મેળવવાં તે. જેમ, કદી ઘરમાં ૨૦ માણસની રસોઇ કરવી હોય તો ઘણીક સ્ત્રીઓને ખબર હોતી નથી કે કેટલા કેટલા પદાર્થ વજનમાં કેટલા જોઇશે. તે વારંવાર ઘરના પુરુષને આ લાવજો ને તે લાવજો કહીને રંજાડે છે. પણ ચતુરા જાણતી હોય તો સર્વ પદાર્થ કેટલા લાવવા તે સારી રીતે

સમજાવે છે. વળી ઘણી સ્ત્રીઓને રાંધતાં રાંધતાં સત્તર પદાર્થ લેવાને સત્તર વાર ઉઠબેસ કરવી પડે છે, તેમ પણ આ કળા જાણવાથી ન થાય.)

૧૫ **માન વિધિ.** (માન આપવાની તથા પોતે માની થવાની કળા.)

૧૬ **આજીવ જ્ઞાન**–(નિર્વાહ કેમ ચલાવવો તે સંબંધી જ્ઞાન. ઘરનો ધણી મહિને પચાસ પેદા કરતો હોય તો કેટલો ખરચ કરીને કેટલી સીલક રાખવી તે.)

૧૭ **તિર્યગ્યોનિચિકિત્સા**–(પશુ પક્ષી વગેરેનું વૈદું જાણવા સંબંધી.)

૧૮ **માયાકૃત પાખંડ સમય જ્ઞાન**–(પારકાના કપટને યથાર્થ રીતે જાણવું, તથા કપટમાં પોતે પાવરધા• રહેવું.)

૧૯ **ક્રીડા કૌશલ્ય**–(સ્વપતિ સાથે રતિરંગ-રમત ગમત રમવામાં કુશળ થવું, એ જાણવું થોડું જરૂરનું નથી.)

૨૦ **લોક જ્ઞાન**–(કોઇ સાથે સંબંધ પાડવો હોય તો તે કેવો છે–સારો કે નરસો છે તે જાણવા સંબંધી કળા.)

૨૧ **વિચક્ષણતા.**

૨૨ **સંવાહન**–(પતિના પાદ સેવવા, અંગ ચાંપવું, માથું ચાંપવું તે કળા. ઘણી સ્ત્રીઓને માથું તથા પગ ચાંપતાં ન આવડવાથી કેટલીકવાર પુરુષ કંટાળી જાય છે. પણ આ કળા આવડવાથી પતિ પ્રસન્ન થાય છે.)

૨૩ **શરીર સંસ્કાર**–(શરીર સાફ રાખવાની કળા.)

૨૪ **વિશેષક કૌશલ્ય કળા**–(ટીલીટપકી, ચોટલા ચાંદલા કરવાની કળા.)

પતિસંગે રંગવિલાસ—રમત ગમતની ૧૦ કળા.

(નિર્જીવ ૧૯ કળા.)

૧ આયુ:પ્રાપ્તિ—(ત્રણ પાસાની રમત યથાર્થ રીતે રમી જાણવાની કળા. જેમકે ૧૭ પઆ હોય તો બે સોગઠી એકદમ ૧૨ ક્યારે ચલાવવી ને એક સોગઠી માત્ર ૫ ક્યારે ચલાવવી, અથવા એક સોગઠીને ૧૭ સામટાજ ક્યારે ચલાવવા ને જાણવાની કળા)

૨ અક્ષવિદ્યા—(પાશા વગેરે કેવા પ્રકારે નાંખવા તે કળા.)

૩ રૂપ સંખ્યા-(દંપતિ સમયે હોડ બકે, તો મૂઠ મૂકવાની ક્રિયા તે કળા.)

૪ ક્રિયામાર્ગ-(સોગઠીને ચાલવાનો માર્ગ કેવો છે, અને કેમ ચાલવું તે કળા.)

૫ બીજગ્રહણ—(પત્નીએ હોડ બકી રમતાં પ્રથમ પતિ પાસથી કેમ પૈસા કઢાવવા તે કળા.)

૬ નયજ્ઞાન—(હારજીત થઇ તો ન્યાય કેમ કરવો તે.)

૭ કરણાદાન—(હોડમાં ઠરાવેલા પૈસા કેવા પ્રકારે લેવા.)

૮ ચિત્રાચિત્રવિધ—(ચિત્રવિચિત્ર રમત જાણવી તે. જેવાંકે સોગઠાં, સેતરંજ, ગંજીફા, પાનાં, વાઘ બકરી, બકરીએ બકરી, કોડીની રમત વગેરે.)

૯ ગુહરાશિ—(છૂપી મૂઠ મૂકવી તે. મૂઠીમાં પૈસા રાખે ને કહે કે કહો કેટલા છે. પછી પતિ પચાસ કહે ને જીતે તેવું હોય તો પાંચ બતાવે ને તે પોતેજ જીતી હોય તો પાંચને બદલે પચાસ બતાવે તે. વળી પાંચ મૂકી પચીસ માંગવા કે પચીસ મૂકી પાંચ માંગવા તે કળા.)

૧૦ તુલ્યાભિહાર—(સરખા પૈસા આપવા ને લેવા તે.)

૧૧ **ક્ષિપ્ર ગ્રહણ**–(ઉતાવળથી પાસા કે પૈસા ઉપાડી લેવા તે.)

૧૨ **અનુપ્રાપ્તિ લેખાસ્મૃતિ**–(જીતેલા પૈસાનો હિસાબ જાણવો. કેમકે તેમ નહિ હોય તો પતિ હારે ત્યારે ગણવામાં ભુલાવે. વખતે ગમતને માટે પતિ પાસથી વધારે પૈસા લે–કે મારા તો ૧૦૦ જીતેલા હતા તે ૬૦ ક્યાંથી થયા.)

૧૩ **અગ્નિક્રમ**–(રમત રમતાં આગળ કેવા પ્રકારે દાવ ચાલવો તે જાણવાની કળા. જેમકે ગંજીફામાં રમનાર ૧૦ ઉતર્યો કે તેપર ગુલામ ઉતરવોજ પડે. સોગઠાંમાં દાવ ચાલતાં એવી રીતે સોગઠી મૂકે કે તે માર્યા વગર ફૂટકોજ નહિ–તેમજ પાનામાં હુકમ ઉતરાવવા વગેરે.)

૧૪ **છળવ્યામોહ**–(કપટ કરી મોહ ઉત્પન્ન કરવો.)

૧૫ **ગ્રહદાન**–(હોડ બકી મૂઠ ભરી હોય તો તેનો ઠરાવેલા પૈસા આપવા.)

सजीव ९ कळा.

૧ **યુદ્ધ**–(તકરાર પડે ત્યારે લડવું ઝગડવું)

૨ **રૂત**–(હા હો કરી બોલવું ને ગભરાવવા.)

૩ **ગત**–(હારે તો નાસી જવું. "ચલો ચલો તમે જીત્યા, જીત્યા." "વાહ મઝેની વાત !" "જીતનારનાં મોઢાં તો જુઓ." "જીતનારની પૂછડી તો જુઓ," એમ કહી ગત રમી જવી.)

૪ **નૃત્ય**–(જીતે કે હારે ત્યારે ઉભા થઇ ચાળા કરી ભુલાવો ખવાડવો.)

૫ **ઉપસ્થાનવિધિ**–(બે સખી કે પતિ ને પુત્ર રમતાં હોય તો એકદમ દાખલ થવું)

આ સર્વ કળા નાનાં બાળકો પણ જાણે છે. એને **ધૂત કળા પણ કહે છે.**

શયનોપચારિકા ષોડશ કળા.

૧ ભાવગ્રહણ.
૨ સ્વરાગ પ્રકાશન.
૩ પ્રત્યંગદાન.
૪ નખદંતનો વિચાર.
૫ નીવીસ્રંસન.
૬ ગુહ્યનું સંસ્પર્શનાનુલોમ્ય.
૭ પરમાર્થ કૌશલ્ય.
૮ હર્ષણ.
૯ સમાનાર્થતા કૃતાર્થતા.
૧૦ અનુપ્રોત્સ હન.
૧૧ મૃદુ ક્રોધ પ્રવર્તન.
૧૨ સમ્યક્ ક્રોધ નિવર્તન.
૧૩ ક્રુદ્ધ પ્રસાદન.
૧૪ સુપ્ત પરિત્યાગ.
૧૫ ચરમ સ્વાપવિધિ.
૧૬ ગુહ્યગૂહનમિતિ.

ઉત્તર કળા ૪.

૧ **સાશ્રુપાતંરમણાય શયન**-(પતિ જો રીસાઇ જતો હોય તો અશ્રુપાત કરીને જતાં અટકાવવો તે કળા.)

૨ **સ્વશપથ ક્રિયા**-(મારાસમ તારાસમ ખાઇ પતિને ખુશ કરવો ને કામ કાઢી લેવું તે કળા.)

૩ **પ્રસ્થિતાનુગમન**-(ઉઠીને-રીસાઇને પતિ ચાલ્યો જતો હોય તો તેની પાછળ પાછળ જવું ને પછી મનાવવો તે.)

૪ **પુનઃ પુનર્નિરીક્ષણ**-(વારંવાર પતિને જોવો ને નિહાળવો.)

આ પ્રમાણે સ્ત્રીઓની આ બીજી ૬૪ કળા છે. પાછલી કળાઓનો સન્નારીઓ, પતિને રીઝવવા માટે યથાર્થ રીતે ઉપયોગ કરે છે, કે જેથી ગમે તેવો પણ દુરાચારી પતિ પોતાની પત્નીમાં એક રસ થાય છે. વળી આ કળાઓની પેટા કળા ૫૧૮ છે પણ તે જાણવામાં કાંઇ વધુ માલ નથી.

આટલી કળામાં નિપુણ હોય તેવી સ્ત્રી સદાજ ઘરને શોભા આપેછે. લગ્ન કરતાં પહેલાં તારે એવી સ્ત્રી શોધવી જોઇએ કે જે સર્વ સુખ આપે;ને તેની સાથે લગ્ન કરવાથી સઘળા ઐશ્વર્યની પૂર્ણ પ્રાપ્તિ થાય. જે સ્ત્રીના અંગના રંગ આગળ

સુવર્ણ વિસાતમાં નહિ હોય; વાળની કાળાસ જોતાં ભ્રમર શરમાતા હોય; નેત્રની શોભા નિહાળી મૃગો નાશતાં હોય; મુખની કળા આગળ શરદ પૂર્ણિમાનો ચંદ્ર ક્ષોભ પામતો હોય; નાકના નમણા આગળ પોપટ લજ્જા ધરતો હોય; અંગમાંથી નિકળતો બેહેકાટ જોઇ કમળ સરોવરમાં સંતાતાં હોય; દંતપંક્તિ નિહાળી દાડેમ રડતાં હોય; જીભની લાલાસથી બળતો પગે પડતો હોય; કાનની આકૃતિ જોતાં છીપ સમુદ્રે વાસ કરે; વાણીની મધુરતા સાંભળતાં કોચલ પોકાર મૂકે; કંઠનો ઘાટ નિહાળી બળત્રાથી શંખનું સત્વ ઉડી જાય; અધર જોઇને અમૃતપાન કરનારા દેવોને લાલચ થાય; મજીઠને પણ હોઠની લાલાસ આગળ ભુલાવો થાય; હડપચીની કોમળતા ને નરમાસ જોઇને આંબો રણે રડવડે. સ્તનની કઠિનતા ને નાનાપણું જોઇને કેરીઓ ગળતી થાય; નાભી જોઇને ગંભીરતા ગર્વ તજે; કટીનો લંક જોઈને સિંહ વનમાં નાશી; આહાર જોઇને મુનિઓ લજાન પામે–તેવી સ્ત્રી તે આ જનમંડળનું ભુષણ છે. વળી જેના નિતંબનો ઘેરાવો જોઇને મદગત્ત હાથી ગર્વ તજે; સાથળની આકૃતિ જોઇ કેળ વાંઝણી થાય; નિતંબ પાછળની પીંડી નિહાળી ભાથા પોતાનું હૃદય વીંધવા બાણને સાથે રાખે; હાથની હથેલી ને પગના તળિયાનો ઘાટ જોઈ રક્તાકાશ નિવાસ કરે; હાથ પગમાં સંપૂર્ણ રેખાઓ જોઈને વનસ્પતિ વેલાઓ નિચું નિહાળે; તેની ચાલ જોઇને હંસ પોકારે ને હાથિણી નાશે–તેવી સ્ત્રી તે ખરેખરો ઘરનો શણગાર છે, વૈભવની વિભુતિ છે, ઐશ્વર્યનો આત્મા છે, ને પરલોકમાં પાર ઉતારનાર છે. જે થોડા હસવાવાળી છે, થોડું બોલવાવાળી છે, ધીમું ચાલવાવાળી છે, કમળ જેવી કોમળ છે; બુદ્ધિમાં ને સેવામાં લક્ષ્મીને વિસરાવે છે, કર્ણ–બળીથી ઉદાર છે; પ્રભુમાં આસ્થાવંત છે, લજ્જા-

વંતને પવિત્રાચારવાળી છે, ભાઇઓ ને કુટુંબવાળી છે ને પરિપૂર્ણ પ્રેમ સમજનારી ને પ્રેમની પવિત્રતા ને કાંતિ જાણુનારી છે, તેવી સ્ત્રીની સાથે લગ્ન કરવાં એમાંજ ખરૂં સુખ છે. લાંબોતાડ, રીશાળ, વક્ર ગળાંવાળી, પગે નિમાળાવાળી, ઝાઝું ખાનારી ને બોલનારાવાળી, કેડ ને મોઢું સુપર્ણખા જેવું, શરીરનો પરસેવો હાથીના જેવો, પીંગળા વર્ણની, પીંગળા કેશવાળી, જાડા હોઠવાળી ને સદાજ કટકટિયેણુ, ધણીને ધમકાવતી ને ડરાવતી એવી સ્ત્રી સાથે લગ્ન કરવાં ને નરકના દુઃખમાં પડવું એ એકજ છે. સચ્ચરિત્રશાળી સદ્‌ગુણવાળી સ્ત્રી એ ગૃહરાજમાં ઉર્વશી, આ લોકમાં યશાળી ને પરલોકમાં મુક્તિ સુખ દેનારી છે.

સચ્ચરિત્રશાળી સ્ત્રીની કળા મેં તને જણાવી, ને હવે સચ્ચરિત્રવાન્ પુરુષની કળા જણાવું છું. તારા જેવા શ્રીમંતે યશસ્વી કીર્ત્તિનો સ્વીકાર કરીને યાવચ્ચંદ્રદિવાકર રહે તેવાં કીર્તિવંત કર્મો આદરવાં જોઇયે. ઘણા શ્રીમંતો કૃપણ હોય છે, ને તેઓ એક પણ કાર્ય દુનિયામાં યશસ્વી-કીર્તિમંત કરી શકતા નથી. તેઓની લક્ષ્મી તે પતિ વગરની સ્ત્રીઓના સુખ જેવી છે લક્ષ્મી સદા ચળાયમાન છે-કાં તો તારે તેને એક દિવસે છોડી જવી પડશે, કાં તો તે તને છોડી જશે, માટે જે કીર્ત્તિ રાખવાની જરૂર છે તે તારે રાખવી જોઇએ ને તે માટે પુરુષની ઉત્તમતા દર્શાવનારી જે કળા છે તે તું જાણી લે.

ગૃહસ્થની ૨૫ કળા.

૧ ઉદાર થવાની કળા.
૨ સત્યવાદી થવાની કળા.
૩ વિનયવાન્ થવાની કળા.
૪ અનુચર વર્ગને રાજી રાખવાની કળા.
૫ કીર્તિવંત કર્મો કરવાની કળા.
૬ પ્રતાપ દર્શાવવાની કળા.
૭ બુદ્ધિવાન્ થવાની કળા.
૮ સચ્છાસ્ત્ર જાણવા-માનવાની કળા.
૯ શુભ કાર્ય કરવાની કળા.
૧૦ વિદ્વાનને પૂજવાની કળા.
૧૧ સેવકને વધારવાની કળા.

૧૨ બંધુઓને વધારવાની કળા.
૧૩ શત્રુપર દયા કરવાની કળા.
૧૪ મોટા શત્રુનો પરાભવ કરવાની કળા.
૧૫ શરણાગતને નિર્ભય દેવાની કળા.
૧૬ મિત્રનું હિત ચિંતવવાની કળા.
૧૭ અસંબંધ વાતપર લક્ષ ન દેવાની કળા.
૧૮ ગુણગ્રાહક હોવાની કળા.
૧૯ કળામાં નિપુણતા ધરવાની કળા.
૨૦ ઉપકાર જાણવા-માનવાની કળા.
૨૧ ઘર કાર્યપર દેખરેખ રાખવાની કળા.
૨૨ સમાન દૃષ્ટિ રાખવાની કળા.
૨૩ આપત્તિનો ઉપાય રચવાની કળા.
૨૪ થોડાને ઘણું માનવાની ને ઘણાને થોડું માનવાની કળા. (ઉપકાર થોડો હોય તેને ઘણો માનવો, ને અપકાર ઘણો હોય તો થોડો માનવો તેવું ઉંચું લક્ષણ તે.)
૨૫ એકપત્નીવ્રત ધરવાની કળા. (સ્વપત્ની શિવાય મોટીને માતાતુલ્ય, સમાનને ભગિનિતુલ્ય, નાનીને પુત્રીતુલ્ય, ને છેલ્લ દુષ્ટ આચરણવાળીને મુવેલાં સડેલાં કુતરાં તુલ્ય જાણવું તે.)

આ પચીસ લક્ષણવાળો કળાવાન પુરુષ સદા ઉત્તમ ગતિને પામે છે. પુરુષપણાની એજ યોગ્ય કળા છે, ને તેજ ગ્રહણ કરવા યોગ્ય છે. વિદ્વાનો જેનાથી પ્રસન્ન રહેતા હોય, ચોતરફ જેની કીર્તિ ફેલાયલી હોય; શૂરવીર સુભટો માન આપતા હોય; તરુણાવસ્થા જોઇને કુળશીળ સ્ત્રીઓ આ મારો બાંધવ હોત તો કેવું સારૂં? એવો ભાવ આણતી હોય; સારા સ્વભાવ ને ગુણ ચોતરફ ફેલાતા હોય; સ્વરૂપની કાંતિ જોઇને કંદર્પ દર્પ મૂકતો હોય; મધુર વચન બોલવાથી સભા રંજન થતી હોય; સત્કર્મની ખ્યાતિથી દેશ વિદેશથી કન્યાઓનાં માગાં આવતાં હોય; આચાર પાળવાથી વિદ્વાનો સંતુષ્ટ થતા હોય; નિરોગીપણાને લીધે અંગ ઉઠાવ ભારે હોય; ગરીબ

ગરબાંઓ જેને જોતાં આસપાસ વિંટલાઇ વળતાં હોય; વડિલો પણ જેનો બુદ્ધિનો પ્રભાવ જોઇ સંમતિ લેતા હોય; કુળ પરંપરા ને વ્યવહાર પરંપરા જાણવાથી સગાં કુટુંબીઓ પૂછતાં હોય; પાપ વાણી કે બુદ્ધિ જેના પુણ્ય પ્રતાપથી બળું બળું થતી હોય; સત્ય બોલવાથી હરિશ્ચંદ્રને ઇર્ષ્યા થતી હોય; મિત્રનો સમાગમ જોતાં રામ પોતાનું સચિવપણું આપવા તૈયાર થતો હોય; ઉદારતા જોઇ બલિ ખળભળતો હોય; પ્રેમ પ્રીતનું જ્ઞાન જોઈ કામ નાશતો હોય; શય્યા સુખ જોઈને રતિ નિચું જોતી હોય—એવો જે પુરુષ તેજ **પુરુષ** ગણાય છે, બાકી તો **પાષાણ** તુલ્યજ જાણજે. જેમ પાષાણ કોઇને ઉપયોગી નથી, તેમજ એ કળા વગરનો પુરુષ છે. પુરુષ માત્ર અવયવેજ ગણાતો નથી, પણ કાર્યથી ગણાય છે, વાણીઆઓ ઘણી વેળાએ માંચીમાંના માંકડ ગણાય છે, તે ગુણ તારામાં નહિ રહેવો જોઇયે, પણ ખરા પુરુષાર્થને પામવું જોઇયે.

એ પ્રમાણે કળા જ્ઞાન દીધા પછી રાત્રિના વખત વિતિ જવાથી **મૂળદેવ** મહારાજે શિષ્યમંડળી વિસર્જન કીધી ને સઘળાઓ વિખરાઇ ગયા.

સર્ગ ૧૩ મો.

મૂખ્ય કળા સ્વરૂપ.

રાત્રિના ચંદ્ર જ્યારે પૂર્ણતાથી ખીલી નિકળ્યો હતો, ને આકાશમાં તારાઓ ઝળકી રહ્યા હતા, ત્યારે કંઈ પણ દંભ વગર, માત્ર પોતાનું કાર્ય સિદ્ધ કરવામાંજ ચપળ—

ચંચળ છે તેવો **મૂળદેવ** સ્ફાટિક આસનપર જઇને બેઠો. શિષ્યોએ પ્રણામ કીધા, ને તેને સ્વીકારી, પછી **ચંદ્રગુપ્તને** કહ્યું, જે ૧૪ વિદ્યા ને ૬૪ કળા **શ્રીકૃષ્ણ** પરમાત્મા **સંદીપન** ઋષિને ત્યાં જઇને શિખ્યા હતા તે તને હવે કહું છું, તે ચિત્ત ધરીને સાંભળ. એવી કળાના જ્ઞાનથી ઘણો લાભ થાય છે. વિદ્વાન મનુષ્ય તો સર્વત્ર પૂજાય છે, ને વિદ્યાના યોગથી પરલોક-કે જ્યાં ગયાથી કોઇ પણ વાતની તૃષ્ણા રહેતી નથી તે પણ પ્રાપ્ત કરી શકાય છે.

ચૌદ વિદ્યા.

૪ **ચાર વેદઃ**-૧ ઋગ્વેદ, ૨ યજુર્વેદ, ૩ સામવેદ, ૪ અથર્વવેદ.

૬ છ **અંગઃ**-૫ શિક્ષા, ૬ કલ્પ, ૭ વ્યાકરણ, ૮ નિરૂક્ત, ૯ છંદ, ૧૦ જ્યોતિષ.

૧૧ મીમાંસા, ૧૨ ન્યાય, ૧૩ ધર્મશાસ્ત્ર, ૧૪ પુરાણ.

વળી કેટલાક ચાર ઉપવેદને આ વિદ્યામાં ગણે છે.

૧૫ આયુર્વેદ-વૈદવિદ્યા. ૧૬ ધનુર્વેદ-શસ્ત્રવિદ્યા. ૧૭ ગાંધર્વવેદ-સંગીતવિદ્યા. ૧૮ સ્થાપત્યવેદ-શિલ્પવિદ્યા.

આમ અઢાર વિદ્યા પણ મહા પંડિતો ગણાવી ગયા છે. આ ચૌદ વિદ્યામાં વેદ એવો ગહન વિષય છે કે તેમાં જે મનુષ્ય પ્રવીણ થાય છે તે કોઇ પણ રીતે આ સૃષ્ટિ ને સૃષ્ટાને પીછાણવામાં પાછળ પડતો નથી. વેદમાં સર્વ સમાયલું છે, ને તેનાથી કંઇ પણ બહાર નથી. પાંચમી વિદ્યા **શિક્ષા** છે, તે જાણવાથી બોલવામાં શુદ્ધોચાર શી રીતે થાય તે, ને અક્ષરનું સંપૂર્ણ જ્ઞાન એથી આવે છે. **કલ્પ** જાણવાથી ધર્મકાર્યની સમજણ આવે છે, ને ઇશ્વરના ગુણનું જ્ઞાન થાય છે. **વ્યાકરણ** વિદ્યાનો લાભ તો પ્રસિદ્ધજ છે. **નિરુક્ત**થી વેદ સારી રીતે સમજાય છે. **છંદ** શાસ્ત્રથી ગાયન કાવ્ય જાણવામાં

આવે છે. **જ્યોતિષથી** ભૂગોળ ખગોળ જાણવામાં આવે છે. **મીમાંસા**ના જ્ઞાનથી જગત્ ને જગદિશ્વરનું પૂર્ણતાપણું જાણવામાં આવે છે. **ન્યાયથી** પદાર્થ-વિજ્ઞાન વગેરેનું પ્રત્યક્ષ સ્વરૂપ સમજાય છે. **ધર્મશાસ્ત્ર** જાણવાથી ધર્મ અધર્મ—આ લોક પરલોકના સુખનું યોગ્ય જ્ઞાન થાય છે. ધર્મ સદા શ્રેયસ્કર છે, તેનું ગ્રહણ થાય છે ને અધર્મ જાણવાથી તેનો ત્યાગ કરીએ છીએ. **પુરાણ** જાણવાથી ઘણા ઇતિહાસો જાણવામાં આવે છે. **આયુર્વેદ** જાણવાથી વૈદો પોતાના પ્રપંચો કદીપણ આપણા મોઢા આગળ ચલાવી શકતા નથી. **ધનુર્વેદ** જાણવાથી શસ્ત્ર મારવા વગેરે પ્રયોગો ઘણા સારી રીતે આવડે છે. એના ચાર ભેદ છેઃ—**મુક્ત**—જેમાં ચક્ર વગેરે વાપરવાની કળા છે. તરવાર ભાલાં વગેરે શસ્ત્રો કેમ વાપરવાં તેની વિદ્યા જાણવી તે પણ એક કળા છે. **અમુક્ત**—ધનુષબાણ વાપરવાની કળા, જેમાં કેટલાક શસ્ત્રના ભાગ છુટે છે, તે કેટલાક હાથમાં રહે છે તે કળા તે **મુકતામુકત** કળા છે. અને ગોળીગોળા વગેરે પદાર્થો, તોપ બંદુક કેમ વાપરવા તે કળા તે **મંત્રમુક્ત** છે. આ કળાઓ જાણવાથી સમયપર રાજકારભાર પ્રાપ્ત થાય તો તેમાં જય મેળવી શકે છે. **ગંધર્વવેદ** મનને આનંદ પમાડનારો છે, ને એમાં સંગીતાદિ સર્વ પદાર્થ આવી જાય છે. ગવૈયા બજવૈયા કેવા પ્રકારે નકામા ધાંટા તોડે છે તે આ કળા જાણવાથી જણાય છે. એમાં નિપુણતા પામેલાને બહુ આનંદ પ્રાપ્ત થાય છે. **સ્થાપત્યવેદ** એમાં ઘણી કળાઓ સમાયલી છે. એ વેદ પારંગત થનાર મનુષ્ય રાજનીતિમાં કુશળ, અશ્વવિદ્યામાં નિપુણ, કે જે વિદ્યા નળ રાજા જાણતો હતો; ગજવિદ્યામાં પારંગતને ભિન્ન ભિન્ન કળાઓમાં સર્વોપરી થાય છે. હે વત્સ, પ્રાચીન કાળમાં આ વિદ્યાનિપુણ પુરુષજ સર્વેશ્વરપદને પામતો હતો.

ચોસઠ કળા.

હવે તને ચોસઠ કળાના પ્રકાર કહું છું તે લક્ષ રાખીને ધ્યાનમાં લે. એ કળા જાણનાર પુરુષ કોઇથી ગાંજ્યો જતો નથી, પણ સર્વોપરી પદને પામે છે.

૧ ગીત.
૨ વાદ્ય.
૩ નૃત્ય.
૪ નાટ્ય.
૫ આલેખ્ય.
૬ વિશેષકચ્છેદ્ય.
૭ તંદુલ કુસુમ બલિવિકાર.
૮ પુષ્પાસ્તરણ.
૯ દશન.
૧૦ વશન.
૧૧ મણિભૂમિકા કર્મ.
૧૨ ઉદક વાદ્ય.
૧૩ શયન રચન.
૧૪ તરવું.
૧૫ માળી કળા.
૧૬ માથું ગુંથવાની કળા.
૧૭ વેશ બદલવો.
૧૮ કર્ણ પત્રભંગ.
૧૯ સુગંધ યુક્તિ.
૨૦ ભુષણયોજન.
૨૧ ઇંદ્રજાળ.
૨૨ હસ્તલાઘવ.
૨૩ પાકશાસ્ત્ર.
૨૪ નિશાન પાડવા નીકળા.
૨૫ શિવન કળા.
૨૬ ભરત કળા.
૨૭ વિણાડમરુવાદ્ય.
૨૮ પ્રહેલીકા.
૨૯ પ્રતિમાળા.
૩૦ દુર્વચકયોગ.
૩૧ વાચન.
૩૨ નાટ્ય આખ્યાયિકા દર્શન.
૩૩ કાવ્ય સમસ્યા પૂર્તિ.
૩૪ પટ્ટિકાવેત્ર બાણકળા.
૩૫ તર્કવાદ.
૩૬ સુતારકામ.
૩૭ સલાટ કામ.
૩૮ રૂપ્ય રત્ન પરીક્ષા.
૩૯ ધાતુવાદ.
૪૦ મણિરાગ જ્ઞાન.
૪૧ આકર જ્ઞાન.
૪૨ વૃક્ષાયુર્વેદ.
૪૩ મેષ કુક્કુટ લાવકયુદ્ધ વિધિ.
૪૪ શુકસારિકા પ્રલાપન.
૪૫ ઉત્સાદન.
૪૬ માર્જન કૌશલ્ય.
૪૭ અક્ષરમુષ્ટિકાકથન.
૪૮ પરદેશી ભાષાજ્ઞાન.
૪૯ દેશ ભાષાજ્ઞાન.
૫૦ શકુન કળા.
૫૧ યંત્રમાતૃકા.
૫૨ ધારણ માતૃકા.

૫૩ અસંવાચ્ય માનસી કાવ્ય ક્રિયા.
૫૪ અભિધાન કોશ.
૫૫ છંદોજ્ઞાન.
૫૬ ક્રિયા વિકલ્પ.
૫૭ ચોરી કળા.
૫૮ છલિતક યોગ.
૫૯ દ્યૂત કળા.
૬૦ આકર્ષ ક્રિડા.
૬૧ બાળક્રિડન કળા.
૬૨ વૈનાયિકી કળા.
૬૩ કૃષિ કળા.
૬૪ વૈતાલિક કળા.

બોતેર કળા.

આ પ્રમાણે ચોસઠ કળા વિદ્વાનો ગણે છે, પણ કેટલાકો ૭૨ કળા વળી આ પ્રમાણે ગણીને તે પોતાના શિષ્યોને શિખવે છે, તે પણ જાણવાજોગ છે તે તું જાણ. હે **ચંદ્રગુપ્ત**, તેથી પણ ઘણો લાભ છે.

૧ ચિત્ર કળા.
૨ પોશાક.
૩ પાક કળા.
૪ જમવું.
૫ તરવું.
૬ સ્નાન.
૭ વાદમાં જીતવું.
૮ હાવભાવ બતાવવા.
૯ પલંગપર બેસવું.
૧૦ સુવું.
૧૧ બોલવું.
૧૨ ચાલવું.
૧૩ સરત જીતવી.
૧૪ દેવ પૂજા કરવી.
૧૫ અંગે શણુગાર પહેરવા.
૧૬ કોઇ કામ જોતજોતાં તે પ્રમાણે કરવું.
૧૭ કંઈ વસ્તુ લેવી.
૧૮ લજ્જાળપણું બતાવવું.
૧૯ ભોગવવું.
૨૦ લખવું.
૨૧ રળવું.
૨૨ પારકાને રીઝવવું.
૨૩ ખેતી ખેડવી.
૨૪ વેપાર કરવો.
૨૫ વિવેક બતાવવો.
૨૬ શૂરાપણું દાખવવું.
૨૭ ઝાડપર ચઢવું.
૨૮ મૃગયા કરવી, પણ પાપ ન થાય.
૨૯ શબ્દવેધી બાણ મારવું.
૩૦ મેહેનત કરવી—શ્રમિત થોડું થવું.
૩૧ અશ્વે ચઢવું.
૩૨ ઘોડાને ચલાવવો ને શરત જીતવી.
૩૩ ઔષધ ખાવું.
૩૪ અમલ—નીશો કરવો—ને કોઇ પારખે નહિ.
૩૫ સ્નેહ પારખવો.
૩૬ સ્નેહને કેળવવો—ને સાચવવો.

૩૭ સૌને ગમતું બોલવું.
૩૮ ન્યાય યથાર્થ ચૂકવવો.
૩૯ ધર્મ પાળવો.
૪૦ ગાવું.
૪૧ વિવેકે વશ કરવું.
૪૨ ચોપગાં જાનવર કેળવવાં.
૪૩ ઉપાસના કરવી.
૪૪ આસન વાળતાં શિખવું.
૪૫ મંત્રવિદ્યા.
૪૬ યંત્રવિદ્યા.
૪૭ જપ વિદ્યા.
૪૮ અન્યનું પોષણ કરવું.
૪૯ દોષ પારખવા.
૫૦ દિલ હરણ કરવું.
૫૧ શરણાગતને પાળવું.
૫૨ ચોરી શિખવી.
૫૩ ચટપટ ચેતી જવું.
૫૪ દાન દેવું લેવું.
૫૫ માન દેવું લેવું.
૫૬ અપમાન પારખવું.
૫૭ જુઠું જાણવું.
૫૮ સંચય કરેલું ધન જાણવું.
૫૯ પ્રપંચીને પારખવો.
૬૦ પાખંડીને પારખવો.
૬૧ દંડ દેવો.
૬૨ આપણે ચાહે તેમ કરવું.
૬૩ કોઇને જાણ્યા વગર તજી દેવું.
૬૪ સેવા કરવી.
૬૫ દેવદર્શન કરવાં.
૬૬ કોઇ પ્રિયને મળવું—એવા પ્રકારે કે કોઇ જાણે નહિ.
૬૭ કોઇનું મન કળી જવું.
૬૮ શરીરે દુઃખ સુખ સેહેવું.
૬૯ પ્રીતની રીત જાણવી.
૭૦ કોઇને ત્યાંથી પગ કાઢવો—ને કોઇને આપણે ત્યાંથી કાઢવો.
૭૧ છેતરી ન જાય તે તપાસવું.
૭૨ સત્ય સદાય બોલવું—પણ બંધાવું નહિ.

છોતેર કળા.

આ ૭૨ કળાનું એક રૂપ છે, પણ વળી એક બીજું રૂપ છે તે પણ તારે જાણવા યોગ્ય છે. એ ૭૬ કળાનું રૂપ કેવું છે તે કહું છું તે તું પ્રેમ ધરીને સાંભળ.

૧ લેખન કળા.
૨ પઠન કળા.
૩ અક્કલ કળા.
૪ ગાન કળા.
૫ નૃત્ય કળા.
૬ વાજીત્ર કળા.
૭ વ્યાકરણ કળા.
૮ છંદ કળા.
૯ અલંકાર જાણવા તે કળા.
૧૦ નાટક કળા.
૧૧ સાટક કળા.
૧૨ ચેટક કળા.
૧૩ નખ છેદન કળા.

૧૪ પત્ર છેદન કળા.
૧૫ આયુદ્ધ કળા.
૧૬ ગજારોહણ કળા.
૧૭ અશ્વારોહણ કળા.
૧૮ હસ્તિ પરીક્ષા.
૧૯ સશ્વહુકી
૨૦ રત્ન પરીક્ષા.
૨૧ સ્ત્રી લક્ષણ પરીક્ષા
૨૨ પુરુષ લ,,ણ પરીક્ષા.
૨૩ પશુ લક્ષણ પરીક્ષા.
૨૪ મંત્રવાદ.
૨૫ યંત્રવાદ.
૨૬ રસવાદ.
૨૭ વિષવાદ.
૨૮ ગંધર્વવાદ.
૨૯ વિદ્યાવાદ.
૩૦ બુદ્ધ પ્રકાર. (બુદ્ધિનાં સર્વ લક્ષણ જાણવાં—જેના પ્રપંચો, કાળા ધોળા—સારાનરસા જાણવા તે.
૩૧ રૂદ્ધ કળા.
૩૨ તર્કવાદ.
૩૩ સંસ્કૃતવાદ.
૩૪ પ્રાકૃતવાદ.
૩૫ પ્રત્યુત્તર કળા.
૩૬ દેશ ભાષા.
૩૭ કપટ કળા.
૩૮ ચિત્રવિજ્ઞાન કળા.
૩૯ સત્ય સિદ્ધાંત.
૪૦ નિરમળા.
૪૧ વેદાંત જ્ઞાન કળા.
૪૨ ગારૂડી વિદ્યા.
૪૩ ઇંદ્રજાળ વિદ્યા.
૪૪ બિન વિદ્યા.
૪૫ દાન કળા.
૪૬ શાસ્ત્રની કુંચી કળા.*
૪૭ ધ્યાન કળા.
૪૮ પુરાણ ઈતિહાસ જ્ઞાન.
૪૯ દર્શન કળા.
૫૦ ભેદ સમજાવવાની કળા.
૫૧ ખેચરી કળા.
૫૨ ભૂચરી કળા.
૫૩ ચમાર કળા.†
૫૪ ગમન કળા.

---

* શાસ્ત્રની કુંચી—કળાની આવશ્યકતા તો સાંપ્રત કાળમાં અત્યંત જણાય છે. શ્રીમદ્‌ભાગવત, વેદ, સ્મૃતિ વગેરે ગ્રંથોમાં કેવા હેતુથી લખવામાં આવ્યું છે, પણ આધુનિક વિદ્વાનો તે શાસ્ત્ર કળા નહિ જાણવાથી અનેક આક્ષેપ મૂકેછે; ને તેથી ગોવર્ધનધરણ, કાલિમર્દન, રાસલીલા, ચીરહરણ વગેરે અનેક મહત્વવાળી આખ્યાયિકાઓ સમજ્યા વગર શ્રીકૃષ્ણને દોષયુક્ત કરે છે. તેમજ વેદનું પણ સમજવું. શાસ્ત્ર કળા જાણવામાં આવે તો આવા દોષ મૂકવાનો સ્વપ્ને પણ વિચાર ન થાય.

† કોઈ કહેશે કે ચમારની કળા તે વિદ્વાન પુરુષને શા કામની? તેના સંબંધમાં એક વાત નોંધવા જોગી અત્રે ટાંકુ છું. અપ્પયદિક્ષિત અને રામાનુજ સંપ્રદાયના વેદાંતાચાર્યને વાદ વિવાદ થયો. વ્યંકટગિરિના રાજાની દરબારમાં વેદાંતાચાર્યને

૫૫ પાતાળ કળા.‡
૫૬ ધૂર્ત કળા.
૫૭ ઝાડ રોપવાની કળા.
૫૮ કાષ્ટ ઘડણુ કળા.
૫૯ વેપાર કળા—વણિક કળા.
૬૦ પાષાણુ ઘડવાની કળા.
૬૧ વશીકરણુ કળા.
૬૨ કૃતવર્ણુવાણી કળા.
૬૩ ચિત્ર કળા.
૬૪ ધર્મ કળા.
૬૫ કર્મ કળા.
૬૬ યંત્રકળા.
૬૭ રસવંતિ કળા.
૬૮ કાર્ય સાંધવાની કળા.
૬૯ હસવાની કળા.
૭૦ પ્રયોગ—મંત્રકળા.
૭૧ જ્ઞાનકળા.
૭૨ વિજ્ઞાન કળા.
૭૩ પ્રેમકળા.
૭૪ નેમ કળા.
૭૫ સમય ચાતુરી કળા.
૭૬ સમયોત્તર કળા.

ચોસઠ કળા નિરુપણ.

આ પ્રમાણે આ જગતમાં જુદી જુદી જાતની અનેક કળા છે. જે જાણવાની નૈપુણિકને ઘણી અગત્યતા છે. તે જાણવામાં આવે તો તેથી મનુષ્ય કોઇને ગાંજ્યો જતો નથી, ને કોઈ મોટા પ્રસંગે તે પોતાના આત્મા તથા

સર્વ કળા કુશળનું અભિધાન મળ્યું, તેનાથી અપ્પયદિક્ષિતને ઘણો અસંતોષ ઉત્પન્ન થયો, ને વેદાંતાચાર્યને પ્રતિષ્ઠા હીન કરવા માટે ભર સભામાં કહ્યું કે ચંપલ બનાવી આપો. આ ચંપલ બનાવવામાં મોટી મુશકેલી એ છે કે આંગળાં ભેરવવાનાં નાકાં શીવતાં ચામડાંને મોઢામાં ઘાલવું પડે છે. જો ચામડું મોઢામાં ઘાલે તો વટલાય, ને વેદાંતાચાર્યને જાતિ ભ્રષ્ટ થવું પડે; નહિ તો જોડો તૈયાર કરવો મુશકેલ થઈ પડે. પણ સર્વ કળા કુશળ વેદાંતાચાર્યે આ માંગણી સ્વીકારી, માત્ર મોઢું બહાર રાખીને, હાથથીજ આ ચંપલ સડસડાટ શીવી આપી, ને ફડાક દેતી તે ચંપલ અપ્પયદિક્ષિતની સમીપ મૂકી. શરતમાં હારવાથી અપપ્યાદિક્ષિતને તે ચંપલ મસ્તકપર ભર સભામાં મૂકવી પડી હતી એમ કહેવાય છે. અપ્પયાદિક્ષિત પણ મોટા વિદ્વાન હતા. આજ પ્રમાણે, કોઇ બુદ્ધિધન નામનો પણ સર્વ કળા કુશળ વિદ્વાન હતો તેને એક રાજસભામાં માંગણી થઈ હતી. આ બુદ્ધિધનની વાર્તા ૧૮૬૫ ના બુદ્ધિપ્રકાશમાં આવેલી છે.

‡ પાતાળ કળા એટલે પાતાળમાં પેસવાનું જ્ઞાન નહિ, પણ પાતાળ કૂવા, તળાવ, વાવ, વાવડી ખોદવાં તેનું જ્ઞાન.

દેહનું (સંબંધીનું) સંરક્ષણ પણ કરી શકે છે. જે શ્રી કૃષ્ણ પરમાત્મા **સંદીપન** ઋષિને ઘેર ૬૪ કળા ૬૪ દિવસમાં શિખ્યા હતા, ને જેનાં નામ મેં તને પ્રથમજ કહ્યાં છે તે ૬૪ કળામાં શું શું જાણવા યોગ્ય છે તે પણ તને જણાવું છું તે લક્ષપૂર્વક સાંભળ.

૧ **ગીત**—ગાનતાનની કળા. એમાં ગાવું કેવા પ્રકારે, તાન કેવા પ્રકારે મારવું તે જાણવાનું છે. સપ્તસૂર વગેરે એમાં જાણવા જોગ છે.

૨ **વાદ્ય**—વગાડવાની કળા. એના ચો ભેદ છેઃ-તપ, આનક, સુશિત ને ઘન. તારવડે વગાડે છે તે તપઃ જે-વાકે સીતાર, તાઉસ, સારંગી, રબાબ, મોરચંગ. ચામડું મઢેલું હોય ને વાગે તે આનકઃ જેવાં કે ઢોલ, મૃદંગ, પખવાજ, બાંયું, ડફ, ડમરૂં. પવન ભરાયાથી વાગે તે સુશિતઃ જેવાં કે રણસીંગ, મુરલી, સીસોટી, પાવો. ધાતુના રણકારાથી જે અવાજ થાય તે વાજીંત્રને ઘન કહે છેઃ જેવાં કે ઝાંઝ, ઘુઘરી, ઘંટ, કરતાલ.

૩ **નૃત્ય**—નાચવાની કળા. એમાં લાસ્ય ને તાંડવ એવા બે ભેદ છે. તાંડવ નૃત્ય એ શિવજી કરે છે. લાસ્ય નૃત્ય ગુજરાતની સ્ત્રીઓ સારી રીતે જાણતી હતી, પણ વળી કર્નાટકની સ્ત્રીઓ અદ્યાપિપર્યંત જાણે છે. તાંડવ નૃત્યમાં લઘુ તાંડવ, ઉદ્ધત, ને કોમળ એવા ત્રણ ભેદ છે. લઘુ તાંડવ હર્ષમાં આવેથી થાય છે, ને હાસ્ય એ તેની સીમા છે. ઉદ્ધત તે યુદ્ધ પ્રસંગમાં ને કોમળ તે કરુણા રસમાં હોય છે. નૃત્ય વિદ્યા સર્વોપરી છે, પણ તે વિદ્યાજ—અવિદ્યા નહિ.

૪ **નાટ્ય કળા**—એ કળા જાણવાથી મનુષ્ય ગમે તે પ્રસંગે ગમે તેવા હાવભાવ દર્શાવી શકે છે. તે કરુણા, હાસ્ય, રૌદ્ર, વીરરસ દર્શાવી મનેચ્છા પાર પાડે છે.

૫ **આલેખ્ય કળા**–ચિત્ર કળા. એ વિદ્યા સર્વોપરી છે, ને મેં પૂર્વાપર કહ્યું છે કે ચિત્રકારો લોકોને ઠગે છે, પણ તે ચિત્રકારો તે અગડમબગડમ જેવા જાણવા. ખૂબી-દાર ચિત્રો કાઢવાં તે કળા બહુ માન્ય ગણાય છે.

૬ **વિશેષકચ્છેદ્ય**–કાગળ કે કેળ પાત્રને કોતરી તેમાં રમ્ય ચિત્રો–હાથી, ઘોડા, પક્ષી, પશુ વગેરે પાડવાં તે.

૭ **તંદુલ કુસુમ બળિ વિકાર**–ચોખા વગેરેનાં મંડળ કાઢવાની હસ્તકળા. એ ચતુરાઇની કળા છે. જો આ કળા આવડતી હોય તો એક મૂઠીભર રંગ લઇ ભીત કે કોઇ પાટીઆપર એવી રીતે ફેંકે કે તેથી હાથી ઘોડા વગેરે ચિત્ર આબેહૂબ પડે ને જોનારાને મોહ થાય.

૮ **પુષ્પાતરણ**–ફૂલ પાથરવાની કળા. ફૂલ એવા પ્રકારે પાથરે કે તેમાં હાથી, ઘોડા, ગાલીચા વગેરે પડે છે.

૯ **દશન**–હાથી દાંત કોતરવાની કળા.

૧૦ **વસન**–વણકર વિદ્યા.

૧૧ **મણિભૂમિકા કર્મ કળા**–મણિ કાપવાની કળા.

૧૨ **શયન રચન**–શય્યા કેમ બીછાવવી તે એમાં મુખ્ય છે; ને વસ્ત્ર ઓઢવા પાથરવાનો વિવેક પણ છે.

૧૩ **ઉદકવાદ્ય**–પાણીપર હાથ ફેરવી વાજીંત્ર વગાડવાની કળા. જેવા કે જળતરંગ, ફીણુતરંગ.

૧૪ **તરવાની કળા**–એથી અગાધ જળમાં તરનાર ખડો ને ખડો જાય છે, પાણીમાં પડેલી કોઇ વસ્તુ ડુબકી મારીને શોધી લાવે છે, ને પહોરના પહોર સુધી આપત્તિ કાળમાં ગુપ્ત રહે છે. પાંડવ કૌરવના યુદ્ધને અંતે દુર્યોધન તળાવમાં સંતાઇ પેઠો હતો તે એ કળાનો પ્રતાપ.

૧૫ **માળી કળા**–હાર, તોરા, વેણી, વાડી, ચાદર, ચોટલો, વગેરે ગુથવાની કળા. એ કળાથી ગમે તેવાં ફૂલો ત્રણ ચાર દિવસ સુધી તેવાં ને તેવાં રાખે છે, ને કામ

પડે એક સ્થળેથી ઉઠાવી બીજે સ્થળે બીછાવે છે.

૧૬ **માથું ગુંથવાની કળા**—એ શોભા ને શોખ માટે છે. શ્રી રાધાની વેણી શ્રીકૃષ્ણ ગુંથતા હતા.

૧૭ **વેશ બદલવાની કળા**—સંકટ સમયે વેશ પાલટીને એકલાથી નહાસી શકાય છે. આપણા દેશમાં બહુરૂપી આવે છે તે એ કળાવાન છે.

૧૮ **કર્ણ પત્ર ભંગ**—ફૂલ કોતરવાં-કાતરવાની કળા.

૧૯ **સુગંધ યુક્તિ**—ભાત ભાતનાં અત્તરો બનાવવાની કળા.

૨૦ **ભૂષણયોજન**—શણગાર પહેરવો ને પહેરાવવાની કળા. એ કળાનો ઉપયોગ શ્રી કૃષ્ણે રાધિકા વગેરે ગોપીસંગે કીધો હતો.

૨૧ **ઈન્દ્રજાળ**—જાદુની કળા. એ કળા જાણવા માટે ઔષધીના ગુણો જાણવા જોઇએ. તેથી શરીરના રંગ-વેશ બદલી શકાય છે. ને હાથતાલી આપીને છટકી જવાય છે.

૨૨ **હસ્તલાઘવ**—હાથને જુદી જુદી રીતે પટા, તરવાર, ભાલાં વગેરેમાં ફેરવવા. એ કળા યુદ્ધ પ્રસંગે ઘણી ઉપયોગી છે.

૨૩ **પાકશાસ્ત્ર**—રસોઇ કરવાની કળા. એ ભીમસેન સારી રીતે જાણતો હતો.

૨૪ **નીશો બનાવવાની કળા**-ભાંગ, ગાંજો, દારૂ કેમ બનાવવો, કેમ પીવો, ને પીધા છતાં કેફ ન ચઢે તેવી યુક્તિ એમાં છે.

૨૫ **સીવવાની કળા**—સ્ત્રી પુરુષ બંનો માટે છે. ઘર બીભાવવા માટે ઉપયોગી છે.

૨૬ **ભરત ભરવાની કળા**—સ્ત્રી પુરુષની ચતુરાઇ માટે છે.

૨૭ **વીણા ડમરૂ વગાડવાની કળા.**

૨૮ **પ્રહેલિકા**—બીજાને બોલતાં બંધ કરવા ને ગું-

ચવણવાળા સવાલો પૂછવાની કળા. આ કળાની જાણથી ન્યાય મંદિરમાં ધારા જાણનાર વકીલો બીજાને ગુંચવી શકે છે. વળી જે ઉખાણા કહેવાય છે તે પણ આ કળાનો એક ભાગ છે. ચાતુર્ય દર્શાવવા માટે આ કળા ઉપયોગી છે.

૨૯ **પ્રતિમાળા**-જે કોઈ કંઇ પણ પૂછે તેનો તત્કાળમાં નિર્વિઘ્ને ઉત્તર દેવો તે કળા. (વળી વિદ્યાર્થિઓ પરસ્પર અંત્યાક્ષરી-છેલ્લા શબ્દથી આરંભીને કંઈ પણ વાક્ય-કવિતા બોલે છે તે પણ આ કળાનો વિભાગ ગણાય છે.) આ કળા જાણનાર પુરુષ બહુ યાદદાસ્ત શક્તિવાળો થાય છે.

૩૦ **દુર્વચકયોગ**-ઠગાઇની કળા. આ કળા જાણવા માટે, તારે આપણા ભંડારમાં જે અનુપમ ગ્રંથો છે તે જોવા. એ કળા શિખી ઠગતાં શિખવાનું નથી, પણ ઠગારા કેમ ઠગાઈ કરે છે તે જાણવાનું છે. આપણી શાળામાં શિખેલો જન આ કળાથી ચોર ને સાહુ પારખી શકે છે.

૩૧ **વાચન કળા**-ભાષા કેવી હતી, અક્ષરો કેવા હતા, કેવી ઢબે વાંચવાથી બીજાને રંજન થાય, તે સર્વ આ કળામાં સમાય છે ચીપાચીપીને નહિ, પણ સફાઇથી વાંચવું દાંત કે હોઠ યોગ્ય જરગાએજ સંકોચી, સાથે રાખીને વાંચવું, એ આ કળાનો પ્રકાર છે. એ કળા ભણવા માટે અનેક ગ્રંથ જોવા જોઇએ. લિપીની ઉત્પત્તિ પણ એ કળાનોજ પ્રકાર છે. ભાષાનું બંધારણ, ભાષામાં સાંકેતિક શબ્દ કેવા છે, કેમ વંચાય છે તે સર્વે વાચનકળાથી જાણવાનું બને છે.

૩૨ **નાટકાખ્યાયિકાદર્શન**-આ કવિતા સમજવાનો પ્રકાર છે. દૃશ્ય ને શ્રવ્ય એવા કાવ્યના પ્રકાર છે. આ બંને પ્રકારોમાં ખૂબી ખામી જાણવી જોવી, એ સર્વે આ કળાથી જણાય છે.

૩૩ **કાવ્ય સમસ્યાપૂર્તિ**-આ પણ કવિતાનોજ પ્રકાર

છે. આ કળાથી બુદ્ધિ વૃદ્ધિંગત થાય છે ને તત્કાળમાં ઉત્તર દઈ પોતાની ચતુરાઇ બતાવી શકાય છે.

૩૪ પટ્ટિકાવેત્ર બાણુકળા–હાથની રમત ગમત. શરીર કસવા માટે આ કળા ઉપયોગી છે. ગેંડીદડો, ગીલ્લીદંડા, પટા ખેલવો, એ આ કળાના ભાગ છે. વળી એ કળા જાણુવાથી બાણુ મારતાં શિખાય છે. એથી રાજાઓને તો ઘણો લાભ થાય છે. તારી ઇચ્છા હોય તો આ કળા શિખવા આપણા ભંડારમાં 'પટ્ટિકાવિચાર' નામનો ગ્રંથ છે તે જોઇ જવો.

૩૫ તર્કવાદ–આ કળા જાણુવાથી અજાણી વસ્તુની પણુ પારખ કરી શકે છે, ને ઘણો લાભ મેળવે છે. એ કળા જાણવી હોય તો ગદાધરી, શિરોમણી, મુક્તાવલી ગ્રંથો ભંડારમાં છે.

૩૬ સુતારકામની કળા–નક્ષી કામો કરવાં, દેવાલયોમાં રમ્યતા આણવી વગેરે આ કળાનો પ્રતાપ છે.

૩૭ સલાટ-કડિયા કામની કળા–એને વાસ્તુ વિદ્યા કહે છે. ગુપ્તદ્વારો, ગુપ્તભોંયરાંઓ, ગુપ્તધનસંચો, ભુલભુલામણીવાળા માર્ગો, દેવ મનુષ્યની તાદ્દશ મૂર્ત્તિ બનાવવી, ભયંકર મૂર્ત્તિઓ એવી બનાવવી કે જોતાંજ માણુસ ભ્રમમાં પડે, તે સર્વે આ કળા જાણુવાથી બની શકે છે. વળી ખૂબીદાર મૂર્ત્તિઓ તો આ કળામાં પારંગત થયા વિના બને તેમજ નથી. મનુષ્યમૂર્ત્તિ કે દેવ મૂર્ત્તિ અમુક હદની ઉંચી હોય તો આંગળું કેટલું લાંબું, પગ કેટલા ઉંચા, પેટનો ઘેરાવો કેટલો, મુખ કેટલું જાડું, નાક, કાંન, આંખ વગેરે કેવા પ્રકારે લેવાં તે આ કળા જાણુવાથી બને છે. કોતર કામ, ગુફાઓ બનાવવી તે પણુ એનોજ પ્રકાર છે. એ માટે 'પ્રતિમામંડન,' 'પ્રાસાદમંડન' ગ્રંથો આપણા ભંડારમાં જાણુવા જેવા છે.

૩૮ **રૂપ્યરત્ન પરીક્ષા**–ભિન્ન ભિન્ન જાતની ધાતુ ને રત્નની પરીક્ષા એ કળા જાણ્યા પછી કરવાની છે. સાચાં રત્નો, ખોટાં રત્નો, બહુ મૂલ્યવાળાં, થોડા મૂલ્યવાળાં વગેરે રત્નોની પરીક્ષા; નવી ખાણના, જુની ખાણના હીરા કેવા હોય તે પણ એ કળા જાણવાથી બને છે. અગસ્ત્ય મુનિએ બનાવેલો "રત્નપરીક્ષા"નો ગ્રંથ તું જો–તે તારે ઘણો કામનો છે.

૩૯ **ધાતુવાદ**–કંસારાની કળા. ધાતુઓ કેમ ગાળવી, પત્રાં કેમ પાડવાં, ઘાટ કેમ ઘડવા, ધાતુઓની મેળવણી કેમ કરવી, તે સર્વે આ કળામાં સમાય છે. કેટલીક વાર સોનારૂપાનાં વાસણો દેખીતાં રૂડાં જણાય છે, પણ અંદર કંઇ હોતું નથી, પણ આ કળા જાણવાથી તેનો ભેદ તુ-ત્કાળ પરખાય છે.

૪૦ **મણિરાગજ્ઞાન**–ઉંચાં રત્નોના રસ બનાવી બીજાપર રંગ ચઢાવવાનો એ કળામાં પ્રકાર છે–જેથી અણ-જાણ્યો માણસ એમજ સમજે કે આ મૂળ રત્નજ છે. જેમ રત્નની ચાર જાત હોય છે, તેમ હીરાની પણ ચાર જાત હોય છે સફેત હીરો–તદન નિતરો ને ઘા પડવાથી ફુટી જાય તે શ્રેષ્ઠ હીરો છે. રતાસ પડતો હોય ને મજબૂત ઘા ખમે તે ઉતરતો; કંઇક પીળાશ પડતો હોય, કંઇક સખ્ત ને કંઈક નરમ તે વળી તેથી ઉતરતો; સફેત છતાં કંઈક શ્યામતાવાળો હીરો હોય ને ગમે તેવા ઘા છતાં પણ ભાંગેજ નહિ તે છેક હલકો હીરો હોય છે. વળી રત્નોમાં પણ નવ રત્ન શ્રેષ્ઠ ગણાય છે. મણિધરના મણિની પરીક્ષા પણ આ વિદ્યા જ્ઞાનથી થાય છે.

૪૧ **આકરજ્ઞાન કળા**–રત્ન તથા ધાતુ ખાણની કળા. એ જાણવાથી જમીન કેવી છે, કયાંથી કેઇ ખાણ નિકળશે તે જાણવામાં આવે છે. કૂવા, તળાવ, વાવ ખોદા-

વતાં જમીનની પરીક્ષા કરવામાં આ વિદ્યા કામની છે. પૃથ્વીની ઠંડાઈ, ગરમાઇ, રંગરૂપ, એ સર્વે આ કળાથી જાણવાનું બને છે, પણ બચ્ચા, ગુરુ વગર એ કળા આવડશે નહિ

૪૨ વૃક્ષાયુર્વેદ-વૃક્ષ વાવવાની કળા. માળી તથા ખેતીકારને આ કળા ઘણી કામની છે. બગીચા, કુંજો, લતામંડપો, બનાવવામાં આ કળા વગર ચાલે તેમ નથી. ઝાડ કેમ વાવવાં, ખાતર કેવું નાખવુ, વૃક્ષ રોગનો કેમ નાશ કરવો, ફળફૂલ વધુ કેમ આવે તે એ કળાનો પ્રકાર છે. વળી એમાંથી ઘણી અદ્‌ભુત વસ્તુ પણ જાણવામાં આવે છે. ગારુડી ઝાડનાં પાંદડાં તોડીને પાછાં ચોટાડી દઈને સ્તબ્ધ કરે છે, એ પણ આ કળાનો પ્રકાર છે. જુદા જુદા વૃક્ષોમાંથી નિરનિરાળી વસ્તુઓ ઉત્પન્ન કરવી તે પણ આ કળા જાણવાથી બને છે. જેમકે ઘાસમાંથી કેળાં, કાંટામાંથી દાડેમ, કાશમાંથી શેરડી, ને કાશમાંથી વાંસિયા ચોખા થાય છે. વળી વાંસમાંથી ઘઉં પણ થાય છે. જ્યારે તું વેપારવણજ કરે ત્યારે આ કળા કામની છે. એ માટે તારે જોવાને માટે 'વરાહમિહિર' ગ્રંથ અગત્યનો છે.

૪૩ મેષકુક્કુટલાવકયુદ્ધવિધિ-ઘેટા મરઘા લડાવવાની રમત. આ માત્ર ગમ્મત ખાતરની, પણ ચતુરાઇની કળા છે. ઘેટા, બકરા, કુકડાને શીખવીને કેમ લડાવવા, તેઓ હારજીતના રસમાં કેમ ઉતરે, તે શીખવવાનું કામ બાવાજીના ખેલ નથી. આમાં પશુપરીક્ષા કરતાં શીખવાનો લાભ છે.

૪૪ શુકસારિકાપ્રલાપન-મેનાં પોપટને શિખવવાની કળા. પોપટને અચરે અચરે રામ, રાધાકૃષ્ણ, રામસીતા, રામકૃષ્ણ ઈત્યાદિ મનુષ્યપેરે કેમ ભણાવવા, તેઓને કામકાજ કેમ શીખવવું, કેવા પ્રકારનાં ઔષધો તેમને આપવાં, એ વગેરે કાર્ય કરવામાં આ કળાનો ઉપયોગ થાય

છે. આવાં મેનાં પોપટ ઘરનાં રક્ષક છે, એટલુંજ નહિ, પણ તેઓ મનુષ્યપેરે સર્વ કાર્ય કરે છે. લડાઈમાં ખબુતરોને પત્રો આપીએ તે તેઓ પહોંચાડે છે, ને કામ પણ તેઓ કરેછે. એટલુંજ નહિ પણ શુક અને સારિકા કોઇનું ગુહ્ય પણ જાણી આપણને જણાવે છે. કોઈ સ્થળે સંકટ આવી પડ્યું હોય ને છુટવાને માટે મદદ નહિ મળી શકતી હોય તો આવાં મેનાં પોપટ પાસે હોય તો તે સંદેશો લઇજઇને મદદ પણ લાવી શકે છે. એ કળા શીખવા માટે 'શુકસારિકાપ્રલાપન' ગ્રંથ આપણા ભંડારમાં પડેલો છે તે તારે કંદલી પાસથી શીખવો. તને એ કળા ઘણી લાભકારક થઇ પડશે.

૪૫ ઉત્સાદન—ચોટી ગયેલો પદાર્થ દૂર કરવાની કળા. શરીરપર કોઈ જાતનો રંગ લાગ્યો હોય તો તે કાઢી નાખવો, દાઢી મૂછ સફેત થઇ હોય ને કલપ કેવો ને કેવા પ્રકારે લગાડવો, તેમજ મનુષ્ય કે જાનવર કોઇ સ્થળમાં સંકડાસવાળી ગલીમાં ગુંચવાઇ ગયું હોય તેને સારી રીતે કેમ બહાર કાઢવું તે આ કળા શીખવે છે.

૪૬ માર્જન કૌશલ્ય—કોઇ સ્થળે રંગાદિક પદાર્થ પાથરેલા હોય, ને તે ઉપરા ચાપરી હોય, અને તેમાંથી એક ઉપલો રંગ કાઢી નાખવો હોય, વળી તે કાઢતાં નિચલાને કંઇ અળવળ નહિ આવે તેમ કરવું તે માર્જન કૌશલ્ય કહેવાય. તેમજ માથું ધોવું, કેશ સ્વચ્છ કરવા, શરીરે માર્જન કેમ કરવું, અંગપર કીયાં કીયાં તેલ લગાડવાં તે આ કળાનો બીજો ભાગ છે. વળી એનો ત્રીજો ભાગ વિનોદ પણ છે. એ કળા જાણનાર ગમે તેવા સુમડા—દુમીને પણ હસાવી શકે છે. એ કળાનો ચોથો ભાગ યોગવિદ્યા છે. નેતીધોતી એટલે મોઢા વાટે થોડું થોડું કરી કપડું ગળવું, પછી તેના બહાર રહેલા

છેડાથી વળ ચઢાવી શરીરની અંદરનાં હાડકાં-આંતરડાં સ્વચ્છ કરવાં તે આ કળા જાણવાથી બને છે. એ કળા શરીર આરોગ્યતા માટે ઘણી કામની છે.

૪૭ **અક્ષરમુષ્ટિકાકથન**-કોઇ મનુષ્યના હાથમાં, કે ગુપ્ત સ્થળમાં કોઇ વસ્તુ હોય ને તે પારખવી હોય તો આ કળા કામ લાગે છે. કેઇ વસ્તુ હાથમાં રાખવાથી કેવા હાવ-ભાવ થાય છે, મુખનો વિકાર, શરીરનો રંગ, હાથની સ્થિતિ તે, તેવી વસ્તુ જાણુવા માટે જરૂરનું છે. તેમ પણ ન પરખાય તો રંગ, ગુણુ, નામના અક્ષરો, તે અક્ષરોથી કયા કયા શબ્દ બને છે વગેરે પ્રશ્નો પૂછી પેલી વસ્તુનું નામ નક્કી કરવામાં આવે છે. આ તો માત્ર ગમતનું છે, પણ એનો બીજો ભાગ ઉપયોગી છે. કોઇ મનુષ્ય દૂર બેસી, આપણને ન વંચાવા જેવું લખતો હોય, તે તેના હાથની વલણ ને કલમની ઢબપરથી તેણે શું લખ્યું તે પારખી શકે છે.

૪૮ **પરદેશી ભાષાજ્ઞાન**-જુદા જુદા દેશની ભાષા જાણવી-ને તેથી ધંધા રોજગારમાં, રાજકાજમાં ઘણા લાભો થાય છે. આમાં ત્રણ વસ્તુની આવશ્યકતા છે. વ્યાકરણ, કોશ ને ઇતિહાસ. વ્યાકરણથી ભાષાજ્ઞાન ને લોક સ્થિતિ નક્કી થાય, કોશથી વેપારની વસ્તુ જણાય, ને ઇતિહાસથી રાજકીય સ્થિતિ નક્કી થાય.

૪૯ **દેશ ભાષા જ્ઞાન**-સ્વદેશની ભાષા પૂર્ણ રીતે જાણવી-તેમાં મુખ્ય વ્યાકરણ ને કોશ છે.

૫૦ **શકુન કળા**-શરીરના અવયવ ફરવાથી શકુન અપશકુન ગણાય છે. કેટલીક વખતે શકુન વહેમ ગણાય છે, પરંતુ જો આ કળા આવડતી હોય તો સચોટ શકુન અપશકુન પારખી શકે છે.

૫૧ **યંત્ર માતૃકા**-સંચા બનાવવાની કળા. યાંત્રિક કળા, ધંધામાં ને ગુપ્ત કાર્ય કરવામાં ઉત્તમ છે. આપણે

શત્રુ હોય ને તેનો નાશ કરવો હોય તો એકાદ પેટીમાં ગુપ્ત રીતે એવી ભુસંડી ગોઠવવી કે તે ઉઘાડતાંજ ઉઘાડનાર મરણ પામે-તેવું અપૂર્વ કાર્ય આ કળાથી પૂર્ણ થાય છે.

૫૨ **ધારણ માતૃકા**-તોળવાની કળા. ગમે તેવી વસ્તુ આ કળાથી તોળી શકાય. હાથી, પર્વત વગેરે. વળી તેમ તોળવાથી કેટલાક તોલાટો ગડબડ સડબડ કરે છે, તે પારખી શકાય છે. એ માટે આપણા ભંડારનો 'ધારણ માતૃકાકલ્પલતિકા' ગ્રંથ જોવો જોઈએ.

૫૩ **અસંવાચ્ય માનસી કાવ્ય**-ગમે તે વિષયપર નવી કવિતા બનાવવી તે આ કળાનો વિધિ છે. વિદ્વાનો માટે એ મનોરંજક છે.

૫૪ **અભિધાન કોશ**-કોઈપણ પદાર્થનાં કેટલાં નામ છે તે એ કોશ જાણવાથી જણાય છે. તેથી કોઇ સાંકેતિક શબ્દ બોલતો હોય તો તે ઝટ પરખાય છે. કાવ્ય કરનારાને પણ આ કળા-જ્ઞાન કામનું છે.

૫૫ **છંદોજ્ઞાન**-કાવ્ય કરનારાને કામની કળા. છંદ કેટલા, તેના વળી ભેદ કેટલા, તેના અક્ષર કેટલા એ સર્વ આથી માલમ પડે છે.

૫૬ **ક્રિયા વિકલ્પ**-રાંધેલા પદાર્થો કેવા છે તે એ કળા જાણવાથી જણાય છે. ખાવામાં ચતુરાઈ જણાય છે. ચાર વસ્તુ એકઠી હોય, ને કોઇ તેમાં ઝેર મૂકે તો ઝટ પારખે તે એ કળાનો લાભ. ભોજનના કેવા પદાર્થ, કેટલા વખત સુધી ન બગડે તે એ કળાથી જણાય છે. ચતુરા, ગાંધી ને વૈદને એ કળા કામની છે. વળી રાજાને ઘણી કામની છે. ચંદ્રગુપ્તને ઝેર આપવાને રાક્ષસનો મોકલેલો વૈદ ઝેર આપવા આવ્યો તેની પકડ ઝટ ચાણાક્યે એ કળાથી કીધી હતી.

૫૭ **ચોર કળા**-ચોરી કરવામાં કામની છે. કઇ જગ્યા-

એ ધન દાટયું છે તે એથી જણાય છે. તેમજ ગુપ્ત રીતે ભીંત કેમ કાપવી, ખાતર કેમ મૂકવાં તેની ચતુરાઈ પણ એમાં છે.

૫૮ **છલિત યોગ**–છેતરવાની સર્વે યુક્તિ એથી શીખાય, ને તેથી છેતરાઈએ નહિ. વળી વસ્તુ કયાં સંતાડી છે તે જાણી ચોરને પકડી કાઢવામાં આવે છે. તેમજ જનાવરો સંબંધી પણ કેટલુંક જ્ઞાન એ કળાથી મળે છે.

૫૯ **દ્યૂત વિશેષ**–જુગાર રમવાની કળા. જુગાર રમતાં, ચોપટ, ગંજીફા, પાસા, સોકટાં રમતાં કેમ દાવ પેચ રમવામાં આવે છે તે એથી જાણવામાં આવે છે. યુધિષ્ઠિર, શકુનિ ને નળ એ વિદ્યામાં પૂર્ણ હતા.

૬૦ **આકર્ષ ક્રીડા**–અંગ કસરત. કુસ્તી, પટાબાજી, યુદ્ધપટ્ટી, મલખમ એવું જ્ઞાન એથી મળે છે. શ્રીકૃષ્ણ એ કળામાં ઉસ્તાદ હતા ને મલ્લસંગે કુસ્તી રમીને **કંસને** માર્યો હતો.

૬૧ **બાળ ક્રીડન કળા**–બાળકોને રમવાની કળા. રાજકુંવરને રાજા, પ્રધાન, સીપાઇ, ઘોડેસ્વાર આપી કેમ લડતાં શીખવવો, ન્યાય કેમ થાય; વૈશ્ય હોય તો વેપાર કેમ થાય, તે રમત ગમતમાં શિખવવામાં એ કળા ઉપયોગમાં આવે છે.

૬૨ **વૈનાયિકા કળા**–જાદુગરોની ઠગાઈ પારખવાની કળા.

૬૩ **કૃષિ કળા**–ખેતીવિદ્યા. હળ, ખાતર, બળદ, વાવેતર વગેરે ખેતીનાં સાધન એ કળાથી જાણવામાં આવે છે. 'ક્ષેત્ર વિચાર' નામનો ગ્રંથ આપણા જુના ભંડારમાં છે તે તારે જોવો જોઈએ.

૬૪ **વૈતાલિક વિદ્યા**–કેટલાક આને ભુતાવળ પણ કહે છે. કેવા કેવા પદાર્થોનો ધૂપ દેવાથી મનના–તનના આવેશો દૂર થાય છે તે આ કળા જાણવાથી સમજી શકાય છે. કોઇ કોઇ સમયે અજાણી, અદ્‌ભુત, ભયાનક વસ્તુનો

સ્પર્શ થતાં શરીરની તથા મનની સ્થિતિ બદલાઇ જાય છે, તે સર્વે આ કળા જાણવાથી દૂર કરી શકાય છે. સમયે ભુતાવળ બતાવીને સંકટમાંથી પણ બચી શકાય છે.

આ પ્રમાણે આ મુખ્ય ૬૪ કળાનું જ્ઞાન છે. એ જાણવાથી કોઈ પણ મનુષ્ય કદી પણ કોઇથી અંજાતો કે ગાંજ્યો પણ જતો નથી.

સ્વાત્મબુદ્ધિની અષ્ટ કળા.

વળી એક શ્લોક છે, જે આઠ કળાઓ સ્વપરાક્રમથીજ પ્રાપ્ત થાય તેવી છે, તે આ પ્રમાણે છે:—

રાગ, પાઘ, ને પારખું, નાડી ને વળિ ન્યાય;
તરવું, તન તરવું ને તસ્કર કરવું, એ આઠે આપ કળાય.

ગાવું, પાઘડી ફક્કડાઇથી બાંધવી ને પહેરવી, કોઇનું મન કમન પારખવું, વૈદકમાં નાડીજ્ઞાન, ન્યાય યથાર્થ કરતાં શીખવું, તરવું, સ્ત્રીથી વિલાસ રમવો ને ચોરી કરતાં શીખવું, એ આઠ કળા તો સ્વપરાક્રમથીજ પ્રાપ્ત થાય છે—તેમાં ગુરુ ગમ કંઈ કામનીજ નહિ.

શ્રી શુક્રાચાર્યની ૬૪ કળા.

વળી હે વત્સ, દૈત્યો-દાનવોના ગુરુ એવા મહાત્મા શુક્રાચાર્યજીએ પોતાના રચેલા નીતિ ગ્રંથમાં જે ચોસઠ કળા ગણાવી છે, તે પણ હું તને કહું છું તે ધ્યાનમાં રાખજે.

સપ્ત-ગાંધર્વ કળા.

૧ વાદ્ય બજાવવાની કળા.
૨ હાવભાવાદિક નૃત્ય કળા.
૩ વસ્ત્ર તથા અલંકાર ધારણ કરવાની કળા.
૪ અનેક રૂપ ધારણ કરવાની કળા.
૫ શય્યારચન-પુષ્પ ગ્રંથન કળા.
૬ દ્યૂત કળા. અનેક પ્રકારની ક્રીડાથી જનમનરંજન કળા.
૭ અનેક આસન બાંધી કરી રતિજ્ઞાન કળા.

દશ–વૈદ્યક કળા.

૧ પુષ્પનો આસવ ને મદિરા બનાવવાની કળા.
૨ પગમાં વાગેલા કાંટા આદિ બહાર કાઢવાની કળા.
૩ અન્ન પકાવવું તથા પાચન થાય તેવાં ઔષધ બનાવવાની કળા.
૪ વૃક્ષ રક્ષણુ કળા.
૫ પાષાણુ–ધાતુ મારણુ કળા.
૬ ક્ષાર રસ પકાવવાની કળા.
૭ ધાતુ ને ઔષધ એક કરવાની કળા.
૮ ઔષધમાંથી ધાતુ જૂદી પાડવાની કળા.
૯ નિમક કાઢવાની કળા.
૧૦ ધાતુ ધાતુથી સંયુક્ત થઇ હોય તો તે જૂદી પાડવાની કળા.

પાંચ-ધનુર્વેદ કળા.

૧ શસ્ત્ર ચલાવતાં કયાં કયાં પટા ફેરવવા તે તથા બીજાં શસ્ત્રો કેમ વાપરવાં તે જાણુવાની કળા.
૨ મલ્લયુદ્ધ (દાવપેચ સાથે) કરવાની કળા.*
૩ નિશાન તાકીને મારવાની કળા.
૪ વાજાંના નાદપર સૈન્ય ચલાવવાની કળા.
૫ હાથી, ઘોડા તથા રથની ચાલપર યુદ્ધ કરવાની તથા દુર્ઘટ કિલ્લો રચવાની કળા.

બેતાલીશ–સામાન્ય કળા.

૧ અનેક પ્રકારનાં આસન તથા મુદ્રાથી દેવને પ્રસન્ન કરવાની કળા.

---

* આ કળા શ્રીકૃષ્ણુ પરમાત્મા, બળરામ, જરાસંઘ ને દુર્યોધન સારી રીતે જાણુતા હતા.

૨ અશ્વાધ્યક્ષ તથા માવત બનવાની કળા—હાથી ઘોડાને શીખવવાની કળા.

૩ માટી, ધાતુ, કાષ્ટ, પથ્થર વગેરેનો યોગ્ય ઉપયોગ કરવાની કળા.

૪ એ ચારે પદાર્થોપર ચિત્ર કાઢવાની કળા.

૫ વહાણુ રથ આદિ બનાવવાની કળા.

૬ તળાવ, વાવ વગેરે ખોદવાની અને તેને માટે યોગ્ય ભૂમિ પસંદ કરવાની કળા.

૭ ઘડીયંત્ર* તથા વાદ્યયંત્ર બનાવવાની કળા.

૮ જુદી જુદી જાતનાં રંગોથી ચિત્ર પાડવાની કળા.

૯ જળ, વાયુ, અગ્નિ, એ પદાર્થોને રોકી તેમના સંયોગથી કાર્ય કરવાની કળા.†

૧૦ સૂત્ર શણુ વગેરેની દોરી બનાવવાની કળા.

૧૧ જુદા જુદા દોરાઓના સંયોગથી વણવાના પ્રકાર જાણવાની કળા.

૧૨ સારાં નરસાં રત્ન પારખવાં, તથા વિંધેલાં રત્નની પરીક્ષા કરવાની કળા.

૧૩ શુદ્ધ સુવર્ણુ વગેરે ધાતુ પારખવાની કળા.

૧૪ કૃત્રિમ સુવર્ણુ તથા રત્ન બનાવવાની કળા.

૧૫ ચાંદી સુવર્ણુ આદિના પદાર્થોપર મીનો કરવાની કળા.

૧૬ મૃદંગ આદિને ચામડાં મઢવાની કળા.

૧૭ મૃતપશુનાં અંગપરથી ચામડાં ઉતારવાની કળા

૧૮ દૂધ દોહવાની તથા દહી, માંખણુ, છાસ, ઘી આદિ પદાર્થ કેમ બનાવવા તે જાણવાની કળા.

---

* ઘડીયંત્ર એટલે ઘડીઆળ—પણુ તે પાણીનાં ઘડીઆળ.

† આ કળા તે હાલની આપણી આગગાડી, તારયંત્ર, પવનચક્કી, જળચક્કી, ટેલીફોન વગેરે છે. શુક્રનીતિનો ગ્રંથ ૨૫૦૦ વર્ષપર થયો છે તેમાં આ કળા ગણી છે.

૧૯ સ્ત્રીની કંચુકી ને ચોળી બનાવવાની કળા.

૨૦ તરવાની કળા.

૨૧ વાસણ સાફ કરવાની કળા.

૨૨ વસ્ત્ર ધોવાની કળા.

૨૩ હજામત કરવાની કળા.

૨૪ વાળ સાફ ને સુંદર બનાવવાની કળા.

૨૫ તલ તથા માંસાદિમાંથી તેલ કાઢવાની કળા.

૨૬ હળવતી જમીન ખેડવાની કળા.

૨૭ વૃક્ષે ચઢવાની કળા.

૨૮ વૃક્ષ ઉછેરવાની કળા.

૨૯ વાંસ તથા નેતર-તૃણના કંડિયા વગેરે પદાર્થ બનાવવાની કળા.

૩૦ કાચનાં વાસણ બનાવવાની કળા.

૩૧ ઝાડને પાણી પાવાની કળા.

૩૨ પાણીના બંધ બાંધવાની કળા.

૩૩ તરવારવગેરે લોઢાનાં અસ્ત્રશસ્ત્ર બનાવવાની કળા.

૩૪ હાથી, ઘોડા, બળદ ને ઉંટ વગેરે પર પલાણ માંડવાની કળા.†

૩૫ બાળકને ઉછેરવાની કળા. બાળકને ઉચકવાની કળા.‡

૩૬ તેની સાથે રમવાની કળા—તેના જેવા જ થવાની કળા.

---

† હાથી, ઘોડા, ઉંટ, બળદપર કેમ પલાણ માંડવું કે જેથી તે પ્રાણી દુઃખી ન થાય ને બેસનારને પણ હરકત ન થાય તે. ઘોડાને ઘણો સખ્ત બાંધવો જોઈએ, પણ બળદને તેટલો સખ્ત ન બંધાય, ઢીલો જોઈએ; એ વગેરે જાણવું તે.

‡ બાળકને ઉચકવાની કળા; કે જેથી તેના હાથ પગ આદિ અવયવોને આંચ ન આવે. આ કળા સ્ત્રીઓ તથા નોકરો માટે અગત્યની છે.

૩૭ અપરાધીને યુક્તિપૂર્વક શિક્ષા કરવાની કળા.*
૩૮ દેશ દેશના અક્ષર જાણવાની કળા.
૩૯ તાંબૂલ રક્ષણ કળા.†

---

* દૃષ્ટાંત. એક સમયે વિક્રમ રાજાની સભામાં ચોરી કરવાના અપરાધ માટે ચાર પુરુષને પકડી આણ્યા. રાજાએ પહેલાની મુદ્રા જોઈ તેને કહ્યું, કે 'તારા જેવા સુજન માણસને આ તે ઘટે, ચાલ ચાલ્યો જા!' બીજાને કહ્યું, 'મૂર્ખ, તું સારા ખાનદાનનો છતાં આવું કાળું કર્મ કરે છે. બાળ તારું મોઢું, મને ફરી બતાવીશ નહીં, ધિક્, ફટ!' ત્રીજાને ઉઠીને ત્રણ ચાર તમાચા ખેંચી કાઢી કહ્યું, 'આ કામ કરવા કરતાં તો તારી માતાને પેટ પથ્થર પડયો હોત તો પણ સારું!' એમ કહ્યા પછી પાછી બે ત્રણ ધોલ ખેંચી કાઢી. ચોથાને માટે ઠરાવ્યું કે એને ગધેડે બેસાડી ગામમાં ફેરવો ને ૫૦ ફટકા બાંધી મારો. આમ ન્યાય કરી સર્વને વિદાય કીધા. સભાસદો, એકજ અપરાધ માટે ચાર જણને ચાર જુદી જુદી જાતની શિક્ષા કરી તે માટે આશ્ચર્ય પામ્યા. પછી એકની મુખમુદ્રા પ્રશ્ન કરવાની જોઇ, વિક્રમે કહ્યું કે, 'તમને આ ન્યાયથી અદ્‌ભુતાશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે, પણ એનું તત્વ શું છે તે હમણાં તપાસીએ.' પછી ચારે અપરાધી પાછળ હેરક મોકલ્યા. તેઓએ એક કલાકમાં પાછા ફરીને સર્વ વર્તમાન નિવેદન કીધું કે, 'મહારાજ, જેને આપે માત્ર મીઠા શબ્દ કહ્યા તે તો ઘેર જતાંજ જીભ કરડીને મરણ પામ્યો છે. જેને આપે અપમાનના શબ્દ કહ્યા તેણે માર્ગમાંથીજ દેશવટો લીધો છે, ને તેના સગા સ્નેહી બોલાવવા ગયા, તેમને કહ્યું કે હવે શું મોઢું લઈને શેહેરમાં આવું? ત્રીજો, જેને આપે ધોલ ધપ્પા માર્યા તે તો ઘરમાં ભરાઈ બેઠો છે, અને કોઇને પણ મળવા માટે ના પાડે છે. અને છેલ્લા અપરાધીને નગરમાં ફેરવવામાં આવ્યો, તેની પૂઠે બાળકો હુરિયો કરે છે તો કહે છે કે "બોલો બચ્ચાંજીઓ, આજે તમને ઘણે દિવસે મઝા પડે છે," ને પછી હસે છે. તે ભાઈશ્રીની સ્વારી તેના પોતાના મોહોલ્લામાં આવી ત્યાં તેની સ્ત્રી જોવાને બહાર નીકળી. તે પોતાના પતિના બેહાલ જોઇ રહી. તેણીને આ ભાઇશ્રીએ કહ્યું કે, "અલી, ઉનું પાણી તૈયાર કર, હું હમણાં એક મોહોલ્લો ફરીને આવું છું." સભાજને આ ન્યાયનું નિરૂપણ નિહાળી કહ્યું, 'મહારાજ, આપનું ઐશ્વર્ય અદ્‌ભુત છે.' બ્રિટિશ ન્યાયમાં આ તત્વ કયાં છે? અત્રે તો 'જૂઠા લાવ લેકીન જુગતા લાવ' તેવું છે.

† પાન કેમ રાખવાં, પાનમાં કાથો ચૂનો સોપારી કેમ

૪૦ સામા મનુષ્યનો અભિપ્રાય વર્તી તેને અનુસરતી સેવા કરવાની કળા.

૪૧ શીઘ્ર કામ કરવાની કળા.

૪૨ ઠંડા માણુસને ઉત્સાહ આપવાની કળા.

વિશેષ ૭૨ કળા.*

વળી આ કળાઓમાં એક નવીન ભેદ છે, તે તારે જાણવા યોગ્ય ધારીને હું તને જણાવું છું, તેમાંથી પણ ઘણું જાણવા યોગ્ય મળે તેમ છે.

૧ લખવું.
૨ ગણવું.
૩ ચિત્ર કાઢવાં.
૪ ગીત.
૫ નૃત્ય.
૬ વાદ્ય.
૭ સપ્ત સ્વર જાણવા.
૮ ખરજાદિક પુષ્કર ગતિનાં વાદ્ય વજાડવાનું જાણવું.
૯ તાલ માન જાણવું.
૧૦ જુગટાની કળા.
૧૧ પાસાની કળા.
૧૨ અષ્ટાપદ (ચોપટ) ખેલ [કળા.
૧૩ વાદ કરવાની કળા.
૧૪ સર્વના અગ્રેસર થવાની કળા.
૧૫ નેત્રપલ્લવી.
૧૬ જમવાની કળા.
૧૭ પીવાની કળા.
૧૮ વસ્ત્ર તૈયાર કરવાની કળા.
૧૯ વિલેપન-અંગરાગ કળા.
૨૦ શયન રચના-સૂવાની કળા.
૨૧ આર્યા છંદ બનાવવો.
૨૨ પ્રહેલિકા-વિનોદ કરવાના છંદ બનાવવા.
૨૩ માગધિકા
૨૪ ગાથા
૨૫ ગીતિ
૨૬ શ્લોક
(૨૩–૨૬) ચાર કવિતાના પ્રકાર બનાવવાની કળા.
૨૭ સોના સંબંધી જાણવું.
૨૮ યોગ ચૂર્ણ બનાવવું.
૨૯ યોગવિદ્યા ભણવી.
૩૦ વિધિથી ભુષણ પહેરવાં.
૩૧ સ્ત્રી સેવા કરવી.
૩૨ સ્ત્રીને પારખવી.
૩૩ મનુષ્ય પારખવું.

સૂદવાં, મુખવાસ કેમ બનાવવો, ને પાનની બીડી કેમ વાળવી તે જાણવા સંબંધી એ કળા છે.

*આ અને નીચેની કળા જૈન ગ્રંથમાંથી લીધેલી છે.

૩૪ હય;
૩૫ ગજ;
૩૬ બળદ;
૩૭ મણિ;
૩૮ કુકડા;
૩૯ છત્ર; અને
૪૦ દંડના મર્મનું જ્ઞાન મેળવવું.
૪૧ તરવારવાપરવાની કળા.
૪૨ કોડીનાં લક્ષણ, ગુણદોષ જાણવાની કળા.
૪૩ વાસ્તુવિદ્યા—ઘર થાપના કરવાની તે.
૪૪ છાવણીનાંખવાનીવિદ્યા
૪૫ શેહેરનું પરિમાણ જાણવું.
૪૬ દૂતને જાણવો.
૪૭ પ્રતિચાર—શત્રુ દૂતને પીછાનવો.
૪૮ વ્યૂહ રચના.
૪૯ પ્રતિવ્યૂહ.
૫૦ યુદ્ધ.
૫૧ નિયુદ્ધ જાણવું.
૫૨ ચક્રવ્યૂહ.
૫૩ શકટવ્યૂહ.
૫૪ ગરુડવ્યૂહની રચના જાણવી.
૫૫ અતિયુદ્ધ.
૫૬ અસિયુદ્ધ (તરવારનું.)
૫૭ મુષ્ટિ યુદ્ધ.
૫૮ બાહુ યુદ્ધ—એ સર્વે લડતાં શિખવું.
૫૯ ધનુર્વેદ.
૬૦ શસ્ત્ર વગેરેથી યુદ્ધ.
૬૧ ઇસથ્થલતા યુદ્ધ.*
૬૨ હિરણ્ય પાક.*
૬૩ સુવર્ણપાક.
૬૪ વૃષદ.†
૬૫ સૂતરનો ઉપયોગ જાણવાની કળા.
૬૬ વસ્ત્ર વગેરે બનાવવાં.
૬૭ ક્ષેત્રની વ્યવસ્થા.
૬૮ તોલવાનાં કાટલાં—ત્રાજવાની વિધિ જાણવાની કળા.
૬૯ કાષ્ઠ ઘડવા ને તેના નવનવા ઘાટ બનાવવા.
૭૦ શરીરની કસરત.
૭૧ સજીવ કરણ—ક્રિયા.
૭૨ નિર્જીવ કરણ—ક્રિયા.

---

* એ બે કળા કેઈ છે ને તેનાં લક્ષણ કેવાં હશે તે તેના નામપરથી મારા જાણવામાં આવ્યું નથી. તેમજ ત્રણેક જતીઓને પૂછતાં પણ તેઓ ખુલાશો કરી શકયા નથી.

† સંસ્કૃતમાં વૃષ એટલે ધર્મ ને દ એટલે દેનાર; અર્થાત્ ધર્મ દેનાર—મતલબ કે ધર્મના ઉપદેશક થવાની કળા. તે શિવાય બીજી કેઇ કળા એ છે તે સમજાતું નથી.

ત્રીજી ૭૨ કળા.

આ ૭૨ કળાનો વળી એક ત્રીજો પ્રકાર છે તે પણ તું સાંભળી લે.

૧ લખવું.
૨ ભણવું.
૩ સંખ્યા-ગણિત.
૪ ગીત.
૫ નૃત્ય.
૬ તાલ.
૭ ઢોલ વગાડવો;
૮ મૃદંગ વગાડવી;
૯ વીણા વગાડવી;
૧૦ વાંસળી વગાડવી; ને
૧૧ ભેરી વગાડવી;
૧૨ એ સઘળાની પરીક્ષા કરવાની કળા.
૧૩ હાથી અને
૧૪ ઘોડાને શિખવવા.
૧૫ ધાતુ પારખવી.
૧૬ પ્રત્યક્ષ બાબત, ને
૧૭ ગુપ્ત બાબત જાણવું તે.
૧૮ શરીરમાં કરચલી પડી હોય તો તે,ને ધોળા વાળને કાળા કરવાની કળા.
૧૯ રત્ન;
૨૦ નારી ને
૨૧ નરનાં લક્ષણ જાણવાની કળા.
૨૨ પિંગળ;
૨૩ તર્ક;
૨૪ જાતિ;
૨૫ તત્ત્વ-પદાર્થ (૨૪ ને જાણવા;)
૨૬ કવિતા;
૨૭ જયોતિષ;
૨૮ વેદ;
૨૯ વૈદક;
૩૦ ભાષા;
૩૧ યોગ, ને
૩૨ રસાયન-એ સઘળાનાં લક્ષણ, ગુણ દોષ જાણવાની કળા.
૩૩ ગુપ્ત રહેવાના અંજન બનાવવાની કળા.*
૩૪ લિપી જ્ઞાન.
૩૫ સ્વપ્ન જાણવાની કળા.
૩૬ ઇંદ્રજાળ જાણવાની કળા.
૩૭ કૃષિ કળા.
૩૮ વણિક કળા.
૩૯ નૃપસેવા કળા.

---

* આ અંજન એવું કહેવાય છે કે તે જો નેત્રોમાં આંજે તો આંજનાર ચાહે ત્યાં ફરે, પણ તેને કોઈ પકડી શકે નહિ. એવા અંજનનો ઉતાર એવો કહેવાય છે કે જ્યાં આવો મનુષ્ય હોય ત્યાં ધૂમાડો કરવો, કે જેથી આંખમાંથી પાણી નિકળતાં અંજન ધોવાઈ જવાથી તે મનુષ્ય ખુલ્લો થાય છે.

૪૦ શકુન જાણવાં.
૪૧ પાણીને રોકવાની કળા.
૪૨ અગ્નિને રોકવાની કળા.
૪૩ જળમાં સ્થિર રહેવાની કળા.
૪૪ સામા મનુષ્યની દૃષ્ટિને રોકવાની કળા. (મેસમેરીઝમ)
૪૫ દાષ્ટને ભાંગી પાડવાની કળા.
૪૬ ઉપર દૃષ્ટિ કરવાની કળા.
૪૭ કોઈને વાતમાં બાંધવો અથવા ભ્રમ કરવાની કળા.
૪૮ પત્ર છેદન કળા.
૪૯ મર્મ ભેદન કળા—(ગુપ્ત વાત જાણવી કે માર્મિક વાત બોલવી.)
૫૦ હિસ્સામાંથી ઓછું કરવાની કળા.
૫૧ વરસાદ પડવાનું જ્ઞાન.
૫૨ લોકાચાર જાણવો.
૫૩ મનુષ્યને અનુસરતાં થવાની કળા.
૫૪ ફળ વગેરે ભાંગવાની [કળા.
૫૫ તરવાર બાંધવાની, ને
૫૬ છરી બાંધવાની કળા.
૫૭ મુદ્રા જાણવી (સંધ્યા વગેરે પૂજન વખતે કરે છે તે.)
૫૮ અજ જ્ઞાન કળા—બ્રહ્મલોકનું જ્ઞાન અર્થાત્ વેદાંત વિચાર જાણવો.
૫૯ દાંત વગેરેની આકૃતિ કરવાની કળા. (દાંત નવા બનાવવા તે.)
૬૦ કાષ્ટ વગેરેનાં પૂતળાં કરવાની કળા.
૬૧ સાધારણ ચિત્ર બનાવવાં.
૬૨ દૃષ્ટિનું યુદ્ધ.
૬૩ હાથનું યુદ્ધ.
૬૪ મુષ્ટિ યુદ્ધ.
૬૫ દંડ યુદ્ધ.
૬૬ ઠસિ યુદ્ધ*.
૬૭ વાણીનું યુદ્ધ.
૬૮ ગરુડ યુદ્ધ†.
૬૯ સર્વ પ્રાણીને વશ કરવાં.
૭૦ દૂતો વશ કરવા.
૭૧ યોગ જાણવો.
૭૨ નામાલય.‡

પ્રથમ અર્થની ૬૪ કળાનાં નામ, તેના ઉપયોગ સહિત મેં કહ્યાં છે; જે પુરુષ વર્ગને કામની કળા ગણી શકાય તેવી છે. પણ એજ કળા વળી એના એજ નામે સ્ત્રીને પણ ઉપયોગી ગણાય છે; જેના ઉપયોગ સાથે તને શીખાવું છું.

---

* ઘુંટણથી દબાવી, છાતી મસળી અથવા ગુંદીને મારવો તે. ભીમે દુઃશાસનને એ રીતે માર્યો હતો.
† ઉછળી ઉછળીને લડવું તે. ‡ આ કળા સમજાતી નથી.

સ્ત્રી અર્થની ૬૪ કળા.*

૧ ગીત-ગાવું. ૨ વાદ્ય-વગાડવું.

૩ નાટ્ય-નાચ અને નાટક. નાચીને અંગના ૭ ભાવ દર્શાવવા.

૪ આલેખ્ય-ચિત્રકળા. એમાં ૭ બાબત જાણવા યોગ્ય છે. ૧ જુદા જુદા રંગ કરવા. ૨ અવયવોનું પ્રમાણ જાણવું. ૩ ભાવ અને લાવણ્ય દાખલ કરવાની રીત જાણવી. ૪ સાદૃશ્ય-આબેહૂબ છબી બનાવવી. ૫ પીંછીની બનાવટ ને ચોખાપણું. અને ૬ ચિત્રનું કદ (size).

૫ વિશેષકચ્છેદ્ય-ચાંદલો કરવો. તેમજ કાચ તથા ભોજપત્રપર તપકી ચોટાડી ચાંલ્લા બનાવવા.

૬ તાંડુલકુસુમબલિવિકાર-આખા ચોખા લઇ મંદિરોમાં તથા ઘર આંગણામાં સાથીઆ પૂરવા. સાગી બનાવવી તે પણ આજ જાતનો પ્રકાર છે. શિવાદિ દેવ માટે માળા ગુંથવી.

૭ પુષ્પાસ્તરણ-રતિ વિલાસ રમવા માટે ફૂલનાં આસન બનાવવાં.

૮ દશનવશનાંગરાગ-સ્ત્રીઓને દાંત રંગવાની ઉત્કંઠા ઘણી હોય છે, તેથી દાંત રંગવાની કળા. નવનવા રંગનાં વસ્ત્ર પહેરવાની કળા ને અંગમાં સુગંધ ચોપડ-વાની કળા.

૯ મણિભૂમિકાકર્મ-ગ્રીષ્મ ઋતુમાં શરીર શાંત થવા માટે મરકતમણિ વગેરેની ભૂમિ રચવી,-રંગ વિલાસ માટે તે કળા.

૧૦ શયન રચના-ત્રણ જાતની શયન રચના થાય છે. નાયક રક્ત, વિરક્ત ને મધ્યસ્થ [ઉત્કંઠિત, નહિ

---

* આમાં જે કળાનો ઉપયોગ પૂર્વેપેરેજ છે તેનું વિવે-ચન ફરી કીધું નથી.

ઉત્કંઠિત ને મધ્યમ ઉત્કંઠિત.] ને પારખી શય્યા રચવી તે. વળી એવી શય્યા રચવી કે જેથી આહાર પાચન થાય. રાજાએ ઘણું કરીને આવી શય્યા પોતાની રાણી પાસેજ કરાવતા હતા; કેમકે વખતે શય્યામાં શત્રુ તરફથી ઝેર પણ નાંખવામાં આવે તેનો ભય હોય તેથી.

૧૧ **ઉદકવાદ્ય**–કર્ણાટક વગેરે પ્રદેશની સ્ત્રીઓ પાણીમાં મૃદંગ બજાવે છે. જલતરંગ વગેરે વાજીત્ર વગાડવાં તે કળા.

૧૨ **ઉદકાઘાત**–તરવાની કળા. જળમાં તરવાર ફેરવવાની કળા.*

૧૩ **ચિત્રાશ્વયોગ**–પતિ રતિરંગ રમવાને ઇચ્છાવાન્ હોય, પણ પોતાની ઇચ્છા ન હોય તો ઇંદ્રિયોની શિથિલતા દર્શાવવી.

૧૪ **માલ્યગ્રથનવિકલ્પ**–દેવપૂજન માટે જાતજાતની પુષ્પની માળા બનાવવી.

૧૫ **શેખરકાપિડયોજન કળા**–અંબોડામાં ખોસવા માટે વેણી, કાષ્ટના અલંકાર, તાજ, મુગટ બનાવવાની કળા.

૧૬ **નેપથ્ય પ્રયોગ**–દેશ કાળને અનુસરીને શરીરપર પુષ્પ વસ્ત્ર વગેરે ધારણ કરવાં તે કળા.

૧૭ **કર્ણપત્ર ભંગ**–હાથીદાંત, શંખ, માણેક (ખોટાં) નાં કાનમાં પહેરવાનાં ફૂલો બનાવવાં તે.

૧૮ **ગંધયુક્તિ**–અંગે ઉત્તમ પ્રતિની સુગંધી નાંખવી તે.

૧૯ **ભૂષણ યોજના**–ઘરેણાં પહેરવાની કળા. એ બે જાતનાં છેઃ–સંયોજ્ય ને અસંયોજ્ય. મણિ મોતિનાં ઘરેણાં તે સંયોજ્ય ને કડાં, કુંડળ, બંગડી તે અસંયોજ્ય.

---

* ૭ થી ૧૨ સુધીની કળાનો ઉપયોગ રાજાની રાણીઓને કરવાનો છે.

કોઇ કહે કે એમાં તે શી કળા હશે? પણ કેટલીક સ્ત્રીઓ ઘણાં ઉમદાં આભૂષણ પહેરે છે, પણ તે ગમે તેમ ગોઠવેલાં હોય છે, તેથી જરાપણ શોભતાં નથી. જેવી કે મારવાડણ. આ આભૂષણ રીતસર પહેરવાં, જેથી સૌંદર્ય ને લાલિત્ય દીપી નિકળે. એ આ કળાનો પ્રકાર છે.

૨૦ ઇંદ્રજાળ.

૨૧ કૌચુમારાશ્વયોગ–કૃત્રિમ સૌંદર્ય દર્શાવવું તે. એથી પતિને પુષ્કળ મોહ ઉત્પન્ન થાય ને તેથી અન્ય સ્ત્રીમાં રક્ત ન થાય. સ્ત્રીનું કામ એજ છે કે પતિને રંજન કરવો ને દુરાચરણથી અટકાવવો.*

૨૨ હસ્તલાઘવ–હરેક કાર્ય કરતાં હાથની ચપળતા. ટૂંક સમયમાં કામ ઉકેલવાની હથોટી.

૨૩ વિચિત્રશાકયૂષભક્ષવિકારક્રિયા–શાક, પાક બનાવવાની કળા. શાક ૧૦ પ્રકારનાં થાય છે:–૧ ગાંઠનું [રતાળું, સૂરણ, સકરિયાં, બટાટાં વગેરે.] ૨ પત્ર [અલુનાં, પોઇનાં, અજમાનાં પાંદડાં] ૩ કરીરનું [કેળાં, વાંસ વગેરે] ૪ અગ્ર ભાગનું [ડાંભા વગેરેની ભાજી–જેનો આગલો ભાગજ કામમાં આવે છે.] ૫ ડાંડાનું. ૬ ફળનું. ૭ નાના કુપલિયાં [કુંવારીઓ, મેથીનાં પાંદડાંની ભાજી.] ૮ છાલનું [કેળાં વગેરેની] ૯ પુષ્પનું [સેગટા, અગથિયા વગેરેનાં ફૂલ] ૧૦ કાંટાનું. વળી ઓસામણ [મગ–તુવેરની દાળનું પાણી], કઢી વગેરે ક્વાથ બનાવવા, કે જે પીવાથી તુરત પાચન થાય. વઘાર મૂકવાની તથા શાકો વઘારવાની કળા. કેટલાંક પાણી જેવાં પાતળાં

---

* જેમ હમણાં પારસી અંગ્રેજની સ્ત્રીઓ ખુબસુરતી દર્શાવવાને પાઉડર વગેરે નાંખી બેડોળ છતાં ટાપટીપથી ડોળવાળી જણાય છે, તેમ સૌંદર્ય ન દાખવવું, પણ અંગ શોભા ને સદ્ગુણ વર્ધનથી દાખવવું.

ને કેટલાંક લોંદા જેવાં ઘટ્ટ શાક બનાવવાની ક્રિયા. વળી આંબલી આદિ પદાર્થ નાંખવાથી શાક ક્યારે રસમય થાય તે જાણવું, ચટણીચટાકા બનાવવા, એ સર્વે સ્ત્રીને અત્યંત ઉપયોગી વાતો છે.

૨૪ પાનકરસરાગાસવયોજના–પીવાના પદાર્થ બનાવવાની કળા. જેને પણો કહે છે તે. [જેવા કે ચીભડાની ઘણી બારીક કટકીઓ કરી, તેમાં મીઠું મરચું ભરી, અથવા સાકર નાંખી, છુંદી નાંખી બનાવવું, ખડબુચાનું શરબત બનાવવું, ફાલસાનું શરબત બનાવવું, શેરડીનો રસ મરી મસાલો નાંખીને બનાવવો.] બીલસાર [ચાસણીમાં આદું, મરચાં, શેરડીના કટકા નાંખી તે ઘણા દિવસ ચાલે તેવા પદાર્થ બનાવવા તે.] ગોળાદિના આસવ. ચાટવાના પદાર્થ-[મુરબ્બાદિ], ચૂર્ણ ને પીવાના [દૂધપાક, બાસુંદી, દૂધ વગેરે.] પદાર્થો બનાવવાની કળા એમાં સમાય છે.

૨૫ સુચિવાન કર્મકળા–શિવવાની તથા વણવાની કળા. શિવવાની ત્રણ કળા છે. કાંચળી, ચોળી આદિ શિવવું; ફાટેલાં, તુટેલાં, ચીરાયલાં વસ્ત્ર સાંધવાં ને બખીયા મારવા. વણવાની કળામાં ટેબલ ક્લાથ, રૂમાલ, આસન વગેરે બનાવવાં તે.

૨૬ સૂત્રક્રીડા–આ એક રમતની કળા છે, જે સૂતરથી બને છે. જેમકે એક ભુંગળીમાં દોરો ઘાલે ને એક તરફથી ખેંચે તો તેના પાંચ તાર નિકળે, પણ બીજી તરફથી ખેંચે તો ૫૦ ને મધ્યથી ખેંચે તો માત્ર એકજ. વળી બે ભુંગળીઓ એકઠી કરીને દોરાની ખેંચતાણ કરે છે તે. તેમજ હાથમાં, આંગળામાં દોરો ઘાલી મોર–હાથીના પગો બનાવે છે તે પણ; એક પાઘડીની વચોવચથી કાપ મૂકે, પણ પાઘડી અનામત રહે ને કટકો નિકળે તે; રૂમાલમાં વીટી મૂકી બાંધેલો છતાં વીટી કાઢી લે તે; હાથ પગ બાંધ્યા હોય, પણ

સટાક દેતા કે છોડી નાંખે, એ સર્વ સૂત્રક્રીડા છે. સાધુઓ લોઢાની આંકડીઓમાં એક આંકડી ઘાલી તેને કાઢઘાલ કરે છે તે પણ એજ છે. એને 'ગોરખ ધંધાથી' કહે છે.

૨૭ વીણાડમરુવાદ્યકળા.

૨૮ પ્રહેલિકા–સમસ્યા, અર્થ અર્થામણી, દ્વિઅર્થ બોલવાની કળા.

૨૯ પ્રતિમાળા.

૩૦ દુર્વચકયોગકળા–કોઇને છેતરવો હોય કે બોલતો બંધ કરવો હોય તો શબ્દ ને અર્થમાં અતિ કઠણ ને ગૂઢ–મુખે ન બોલાય કે ન સમજાય તેવું બોલવું તે.

૩૧ પુસ્તકવાચન–સ્વરપૂર્વક ને પ્રીતિ ઉત્પન્ન થાય તેમ વાંચવું.

૩૨ નાટયાખ્યાયિકા દર્શન–૧૦ પ્રકારનાં નાટક ને આખ્યાયિકા જાણવાની કળા.

૩૩ કાવ્યસમસ્યાપૂર્તિ.

૩૪ પટ્ટિકાવેત્રવાનવિકલ્પા–પલંગ, ખાટલો, ખુરશીપર પાટી કે નેતર ભરવાની કળા.

૩૫ તક્ષકર્માણિ–એકમાંથી બીજાને ખેંચી કાઢવું–દૂર કરવાની કળા. એ કળા જાણવાથી પ્રસૂતિકાળ સમયે ઘણો લાભ કરે છે. ઓર વગેરે પેટમાંના પદાર્થ વગર અડચણે એનાથી દૂર કરતાં આવડે છે.

૩૬ તક્ષણુ કળા–શયનપલંગ, કબાટ, પાટલા, દીવો વગેરે ઘરનાં સાહિત્ય શોભા માટે કેમ ગોઠવવાં તેની કળા.

૩૭ વાસ્તુવિદ્યા–ઘરમાં કેમ કામકાજ કરવું, ઘર કેમ માંડવું, અનાજપાણી વગેરે ઘરનું સાહિત્ય કેમ સંભાળવું તે વિદ્યા.

૩૮ રૂપ્ય રત્ન પરીક્ષા–રૂપું, સોનું પારખવા સંબંધીની કળા. તેમજ રત્ન પણ પારખવાની કળા. એથી

પતિની ગેરહાજરીમાં કોઇ છેતરી ન જાય, તેમજ લેવડદેવડ પણ કરી શકે.

૩૯ **ધાતુવાદ**–ધાતુઓની પ્રકૃતિ જાણે કે જેને લીધે કિમિયાથી છેતરાય નહિ. વળી ગૃહકાર્ય માટે ત્રાંબા પિતળની પારખ કરતાં આવડે, જેથી એ કળા વાસણકુસણ લેવામાં ખપ લાગે. માટી પથરામાં ભરાયલી ધાતુ શોધવી ને ગાળવા સંબંધી રીત. તે પણ એમાંજ છે.

૪૦ **મણિરાગાકરજ્ઞાન**–મણિ, રત્ન, મોતિ વગેરેને ડાક મૂકીને કેવા પ્રકારે શોભતાં કરવાં તે જ્ઞાન. જુદી જુદી જાતના રંગનું પણ જ્ઞાન ને પોખરાજ વગેરે મણિ પારખવાનું પણ જ્ઞાન એ કળામાં સમાયલું છે.

૪૧ **વૃક્ષાયુર્વેદ કળા**–ઘર આંગણામાં નાનો બગીચો, ગૃહસ્થના ઘરમાં હોય છે, તે રચવા માટે આ કળા અગત્યની છે. ઝાડો કેમ વાવવાં, કેમ ઉછેરવાં ને જીવજંતુથી કેમ બચાવવાં તે સઘળું જ્ઞાન એ વિદ્યાથી મળે છે.

૪૨ **મેષ કુક્કુટલાવક યુદ્ધ કળા**–મેઢા, કુકડા તથા બાજ પક્ષીને લડાવવાની કળા. સ્ત્રી પુરુષ વચ્ચે વિનોદ માટે હાસ્યની સરત થાય છે, તે પ્રસંગે આ પ્રાણીઓ વચ્ચેના યુદ્ધના પરિણામથી નિર્ણય કરે છે. વળી કામી સ્ત્રી પુરુષ પોતા પાસે મેઢાં અવશ્યે રાખે છે. ઉર્વશી પોતા સાથે બે મેઢાનાં બચ્ચાં લાવી હતી તે તેણે પુરૂરવા રાજાને સાચવવા આપ્યાં હતાં. એને સજીવદ્યૂત કહે છે.

૪૩ **શુકસારિકાપ્રલાપનકળા**–મેનાં પોપટ પઢાવવાની કળા. એથી વિનોદમાં વખત વિતે છે. વળી તે શિખેલાં હોય તો સંદેશા પણ લઇ જાય છે.

૪૪ **ઉત્સાદન સંવાહન કેશમર્દન કૌશલ્યકળા**–પતિના પગ ચાંપવા, માથું ચાંપવું, અંગ મર્દન કરવું ને કેશ હોળવાની કળા.

૪૫ **અક્ષરમુષ્ટિકાકથનકળા**—ટૂંકા અક્ષરમાં ઘણો અર્થ બતાવવાની કળા. સંક્ષેપમાં શબ્દ કે નિશાની કરે, પણ તે યથાર્થ રીતે તેના ભાવ સહિત સમજી-સમજાવી શકે તે વિદ્યા. પ્રાચીન કાળમાં આવાં કાવ્યો પણ થતાં. જેને દશધેનુ, સદ્ધેનુ, સહસ્રધેનુ, કોટિધેનુ ને કામધેનુ કહેતા હતા. માત્ર ૧૦ કે ૨૦ અક્ષરોજ લખેલા હોય, પણ તેમાંથી એક લાખ કરતાં પણ વધારે જુદા જુદા ભાવના શ્લોક બને તે કામધેનું કહેવાય છે*. વળી સંજ્ઞાથી પણ ભાવ બતાવાય છે.

૪૬ **મ્લેચ્છિત વિકલ્પ કળા**†—અક્ષરોને ફેરવીને વાત ગુપ્ત રાખવાનું જ્ઞાન. જેમકે અ ક પ ગને બદલે ચ છ જ ઝ મૂકીને લખે, પણ વાંચનાર તો સમજીનેજ વાંચે. અર્થાત્ વાંચનાર પોતેજ સમજે. વળી બોલવામાં પણ આનો ઉપયોગ થાય છે; જેમકે વેદ રૂપિયા આપ, એટલે ચાર રૂપિયા સમજી લેવા. આ અક્ષરોના સાભાસ ને નિરાભાસ એવા બે ભેદ છે; ને તે છ પ્રકારે બતાવી શકાય છે: મૂઠીથી, પત્રથી, છટાથી, પતાકાથી, ત્રિપતાકાથી ને અંકુશથી. આને વળી કરપલ્લવી પણ કહે છે. વડિલોની

* આ માટે એક ઉત્તમ દાખલો જાણવાજોગ છે. અકબર અને તેની જોધપુરવાળી રાણી વચ્ચે એવો પ્રેમ હતો કે બંનોને એક નિમેષ પણ ચાલે નહિ. એક સમયે શાનશાહ મૃગયા ખેલવાને ગયો. ત્યાં ત્રણ દિવસ વીતી ગયા ને બેગમ અત્યંત વ્યાકૂળ થઈ, ત્યારે તેણીએ એક હેરક સાથે સંદેશો મોકલ્યો. તેમાં આખા એક મોટા કાગળપર લાલ સાહીથી **સા** એટલોજ અક્ષર લખેલો હતો. શાનશાહે સર્વને બોલાવી પૂછ્યું કે આનો અર્થ શો ? પણ કોઈ ખુલાસો કરી શકયો નહિ. પછી જગન્નનાથરાય પંડિત જોડે હતા તેણે ખુલાસો કીધો કે **લાલસા** અતિઘણા પ્રેમમાં આતુર—અર્થાત્ બેગમ તમને મળવાને ઘણા પ્રેમ ભાવમાં છે.

† હાલમાં ઘણાક વેપારીઓ પ્રથમ કહેલી અક્ષર ફેરવવાની ભાષાનો તારમાં ઘણો ઉપયોગ કરેછે.

આમન્યાથી સ્ત્રીપુરુષને તો તારામૈત્રક કરવું હોય કે સાન કરવી હોય ત્યારે આ કળા ઘણી ઉપયોગી છે.

૪૭ દેશભાષાજ્ઞાન–દેશ દેશની ભાષા જાણવી.

૪૮ પુષ્પશકટિકા–પુષ્પને નિમિત્તે કરીને પતિને તાબે થવું વા તાબે કરવાની કળા.

૪૯ નિમિત્ત જ્ઞાન–શકુન જાણવાની કળા.

૫૦ યંત્રમાતૃકા–સજીવ બળદ ઘોડા વગેરેની ગાડી ને યંત્રની ગાડીનો ઉપયોગ–તેમાંની મુશકેલી ને સેહેલાઇ જાણવાની કળા.

૫૧ ધારણમાતૃકા–યાદ રાખવાની કળા. સ્ત્રીને પાંચ ચીજ સંબંધી વિશેષ યાદ રાખવી પડે છે: વસ્તુ, ખજાનો, દ્રવ્ય, લક્ષણ ને ચિહ્ન.

૫૨ સંપાઠ્ય કળા*–એકઠાં મળીને ગાવાની કળા.

૫૩ માનસીકળા–મનમાં ધારેલો શ્લોક–કવિતા કહી આપવાની કળા. આ વિનોદ માટે કળા છે.

૫૪–થી ૫૭,–**કાવ્યક્રિયા, અભિધાનકોશ, છંદ જ્ઞાન** ને **ક્રિયાકલ્પ** કળા. એ ચારે કળા કાવ્ય કરવામાં કામ લાગે છે ને તેનો ઉપયોગ જગ જાણીતો છે.

૫૮ છલિતકયોગ કળા–વેશ બદલીને બીજાને છેતરવાની કળા. સમયે પુરુષનું રૂપ ધારણ કરીને ખોવાયલા પતિને શોધવા માટે કામ લાગે છે. પૂતના, શૂર્પણખાને આવીજ કળા સાધ્ય હતી.

૫૯ વસ્ત્ર ગોપન કળા-વસ્ત્ર પહેરવાની કળા. એમાં વસ્ત્રો એવા પ્રકારે પહેરે કે સમયે કોઈ દુષ્ટ પુરુષ શિયળ લુટવાને આવે તો ફાવે નહિ. તે વસ્ત્ર બે ત્રણ પણ પહેરવાં, પણ જણાય નહિ. દ્રૌપદીએ આવી રીતેજ એક, બે, ત્રણ

---

* (Chorus) રાગે હમણાં ગરબા ગાય છે તે.

વસ્ત્ર પેહેરેલાં હોય ને પછી ઇશ્વરે રક્ષણ કીધું હોય. તેમજ વસ્ત્ર સંભાળવાની વિધિ પણ એજ કળામાં છે.

૬૦ **દ્યૂત વિશેષ કળા**–એક જાતનું જુદુંજ દ્યૂત રમવાની કળા.

૬૧ **આકર્ષક્રીડા**–ભાવથી પોતા પ્રત્યે પતિને ખેંચવાની–લલચાવાની કળા.

૬૨ **બાળ ક્રીડનકાનિ**–બાળકોને રમવાના ખીલોણાં–રમકડાં બનાવવાની કળા.

૬૩ **વૈનયિકી, વૈજયિકી ને વ્યાયામિકી કળા**–વિનય દેખાડવો, જય મેળવવો ને કસરત કરવાની કળા.

૬૪ **વિદ્યાજ્ઞાન**–સામાન્ય ચતુરાઇ ને વિદ્યા જ્ઞાન જાણવું.

આ પ્રમાણે સ્ત્રીઓની ૬૪ કળા છે, જે સ્ત્રીઓને જાણવાની ઘણી અવશ્યની છે. આમાંની કેટલીક કળા રાજાની રાણીઓમાટે છે, પણ ઘણી ખરી કળા તો ગૃહસ્થ સ્ત્રી માટે ઘણી જરૂરની છે. પણ જેમ પુરુષોની અનેક કળા છે, તેમજ સ્ત્રીઓની પણ છે. તેઓની એક બીજી ૬૪ કળા છે, જેનો પ્રકાર પણ જાણવા જોગ છે:—

સ્ત્રીઓની બીજી ૬૪ કળા.

૧ નૃત્ય.
૨ યોગ્યતાની કળા.
૩ ચિત્ર.
૪ વાજીંત્ર.
૫ મંત્ર ને
૬ તંત્રના ગુણ જાણવાની કળા.
૭ પરલોકનું જ્ઞાન.
૮ વ્યવહાર જ્ઞાન.
૯ દંભીને પારખવાની કળા.
૧૦ જનોને શોભાવવાની કળા.
૧૧ ગીત જ્ઞાન.
૧૨ મલાર રાગ ગાવાની કળા.
૧૩ વૃક્ષરોપણ.
૧૪ અભિપ્રાય ગોપન કળા.
૧૫ અન્ન રાંધવાની કળા.
૧૬ સંતતિ ઉત્પન્ન કરવાની કળા.
૧૭ ખેતી જાણવાની કળા.
૧૮ ધર્મ વિચાર.
૧૯ શકુન ભાવ જાણવો.
૨૦ ક્રિયા–કામકાજ જાણવાં.

૨૧ સંસ્કૃત જાણવું.
૨૨ ધર નીતિ.
૨૩ ધર્મ નીતિ.
૨૪ હળવે હળવે—છટાદાર ચાલવાની કળા.
૨૫ પતિને કામનો વિકાર થાય તેવા પ્રકારે બોલવાની કળા.
૨૬ સુવર્ણ સિદ્ધિ.
૨૭ જુદા જુદા રંગો પૂરવાની કળા.
૨૮ સુગંધી તેલ ઘાલવાની તથા બનાવવાની કળા.
૨૯ હય અને ગજ,
૩૦ નર, અને
૩૧ સ્ત્રી—એ સર્વનાં લક્ષણ તથા મર્મ જાણવાની કળા
૩૨ અઢાર ભાષાનું જ્ઞાન.
૩૩ સુવર્ણ—રત્નના ભેદ.
૩૪ તાત્કાલિક બુદ્ધિનું જ્ઞાન.
૩૫ ઘર વગેરેમાં કેવા પ્રકારે વર્તવું તે કળા.
૩૬ વૈદક ક્રિયા.
૩૭ કામદેવની ક્રિયા (પતિ રંજન માટે)
૩૮ ઘડો ઉપાડવાની—પાણી ભરવાની કળા.
૩૯ પાસા વગેરે નાંખવાની કળા. (રમતમાં)
૪૦ ચૂર્ણ—સુંઠ વગેરેનાં બનાવવાં તે.
૪૧ આંખ આંજવાની કળા.
૪૨ હાથમાં ફેરાપણું—ચપળતા.
૪૩ વચનમાં ચતુરાઇ.
૪૪ ભોજનવિધિ ભોગ-સારાં સારાં ભોજનની ક્રમ ગોઠવણ કરવી.)
૪૫ લેવડ દેવડ જાણવી.
૪૬ મુખ શણગારવું.
૪૭ ચોખા ખાંડવા.
૪૮ કાવ્ય કરવું.
૪૯ કથા વાર્તા કહેવી.
૫૦ રડવું, (દંભથી)
૫૧ પુષ્પ ગુંથવાં.
૫૨ વક્રોક્તિ કળા.
૫૩ વેષ બદલવો—વસ્ત્ર પહેરવાની કળા.
૫૪ અલંકાર પહેરતાં જાણવાની કળા.
૫૫ ઘણી ભાષાનું રહસ્ય જાણવું.
૫૬ ધણીની સેવા કરવી.
૫૭ ગૃહાચાર.
૫૮ પારકાનું વચન સાંભળી તાત્પર્ય તુરત સમજી લેવું.
૫૯ કેશબંધન-અંબોડો આદિ વાળવાની કળા.
૬૦ વીણા વગાડવાનું જ્ઞાન.
૬૧ લોક વ્યવહાર જ્ઞાન.
૬૨ આંકડા વગેરે ઉથલ પાથલ કરવાનું જ્ઞાન.
૬૩ વ્યર્થવાદ—વિતંડાવાદની કળા.
૬૪ પ્રશ્ન—સમસ્યા પૂછવાની કળા.

મોટ મોટા પુરુષો આ પ્રમાણે અર્થ શાસ્ત્રને લગતી કળાઓનાં અનેક પ્રકારનાં રૂપો બાંધી ગયા છે, જેમાંનો મોટો ભાગ હું તને જણાવી ગયો છું. આ પ્રત્યેક કળાનુ નિરૂપણ છે, જે કોઈ યોગ્ય પ્રસંગે યથાસ્થિત સમજાવીશ, ને કેટલુંક તો બુદ્ધિમાન પુરુષ સ્વાત્મપ્રકાશથી જાણી શકે છે. એ અર્થની કળા સ્ત્રી કે પુરુષને જ્ઞાન, યશ, કીર્ત્તિ ને આનંદ સર્વ રીતે આપે છે; તે સાથે સંસાર વ્યવહારમાં જે લાભ થાય છે તે તો અનુપમ છે.

આ પ્રમાણે તેરમી રાત્રિ વિષે **મૂળદેવ** ધૂર્તશિરોમણી મહારાજે **ચંદ્રગુપ્તને** અર્થ કળા નિરૂપણ દર્શાવ્યું, પછી શિષ્ય મંડળી વિસર્જન કરી.

સર્ગ ૧૪ મો.

સકળ (સર્વોત્તમ) કળા નિરૂપણ.

ચૌદમે દિવસે **મૂળદેવ** મહારાજ મોટા ઉત્સાહમાં બેઠા હતા. **ચંદ્રગુપ્તને** તેઓએજ કહ્યું, બેટા, હવે સત્યને ગ્રહણ કરવા યોગ્ય કળા કેવી ને કેટલી છે તે છેલ્લીવાર કહું છું તે સાંભળ.

સમુદ્રમંથન કરવામાટે દેવ અને દૈત્યો મંદ્રાચળને લઇને મંડયા હતા, ને અનેક પ્રકારનાં રત્નો મેળવ્યા પછી છેલ્લે અમૃતનો કુપ્પો મેળવ્યો હતો, તેમજ આજે હું તને કળારૂપી અમૃતનો કુપ્પો આપું છું, ને જેમ દેવો તેનું પાન કરી અમર થયા હતા, તેમજ તું પણ આ કળાનું પાન કરતાં અમર થશે એમાં યત્કિંચિત્ પણ શંકા નથી. પ્રથમ મેં તને સચ્ચરિતવાળી કામની કળા કહી, પછી

અર્થની ને આજે ધર્મની કળા કહું છું. ધર્મની ૬૪ કળા ને તે યાવચ્ચંદ્રદિવાકર રહે તેવી છે. એક સમયે શ્રી વિષ્ણુનારાયણ શેષશય્યાપર બિરાજ્યા હતા, ત્યારે બ્રહ્માદિ દેવોએ વિનતિ કરી કહ્યું કે અમને મનુષ્ય અને દેવ સર્વને ગ્રહણ કરવા યોગ્ય ને કલ્યાણકારી ધર્મ કળાનું જ્ઞાન આપો. તે વેળાએ વિષ્ણુએ જે કંઇ કહ્યું તે હું તને કહું છું. ધર્મની ૬૪ કળા આ પ્રમાણે છે.

ધર્મની ૬૪ કળા.

ધર્મકળાઃ–૧ પ્રાણી માત્ર ઉપર દયા. ૨ પરોપકાર. ૩ દાન. ૪ ક્ષમા. ૫ સમાન ભાવ. ૬ સત્ય. ૭ ઉદારતા. ૮ અને કૃપાવંતપણું. આ આઠ ધર્મની કળા છે.

અર્થકળાઃ–૧ હમેશાં ઉપજ કરવી–ધન મેળવવું. ૨ નિયમ પ્રમાણે બરાબર ચાલવું. ૩ વ્યવહારમાં કુશળતા. ૪ ઉપજ પ્રમાણે ખરચ. ૫ ચાતુર્ય. ૬ કિલ્લ્ટ અને ૭ સ્ત્રીને અવિશ્વાસ. આ સાત અર્થની કળા છે.

કામકળાઃ–૧ શરીરને શણગારવું. ૨ ડાહાપણ ધરવું. ૩ મીઠાશ રાખવી. ૪ સદ્ગુણ સંઘરવા. ૫ અનેક રમતો રમવી. અને ૬ સ્ત્રીના મનની પરીક્ષા કરવી. આ ૭ કામની કળાઓ છે.

મોક્ષકળાઃ–૧ વિવેકસહિત પ્રેમ. ૨ શાંતિ. ૩ તૃષ્ણા ત્યાગ. ૪ સંતોષ. ૫ એકાંતવાસ. ૬ આત્મજ્ઞાન અને ૭ પરબ્રહ્મનું જ્ઞાન. આ સાત મોક્ષની કળા છે.

એમાં ધર્મ વગેરે ચાર પદાર્થ પોતાની કળાઓ સહિત મળીને બત્રીસ થાય છે. એ સંસારને તરી જનારા વિદ્વાનોની ખાસ કળાઓ છે.

સુખેચ્છાકળાઃ–૧ નમ્રતા. ૨ પ્રિયવાદીપણું. ૩ ધૈર્ય. ૪ શાંતિ. ૫ અને પરલોકમાં જવામાટે વૈરાગ્ય. આ પાંચ સુખની કળા છે.

શીલકળાઃ–૧ સત્સંગ. ૨ બ્રહ્મચર્ય. ૩ પવિત્રતા. ૪ ગુરુસેવા. ૫ સદાચાર. ૬ નિર્મળ શાસ્ત્રજ્ઞાન, ૭ અને યશમાં પ્રેમ. આ સાત શીલની (સ્વભાવની) મૂળ કળા છે.

પ્રતાપકળાઃ–૧ તેજ. ૨ બળ. ૩ બુદ્ધિ. ૪ વ્યવસાય. ૫ નીતિ. ૬ પરનો અભિપ્રાય જાણવો. ૭ દક્ષતા. ૮ સારી સહાયતા ૯ કૃતજ્ઞપણું. ૧૦ ગુહ્ય વાર્તાની રક્ષા. ૧૧ ત્યાગ. ૧૨ પ્રેમ. ૧૩ પ્રતાપ. ૧૪ મિત્રનો સંગ્રહ. ૧૫ કોમળતા. ૧૬ સાહાઇ. ૧૭ અને પોતાના આશ્રિત ઉપર પ્રીતિ આ સત્તર પ્રતાપની કળા છે.

માનકળાઃ–૧ મૂંગા રહેવું ૨ જડપણું દાખવવું, ૩ અને કોઇ પાસે માગવું નહીં, આ ત્રણ માનની કળા છે. તે સર્વ કળા મળી ચોસઠ કળા છે; ને એ સઘળી ગુણદોષ સહિત અવશ્ય જાણવા જેવી છે.

વળી ગોગની ૨૩ કળાઓ છે, જે આત્માનું આલોક ને પરલોકમાં કલ્યાણ કરવા માટે ઘણી અવશ્યની છે, તે તારે જાણવી જોઇએ, ને તે જાણ્યા વગર કોઇપણ રીતે, મનુષ્ય કે દેવ કોઇપણ પૂર્ણતાને પામતો નથી. યોગની કળાઓ આ પ્રમાણે છેઃ–

યોગની ૨૩ કળાઓ.

૧ **અણિમા**–આ કળા જાણવાથી મનુષ્ય કે દેવ મોટા શરીરમાંથી અત્યંત નાનું શરીર કરી શકે છે.

૨ **મહિમા**–એ કળાથી અતિ ઘણા સૂક્ષ્મ શરીરનું મોટું વૈરાટતુલ્ય શરીર કરી શકે છે.

૩ **લઘિમા**–એ કળાથી ભારેમાં ભારે શરીરને હલકામાં હલકું–તલ જેટલું કરી શકે છે.

૪ **પ્રાપ્તિ**–આ કળા જાણનાર સર્વે પ્રાણીઓની ઇંદ્રિઓ સાથે તે તે ઈંદ્રિઓના દેવસ્વરૂપે સંબંધ રાખી શકે છે–એટલે સર્વ પ્રાણી તેને વશ થાય છે.

૫ **પ્રાકાશ્ય**-એ કળા સંપાદન કરવાથી પરલોક તથા આલોકના સર્વે વિષયોના ભોગ ભોગવવાનું અલૌકિક સામર્થ્ય આવે છે.

૬ **ઇશિતા**-ઇશ્વરમાં માયાની અને બીજાઓમાં માયાના અંશોની પ્રેરણા કરવાનું સામર્થ્ય આવે છે.

૭ **વશિતા**-એ યોગની કળાથી વિષય રસમાં તદ્દન અસંગ બુદ્ધિ થાય છે, જેથી મોટા-મહા સુખની પ્રાપ્તિ થાય છે.

૮ **પ્રાકામ્ય**-જે જે સુખની ઇચ્છા થાય તે તે સુખના છેક અંતને પહોંચવું-એટલે જો કદાચિત ઇચ્છા થઇ કે વિલાસ ભોગવવો તો તેમાં તે એવો પારંગત થાય કે તેને કોઇપણ પહોંચી શકે નહિ-જેમ શ્રીકૃષ્ણે અનેક ગોપીઓ સંગ રંગ ઉમંગે ખેલ્યો, ને તે સર્વે તૃપ્ત થઇ, પણ પોતે નિર્લેપ રહ્યા. વળી જ્યારે આજે એક સ્ત્રીને સંતુષ્ટ કરવાને મનુષ્ય અસમર્થ છે ત્યારે ૧૬૧૦૮ સ્ત્રીને શ્રીકૃષ્ણે લગ્ન સુખ આપ્યું તે જેવું તેવું સામર્થ્ય નથી. પણ આ આઠ કળા તો એટલી વસમી ને એટલી કઠિન છે કે તે કદીપણ આ પાપી ભૂમિના મનુષ્યને મળેજ નહિ-પણ નિચેની કળા તો મોટા શ્રમે મળે ખરી.

૯ **અનૂર્મિમત્વ**-આ કળાથી ખાવા પીવાની ઇચ્છા રહેતી નથી.

૧૦ **દૂરશ્રવણ**-આ કળાથી ગમે તેટલે દૂરથી-જોઇયે તો કોટી કોશ દૂર હોય-જોઇયે તો સ્વર્ગ લોક કે ગૌલોક કે બ્રહ્મલોકમાં કોઇ વાત કરતું હોય તો તે સાંભળી શકાય છે.

૧૧ **દૂરદર્શન**-ઘણે લાંબે સૂધી દૃષ્ટિ પહોંચે છે ને આજ નેત્રે એ કળાથી સર્વ જોઇ શકીએ છીએ.

૧૨ **મનોજય**-મન જે જગોએ પહોંચ્યું ત્યાં ક્ષણ માત્રમાં શરીર પણ જઇ શકે છે તે કળા તે એ.

૧૩ કામરૂપ-ઇચ્છામાં આવે તેવું રૂપધારણ કરી શકે તે કળા.

૧૪ પરકાયપ્રવેશન-એ યોગ કળાથી પારકા શરીરમાં પોતાનો જીવ પેસાડી શકાય છે, ને તેથી ધાર્યું કાર્ય સિદ્ધ કરી શકાય છે. આપણા મહારાજ વિક્રમરાજ આ કળા જાણે છે.

૧૫ સ્વચ્છંદ મૃત્યુ-જ્યારે ધારીએ ત્યારે ને ઇચ્છામાં આવે તે રીતે મરણ પામવું તે આ કળાથી થઇ શકે છે.

૧૬ દેવસહક્રીડાનું દર્શન-ઇંદ્રાદિક દેવતાઓ અપ્સરાઓ સાથે, પોતપોતાના લોકમાં જે વિલાસ વૈભવ ભોગવે, જે ક્રીડા કરે તેનું દર્શન થાય ને પોતે વળી તે ક્રીડા ભોગવી પણ શકે

૧૭ સંકલ્પ સંસિદ્ધિ કળા-જે ધારે તે કરે, ને ધારે તે મળે તે કળા.

૧૮ અપ્રતિહતાજ્ઞા-કોઇપણ સ્થળમાં આજ્ઞાનો ભંગજ ન થાય-સર્વ લોકો આ કળાથી તેના તાબેદાર બની રહે છે.

૧૯ ત્રિકાલજ્ઞત્વ-ત્રણે કાળનું જ્ઞાન આવે તેવી કળા.

૨૦ અદ્વંદ્વ-તાઢ, તડકો કે વરસાદ કોઈથી કંઈ પણ રીતે પરાજય થાય નહિ તે કળા.

૨૧ પરચિત્તાદ્યભિજ્ઞતા-પારકાના મનમાં શું છે તે એ કળાથી જાણવામાં આવે છે, ને તેથી મોટો જય મળે છે.

૨૨ પ્રતિષ્ટંભ-અગ્નિ, સૂર્ય, જળ, ઝેર, પર્વતપરથી પડવું-ફેંકવું, હાથીના પગ તળે કચડાવવું, તોપને ગોળે મૂકવો કે ફાંસીએ ચઢાવવો-ગમે તે થાય તોપણ શરીરને કોઇપણ રીતે હાનિજ ન થાય તેવી આ સર્વોત્તમ કળા છે. એ કળા દૈત્ય ભકત પ્રલ્હાદ જાણતો હતો, ને તેથી તેનો જય થયો હતો.

૨૩ અપરાજય કળા–એ કળા મેળવી હોય તો કોઇપણ સ્થળેથી લડતાં, ઝગડતાં કોઇપણ રીતે હારી ન જાય.

આ ૨૩ કળા સર્વોપરી છે, પણ તે કંઇ શરીરથી પ્રાપ્ત થાય તેવી નથી, પણ ઇંદ્રિયોને દમવામાં આવે તો પ્રાપ્ત થાય તેમ છે; ને તેને માટે જો તારી ઇચ્છા થાય તો ભલે સત્ય યોગીઓનું સેવન પર્વતપર જઇને કરજે.

વિશેષ દશ કળા:–૧ જો આપણો શત્રુ આપણા કરતાં વધારે બળવાન્ હોય તો આપણે ત્યાંથી ચાલી નિકળવું અથવા તેને નમણું કરવું.

૨ પણ તેની સામું થઇ પોતાની મૂર્ખતાનો પ્રકાશ કરવો નહીં.

૩ જ્યારે આપણી ચઢતી સ્થિતિ થાય ત્યારે તેની સામું વેર કરવું.

૪ દુઃખી થતા મનુષ્યે ધર્મમાં પ્રેમ રાખી યથાશક્તિ તેમાં આચરણ કરવું.

૫ અને દુઃખ વખતે ધીરજ ધરવી.

૬ સુખ આવે ત્યારે હર્ષમાં આવી જવું નહીં.

૭ ધન મળે–વૈભવ મળે ત્યારે સર્વત્ર સમાન દૃષ્ટિ રાખવી.

૮ સત્પુરુષો ઉપર સ્નેહ રાખવો.

૯ જ્યારે રાજ્ય ખટપટ આવે ત્યારે બુદ્ધિનો ઉપ-યોગ કરવો.

૧૦ અને નિંદાપાત્ર હોય તે ઉપર ઉદાસી રાખવી–તેની સોબત કરવી નહીં. આ દશ કળા ઔષધ જેવી ગુણકારી છે.

આવી રીતે જયશાળી દશ કળા તમને કહી. પણ યાદ રાખ કે સર્વમાં કીર્તિ મોટી છે, તેના જેવો બીજો એક પણ પદાર્થ નથી; કારણ કે સર્વ વસ્તુનો કાળે કરીને નાશ

થાય છે; પણ કીર્તિનો કોઇ પણ દિવસ નાશ થતો નથી. માટે કીર્તિ અવશ્ય મેળવવી.

સત્પુરુષે નિર્માણ કરેલી ૧૦૦ કળાનું દર્શન.

ગ્રહણ કરવા યોગ્ય કળા–સદ્‌ગુણ દુર્ગુણનું વિવેચન.

યાદ રાખજે કે ૧ સત્ય માત્રમાં સત્ય **સારરૂપ** જેમ **ગુરુનું વચન** ગણાય છે.

૨ કાર્યમાત્રમાં **સારરૂપ** કાર્ય જેમ **ગાય, બ્રાહ્મણ** અને **દેવનું પૂજન** ગણાય છે.

૩ સંતાપ પેદા કરાવનારા પદાર્થોમાં મુખ્ય **સંતાપ** કરાવનાર જેમ **ક્રોધ** છે.

૪ ગુણ માત્રમાં **સારરૂપ** ગુણ જેમ **બુદ્ધિમાન** પુરુષ ગણાય છે.

૫ અપાર ધનવંત પુરુષોમાં **ખરો ધનવાન્** જેમ **કીર્તિવાળો** પુરુષ ગણાય છે.

૬ અત્યંત દુઃખમાં મુખ્ય **દુઃખ** જેમ **સેવા** ગણાય છે.

૭ મોટી કાળ રૂપી સર્પની ફાંસીઓમાં મુખ્ય **ફાંસી** જેમ **આશા** ગણાય છે.

૮ રત્નના ભંડારોમાં ખરો **રત્નનો ભંડાર** જેમ **દાન** ગણાય છે.

૯ સુખનાં સ્થાન માત્રમાં મુખ્ય **સુખસ્થાન** જેમ સર્વ સાથે કરેલી **સલાહ (મૈત્રી)** ગણાય છે.

૧૦ અપમાન કરનારી વસ્તુઓમાં જેમ મુખ્ય **અપમાન** કરનારી વસ્તુ **યાચના** ગણાય છે.

૧૧ સર્વ પશ્ચાત્તાપમાં મુખ્ય **પશ્ચાત્તાપ** જેમ **દરિદ્રાવસ્થા** ગણાય છે.

૧૨ રસ્તામાં ખાવા માટે લીધેલાં ટીમણોમાં **ખરૂં ટીમણ** જેમ **ધર્મ** ગણાય છે.

૧૩ મુખને પવિત્ર કરનારા પદાર્થોમાં મુખ્ય **પદાર્થ** જેમ **સત્ય** ગણાય છે.

૧૪ રોગોમાં મુખ્ય રોગ જેમ **દુઃખ** ગણાય છે.

૧૫ ગૃહની સંપત્તિને નાશ કરનારી વસ્તુમાં મુખ્ય નાશ કરનારૂં જેમ **આળસ** ગણાય છે.

૧૬ વખાણવા લાયક પદાર્થોમાં મુખ્ય વખાણવા યોગ્ય પદાર્થ જેમ **નિસ્પૃહપણું** ગણાય છે.

૧૭ સર્વ મધુર વસ્તુમાં મધુર જેમ **મિત્રનું વચન** ગણાય છે.

૧૮ અંધારૂં કરનારી વસ્તુમાં મુખ્ય અંધારૂં કરનારી વસ્તુ જેમ **અહંકાર** ગણાય છે.

૧૯ ઉપહાસ કરવા લાયક પદાર્થોમાં મુખ્ય ઉપહાસ કરવા લાયક જેમ **દંભ** ગણાય છે.

૨૦ પવિત્ર પદાર્થોમાં વધારે પવિત્ર જેમ **ભૂત દયા** ગણાય છે.

૨૧ વ્રતમાત્રમાં મુખ્ય વ્રત જેમ **શાંતિ** ગણાય છે;

૨૨ અણગમતી વસ્તુમાં મુખ્ય અણગમતી વસ્તુ જેમ **ચાડિયાપણું** ગણાય છે.

૨૩ ક્રૂરાચરણમાં મુખ્ય ક્રૂરાચરણ જેમ કોઈની **આજીવિકાનો નાશ કરવો** તે ગણાય છે.

૨૪ પુણ્યોમાં મુખ્ય પુણ્ય જેમ **દયાળુપણું** ગણાય છે.*

૨૫ પુરુષપણાનાં ચિહ્નમાં મુખ્ય પુરુષપણાનું ચિહ્ન જેમ **કૃતજ્ઞતા** ગણાય છે.

૨૬ મોહ કરનારી વસ્તુઓમાં મુખ્ય મોહકર વસ્તુ જેમ **માયા–કપટ** ગણાય છે.

૨૭ નરકમાં પાડનારી વસ્તુઓમાં નરકે લઈ જનાર વસ્તુ જેમ **ચોરપણું** ગણાય છે.

---

* તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમે પ્રાણ.'

૨૮ કપટી ચોરોમાં મુખ્ય **કપટી ચોર** જેમ **કામદેવ** ગણાય છે.

૨૯ જ્ઞાતિભેદોમાં મુખ્ય **જ્ઞાતિભેદ** જેમ **સ્ત્રીનું ભાષણ** છે.

૩૦ ચંડાળોમાં મુખ્ય **ચંડાળ** જેમ **કસાઇ** ગણાય છે.

૩૧ કલિયુગના અવતારોમાં મુખ્ય **કલિનો અવતાર** જેમ **માયાવી** ગણાય છે.

૩૨ મણિયોના દીવાઓમાં મુખ્ય **મણિનો** દીવો જેમ **સતશાસ્ત્ર** ગણાય છે.

૩૩ અભિષેક માત્રમાં મુખ્ય **અભિષેક** જેમ **શાસ્ત્રોપદેશ** ગણાય છે.

૩૪ કલેશ માત્રમાં મુખ્ય **કલેશ** જેમ **ઘડપણ** ગણાય છે.

૩૫ મરણ જેવાં સર્વ દુઃખોમાં મુખ્ય **મરણ દુઃખ** જેમ **રોગાપણું** ગણાય છે.

૩૬ ભયંકર ઝેરો વિષે મુખ્ય **ઝેર** જેમ **સ્નેહનું તૂટવું** ગણાય છે.

૩૭ કોઢોમાં મુખ્ય કોઢ જેમ **વેશ્યાની સાથે કરેલો પ્રેમ** ગણાય છે.

૩૮ પરલોકના કુટુંબીઓમાં મુખ્ય **કુટુંબી** જેમ **દીકરો** ગણાય છે.

૩૯ અપાર દુઃખમાં મુખ્ય **અપાર દુઃખ** જેમ **શત્રુ** ગણાય છે.

૪૦ સ્ત્રીઓમાં **મુખ્ય સ્ત્રી** જેમ **તરુણાવસ્થા-જુવાની** ગણાય છે.

૪૧ સુંદર શણગાર શોભાવનારાઓમાં મુખ્ય **શૃંગાર** શોભાવનાર જેમ **રૂપ** ગણાય છે.

૪૨ રાજ્યોમાં સારરૂપ રાજ્ય જેમ સંતોષ ગણાય છે.

૪૩ ચક્રવર્તીના વૈભવોમાં મુખ્ય **વૈભવ** જેમ **સત્સંગ** ગણાય છે.

૪૪ **શરીરને શુકાવી નાખનારી** બાબતમાં જેમ મુખ્ય **ચિંતા** ગણાય છે.

૪૫ કોટની અંદર પૂરી, ઉપરથી અગ્નિ મૂકે તેના કરતાં પણ **વધારે દુઃખદાયક** જેમ **દ્વેષ** ગણાય છે.

૪૬ વિશ્વાસોમાં મુખ્ય **સારરૂપ વિશ્વાસ** જેમ **મિત્રતા** ગણાય છે.

૪૭ ઉત્તમ સાધનોમાં મુખ્ય સાધન જેમ **સ્વતંત્રતા** ગણાય છે.

૪૮ વ્યાધિઓમાં મુખ્ય **વ્યાધિ** જેમ **કૃપણતા** છે.

૪૯ પાણી વગરના અંધારા કુવામાં મુખ્ય **અંધારો કુવો** જેમ **ખળતા** ગણાય છે.

૫૦ નિર્મળ વસ્તુઓમાં મુખ્ય **નિર્મળ કરનારી** જેમ **કોમળતા** ગણાય છે.

૫૧ ઉત્તમ રત્નના મુકુટમાં મુખ્ય **રત્નનો મુકુટ** જેમ **વિનય** ગણાય છે.

૫૨ દુરાચરણમાં મુખ્ય **દુરાચરણ** જેમ **જુગટું** ગણાય છે.

૫૩ મારવાડના પિશાચો કરતાં પણ વધારે **મોટો પિશાચ** જેમ **હીજડાપણું** છે.

૫૪ મણિના કડાઓમાં **ખરાં મણિના કડાં** જેમ **ઉજવળ દાન** ગણાય છે.

૫૫ કાન ઉપર પેહેરવાનાં ઉજળાં રત્નોમાં જેમ મુખ્ય **રત્ન, શાસ્ત્રશ્રવણ** ગણાય છે.

૫૬ ચપળ વસ્તુમાં મુખ્ય **ચપળ** વસ્તુ જેમ **ખળની મિત્રતા** ગણાય છે.

૫૭ ફોગટ જનારી મેહેનતમાં ખરી **ફોકટ જનારી** જેમ **ખળની સેવા** ગણાય છે.

૫૮ બગીચાઓમાં મુખ્ય **ખરો બગીચો** જેમ **નિવૃત્તિ-શાંતિ** ગણાય છે.

૫૯ અમૃતના વર્ષાદમાં મુખ્ય **અમૃત વર્ષાદ** જેમ (સત્) **મિત્રનું દર્શન** ગણાય છે.

૬૦ મેળવવા લાયક વસ્તુમાં ખરી **મેળવવા લાયક** વસ્તુ જેમ **સત્યપ્રેમ** ગણાય છે.

૬૧ અવિવેકમાં મુખ્ય **અવિવેક** જેમ **મૂર્ખની સભા** ગણાય છે.

૬૨ ફળવાળાં ઝાડમાં મુખ્ય **ફળવાળું** ઝાડ જેમ **કુલીન** ગણાય છે.

૬૩ સત્યયુગોના અવતારોમાં મુખ્ય **અવતાર** જેમ **સૌભાગ્ય** ગણાય છે.

૬૪ શંકા કરવા લાયક વસ્તુમાં મુખ્ય **શંકા કરવા લાયક** વસ્તુ જેમ **રાજદ્વાર** ગણાય છે.

૬૫ સ્વભાવથી કુટિલ વસ્તુમાં મુખ્ય **કુટિલ** જેમ **સ્ત્રીનું હૃદય** છે.

૬૬ વખાણવા લાયક વસ્તુમાં મુખ્ય **વખાણવા લાયક** વસ્તુ જેમ **લાયકાત-વિનયતા-મર્યાદા** ગણાય છે.

૬૭ ચંદન વિગેરે લેપોમાં મુખ્ય **સુગંધી લેપ** જેમ **ગુણ ઉપર કરેલો પ્રેમ** ગણાય છે.

૬૮ શોક કરાવનારી વસ્તુમાં મુખ્ય **શોક કરાવનાર** જેમ **કન્યા** છે.

૬૯ દયા કરવા લાયક વસ્તુમાં મુખ્ય **દયા કરવા લાયક** જેમ **મૂર્ખ** છે.

૭૦ સૌભાગ્યમાં જેમ મુખ્ય **સૌભાગ્ય વૈભવ** ગણાય છે.

૭૧ કીર્તિનાં મૂળીઆઓમાં મુખ્ય **કીર્તિ મૂળ** જેમ પોતા ઉપર **પરમનુષ્યે કરેલી પ્રીતિ** ગણાય છે.

૭૨ પિશાચોમાં મુખ્ય **પિશાચ** જેમ **દારૂ** ગણાય છે.

૭૩ હાથીમાં અને ભયંકર યક્ષોમાં જેમ મુખ્ય યક્ષ **મૃગયા** ગણાય છે.

૭૪ શાંતિ કરનારી વસ્તુમાં મુખ્ય **શાંતિ** કરનાર જેમ **વિરામ** છે.

૭૫ તીર્થોની સેવામાં મુખ્ય **તીર્થ** સેવા જેમ **આત્મ પ્રેમ-આત્મ જ્ઞાન-દેહમાં અપ્રીતિ** ગણાય છે.

૭૬ નિષ્ફળ ગયેલામાં મુખ્ય **નિષ્ફળ ગયેલો** જેમ **લોભી** ગણાય છે.

૭૭ શ્મશાનમાં મુખ્ય **શ્મશાન** જેમ **અનાચાર** ગણાય છે.

૭૮ રક્ષા કરવા લાયક સ્ત્રીમાં મુખ્ય **રક્ષા કરવા લાયક સ્ત્રી** જેમ **નીતિ રાણી** છે.

૭૯ પ્રતાપોમાં મુખ્ય **પ્રતાપ** જેમ **ઇંદ્રિય વિજય** ગણાય છે.

૮૦ હજારો યક્ષમાં મુખ્ય **યક્ષ** જેમ **પરની ઇર્ષ્યા** ગણાય છે.

૮૧ અતિશય **અપવિત્ર** જગામાં મરણ થવું તે કરતાં પણ અધિક નિંદ્ય જેમ **અપયશ** ગણાય છે.

૮૨ મંગળકારી વસ્તુમાં જેમ મુખ્ય **મંગળકારી માતા** ગણાય છે.

૮૩ પુણ્યોપદેશ કરનારાઓમાં મુખ્ય પુણ્ય-**પવિત્ર ઉપદેશ આપનાર** જેમ **પિતા** ગણાય છે.

૮૪ કષ્ટમાં પણ કષ્ટકારક જેમ **માર** ગણાય છે.

૮૫ તરવાર વિગેરે સખત હથીઆરોમાં મુખ્ય **હથીઆર** જેમ **કપાવું** ગણાય છે.

૮૬ કોપને શાંત કરનાર વસ્તુમાં મુખ્ય **શાંતિકારક** વસ્તુ જેમ **પ્રણામ** ગણાય છે.

૮૭ કઠિન માગણીમાં મુખ્ય **કઠિન માગણી** જેમ **મિત્રતા કર એમ કહેવું** ગણાય છે.

૮૮ પોષણ કરનારાઓમાં મુખ્ય **પોષણ કરનાર** જેમ **માન** ગણાય છે.

૮૯ સંસારમાં **સારમય** જેમ **સતકીર્ત્તિ** ગણાય છે.

૯૦ નીતિમાં મુખ્ય **નીતિ** જેમ **ભગવદ્‌ભક્તિ** ગણાય છે.

૯૧ સુખ આપનારા માર્ગમાં મુખ્ય **સુખ** આપનારો માર્ગ જેમ **સંગ્રામમાં મરણ** ગણાય છે.

૯૨ કલ્યાણોમાં મુખ્ય **કલ્યાણ** જેમ **વિનય** ગણાય છે.

૯૩ સિદ્ધિઓમાં મુખ્ય **સિદ્ધિ** જેમ **ઉત્સાહ** ગણાયછે.

૯૪ મેળવવા લાયક વસ્તુમાં મુખ્ય **મેળવવા લાયક વસ્તુ** જેમ **પુણ્ય** ગણાય છે.

૯૫ પ્રકાશમાં મુખ્ય **પ્રકાશ** જેમ **જ્ઞાન** ગણાય છે.

૯૬ ગાવામાં મુખ્ય **ગાવું** જેમ **પ્રભુ નામ રટણ** ગણાય છે.

૯૭ શાસ્ત્રમાં **સતશાસ્ત્ર** જેમ **પૂર્ણબ્રહ્મનું** નામ ગણાય છે.

૯૮ પુત્રમાં **સુપુત્ર** જેમ **જ્ઞાનધર્મ** ગણાય છે.

૯૯ વલ્લભમાં **વલ્લભવસ્તુ** જેમ **ધન** ગણાય છે.

૧૦૦ તેવી રીતે પૃથ્વી ઉપર વસનારા મનુષ્યોને અવશ્ય–સદા તૃષ્ણા રાખવા લાયક–ઉત્તમ વસ્તુ **યશસ્વી કીર્ત્તિ** ગણાય છે. તે **કીર્ત્તિ તમામ માણસને મેળવવા લાયક–ઉત્તમ–અનુપમ પદાર્થ છે. તેનાથી શ્રેષ્ઠ કંઈ પણ નથી.**

સર્વોત્તમ શ્રેષ્ઠ કળા–૧

પણ હે વત્સ, આ સઘળી કળાનું આવર્જન વિસર્જન કાળે કાળે થયાજ કરે છે. કાળે કરીને તેમાં વધઘટ થાય

છે. જે કળા આજે કામની હોય છે તે કળા કાલે કોડીની થઇ પડે છે–તે જાણી તો શું ને ન જાણી તોએ પણ શું. એ તો ચંદ્રપેરે વધેઘટે–આવર્જન વિસર્જન કાળાનુક્રમ થયા કરેજ. પણ જે કળાનું આવર્જન વિસર્જન થતું નથી, વધઘટ થતી નથી, ક્ષય વૃદ્ધિ હોતી નથી, ભરતી ઓટ કંઇજ નથી; પણ જે સદાકાળ જેવીને તેવીજ સ્થિરચિરછે, જે કળામાંથી અમૃત સદાજ ઝર્યા કરે છે, ને જે અમૃતના પ્રભાવથી, મહાદેવનાં મસ્તકમાં વિરાજમાન થયેલા ચંદ્રમાંથી ઝરતા અમૃતના સમાગમથી નિર્જીવ રુંડમાળાઓ પણ સજીવપણાને પામે છે; તેવીજ આ એક સર્વોત્તમ–સર્વેશ્વર કળા છે, ને તે તારે અવશ્યે જાણવી જરૂરની છે, ને તે કળા આ કે–

श्रीपरमात्मामां सदाकाळ एक चित राखवुं.

આ કળા જે કોઇ જાણે છે તેને કોઇ વાતની ન્યૂનતા રહેતી નથી, ને તેનો ત્રણ લોકમાં કોઇ પરાભવ પણ કરી શકતું નથી.

હે **ચંદ્રગુપ્ત**, ઉપર પ્રમાણે શુભ અને અશુભ ફળ આપનારી અનેક કળાઓ મેં તમોને, કહી બતાવી છે. એ કળામાં જે નિપુણતા મેળવે છે તે સર્વ તત્વનું યથાર્થ જ્ઞાન મેળવી વર્ણ માત્રમાં જેમ બ્રાહ્મણ, વિદ્યાના સંબંધથી માનનીય ગણાય છે તેમ, કળા કુશળ મનુષ્ય પણ માનનીય પૂજ્ય ને ગુરુ ગણાય છે. કળાપ્રવીણ મનુષ્ય પોતાના પૈસાનો ઉપયોગ વ્યવહારમાં સપ્રયોજન–યોગ્યતાથી કરે છે, પણ અયોગ્ય રીતે કરતો નથી.

આવી રીતે **મૂળદેવે ચંદ્રગુપ્તને** ૧૪ દિવસમાં ચૌદ રત્નોથી પણ વધારે મૂલ્યવાન કળાઓ ભણાવી. પછી **ચંદ્રગુપ્ત** પોતાના ગુરુને અત્યંત ધન આપી, આજ્ઞા લઇને પોતાના પિતા પાસે વિદાય થયો.

સમાપ્ત.

"ગુજરાતી" છાપાખાનામાં વેચાતાં પુસ્તકો.

સંપૂર્ણ શ્રીમદ્ ભાગત–(૫૬ બંધ–બારે સ્કંધ.) વિપ્ર વલ્લભકૃત એકથી નવ ને ૧૧–૧૨ સ્કંધ તથા કવિ પ્રેમાનંદ કૃત દશમસ્કંધ સહિત. પુષ્કળ ટિપ્પણ, સમજુતી તથા અર્થ સાથે. પાકાં પુઠાં, જેનાપર સોનેરી અક્ષરે કોતરેલું શ્રી કૃષ્ણ પરમાત્માનું ચિત્ર આપવામાં આવ્યું છે. વળી ૧૨ રંગમાં છાપેલું, ખાસ તૈયાર કરાવેલું ચિત્ર મુખપૃષ્ઠપર મૂકવામાં આવ્યું છે; તેમજ મહારાજા ગાયકવાડનું ચિત્ર પણ છે. કીમત રૂ ૧૦)–ટપાલ રૂ ૧). એમાં શ્રીમદ્ ભગવદ્ગીતા ચાર પ્રકારની સમાયલી છે.

નર્મકવિતા–કવિ નર્મદાશંકરની રચેલી સઘળી કવિતાનો મોટો સંગ્રહ, કવિતાનાં સઘળાં ટિપ્પણો સાથે ને કવિના જીવનચરિત્ર સાથે. આ જીવનચરિત્ર મરહુમ સ્વર્ગવાસી મી. નવલરામ લક્ષ્મીરામે લખેલું છે. તેમજ ગ્રંથની પ્રસ્તાવના પણ તેમનીજ છે. અગાઉ તેની કીમત રૂ. ૧૫ હતી, હાલ કવિએ નહિ છપાવેલી એવી પણ સર્વ કવિતાઓ તેમાં ઉમેરી છે છતાં કીમત રૂ. ૭. ટપાલ આઠ આના પૃ૪ ૧૨૦૦.

રાજતેજોમયી મહારાણીશ્રી વિક્ટોરિયાનું જીવનચરિત્ર–જુબીલી પ્રસંગ માટેજ નહિ, પણ સદાકાળ યાદ રાખવા યોગ્ય એક ઉચ્ચ સદ્ગુણોથી ભરેલું સંસારી જીવનચરિત્ર, લાયબ્રેરીઓમાં રાખવા લાયક, ૭ સુંદર ચિત્રો સાથે, મુખ પૃષ્ઠનું ચિત્ર કોઇપણ ગુજરાતી ગ્રંથમાં આપવામાં આવ્યું હોય તેથી ઘણું સરસ. સઘળાં વર્તમાનપત્રોએ ભલામણ કીધી છે કે, કન્યાઓને માટે તે ઘણું ઉપયોગી છે. કિમ્મત રૂ ૪) ટપાલ ૪, આના. આ પુસ્તક સરકારે લાયબ્રેરી

તથા ઇનામમાં આપવા માટે ખાસ પસંદ કીધું છે. એમ કેહેવામાં આવ્યું છે કે, એના જેવું ચરિત્ર બીજું લખાયલું નથી.

બૃહત કાવ્ય દોહન–ભાગ ૧લો. (ત્રીજી આવૃત્તિ) એમાં નરસિંહ મેહેતાનાં પુષ્કળ પદો, પ્રેમાનંદકૃત મામેરૂં, નળાખ્યાન, ઓખાહરણ, સુદામાચરિત્ર, દાણલીલા, અખાના ૭૫૦ છપ્પા, સામળભટની નંદ બત્રીશી, પંચદંડ, અંગદ વિષ્ટિ, રાવણ મંદોદરી સંવાદ, કાલિદાસનું પ્રલ્હાદાખ્યાન ને ધ્રુવાખ્યાન, તથા મુક્તાનંદની ઉદ્ધવગીતા એ મોટાં આખ્યાનો સમાવ્યાં છે તેમજ બીજા ૩૦ જૂદા જૂદા કવિઓની ઉત્તમ પ્રતિની કવિતાઓ છે. વળી એ ભાગમાં ચાર સ્ત્રી કવિઓની પણ સુંદર કવિતાઓ સમાયલી છે. "ટાઇમ્સ ઓફ ઈંડિયા." "એડવોકેટ ઓફ ઇંડિયા" "ગૂજરાત શાળાપત્ર," "ગૂજરાત મિત્ર," "પ્રિયંવદા" વગેરે વર્તમાનપત્ર તથા માસિક પત્રોએ ઉંચા પ્રકારના મતો આપેલા છે.

[**ચેતવણી**–એ ગ્રંથની આ ત્રીજી આવૃત્તિ–સસ્તી કીમતની કાઢવા ધારી છે. પ્રથમ તથા બીજી આવૃત્તિના ગ્રંથોની કીમત રૂ ૩) છે, પણ આ ત્રીજી આવૃત્તિની કીમત અગાડીથી ગ્રાહક થનારને માટે રૂ ૧–૮–૦ રાખી છે. પાછળથી રૂ૨ કીમત રાખવામાં આવશે. વળી આ આવૃત્તિમાં ઓખાહરણ, નળાખ્યાન, નંદબત્રીશી ને રાવણ મંદોદરી સંવાદ તદન સુધારીને–ઘણી જૂની પ્રતપરથી દલીલ કીધાં છે.]

બૃહત કાવ્ય દોહન–ભાગ ૨જો. એ ગ્રંથનાં આશરે ૧૦૦૦ પૃષ્ઠ છે. એમાં નરસિંહ મેહેતાની ચાતુરી ષોડશી, દાણલીલા, પ્રેમાનંદનાં ચંદ્રાહાસાખ્યાન, અભિમન્યુઆખ્યાન, મદાલશા, વામનચરિત્ર, વિવેક વણજારો, ને નરસિંહ મેહેતાની હુંડી, અખેગીતા, અનુભવ બિંદુ, કૈવલ્યગીતા, ઉદ્યમ કર્મ સંવાદ, પદ્માવતી, ભદ્રાભામની, સામળરત્નમાળા, ધિરજા-

ખ્યાન, ને સતીગીતા વગેરે મોટાં કાવ્યો ને તે ઉપરાંત ૧૫ કવિની પુષ્કળ કવિતા સમાઇ છે. કીમત રૂ૩–૦–૦ ટપાલ છ આના.

બૃહત્ કાવ્ય દોહન–ભાગ ૩ જો. એ ગ્રંથમાં નરસિંહ મેહેતાની ચાતુરી છત્રીસી, ગોવિંદગમન, સામળદાસનો વિવાહ; પ્રેમાનંદનાં સુધન્વાખ્યાન, રણયજ્ઞ, લક્ષ્મણા હરણ, ભ્રમરપચીસી; અખાના ચિત્ત વિચાર સંવાદ, પંચીકરણ, ગુરુશિષ્ય સંવાદ; સામળની વિદ્યા વિલાસિનીની, પાનની ને રૂપાવતિની વાર્તા; સીતાસ્વયંવર; ગોપાલગીતા; આત્મવિચાર ચંદ્રોદય; ને તુલસી વિવાહ એ મોટાં આખ્યાનો છે. તે શિવાય ૧૪ કવિનાં આશરે ૪૦૦ પદો છે. એનાં પૃષ્ઠ આશરે ૧૦૦૦ છે. કીમત રૂ ૩–૦–૦ ટપાલ છ આના છે.

બૃહત્ કાવ્ય દોહન–ભાગ ૪ થો. નરસિંહ મેહેતાનો સુરત સંગ્રામ, સારાં સારાં પદો, ભીમ કવિની હરીલીલા, શિવદાસનો દ્રૌપદી સ્વયંવર, વસ્તાનું શુકદેવાખ્યાન, પ્રેમાનંદનું નરસિંહ મેહેતાના પિતાનું શ્રાદ્ધ, ઋષ્યશૃંગાખ્યાન વગેરે આખ્યાનો, અખાનાં પુષ્કળ પદો, સામળની મદન મોહના, ચંદ્રચંદ્રાવળી, દેવીદાસનું રૂક્મિણી હરણ, તેમજ બીજા પુષ્કળ કવિઓની ઘણી સરસ કવિતાઓનો સંગ્રહ સમાવ્યો છે. એનાં પણ આશરે ૧૦૦૦ પૃષ્ઠ થશે. પ્રથમથી થનારા ગ્રાહકોને રૂ૨–૪–૦ પાછળથી રૂ૩–૦–૦.

અરેબિયનનાઇટ્સ–પ્રથમ ભાગ. [બીજી આવૃત્તિ છપાય છે.

અરેબિયનનાઈટ્સ–બીજો ભાગ. આ ગ્રંથની તારીફ કરવાની કંઈપણ જરૂર નથી; કેમકે એ જગ જાણીતી વાર્તા છે. એમાં ૬૫ ચિત્રો છે. એ સઘળી ચોપડીઓનાં પુઠાં તદ્દન પાકાં છે, ને લાઈબ્રેરીઓમાં રાખવા જોગ છે. આટલાં સસ્તાં પુસ્તકો કદી પણ છપાયાં નથી. એ ગ્રંથનાં ૧૦૦૦ પૃષ્ઠ છે, છતાં કીમત રૂ૩. ટપાલ છ આના.

દયારામકૃત કાવ્યસંગ્રહ—કવિ નર્મદાશંકરે રૂ ૧૦ વાળું જે દયારામકૃત છપાવ્યું હતું તેની આ ત્રીજી આવૃત્તિ છે. ગિલીટના નામ સાથનાં પાકાં પુઠાં છે. **વધારામાં** સતસૈયા, જે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરનારાઓને ઘણા ઉપયોગી છે, તેની સંપૂર્ણ ટીકા આપી છે. કિમ્મત ઘણી સસ્તી, રૂ ૨—૮—૦. ટપાલ ૪ આના.

અધ્યાત્મ રામાયણ—બહુ સરસ વેદાંત જ્ઞાનવાળું શ્રીરામચંદ્રજીનું ચરિત્ર છે. એ એક રામાયણ સમજવાની કુંચી છે. પુંઠું પાકું છે. કીંમત રૂ ૨—૮—૦ ટપાલ ત્રણ આના.

ઈરાવતી—શેહેનશાહ અકબર, પ્રતાપિ મોગલ મહારાજાની જીંદગીનું, રાજકાજનું અત્યુત્તમ ચરિત્ર. સાથે એક સદ્‌ગુણ સંપન્ન સ્ત્રીના પતિવ્રતપણાની વાર્ત્તા છે. ગુજરાતી ભાષામાં ઘણી વાર્ત્તાઓ નિકળી છે, પરંતુ આ એક એવી વાર્ત્તા છે કે, તેમાંથી ધર્મ જ્ઞાન, ઇતિહાસ, આનંદ ને સંતોષ એકે સામટા મળે છે. શેહેનશાહ અકબરે કેવા પ્રકારે પોતાનું આયુષ્ય ગાળ્યું છે તેની આના કરતાં કોઇ રીતે વધારે હકીકત મળી શકે તેમ નથી. વાર્ત્તાનો મુખ્ય પાયો ખરી હકીકતપર રચાયો છે. પૃષ્ઠ ૩૦૦, કિમ્મત રૂ ૧—૧૨—૦. ટપાલ ૨ આના. [ઘણી થોડીજ નકલ બાકી છે.

ગંગા—એક ગુર્જર વાર્તા. જે આધુનિક હિંદુ કુટુંબના ચિત્રનો નમુનો છે. એના જેવી સરસ વાર્તા થોડીજ બહાર પડી હશે. એની ઘણી થોડી નકલો બાકી રહી છે. કિમ્મત રૂ ૧—૮—૦. ટપાલ ૨ આના. (ઘણી થોડી નકલ બાકી છે)

હિન્દ અને બ્રિટાનિયા—અપૂર્વ રાજકીય કાદમ્બરી. એ વાર્તાપર ઇંગ્લંડનાં ધોરિંધર પત્રો "ધી ટાઇમ્સ," "સ્ટાન્ડર્ડ," "સેંટ જેમ્સીસ ગેઝીટ," "પોલમોલ ગેઝીટ," "ટેલીગ્રાફ," "સ્કાટ્સમેન," "ધ ક્વિન,"

"સેટરડે રિવ્યુ," (તથા "ધી સ્ટાન્ડર્ડ"પરથી જણાય છે કે રૂશિયાનું "નોવોવરમિયા," "મોસ્કો ગેઝીટ" ને ફ્રાન્સનું "ટેમ્પેસ") અને અમેરિકાના "નોર્થ અમેરિકન રિવ્યુ" વી. વી.એ ટીકા કીધી છે; અને હિંદુસ્તાનના એકેએક પત્રોએ તેની તપાસ લીધી છે; જેવી તપાસ કોઇપણ ગ્રંથની અદ્યાપિ પર્યંત લેવાયલી જણાઇ નથી. ત્રીજી આવૃત્તિ પુષ્કળ ટિપ્પણ ને સુધારા વધારા સાથે. કિમ્મત રૂ ૧–૮–૦. ટપાલ બે આના.

દશકુમાર ચરિત–મહા કવિ દંડીકૃત ફક્કડ વાર્તાનો તરજુમો છે. ૧૦ રાજકુમારે જે જૂદી જૂદી વાર્તાઓ કહી છે તે બહુ રસીક છે. કીમત માત્ર રૂ ૧–૦–૦ ટપાલ ૦–૧–૦

નળાખ્યાન–સટીક. વિદ્યાભ્યાસીઓને માટે કીમત રૂ ૧). ટપાલ ૧ આનો.

શ્રીમદ્ ભગવદ્ગીતા. મૂળ સંસ્કૃત, તેનું કવિતામાં ભાષાંતર, તુલસીદાસના હિંદી દોહરા, ગુજરાતી ગદ્ય, વળી તેપર ટીકા સાથે માહાત્મ્ય, ન્યાસ તથા પ્રાર્થના સાથે. પાકાં ગીલીટનાં પુઠાં છતાં કીમત રૂ ૧–૦–૦, ટપાલ બે આના. રેશમી પુઠાંવાળી ભગવદ્ગીતા જેઓને જોઈશે તેને પણ એજ કીમતે આપવામાં આવશે. જે પ્રાતઃકાળમાં વાંચવા માટે વધારે ઉપયોગી છે.

રાસેલાસની કથા–ડા. જૉનસનના એક સરસમાં સરસ નિબંધ–કહો કે વાર્તાનું ભાષાંતર, ચિત્રો તથા સુધારા સાથે. એ ગ્રંથ સુખમાં છકી જતા તરૂણને બોધ દેનારો, ને દુઃખમાં ધીરજ આપનારો છે. ઈહલોક ને પરલોક એ શું છે તેનું ઉત્તમ શિક્ષણ એ આપે છે. કિમ્મત રૂ૧). ટપાલ એક આનો.

કળાવિલાસ અથવા સહસ્ર કળા પ્રદર્શન–દંભ, લોભ, વાણિઓ, કામિ સ્ત્રી, વેશ્યા, ગણિકા,

કાયસ્થ, દરિદ્રી, જુગારી, મદ, ગાયક, સોની માજન, દિવાન, કામી પુરુષ, ચોર, મદ્યપાની, યોગી, ગૃહસ્થ, સચ્ચરિત્રશાળી સ્ત્રી, જાતિ, ધર્મ, અર્થ વગેરેની લગભગ ૧૨૦૦ ઉપરાંત કળાઓ સમાવેલી છે. વળી કેટલીકનાં લક્ષણો પણ વર્ણવ્યાં છે. આ ગ્રંથ મૂળ તો કવિ ક્ષેમેન્દ્રનો છે, પણ તેમાં પુષ્કળ વધારો સુધારો કરી ગુજરાતી પ્રજા માટે તૈયાર કરવામાં આવ્યો છે. એક વાર આ ગ્રંથ વિષે આટલુંજ કહેવું બસ થશે કે **"કળાવિલાસનો વાંચ્યો, તે કોઈથી ન જાય ગાંજ્યો"**—દુનિયામાં ઘણા છેતરપીંડી કરનારાઓ છે તે સર્વથી બચવા માટે આ ગ્રંથ તૈયાર કીધો છે. એની કીમત રૂ૧-૦-૦ ટપાલ દોઢ આનો.

પંડિત ભગવાનલાલ ઇંદ્રજીનું જીવનચરિત્ર—લખનાર મી. ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક. કીમત છ આના. ટપાલ છ પૈ. [માત્ર ૫૦ નકલો છે.

તમાસંવરણ નાટક—નાટક શાસ્ત્રના સર્વ નિયમો સચવાઇને લખાયલું નાટક. જ્ઞાન ને ગમત થાય તેવું. કીમત ૦-૨-૦ ટપાલ છ પૈ.

રાજભક્તિ વિડંબન—(ભાણુ) ગુજરાતી ભાષામાં આ ગ્રંથ પેહેલોજ છે. દેશદ્રોહી જનોનું સરસ ચિત્ર આપ્યું છે. જ્ઞાન ને ગમતવાળો છે. કીમત ૦-૨-૦ ટપાલ છ પૈ.

ચારુચર્યા—મહા કવિ ક્ષેમેન્દ્રના અસલ સંસ્કૃતનું. પુષ્કળ સમજુતી સાથે ભાષાંતર ઘણો મોટો જ્ઞાનોપદેશ મળે તેવું એમાં સાહિત્ય સમાવેલું છે-છતાં કીમત રૂ૦-૪-૦ ટપાલ છ પૈ.

યમસ્મૃતિ--મૂળ સંસ્કૃત તથા ભાષાંતર સહિત. કિમ્મત આના બે. ટપાલ છ પૈ.

બહારવટિયાની સ્ત્રી—એક સરસ વાર્તા. કિમ્મત આના ચાર. ટપાલ છ પૈ.